સાપ્તાહિક

# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1689/57

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 10

■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ ફાલ્ગુન સુદ-૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26

રવિવાર, ૯ માર્ચ, ૨૦૨૫, (૧૮ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦


ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૪

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## ભારત-ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે આજે ફાઇનલ

### રોહિતસેનાનું પલડું ભારે


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 78,930/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


દુબઈઃ વર્તમાન ચૅમ્પિયન્સ ટ્રોફીમાં અપરાજિત રહેલી ટીમ ઇન્ડિયાએ આજે ફાઇનલ (બપોરે ૨.૩૦ વાગ્યાથી)માં ન્યૂ ઝીલૅન્ડ સામેના પરંપરાગત ભયથી પર આવીને એની સામે મોટી સફળતા મેળવવાની છે અને ૧૨ વર્ષે ચૅમ્પિયન્સ ટ્રોફીનું ટાઇટલ પાછું સ્વદેશ લાવવાનું છે. બીજું, વિરાટ કોહલી તથા રોહિત શર્માના ફૉર્મની બાબતમાં લાંબા સમયથી જે જાત-જાતની અટકળો ચાલી રહી છે એને ખોટી પાડવાનો સમય પણ હવે આવી ગયો છે.

મોટી ટૂર્નામેન્ટની ફાઇનલની વાત આવે ત્યારે કિવીઓ સામે ભારત હંમેશાં નિષ્ફળ રહ્યું છે, પરંતુ આજે ભારતે આ ઇતિહાસને નવો વળાંક આપવાનો છે અને આઇસીસી ટૂર્નામેન્ટની ફાઇનલમાં ન્યૂ ઝીલૅન્ડ સામે (બન્ને પરાજય બાદ) હવે પહેલી વાર વિજય પ્રાપ્ત કરવાનો છે.

તમામ આઇસીસી ટૂર્નામેન્ટોમાં ન્યૂ ઝીલૅન્ડનો ભારત સામે ૧૦-૬થી હાથ ઉપર રહ્યો છે. આવા પ્રકારની સ્પર્ધાઓના નૉકઆઉટ રાઉન્ડમાં પણ ભારતીયો સામે કિવીઓ ૩-૧ના રેશિયો સાથે ચડિયાતા છે, પરંતુ વર્તમાન ટૂર્નામેન્ટમાં રોહિતસેનાએ લીગ રાઉન્ડમાં પાકિસ્તાનને તેમ જ ખુદ કિવીઓને પછડાટ આપવાની સાથે જે પર્ફોર્મ કર્યું છે એ જોતાં આજે ભારતનું પલડું ભારે જણાય છે.

દુનિયાભરના ક્રિકેટ પંડિતો પખવાડિયાથી બૂમ બરાડા પાડીને

(જુઓ પાનું ૨) ▸▸




## હું વિશ્વનો સૌથી ધનિક વ્યક્તિ છુંઃ મોદી

### મારી જિંદગીના ખાતામાં કરોડો માતા અને બહેનોના આશીર્વાદ છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન મોદી બે દિવસ ગુજરાતની મુલાકાતે આવ્યાં છે. શુક્રવારે સેલવાસ અને સુરત બાદ તેમણે નવસારીમાં વાસી બોરસી ખાતે લખપતિ દીદી કાર્યક્રમમાં હાજરી આપી હતી. વડા પ્રધાને આ કાર્યક્રમમાં ૪૧ હજાર લખપતિ દીદી સહિત દોઢ લાખ મહિલાનું સન્માન કર્યું હતું. જે મહિલાઓ વાર્ષિક એક લાખ રૂપિયાથી વધુની કમાણી કરે છે તેમને આ કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવી હતી. વડા પ્રધાને જી સફળ અને જી મૈત્રી યોજનાનું લોકાર્પણ કર્યું હતું. ત્યારબાદ રાજ્યના ૨૫ હજારથી વધુ સ્વસહાય જૂથોની ૨.૫ લાખથી વધુ મહિલાઓને

(જુઓ પાનું ૨) ▸▸

## ભારત અમેરિકી સામાન પરના ટેરિફમાં મોટો ઘટાડો કરવા સહમતઃ ટ્રમ્પનો દાવો

ન્યૂ યોર્ક / વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ભારત અમેરિકી માલસામાન પરના ટેરિફમાં મોટો ઘટાડો કરવા માટે સહમત થયું છે.

તેમણે પોતાના અગાઉના આક્ષેપનો પુનરુચ્ચાર કરતા જણાવ્યું હતું કે ભારત અમેરિકી ચીજો પર ભારે ટેરિફ લાદતું હોવાથી અમેરિકાને પોતાના ઉત્પાદનો ભારતમાં વેચવામાં મુશ્કેલી પડે છે. ટ્રમ્પે ઓવલ

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકાના ૨૦ રાજ્યે ટ્રમ્પ સરકાર પર કેસ કર્યો

### સરકારી કર્મચારીઓને પાણીચું આપવાનો મામલો વણસ્યો

એનાપોલીસઃ અમેરિકી સરકારના હજારો કામચલાઉ કર્મચારીઓને નોકરીમાંથી કાઢવાના ડોનલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રના પગલાને ગેરકાયદે ગણાવીને મેરીલૅન્ડ સહિત ૨૦ રાજ્યે સરકારની વિવિધ એજન્સી સામે કેસ કર્યો છે.

મેરીલૅન્ડના એટર્ની જનરલ એન્થની બ્રાઉન આ પ્રકરણમાં વિવિધ રાજ્યના એટર્ની જનરલનું નેતૃત્વ કરી રહ્યા છે.

મેરીલૅન્ડમાં ગયા ગુરુવારે સરકાર સામે કેસ કરાયો હતો. ગવર્નર વેસ મુરે જણાવ્યું હતું કે હું આ કેસમાં નોકરીમાંથી કઢાયેલા સરકારી કર્મચારીઓને ટેકો આપું છું. ટ્રમ્પ અને વેન્સના વહીવટીતંત્રે આ કિસ્સામાં લીધેલો નિર્ણય અયોગ્ય અને ગેરકાયદે છે. હજારો સરકારી કર્મચારીઓની નોકરી ગઇ છે અને તેનાથી તેઓના જીવનને માઠી

(જુઓ પાનું ૨) ▸▸


પાર્ટનર/ઈન્વેસ્ટર જોઈએ છે
500 Cr. ના પ્રોજેક્ટ માટે
5 Cr. થી 25 Cr.નું રોકાણ
New Well Develop Project
લોચીંગ કરીને તુરત જ આવક ચાલુ
ક્લબ-રીસોર્ટ ચાલુ થઈ ગયેલ છે
ક્લબ-રીસોર્ટ, પ્લોટીંગ, વીક એન્ડ વિલા
વોટર પાર્ક, ફિલ્મી સ્ટુડીયોના પ્રોજેક્ટ માટે
રોકાણની સામે પ્રોપર્ટીના દસ્તાવેજ તુરતજ
અમદાવાદથી માત્ર ૫૦ કિ.મી.ના અંતરે
80001 94756 શરતોને આધીન એજન્ટો આવકાર્ય



એક સ્માર્ટ પહેલ
આજીવન ખુશીઓની ગેરેંટી માટે



એલઆઇસીની સ્માર્ટ પેન્શન
UIN: 512N386V01 Plan No.: 879
એક નોન- પાર, નોન-લિંક્ડ, વ્યક્તિગત, બચત, તુરંત વાર્ષિકી યોજના
ઓનલાઈન પણ ઉપલબ્ધ
LIC / R1 / 2024-25 / 50 / Guj
- સિંગલ પ્રીમિયમ તુરંત વાર્ષિકી યોજના
- તમારી આવશ્યકતાઓને અનુરૂપ વાર્ષિકી વિકલ્પોની વ્યાપક શ્રેણી
- એકલ જીવન વાર્ષિકી અને સંયુક્ત જીવન વાર્ષિકી વિકલ્પોમાંથી પસંદગી કરવાની સુવિધા
- પ્રવેશ સમયે લઘુતમ ઉંમર - 18 વર્ષ

LIC
લાઇફ ઈન્શ્યૉરન્સ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા
LIFE INSURANCE CORPORATION OF INDIA
પ્રત્યેક ક્ષણે આપની સાથે
ડાઉનલોડ કરો એલઆઇસી મોબાઇલ એપ LIC digital | વિઝિટ કરોઃ licindia.in | કોલ સેન્ટર સર્વિસ (022) 6827 6827
વિગતો માટે તમારા એજન્ટ/નજીકની એલઆઇસી શાખાનો સંપર્ક કરો અથવા SMS કરો તમારા શહેરનું નામ 56767474 ઉપર
અમારો વ્હોટ્સએપ નં. 8976862090 કહો 'Hi'
અમને ફોલો કરોઃ LIC India Forever | IRDAI Regn No.: 512
બોગસ ફોન કોલ્સ અને નકલી/છેતરામણી ઓફરોથી સાવધાન. આઇઆરડીએઆઈ અથવા તેના અધિકારીઓ વીમા યોજનાઓનું વેચાણ, બોનસ જાહેર કરવો કે પ્રીમિયમોમાં રોકાણ, રકમનું રિફંડ કરવા જેવી પ્રવૃત્તિઓમાં સંકળાયેલા નથી. જો આવા ફોન કોલ્સ આવે તો પોલિસીધારકો અથવા સંભવિતોને પોલીસ ફરિયાદ નોંધાવવાની વિનંતી છે. વીમો લેવા પૂર્વે જોખમનાં પરિબળો, નિયમો અને શરતો પર વધુ વિગતો માટે કૃપા કરી વેચાણ પત્રક ધ્યાનપૂર્વક વાંચો.



VEG JAIN
2025 Europe







09N|10D BEAUTY OF EUROPE
12N|13D JEWELS OF EUROPE
16N|17D BEST OF EUROPE
કોણ કહે છે કે...
અમે "નવા નિશાળિયા" છીએ???
- વેલ્વેટ વેકેશન્સ યુરોપ ગ્રુપ ટુર્સ અને કિચન ઓન વ્હીલસ સુવિધાઓ માટે,૧૫ વર્ષો ના નિષ્ણાંતો ની અનુભવી ટીમ નો કાફલો ધરાવે છે.
- કહેવાતી ગુડવીલ ના નામે "ઓવર ચાર્જ" ની ગીમીક્સ માં બીલકુલ ના માનતા .. અમે અમારા ચાહક પ્રવાસીઓ ને ખુબ જ વ્યાજબી ટુર કિંમતે, અન્યો કરતા ઘણુ વિષેશ આપવા ની ઇમાનદાર નીતિ ધરાવીએ છીએ.
- યુરોપ ૨૦૨૫ માટે સતર્કતા વાપરી ખાસ ચેક કરો, એપ્પલ ટુ એપ્પલ સાથે સાથે અમારા "ચેરી ઓન ટોપ".

ફક્ત વેલ્વેટ સંગાથે
પેરિસ નાઇટ ટૂર | ગ્લેશિયર 3000 | TGV ટ્રેન - પેરિસ થી સ્વિટ્ઝરલેન્ડ | LINDT ચોકલેટ ફેક્ટરી | Lake Lucerne ક્રુઝ
Velvet Vacations By: NOVEX COMMUNICATIONS
www.velvetvacations.in
OTHER DESTINATIONS - VIETNAM WITH SAPA | SCANDINAVIA WITH MIDNIGHT SUN | SPAIN WITH PORTUGAL | BALTIC WITH POLAND
Amit: +91 99208 87058 | Anuj: +91 83558 51053
Pratiksha: +91 84240 06080 | Jagruti: +91 84220 90451
B-301, Remi Biz Court, Opp Supreme Chambers, Veera Desai Road, Andheri (W), Mumbai 400058

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા
## તા. ૯-૩-૨૦૨૫ થી તા. ૧૫-૩-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ તા. ૧૪મીએ મીન રાશિમાં પ્રવેશે છે. મંગળ સમગ્ર માસમાં મિશ્ર ગતિએ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ મીન રાશિમાં તા. ૧૫મીથી વક્રી થાય છે. ગુરુ વૃષભ રાશિમાં ભ્રમણ કરે છે. શુક્ર મીન રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. શનિ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. તા. ૯મીએ ચંદ્ર કર્ક રાશિમાં, તા. ૧૨મીએ સિંહ રાશિમાં, તા. ૧૪મીએ કન્યા રાશિમાં ભ્રમણ કરે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના સોદામાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરીમાં તા. ૧૩, ૧૪, ૧૫ શુભ છે. નોકરીના કામકાજ અર્થે મુસાફરી પણ શક્ય છે. નાણાંની જવાબદારીઓથી દૂર રહેવું જરૂરી છે. મોટા નાણાંના ખર્ચના નિર્ણયો માટે ગોચરફળ શુભ નથી. કારોબારના નિત્ય કામકાજ જાળવી શકશો. મહિલાઓને નોકરીના ક્ષેત્રે સફળતા જણાશે. વિદ્યાર્થીઓને નિત્ય અભ્યાસ માટે સાનુકૂળતાઓ જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં તેજીના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરી માટે સપ્તાહમાં સ્વપ્રયત્ને સફળતા મેળવી શકશો. નોકરીના હસ્તગત કામકાજમાં પરિવર્તનો જણાય છે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. નવા કારોબારનો પ્રારંભ થાય. કારોબારની નાણાઆવકની વૃદ્ધિ થશે. મહિલાઓને કુટુંબના સભ્યોથી જરૂરી સાથ સહયોગ પ્રાસંગિક જવાબદારીમાં પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને નવા અધ્યયનના નિર્ણયો માટે અનુકૂળતા જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વેપાર લાભદાયી થશે. નોકરીઅર્થે સ્થળાંતર શક્ય જણાય છે. નોકરીના જૂના કામકાજ પૂર્ણ કરી શકશો. જૂના કોર્ટ-કાવાદાવાનો ઉકેલ આવશે. કાર્યક્ષેત્રે પ્રવૃત્ત રહેશો, પ્રવૃત્તિઓમાં પ્રગતિ જણાશે. અર્થતંત્ર સરળ બની રહેશે. કુટુંબના સભ્યોમાં ગેરસમજણ દૂર કરવા માટે મહિલાઓને સફળતા જણાશે. વિદ્યાર્થીઓનો નિત્ય અભ્યાસ નિયમિત જળવાઈ રહેશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લાંબા સમયના રોકાણના નિર્ણયનો અમલ થઈ શકશે. નોકરીમાં અધિકારીનો સહયોગ મેળવશો. નોકરીના કામકાજ સમયસર પૂર્ણ કરી શકશો. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. અર્થવ્યવસ્થા વધુ મજબૂત બનશે. પ્રવાસ દ્વારા કારોબારના કામકાજ સંપન્ન થશે. મહિલાઓના તીર્થપ્રવાસ ધાર્મિક કાર્યો પૂર્ણ થાય. વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે જરૂરી સવલતો પ્રાપ્ત કરશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું રોકાણ શક્ય છે. નોકરીમાં વિશિષ્ટ હોદ્દો અપેક્ષાનુસાર મેળવશો. તા. ૧૦, ૧૩, ૧૫ નોકરીના કામકાજ માટે સફળતાસૂચક છે. ભાગીદાર સાથેના સંબંધો સુખદ પુરવાર થશે. પ્રવાસ દ્વારા નાણાં ઉઘરાણીનાં કામકાજ પૂર્ણ થશે. વ્યક્તિગત મૂંઝવણો નોકરીમાં દૂર થવાથી મહિલાઓને ઉત્સાહમાં ઉમેરો થતો જણાશે. વિદ્યાર્થીઓના નબળા વિષયમાં જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થાય.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં જૂનાં રોકાણમાંથી નાણાં મેળવી શકશો. નોકરીમાં સહકાર્યકરોમાં સંપ અને એકવાક્યતા જણાશે. તા. ૧૦, ૧૧, ૧૫મીએ નોકરીના જટિલ પ્રશ્નોનો ઉકેલ આવશે. કારોબારના મિત્રો સાથેના વાટાઘાટો સંપન્ન થશે. પ્રવાસ દ્વારા કારોબારના કામકાજ સરળતાથી પૂર્ણ થશે. નાણાઆવકની વૃદ્ધિ થશે. મહિલાઓને આ સપ્તાહમાં સંતાનની જવાબદારીમાં સરળતા આવેલી જણાશે. વિદ્યાર્થીઓના ધાર્યા મુજબના અધ્યયનના કામકાજ સફળતાથી પૂર્ણ થશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. તા. ૧૦, ૧૧, ૧૩મીએ નોકરીમાં વિશિષ્ટ સફળતા મેળવશો. સપ્તાહમાં અવારનવાર પ્રવાસ જણાય છે. ઉઘરાણીની વસૂલી સફળતાથી પૂર્ણ થાય. મુસાફરી દ્વારા કારોબારના કામકાજ સંપન્ન થશે. મહિલાઓને પતિનો સહયોગ નિજી પ્રવૃત્તિઓમાં પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં પ્રવાસ દ્વારા શૈક્ષણિક કાર્યો સંપન્ન થતાં જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણ અને લે-વેંચનો વેપાર લાભદાયી થશે. નોકરીમાં જૂનાં અધૂરા કઠીન કાર્યો પૂર્ણ કરી શકશો. કારોબાર માટે જરૂરી સાધનો સગવડતાઓ મેળવી શકશો. વાહન મેળવી શકશો. મુસાફરીઓ સફળ નીવડશે. કુટુંબના સભ્યો કારોબારમાં ઉપયોગી થશે. કારોબારની નાણાઆવકની વૃદ્ધિ થશે. મહિલાઓના પરિવારના કામકાજ નિયમિતપણે પૂર્ણ થતાં જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત થશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં અનુકૂળતા મુજબ નાણારોકાણ શક્ય છે. નોકરી માટે તા. ૧૦, ૧૪,૧ ૫, શુભ જણાય છે. સહોદરો સાથેના કામકાજમાં પ્રગતિ જળવાશે. પરિવારમાં સભ્યો સાથે સંપ વધશે. કુટુંબમાં મહિલાઓને યશસ્વી અનુભવ થાય. સંતાનની જવાબદારી સફળતાથી પૂર્ણ થતી જણાય છે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓને કુટુંબના સભ્યો દ્વારા શૈક્ષણિક જવાબદારીમાં પ્રોત્સાહન પ્રાપ્ત થતું જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં તેજીનો વેપાર લાભદાયી બની રહેશે. નોકરી માટે આ સપ્તાહ શુભ પુરવાર થશે. કામકાજ અર્થે પ્રવાસ થાય. કારોબારમાં મોટો હોદ્દો હાંસલ કરશો. જૂની જવાબદારીઓ પૂર્ણ થશે. નાણાંની ઉપલબ્ધિ સરળ પુરવાર થશે. તા. ૯, ૧૧, ૧૫ કાર્યક્ષેત્રે સફળ જણાય છે. કુટુંબમાં મહિલાઓને પ્રસંગોની જવાબદારી સરળતાથી પૂર્ણ થતી જણાશે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક જવાબદારીના કામકાજ સફળ બની રહેશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણ અને તેજીના વેપાર લાભદાયી બની રહેશે. નોકરી માટે તા. ૧૦, ૧૧, ૧૩, ૧૪ શુભ જણાય છે. જૂનાં ઉઘરાણીના નાણાંની વસૂલી સરળતાથી થઈ શકશે. વેપારનો વિકાસ સાધી શકશો. કુટુંબીજનો સાથેના નાણાવ્યવહાર સફળ નીવડશે. મહિલાઓને નવી પ્રવૃત્તિઓના પ્રારંભ માટે સફળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના કામકાજ નિયમિતપણે જળવાઈ રહેશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનું ધાર્યા મુજબનું લે-વેંચનું કામકાજ લાભદાયી પુરવાર થશે. નોકરીમાં જૂનાં અધૂરા કામકાજ પૂર્ણ કરશો. તા. ૧૧, ૧૨, ૧૫ સફળ જણાય છે. નવા કારોબારનો પ્રારંભ શક્ય છે. રાજકારણના કામકાજની જવાબદારી માથે લેવી નહીં. વેપારમાં પ્રગતિ છે. મહિલાઓને નોકરીમાં સફળતા જણાય છે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના કામકાજ નિયમિત બની રહેશે.

## આજનું પંચાંગ
## ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, રવિવાર, તા. ૯-૩-૨૦૨૫,ભદ્રા પ્રારંભ

ભારતીય દિનાંક ૧૮, માહે ફાગણ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ સુદ-૧૦
જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ સુદ-૧૦
પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ,સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૮મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
મીસરી રોજ ૧૦મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
નક્ષત્ર પુનર્વસુ રાત્રે ક. ૨૩-૫૪ સુધી, પછી પુષ્ય.
ચંદ્ર મિથુનમાં સાંજે ક. ૧૭-૪૫ સુધી, પછી કર્કમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૭, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૪, સ્ટા. ટા.
-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતીઃ સવારે ક. ૦૭-૫૦, રાત્રે ક. ૨૧-૪૭
ઓટઃ બપોરે ક. ૧૪-૩૭, મધ્યરાત્રિ પછી ક.૦૪-૧૪ (તા. ૧૦મી)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ શુક્લ - દસમી. ફાગુ દશમી (ઓરિસ્સા) ભદ્રા પ્રારંભ ક.૧૯-૪૨.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, ગાયત્રીમાતા પૂજા, જાપ, હવન,વિશેષરૂપે શનિ દેવતાનું પૂજન, ભગવાન સૂર્ય નારાયણનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નિત્ય થતાં પશુ લે-વેંચ, દુકાન-વેપારના કામકાજ, નિત્ય થતાં પશુ લે-વેંચ, ખેતીવાડીના કામકાજ, હજામત, પ્રયાણ મધ્યમ, પીપળાનું પૂજન, ગુરુ ગ્રહદેવતાનું પૂજન.
આચમનઃ ચંદ્ર-મંગળ યુતિ વ્યસ્ત રહેવાનો સ્વભાવ.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ યુતિ, ચંદ્ર-પુનર્વસુ યુતિ.
ગોચરગ્રહોઃ સૂર્ય-કુંભ, માર્ગી મંગળ-મિથુન, બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, વક્રી શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની
## તા. ૯-૩-૨૦૨૫ થી તા. ૧૫-૩-૨૦૨૫

રવિવાર, ફાગણ સુદ-૧૦, વિ. સં. ૨૦૮૧, તા. ૯મી માર્ચ, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર પુનર્વસુ રાત્રે ક. ૨૩-૫૪ સુધી, પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં સાંજે ક. ૧૭-૪૫ સુધી, પછી કર્ક રાશિ પર જન્માક્ષર. ફાગુ દશમી (ઓરિસ્સા) ભદ્રા પ્રારંભ ક. ૧૯-૪૧. શુભ દિવસ.

સોમવાર, ફાગણ સુદ-૧૧, તા. ૧૦મી નક્ષત્ર પુષ્ય મધ્યરાત્રે ક. ૨૪-૫૦ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. આમલકી એકાદશી (આમળા), ગોવિંદ દ્વાદશી. ભદ્રા સમાપ્તિ ક. ૦૭-૪૪. શુભ દિવસ.

મંગળવાર, ફાગણ સુદ-૧૨, તા. ૧૧થી, નક્ષત્ર આશ્લેષા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૧૪ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં મધ્યરાત્રિ પછી ક. ૨૬-૧૪ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. ભોમપ્રદોષ. સામાન્ય દિવસ.

બુધવાર, ફાગણ સુદ-૧૩, તા. ૧૨મી, નક્ષત્ર મઘા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૦૫ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. માઘી માસમ (દક્ષિણ ભારત). શુભ દિવસ.

ગુરુવાર, ફાગણ સુદ-૧૪, તા. ૧૩મી, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૩૦-૧૯ સુધી (તા. ૧૪મી), પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. વ્રતની પૂનમ, હુતાશની પૂર્ણિમા, હોલિકાદહન, મન્વાદિ, પારસી ૮મો આવાં માસારંભ, ભદ્રા સવારે ક. ૧૦-૩૫થી ૨૩-૨૬. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, ફાગણ સુદ-૧૫, તા. ૧૪મી, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં બપોરે ક. ૧૫-૫૫ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. ધુળેટી, ધૂલીવંદન, હોળાષ્ટક સમાપ્તિ ક. ૧૨-૨૪. અભ્યંગ સ્નાન, અન્વાધાન, કરિદીન, શ્રી ચૈતન્ય જયંતી, ખગ્રાસ ચંદ્રગ્રહણ (ભારતમાં દેખાશે નહીં), સૂર્ય મીનમાં સાંજે ક. ૧૮-૪૯, મું. ૪૫, સમર્ઘ, સંક્રાંતિ પુણ્યકાળ મધ્યાહનથી સૂર્યાસ્ત, મીન માસારંભ. શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, ફાગણ વદ-૧, તા. ૧૫મી, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સવારે ક. ૦૮-૫૩ સુધી, પછી હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, વસંતોત્સવારંભ, આમ્રકુસુમપ્રાશન, બુધ વક્રી ક. ૧૨-૧૭. સામાન્ય દિવસ.

# કોસ્ટ ગાર્ડ અને ડીઆરઆઈનું સંયુક્ત ઓપરેશનઃ ૩૩ કરોડની કિંમતનું કેફી દ્રવ્ય પકડાયું

ચેન્નઈ : ભારતીય કોસ્ટ ગાર્ડ અને ડિરેક્ટરેટ ઑફ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ)એ માદકદ્રવ્ય વિરુદ્ધના મોટા ઓપરેશનમાં માલદીવ જઈ રહેલા જહાજમાંથી ૩૩ કરોડ રૂપિયાની કિંમતનું હશીશ ઓઈલ તાજેતરમાં પકડી પાડ્યું હતું.

સંરક્ષણ ખાતાએ બહાર પાડેલી અખબારી યાદી પ્રમાણે કોસ્ટ ગાર્ડ અને ડીઆરઆઈએ ભારતીય જળસીમામાં કેફીદ્રવ્યો ધરાવતું જહાજ આંતરી લીધું હતું. આ જહાજ માલદીવમાં કેફીદ્રવ્ય લઈ જવા માગતું હતું.

પાંચમી માર્ચે ડીઆરઆઈએ ઈન્ડિયન કોસ્ટ ગાર્ડને બાતમી આપી હતી કે એક ટગ બોટ તુતિકોરિનથી માલે જઈ રહી છે અને આમાં કેફીદ્રવ્ય છે. ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના બે જહાજોએ મન્નારની ખાડીની દક્ષિણે શંકાસ્પદ જહાજને આંતરી લીધું હતું.

જહાજના કર્મચારીઓને પકડી લેવામાં આવ્યા હતા અને જહાજને વધુ તપાસ માટે તુતિકોરિન લઈ જવામાં આવ્યું હતું. કોસ્ટ ગાર્ડના જહાજો ૪૦ કલાક પકડાયેલા વહાણ સાથે મુસાફરી કરીને એને તુતિકોરિન લઈ આવ્યા હતા. સાત માર્ચ ૨૦૨૫એ કોસ્ટ ગાર્ડે શંકાસ્પદ જહાજને નવ કર્મચારી સાથે ડીઆરઆઈને સોપ્યું હતું, અંદર ૩૦ કિલો હશીશ ઓઈલ મળી આવ્યું છે જેની આંતરરાષ્ટ્રીય બજારમાં ૩૩ કરોડ રૂપિયાની કિંમત છે. (એજન્સી)

# મોદીના સોશ્યલ મીડિયા પર મહિલાઓ છવાઈ ગઈ

નવી દિલ્હીઃ આંતરરાષ્ટ્રીય મહિલા દિને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સોશિયલ મીડિયા પર દેશની વિવિધ ક્ષેત્રની મહિલાઓએ પોતાની સફળતાની વાત રજૂ કરી હતી અને દેશની 'નારીશક્તિ'ને પ્રોત્સાહન આપવા તેમ જ મહિલાઓના સશક્તીકરણની જરૂરિયાત પર ભાર આપ્યો હતો.

ચેસ ગ્રેન્ડમાસ્ટર આર. વૈશાલી, ખેડૂત અને વેપાર સાહસિક અનીતાદેવી, અણુ-વિજ્ઞાની એલિના મિશ્રા, ખગોળશાસ્ત્રી શિલ્પી સોની, વકીલ અંજલિ અગરવાલ, ગ્રામીણ વેપાર સાહસિક અજૈતા શાહ વગેરેએ આંતરરાષ્ટ્રીય મહિલા દિને પોતાની સફળતાની વાત મોદીના સોશિયલ મીડિયા પર રજૂ કરી હતી.

વૈશાલી ગ્રેન્ડમાસ્ટર પ્રજ્ઞાનંદની બહેન છે અને તેણે છોકરીઓને પોતાના સ્વપ્નને સાકાર કરવા પ્રેરણા આપતી વાત કરી હતી. સોશિયલ મીડિયા 'એક્સ' પરના મોદીના અકાઉન્ટ પર વૈશાલીએ લખ્યું હતું કે હું દરેક મહિલા, ખાસ કરીને છોકરીઓને પોતાના સ્વપ્ન સાકાર કરવા બધા પડકારનો હિંમતથી સામનો કરવા અનુરોધ કરું છું અને આ રીતે આગળ વધશો, તો જરૂર સફળતા મળશે.

બિહારના અનીતાદેવીએ ખેતી કરીને સાથે વેપારી સાહસિક બનવાની પોતાની વાત વર્ણવતા જણાવ્યું હતું કે મેં સેંકડો મહિલાને રોજગારીની તક પૂરી પાડી છે અને તેનાથી ગ્રામીણ મહિલાઓનું જીવનધોરણ પણ સુધર્યું છે. બિહારમાં મખાના બોર્ડ રચવાની કેન્દ્ર સરકારની જાહેરાતથી હવે હું મખાનાના વેપારમાં આગળ વધીશ. ફ્રન્ટિયર માર્કેટ્સનાં સીઇઓ અને સ્થાપક અજૈતા શાહે મહિલાઓને આર્થિક રીતે સધ્ધર બનવા અનુરોધ કર્યો હતો. (એજન્સી)

# માર્ક કાર્ને બની શકે કૅનેડાના નવા વડા પ્રધાન

ટોરોન્ટો : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની વિશ્વના મુક્ત વેપારના સ્તંભ સામેની ટેરિફ ધમકીનો સામનો કરી શકે એવા ભૂતપૂર્વ સેન્ટ્રલ બૅન્કર કૅનેડાના ભાવિ પ્રમુખ બની શકે.

શાસન કરતી લિબરલ પાર્ટી રવિવારે મતદાન વડે કૅનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોની બદલીમાં નવા નેતા ચૂંટવાની છે. આમાં ૫૯ વર્ષના માર્ક કાર્ને જીત મેળવે એવા સંજોગો છે.

રૂઢિચુસ્તવાદી વિરોધ પક્ષ ચૂંટણીમાં ટ્રુડોની નિષ્ફળતાનો ફાયદો ઉઠાવવા માગે છે. ટ્રુડોની લોકપ્રિયતા ઘટી ગઈ છે અને ખાદ્યપદાર્થો અને ઘરોની કિંમત વધતાં અને વસાહતીઓનો ધસારો જોવા મળતા. ટ્રુડોએ જાન્યુઆરીમાં રાજીનામું આપવાની જાહેરાત કરી હતી, પરંતુ તેમના અનુગામી ચૂંટાય નહીં ત્યાં સુધી તેઓ વડા પ્રધાન રહેશે. ચૂંટણીનાં નિયમો પ્રમાણે ઑક્ટોબર પહેલાં ચૂંટણી યોજવી પડે, પરંતુ આ ચૂંટણી વહેલી યોજાય એવી સંભાવના છે.

ટ્રમ્પના ટ્રેડવૉર અને તેમની કૅનેડાને અમેરિકના ૫૧માં રાજ્ય બનાવવાની વાતથી કૅનેડાના લોકો રોષે ભરાયા છે અને એનએચએલ અને એનબીએની ગેમ દરમિયન અમેરિકાના રાષ્ટ્રગીતનું અપમાન કરવામાં આવે છે. કૅનેડાના અમુક લોકોએ અમેરિકાના દક્ષિણનો પ્રવાસ રદ કર્યો છે અને અનેક લોકો અમેરિકન વસ્તુઓનો બહિષ્કાર કરી રહ્યા છે.

કેનેડામાં રાષ્ટ્રવાદનો ભડકો થતા સંસદીય ચૂંટણી જે અઠવાડિયા કે મહિનામાં યોજાય એવી સંભાવના છે ત્યારે લિબરલ પાર્ટીની જીતવાની તક વધી ગઈ છે. ઓપિનિયન પોલમાં લિબરલ પાર્ટીની સ્થિતિ મજબૂત થતી જાય છે. અમેરકા સાથેની દાયકાઓ જૂના ીચાલતા આવતા સંબંધોમાં સ્થિરતા પછી કૅનેડાના જે નેતા અમેરિકાનો સામનો કરવા ઉત્તમ રીતે સજ્જ હશે એ મેદાન મારશે.

કાર્નેએ કૅનેડાની સેન્ટ્રલ બૅન્કના વડાનો હોદ્દો સંભાળ્યો ત્યારે દેશમાં મોટી કટોકટી હતી. ૧૬૯૪માં સેન્ટ્રલ બૅન્કની સ્થાપના થઈ ત્યાર બાદ પ્રથમ વાર કાર્નેના રૂપમાં દેશને પ્રથમ બિનનાગરિક બૅંક ઑફ ઈંગ્લેન્ડના વડા મળ્યા હતા. કૅનેડા ૨૦૦૮ની નાણાકીય કટોકટીમાં બહાર આવ્યું ત્યારે કાર્નેની બ્રિટનમાં પણ પ્રશંસા કરવામાં આવી હતી. (એજન્સી)

# ટોરોન્ટોના પબમાં અંધાધૂંધ ગોળીબારમાં ૧૨ જણ ઘાયલ

ટોરોન્ટો : પૂર્વ ટોરોન્ટોના એક પબમાં ત્રણ ઈસમે ચેતવણી આપ્યા વિના અંધાધૂંધ ગોળીબાર કરતાં બારેક જણ ઘાયલ થયા હતા એવી માહિતી પોલીસે આપી હતી. પોલીસે આને હિંસાનું બેજવાબદાર કૃત્ય ગણાવ્યું હતું. ટોરોન્ટો પોલીસ સર્વિસના સુપરિન્ટેન્ડન્ટ પોલ મેકીનટાયરે કહ્યું હતું કે શુક્રવારે પાઈપર આર્મ્સ ખાતે સાંજે ૧૦-૪૦ કલાકે ગોળીબાર થયો એના અનેક તાકીદના ફોન આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં માલૂમ પડ્યું હતું કે ત્રણ ઈસમો પબમાં ઘૂસી ગયા હતા અને ગ્રાહકો પર ગોળીબાર કર્યો હતો. તત્કાળ કોઈ ધરપકડ કરાઈ નથી. પોલીસે કહ્યું હતું કે એક ઈસમ અસોલ્ટ રાઈફલ જેવા દેખાતા હથિયારથી સજ્જ થઈને આવ્યો હતો. બીજા બે ઈસમો હેન્ડગન લઈને આવ્યા હતા અને બારમાં ઘૂસ્યા હતા. ત્રણેયે અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. જોકે કોઈની જાનહાનિ થઈ નથી.

પોલીસ ઘટનાસ્થળે આવી હતી અને તેને બાર જણ વિવિધ ઈજા પામ્યા હોવાનું માલૂમ પડ્યું હતું. ઈજાગ્રસ્તોને સ્થાનિક હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આમાંથી છ જણને જાન જોખમમાં મૂકે એવી ઈજા થઈ નથી. બાકીને છ જણને તૂટેલા કાચથી ઈજા થઈ હતી. (એજન્સી)

## અમેરિકાના પગલે ચાલ્યું પાકિસ્તાન

# પાકિસ્તાને અફઘાનના નિરાશ્રિતોને ૩૧ માર્ચ સુધી દેશ છોડવા જણાવ્યું

ઈસ્લામાબાદ : પાકિસ્તાન સરકારે ગેરકાયદે વિદેશીઓને તેમના દેશમાં મોકલવાની યોજનાના ભાગરૂપે અફઘાન સિટીઝન કાર્ડ (એસીસી) ધારકોને ૩૧ માર્ચ સુધી પાકિસ્તાન સ્વૈચ્છિક રીતે છોડવા જણાવ્યું છે.

શુક્રવારે રાત્રે પ્રસાર માધ્યમોમાં હેતુપૂર્વક લીક કરાયેલા દસ્તાવેજ પ્રમાણે અફઘાન નિરાશ્રિતોના બહુસ્તરીય પુનર્વસવાટ યોજનાના ભાગરૂપે ઈસ્લામાબાદ અને રાવલપિંડી રહેતા એસીસી ધારકોને પાછા અફઘાનિસ્તાન મોકલવામાં આવશે. આમાં ત્રીજા દેશમાં સ્થાયી થવાની રાહ જોનારા અફઘાનોનો પણ સમાવેશ થાય છે.

આતંકવાદના મુદ્દે ઈસ્લામાબાદ અને કાબુલના વણસતા સંબંધો વચ્ચે ઉક્ત નિર્ણય લેવામાં આવ્યો છે. આની અસર અફઘાનના નિરાશ્રિતના દસ્તાવેજ એટલે કે એસીસી ધરાવનારા આઠ લાખ અફઘાનો પર પડશે. આ વર્ગિકૃત નિરાશ્રિતો ઉપરાંત સેંકડો કે હજારો ગેરકાયદે વસાહતીઓ પાકિસ્તાનમાં રહે છે.

ગેરકાયદે વસાહતીઓને સ્વદેશ મોકલવાની યોજના પહેલી નવેમ્બર ૨૦૨૩થી અમલમાં આવી હતી. આના ભાગરૂપે હવે એસીસી ધારકોને સ્વદેશ પાછા મોકલવામાં આવે છે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### ભારત-ન્યૂ ઝીલૅન્ડ

કહી રહ્યા છે કે ભારતીય ટીમ આ ટૂર્નામેન્ટમાં એક જ સ્થળે (દુબઈમાં) રમી એનો એને બહુ મોટો લાભ થયો છે. જોકે બીજી માર્ચે દુબઈમાં જ ન્યૂ ઝીલૅન્ડે ભારતનો મુકાબલો કર્યો હોવાથી હવે આજની ફાઇનલ પહેલાં કોઈ એવું નહીં બોલે કે દુબઈમાં કિવીઓને નુકસાન છે અને ભારતને લાભ છે.

આજની ફાઇનલ સ્પિનર્સને વધુ મદદ અપાવતી સ્લો પિચ પર રમાશે એવી પાકી સંભાવના જોતાં ભારત ચારેય સ્પિનર (અક્ષર, વરુણ, જાડેજા, કુલદીપ)ને ઇલેવનમાં જાળવી રાખશે એવું લાગે છે. આ સ્પર્ધાના તમામ સ્પિનર્સમાં વરુણ ચક્રવર્તી સાત વિકેટ સાથે મોખરે છે. બીજી તરફ, કિવી સ્પિનર રચિન રવીન્દ્ર ફક્ત બે વિકેટ લઈ શક્યો છે, પરંતુ બૅટર્સમાં તે ૨૨૬ રન સાથે બીજા નંબરે છે અને બે રન બનાવશે એટલે (સ્પર્ધાની બહાર થઈ ગયેલી ઇંગ્લૅન્ડની ટીમના) બેન ડકેટના હાઇએસ્ટ ૨૨૭ રનના આંકડાને પાર કરી લેશે.

જો આજની ફાઇનલ ભારત-પાકિસ્તાન મૅચમાં વપરાયેલી પિચ પર જ રમાશે તો કિવી બૅટર્સ પર ભારતના ચારેય સ્પિનર તૂટી પડશે અને તેમને અંકુશમાં રાખવામાં સફળ થશે. આ ચાર સ્પિન-સિતારાઓએ ખાસ કરીને કેન વિલિયમસન તથા રચિન રવીન્દ્ર સામે વધુ સાવચેત રહેવું પડશે. ગયા વર્ષે ભારતે ન્યૂ ઝીલૅન્ડ સામેની ટેસ્ટ-સિરીઝમાં ૦-૩થી જે પછડાટ ખાધી હતી એ પણ રોહિતસેનાના ધ્યાનમાં હશે જ.

બીજી તરફ, કિવી સ્પિનરો (સૅન્ટનર, ફિલિપ્સ, રચિન રવીન્દ્ર, બ્રેસવેલ) પણ ખતરો બની શકે, પરંતુ ભારતના બૅટર્સ સ્પિન સામે રમવામાં ચડિયાતા હોવાથી કિવી સ્પિનર્સને વધુ સફળતા ન પણ મળે.

પચીસ વર્ષ પહેલાંની ચૅમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં ભારતને હરાવીને જ ન્યૂ ઝીલૅન્ડે એ એકમાત્ર તાજ જીતી લીધો હતો. ભારતે સ્ટીફન ફ્લેમિંગની ટીમ સામે જોવા પડેલા એ પરાજયનો આજે બદલો લેવાનો છે.

૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપના ચૅમ્પિયનપદમાં વિરાટ કોહલી તેમ જ રોહિત શર્માના પોતપોતાની રીતે મોટા યોગદાનો હતા. આજે ખરા સમયે આ બે પીઢ ખેલાડીઓએ ફરી એવો સુપર પર્ફોર્મન્સ બતાવવાનો છે. બીજી હરોળના બૅટર્સ એટલે કે શુભમન ગિલ, શ્રેયસ ઐયર, કેએલ રાહુલ, હાર્દિક પંડ્યા તેમ જ અક્ષર-જાડેજાએ પણ બૅટિંગમાં મોટું યોગદાન આપવું પડશે.

#### બન્ને દેશની સ્કવૉડઃ

ભારતઃ રોહિત શર્મા (કૅપ્ટન), શુભમન ગિલ, વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, કેએલ રાહુલ (વિકેટકીપર), રિષભ પંત (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ, રવીન્દ્ર જાડેજા, વરુણ ચક્રવર્તી, કુલદીપ યાદવ, વૉશિંગ્ટન સુંદર, મોહમ્મદ શમી, હર્ષિત રાણા અને અર્શદીપ સિંહ.

ન્યૂ ઝીલૅન્ડઃ મિચલ સૅન્ટનર (વિકેટકીપર), વિલ યંગ, કેન વિલિયમસન, ટૉમ લેથમ (વિકેટકીપર), માઇકલ બ્રેસવેલ, માર્ક ચૅપમૅન, ડેવૉન કૉન્વે (વિકેટકીપર), મૅટ હેન્રી, ડેરિલ મિચલ, વિલ ઑરુરકે, ગ્લેન ફિલિપ્સ, રચિન રવીન્દ્ર, નૅથન સ્મિથ, કાઇલ જૅમીસન અને જેકબ ડફી.

### હું વિશ્વનો

૪૫૦ કરોડની સહાય અર્પણ કરી હતી.

વડા પ્રધાને આ કાર્યક્રમમાં સંબોધન કરતાં કહ્યું હતું કે, મહાકુંભમાં મા ગંગાના અને આજે માતૃશક્તિના મહાકુંભમાં મને આશીર્વાદ મળ્યા છે. હું દુનિયાનો સૌથી ધનિક વ્યક્તિ છું, મારી જિંદગીના એકાઉન્ડમાં કરોડ માતા,બહેનો અને દિકરીઓના આશીર્વાદ છે. જે સતત વધી રહ્યા છે. આપણાં શાસ્ત્રોમાં નારીને નારાયણી કહ્યું છે. નારીનું સન્માન એ દેશના વિકાસનું પહેલું પગથિયું છે. નારીનું સન્માન નહીં હોય તો દેશનો વિકાસ નહીં હોય. અમારી સરકારે ત્રણ તલાકની સામે કડક કાયદો બનાવી લાખો મુસ્લિમ બહેનોનું જીવન બરબાદ થતા બચાવ્યું છે.

તેમણે કહ્યું હતું કે, કલમ ૩૭૦ હટાવ્યા બાદ જમ્મુ કાશ્મીરમાં મહિલાઓને તમામ અધિકાર મળ્યા છે. પહેલાં ત્યાની મહિલાઓ સુવિધાઓથી વંચિત હતી. એમની સાથે અન્યાય થતો હતો પણ પહેલાની સરકારને કંઇ ચિંતા જ નહોતી. ભારત દુનિયાનો ત્રીજો સ્ટાર્ટઅપ દેશ છે. દુનિયામાં સૌથી વધુ મહિલા પાયલોટ ભારતમાં છે. ૨૦૧૪ બાદથી દેશના મહત્વના પદો પર મહિલાઓની ભાગીદારી ખૂબ જ ઝડપથી વધી છે. કેન્દ્ર સરકારમાં સૌથી વધુ મહિલાઓ પ્રધાન બની છે. ૨૦૧૯માં પહેલીવાર અમારી સંસદમાં ૭૮ મહિલા સાંસદ ચૂંટાઈને આવી હતી. કામ કરતી મહિલાઓને સગર્ભાવસ્થામાં ૧૨ અઠવાડિયાની રજા મળતી હતી, અમારી સરકારે એને વધારીને ૨૬ અઠવાડિયાં કરી દીધા છે

વડા પ્રધાને કહ્યું હતું કે, ભારત મહિલાઓના નેતૃત્વનું મોટુ ઉદાહરણ છે. અહીંની મહિલાઓનો શ્રમ અને સામર્થ્યથીક દેશ વિકસીત થયો છે. ગુજરાતના ગામેગામથી લાખો મહિલાઓએ દુધના ઉત્પાદનને ક્રાંતિ બનાવી છે. ૨૦૧૪ પછી ૩ કરોડ મહિલાઓ પોતાના ઘરની માલિક છે. આગળના પાંચ વર્ષમાં ત્રણ કરોડ મહિલાઓને લખપતિ દીદી બનાવવાનો સંકલ્પ લીધો છે, ગુજરાતની મહિલાઓ દેશ માટે ગૌરવની વાત છે. નમો ડ્રોન દીદી અભિયાનથી ખેતીમાં નવી ક્રાંતિ ઉભી થઇ છે અને બહેનોને લાખોની આવક થઇ રહી છે. એક દીકરો જેવા ભાવથી માની સેવા કરે છે એવા જ ભાવથી હું ભારતની માતાઓ અને બહેનોની સેવા કરુ છું અને કાયમ માટે કરતો રહીશ.

### ભારત અમેરિકી સામાન

ઑફિસમાં શુક્રવારે જણાવ્યું હતું કે અમેરિકાના માલસામાન પર ઊંચો ટેરિફ દર વસૂલતા દરેક દેશના ઉત્પાદનો પર અમેરિકા પણ ઊંચો દર લેશે.

તેમણે જણાવ્યું હતું કે કેનેડા, મેક્સિકોની જેમ ભારત પણ અત્યાર સુધી અમેરિકી માલસામાન પર ટેરિફનો ઊંચો દર વસૂલતું હતું અને તેને લીધે ભારતની બજારોમાં ચીજો વેચવાનું અમેરિકાની કંપનીઓ માટે મુશ્કેલ બની ગયું હતું. અમેરિકા ભારતીય બજારોમાં બહુ થોડો વેપાર કરી શકે છે.

અમેરિકાના પ્રમુખે દાવો કર્યો હતો કે ભારત દ્વારા અમેરિકી માલસામાન પર વસૂલવામાં આવતા ઊંચા ટેરિફની વાત અમે ખુલ્લી પાડી હોવાથી ભારત હવે ટેરિફમાં મોટો કાપ મૂકવા માટે સહમત થયું છે.

તેમણે જણાવ્યું હતું કે ચીન અને યુરોપિયન યુનિયનના દેશો પણ અમેરિકી માલસામાન પર ઊંચો ટેરિફ લાદી રહ્યા છે.

ટ્રમ્પે માત્ર એક જ અઠવાડિયામાં આ ત્રીજી વખત ભારત પર ટેરિફનો ઊંચો દર વસૂલવાનો આક્ષેપ મૂક્યો હતો.

અગાઉ, તેમણે ગુરુવારે જણાવ્યું હતું કે ભારત અમેરિકી માલસામાન પર ટેરિફનો ઊંચો દર વસૂલતું હોવાથી અમે બીજી એપ્રિલથી 'જેવા સાથે તેવા'ની નીતિ અપનાવીને ભારતીય ચીજો પર ટેરિફનો ઊંચો દર લાદીશું.

ટ્રમ્પે ભૂતકાળમાં ભારતને 'ટેરિફ કિંગ' પણ કહ્યું હતું. (એજન્સી)

### અમેરિકાના ૨૦ રાજ્યે

અસર થઇ છે. મેરીલૅન્ડમાં વધુ સરકારી કર્મચારીઓને નોકરીમાંથી ન કઢાય, તે માટે અમે કાર્યવાહી કરી રહ્યા છીએ.

સરકારી એજન્સીઓ પર કરાયેલા કેસમાં આક્ષેપ કરાયો હતો કે સરકારી કર્મચારીઓને મોટી સંખ્યામાં નોકરીમાંથી કાઢવાથી રાજ્યો પર મોટો આર્થિક બોજો આવી પડ્યો છે અને બેરોજગારીના ભથ્થાંમાં ઘણો વધારો થયો છે.

મેરીલૅન્ડમાં સરકારી નોકરીમાંથી કઢાયેલા ૮૦૦થી વધુ કર્મચારીઓએ તાજેતરમાં જ બેરોજગારી ભથ્થું મેળવવા અરજી કરી હતી. (એજન્સી)

# લાડકી બહેનોને ૨,૧૦૦ રૂપિયા આપવાની તૈયારીઃ શિંદે



મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શનિવારે જણાવ્યું હતું કે સરકાર ‘લાડકી બહેન’ યોજના હેઠળ માસિક આર્થિક સહાયની રકમ વધારીને ૨,૧૦૦ રૂપિયા કરવાના તેના ચૂંટણી વચનને અમલમાં મૂકવાની યોજના બનાવી રહી છે.

‘મુખ્યમંત્રી માઝી લાડકી બહીણ યોજના’ હેઠળ પાત્ર મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયાની આર્થિક સહાય મળે છે. ગયા વર્ષે ભાજપની આગેવાની હેઠળની મહાયુતિને વિધાનસભા ચૂંટણીમાં જીત મેળવવામાં મદદ કરનાર સૌથી મોટા પરિબળ તરીકે તેને ગણાવવામાં આવ્યું હતું.

પત્રકારો સાથે વાત કરતા શિંદેએ કહ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે લાભાર્થીઓના ખાતામાં બે હપ્તા જમા કરવામાં આવ્યા છે.

મહાયુતિની યોજના હેઠળ રકમ વધારીને ૨,૧૦૦ રૂપિયા કરવાના ચૂંટણી વચન પર બોલતાં શિંદેએ કહ્યું હતું કે, ‘અમે જાહેરાત કરી હતી (કે લાડકી બહેનના પૈસા વધારીને ૨,૧૦૦ રૂપિયા કરવામાં આવશે) અને અમે તેના અમલ માટે યોજના તૈયાર કરી રહ્યા છીએ.’

રાજ્યમાં રાજકોષી ખાધ બે લાખ કરોડ રૂપિયાને સ્પર્શી ગઈ છે, ત્યાં આ યોજનાની નાણાકીય સદ્ધરતા પર સવાલ ઉઠાવતા વિપક્ષે સરકાર પર ટીકા કરી છે. ચૂંટણીનો ઢંઢેરો પાંચ વર્ષ માટે છે. સરકારે જે વચન આપ્યું છે તેમાં અમે કોઈ ફેરફાર કરીશું નહીં. બધી યોજનાઓ ચાલુ રહેવી જોઈએ. વિકાસ અને માળખાકીય સુવિધા, પ્રતિબદ્ધ ખર્ચ પણ ચાલુ રહેવો જોઈએ અને સરકાર તેના માટે કામ કરી રહી છે, એમ શિંદેએ કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે રાજ્ય સરકારે મહિલાઓ માટે લાડકી બહેન જેવી ઘણી યોજનાઓ પણ શરૂ કરી છે - એસટીની બસોનાં ભાડામાં ૫૦ ટકાનો ઘટાડો અને ઉચ્ચ શિક્ષણમાં તેમના માટે ફી માફ કરવી.

તેમણે કહ્યું હતું કે ‘લાડકી બહેન’ સલામત હોવી જોઈએ અને સરકારે તેઓ મુસીબતમાં હોય તો તેમને મદદ કરવા માટે ‘સુરક્ષા’ એપ લાવવાનો નિર્ણય લીધો છે. લાડકી બહેનોએ મહાયુતિને તેમના આશીર્વાદ આપ્યા જેના કારણે ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં જંગી બહુમતી મળી હતી. ■

# પોલીસ કોન્સ્ટેબલની હત્યાઃ ત્રણની ધરપકડ

ચંદ્રપુરઃ બિલને મુદ્દે બારમાલિક સાથે રકઝક કરનારા યુવાનોને સમજાવવા મધ્યસ્થી કરનારા પોલીસ કોન્સ્ટેબલની હત્યા કરવામાં આવી હોવાની ઘટના ચંદ્રપુર શહેરમાં બની હતી. પોલીસે ત્રણેય આરોપીની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારની સાંજે પઠાણપુરા વિસ્તારમાં બની હતી. બે આરોપી નીલેશ જાધવ અને અક્ષય ઉર્ફે આકાશ શિર્કેની બારમાલિક સાથે બિલને મુદ્દે રકઝક ચાલતી હતી. ત્યાં હાજર કોન્સ્ટેબલ સંદીપ ઉર્ફે સમીર ચાફલે અને તેના સાથી ચવાણે મામલો શાંત પાડવા મધ્યસ્થી કરી હતી. કોન્સ્ટેબલો સાથે જ ઉગ્ર બોલાચાલી કરી બન્ને આરોપી ત્યાંથી રવાના થઈ ગયા હતા. થોડો સમય પછી બન્ને જણ તેમના મિત્ર યશ અનિલ સમુંદ સાથે ત્યાં આવ્યા હતા. આરોપીઓએ બન્ને કોન્સ્ટેબલ પર હુમલો કર્યો હતો, જેમાં ચવાણનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ગંભીર રીતે ઘવાયેલા ચાફલેને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. આ પ્રકરણે સિટી પોલીસે ત્રણેય આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી. (પીટીઆઈ) ■


Ested. 1936

Mohanlal S Mithaiwala®

MUMBAI • AHMEDABAD

HALWA • MITHAI • NAMKEEN



271/273, Zaveri Bazar, Mumbai- 2.

Tel.: 23439944, 23410374 • E-mail: msmzaveribazar@gmail.com

BRANCHES :
- 45, Bhuleshwar Road, Mumbai - 2. Tel.: 22410955
- 399, Grant Road, Mumbai - 7. Tel.: 23824031, 23871167
- 95, Bhuleshwar Road, Mumbai - 2. Tel.: 22412526
- 23, Goyal Shopping Arcade, L. T. Road, Borivali (West), Mumbai - 92. Tel.: 28936012
- Dharam Pram Co-Op. Society Ltd., Shop No. 12/12A, Nehru Road, Vile Parle (East), Mumbai- 57. Tel.: 26189776, 8767331123

AHMEDABAD :
- G-1, Golden Triangle, Near Sardar Patel Stadium, Navrangpura, Ahmedabad - 14. Tel.: 26421133
- 4. Mahalaxmi Corner, Opp. Sardar Patel Hospital, Rambaug, Maninagar, Ahmedabad- 8. Tel.: 25463300

ઉપરોક્ત શાખાઓ સિવાય અમારી કોઈ દુકાનો નથી. નકલખારોથી સાવધાન.
® ટ્રેડમાર્ક, © કોપીરાઈટ જોઈને જ માલ ખરીદવો.

We don't have any Branches at Ghatkopar, Vile Parle West & Bhaynder West.

અમારી બોરીવલી અને પાર્લે પૂર્વની તેમ જ અમદાવાદની ગોલ્ડન ટ્રાયંગલ અને મણીનગરની શાખા દર રવિવારે ખુલ્લી રહેશે.


# મુંબઈ કૉંગ્રેસને તાળું લાગવાનું હવે બાકી છેઃ સંજય નિરુપમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ શહેરમાં કૉંગ્રેસની આર્થિક સ્થિતિ કથળી ગઈ છે અને તેમની ઓફિસ પર તાળું લાગવાની રાહ છે, એવો દાવો મુંબઈ કૉંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ સંજય નિરુપમે કર્યો હતો.

શિવસેનાના નેતા સંજય નિરુપમે એવો દાવો કર્યો હતો કે કૉંગ્રેસે મુંબઈની કચેરીનું ભાડું અનેક વર્ષોથી ભર્યું નથી. તેનું લેણું લાખો રૂપિયાનું છે. આવી જ રીતે વીજળીનું બિલ ભર્યું ન હોવાથી ડિસ્ટ્રિબ્યુટર મીટર ઉઠાવીને લઈ ગયા હતા. અહીં ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે જ સંજય નિરુપમ કૉંગ્રેસ છોડીને શિવસેનામાં જોડાઈ ગયા હતા.

તેમણે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કહ્યું હતું કે મુંબઈ કૉંગ્રેસની કચેરી પર હવે ફક્ત તાળું લાગવાનું બાકી છે. ઓફિસનું ભાડું વર્ષોથી ભરવામાં આવ્યું નથી અને હવે લેણું ૧૮ લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. વીજળીનું બિલ પાંચ લાખ રૂપિયા સુધી પહોંચી ગયું હતું અને ડિસ્ટ્રિબ્યુટર મીટર કાપીને લઈ ગયા હતા. વીજળી કપાઈ ગઈ હતી. કૉંગ્રેસ સતત અદાણીની ટીકા કરતી હોય છે એટલે તેમણે એવી સ્પષ્ટતા કરી હતી કે આ ડિસ્ટ્રિબ્યુટર અદાણી નહીં, બેસ્ટ છે. તેમણે એમ પણ લખ્યું હતું કે હું ચાર વર્ષ સુધી મુંબઈ કૉંગ્રેસનો અધ્યક્ષ હતો. ત્યારે ક્યારેય આવી શરમજનક સ્થિતિ આવી નહોતી. મુંબઈ કૉંગ્રેસનું સંચાલન કરવા માટે માસિક ખર્ચો ૧૪ લાખ રૂપિયા હતો, જેમાં ઓફિસનું ભાડું, વીજળીનું બિલ, બધા જ કર્મચારીઓનો પગાર વગેરેનો સમાવેશ થતો હતો. સાંભળ્યું છે કે છેલ્લા ૧૦ મહિનાથી મુંબઈ કૉંગ્રેસના કર્મચારીઓને વેતન આપવામાં આવ્યું નથી.

તેમણે એમ પણ લખ્યું હતું, કે મારા સમયે આવી સ્થિતિ ફક્ત એક વખત થઈ હતી, જ્યારે ચા-વાળાનું મોટું બિલ સામે આવ્યું હતું. ત્યારે ઓવરબિલિંગનો મુદ્દો હતો, તેનું પણ નિરાકરણ કરવામાં આવ્યું હતું. મારા સમયે પણ પાર્ટી વિપક્ષમાં જ હતી અને હું સાંસદ પણ નહોતો. આમ છતાં અત્યારે પાર્ટીની આવી કપરી સ્થિતિ કેમ થઈ છે? એક નેતા યુ-ટ્યુબના વીડિયો બનાવવામાં વ્યસ્ત છે અને બીજું કૉંગ્રેસ પાર્ટી સંપૂર્ણ રીતે શિવસેના (યુબીટી)ના પગની જૂતી બની ગઈ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ‘મેં વર્ષો પહેલાં કહ્યું હતું કે કૉંગ્રેસ પાર્ટીનું કામકાજ ઉદ્ધવ ઠાકરેની પાર્ટીને આઉટસોર્સ ન કરવામાં આવે, પરંતુ ખડગે અને વેણુગોપાલ જેવા પરમજ્ઞાની લોકો મને ઈગ્નોર કરતા રહ્યા હતા. આજે પરિણામો સામે છે.’ ■

# સમૃદ્ધિ એક્સપ્રેસ-વે પર પલટી ખાઇ ગયેલા વાહન સાથે કાર અથડાતાં બે જણનાં મોત

મુંબઈઃ મુંબઈ-નાગપુર સમૃદ્ધિ એક્સપ્રેસ-વે પર શનિવારે એક વાહન પલટી ખાઈ જતા અને કાર સાથે અથડાવાની ઘટનામાં બે જણનાં મોત અને ૧૩ જણ ઘયાલ થયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. આ અકસ્માત બુલઢાણા જિલ્લાના માલ્સાવારગાંવ ખાતે સવારે નવા વાગ્યે થયો હતો જ્યારે યવતમાળથી ૧૫ જણને શિર્ડી લઇ જતું વાહન પલટી ખાઈ ગયું હતું, એમ સિંદખેડ રાજા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસે કહ્યું હતું કે વાહનનું એક ટાયર ફાટ્યું હતું જેના કારણે તે પલટી ખાઇ ગયું હતું અને પાછળથી આવી રહેલી કારની તેની સાથે ટક્કર થઇ હતી.

મૃતકોની ઓળખ વિદ્યા સાબળે અને મોતિરામ બોરકર તરીકે થઇ હતી. ૧૩ ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જેમાંથી ત્રણની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.

ઘટનાસ્થળે ટ્રાફિક પોલીસ અને બચાવ ટીમ રવાના કરાઇ હતી. એક્સપ્રેસ-વે પર થોડા સમય માટે ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઇ હતી. ■

# સુપ્રીમ કોર્ટના જજને મીરા-ભાયંદરમાં થયો કડવો અનુભવ

## ગેરકાયદે બેનરો પર ભડક્યા બાદ કાર્યક્રમમાં શિસ્તતાનો અભાવ જોઇને નારાજ થયા

મુંબઈઃ સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ અભય ઓકે ગેરકાયદે લગાવવામાં આવતા બેનરો પર નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે બોમ્બે હાઇ કોર્ટે અગાઉ આદેશ આપ્યો છે કે બેનરો લગાવવા માટે સંબંધિતોની પરવાનગી લેવી ફરજિયાત છે. થાણે જિલ્લાના મીરા-ભાયંદરમાં મેજિસ્ટ્રેટ કોર્ટનું ઉદઘાટન પ્રસંગે તેમણે શિસ્તતાના અભાવ પર નારાજગી વ્યક્ત કરી હતી તથા મીડિયાના પ્રતિનિધિઓ અને અન્યો વચ્ચે થયેલી ધક્કામુક્કીની આકરી ટીકા કરી હતી. જસ્ટિસ ઓકે મહારાષ્ટ્ર સરકારને વધુ જજની નિમણૂક કરવા તથા કોર્ટમાં આધુનિક માળખું અને ટેક્નોલોજી પૂરા પાડવાની ભલામણ કરી હતી. તેમણે કહ્યું હતું કે અહીં આવતી વખતે રસ્તામાં અતિથિઓના સ્વાગત સંબંધિત ઠેરઠેર બેનરો લાગેલા જોયા હતા. આ બેનરોને જોવાનો પહેલા આનંદ થયો, પરંતુ પાછળથી ખબર પડી કે તે બેનરો ગેરદાયદે લગાવવામાં આવ્યા હતા. બોમ્બે હાઇ કોર્ટના આદેશમાં ફરજિયાત બનાવવામાં આવ્યું છે કે બેનરો લગાવવા પહેલા સંબંધિતોની પરવાનગી લેવી પડશે, પરંતુ આ બેનરોને કોઇની પરવાનગી લેવાની જરૂર લાગી નથી. પાલિકાએ આ બેનરો તાત્કાલિક દૂર કરવા માટે કાર્યવાહી કરવી જોઇએ, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. ■

# પુણેમાંથી ૧૪૦૦ કિલો ભેળસેળિયું પનીર જપ્ત

પુણેઃ પુણેમાં પોલીસ અને ફૂડ એન્ડ ડ્રગ કન્ટ્રોલ એડમિનિસ્ટ્રેશન (એફડીસીએ)એ એક ફેક્ટરીમાં દરોડા પાડીને ભેળસેળયુક્ત ૧,૪૦૦ કિલો પનીર જપ્ત કર્યું હતું, એમ એક અધિકારીએ શનિવારે જણાવ્યું હતું.

મળેલી માહિતી પ્રમાણે પોલીસની ક્રાઇન બ્રાન્ચ અને એફડીસીએની ટીમે વાઘોલી વિસ્તારમાં આવેલી ફેક્ટરીમાં દરોડા પાડ્યા હતા.

અમે ફેક્ટરીમાંથી ભેળસેળયુક્ત ૧૪૦૦ કિલો પનીર, ૪૦૦ કિલે ગ્લીસ્રોલ મોનોસ્ટીરેટ પાવડર, ૧૮૦૦ કિલો સ્કીમ્ડ મિલ્ક પાવડર અને ૭૧૮ કિલો પામ તેલ જપ્ત કર્યું હતું. તેના નમૂના અમે પરીક્ષણ માટે મોકલી દીધા છે, એમ વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ છે. ■

# શૅર ટ્રેડિંગમાં સિનિયર સિટિઝને ૪૭ લાખ રૂપિયા ગુમાવ્યા

થાણેઃ શૅર ટ્રેડિંગમાં આકર્ષક વળતરની લાલચે સાયબર ઠગે ૬૬ વર્ષના સિનિયર સિટિઝન પાસેથી ૪૭ લાખ રૂપિયા પડાવ્યા હોવાની ફરિયાદ થાણે પોલીસમાં નોંધાઈ હતી.

ફરિયાદને આધારે પોલીસે ગુરુવારે ત્રણ ઠગ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજી ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર કથિત ઠગાઈ ડિસેમ્બર, ૨૦૨૪થી ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન થઈ હતી. આરોપીઓ એક વ્હૉટ્સઍપ ગ્રૂપ અને શૅર ટ્રેડિંગ ઍપ્લિકેશન સાથે સંકળાયેલા છે. ફરિયાદીનો સંપર્ક કરી ઑનલાઈન શૅર ટ્રેડિંગમાં આકર્ષક વળતરની લાલચ આરોપીએ આપી હતી.

આરોપીએ સારા વળતરની ખાતરી આપતાં ફરિયાદીએ છેલ્લા ત્રણ મહિનામાં વિવિધ બૅન્ક ખાતાંમાં ઑનલાઈન ટ્રાન્ઝેક્શનથી ૪૭.૦૧ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. જોકે ફરિયાદીને કોઈ વળતર મળ્યું નહોતું અને આરોપીએ વધુ રૂપિયાનું રોકાણ કરવા જણાવ્યું હતું. બાદમાં આરોપીનો સંપર્ક તૂટી જતાં ફરિયાદીને પોતે છેતરાયા હોવાની જાણ થઈ હતી. સિનિયર સિટિઝને પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી. (પીટીઆઈ) ■




# છત્રપતિ સંભાજી સાથે સરખામણી કરનાર ઉદ્ધવ-સેનાના નેતાની મહાયુતિ દ્વારા ઝાટકણી

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના વિધાન પરિષદના સભ્ય અનિલ પરબ દ્વારા પોતાની સરખામણી મરાઠા રાજા છત્રપતિ સંભાજી મહારાજ સાથે કરવાની ટિપ્પણીથી શુક્રવારે મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં શાસક મહાયુતિના વિધાનસભ્યોનો રોષ ભભૂકી ઉઠ્યો હતો અને તેમણે પરબ માફી માગે એવી માગણી કરી હતી.

અનિલ પરબે ગુરુવારે કાઉન્સિલમાં પોતાના ભાષણમાં છત્રપતિ સંભાજી સાથે પોતાની સરખામણી કરી હતી.

સેના (યુબીટી)ના નેતા પર પ્રહાર કરતા, રાજ્યના બંદરો અને મત્સ્યઉદ્યોગ પ્રધાન નિતેશ રાણેએ કહ્યું કે કારકુનની તુલના છત્રપતિ સંભાજી સાથે ન થઈ શકે. આ પછી, બંને વચ્ચે ખરાબ શબ્દોમાં શાબ્દિક ટપાટપી પણ થઈ હતી.

કાઉન્સિલમાં વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવેએ કહ્યું કે જો પરબની ટિપ્પણીથી કોઈને દુઃખ થયું હોય, તો શિવસેના (યુબીટી)ના નેતા તરીકે તેઓ તેના પર દિલગીર છે.

પરબે પોતાના બચાવમાં કહ્યું કે જો અધ્યક્ષને લાગે છે કે તેમની ટિપ્પણીથી કોઈને દુઃખ થયું છે, તો તેમને પદ પરથી હટાવી શકાય છે.

તેમણે કહ્યું હતું કે તેમણે ફક્ત એટલી જ ટિપ્પણી કરી હતી કે 'જે રીતે છત્રપતિ સંભાજીને ધર્મ બદલવા માટે ત્રાસ આપવામાં આવ્યો હતો, તેમ તેમને પક્ષ બદલવા માટે ત્રાસ આપવામાં આવી રહ્યો છે.'

પરબે ધ્યાન દોર્યું હતું કે ભાજપના શ્રીકાંત ભારતીયે તેમના કૂતરાનું નામ 'શંભુ' રાખ્યું હતું, તેમને પણ માફી માંગવા માટે કહેવામાં આવવું જોઈએ.

પરબે કહ્યું હતું કે સંભાજી મહારાજના વિચારો અને તેમના વારસાને કોઈએ આગળ વધાર્યો છે તો તે છાવા ફિલ્મમાં જોવા મળશે. આ જ રીતે મને પણ જુઓ. તેમના પર ધર્મ બદલવા માટે અત્યાચાર કરવામાં આવ્યો હતો અને મારા પર પાર્ટી બદલવા માટે અત્યાચાર કરવામાં આવ્યો હતો. ઈડી, સીબીઆઈ, ઈન્કમ ટેક્સ તેમ જ એનઆઈએ બધાએ મારી સામે કાર્યવાહી કરી હતી, પરંતુ હું જેલમાં ગયો નહોતો. સંજય રાઉત જેલમાં ગયા હતા, કેમ કે તેઓ કાચા ખેલાડી હતા, પરંતુ હું બધા પર ભારે પડ્યો હતો. ■

# બનાવટી દસ્તાવેજો તૈયાર કરનારા રેશનિંગ દુકાનના માલિક વિરુદ્ધ ગુનો

થાણેઃ રેશન કાર્ડ બનાવવા માટે કથિત બનાવટી દસ્તાવેજો તૈયાર કરનારા ડોમ્બિવલીના રેશનિંગ દુકાનના માલિક વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી રેશન કાર્ડ બનાવવા માટે બવાટી દસ્તાવેજો અને રબર સ્ટેમ્પ્સ તૈયાર કરતો હતો. ફરિયાદને આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે આરોપીના સ્થળે દરોડા પાડ્યા હતા અને ૧૧૦ જેટલી બનાવટી સાધનસામગ્રી જપ્ત કરી હતી, એમ ડોમ્બિવલીના માનપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

આ પ્રકરણે પોલીસે ગુરુવારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪), ૩૩૫, ૩૩૬(૩) અને ૩૪૦ હેઠળ ગુનો નોંધ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચની ટીમના સબ-ઈન્સ્પેક્ટર કિરણ ભિસેએ જણાવ્યું હતું કે પોલીસને વિવિધ સરકારી વિભાગાનો રબર સ્ટેમ્પ્સ, રેશન કાર્ડ્સ, ફોર્મ્સ અને દસ્તાવેજો આરોપી પાસેથી મળી આવ્યા હતા.

આ કેસમાં શનિવારની મોડી સાંજ સુધી આરોપીની ધરપકડ કરાઈ નહોતી. પોલીસ વધુ તપાસ કરી રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# દુકાનની સામે સૂતેલા ભિક્ષુક પર પેટ્રોલ રેડી આગ ચાંપી

લાતુરઃ દુકાનની સામે સૂતેલા ભિક્ષુક પર પેટ્રોલ રેડી આગ ચાંપવામાં આવી હોવાની ઘટના લાતુર જિલ્લામાં બની હતી. પોલીસના જણાવ્યા મુજબ ઘટના ચોથી માર્ચની મધરાતે ઔસા શહેરમાં બની હતી. આરોપી યોગેશ સિદરામ બુટ્ટેએ એક દુકાનની બહાર સૂતેલા ભિક્ષુક પર પેટ્રોલ રેડી તેની સળગાવી મારવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનામાં ભિક્ષુક ગંભીર રીતે ઘવાયો હતો. સારવાર માટે તેને પહેલાં ઔસાની હૉસ્પિટલ અને પછી લાતુરની હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો.

આરોપીએ કબૂલ્યું હતું કે ભિક્ષુકે તેનું ગાળાગાળી કરી તેનુ અપમાન કર્યું હતું, જેને કારણે તેણે આવું પગલું ભર્યું હતું. (પીટીઆઈ) ■

# કલ્યાણ-ડોમ્બિવલીની ગેરકાયદે ઈમારતોમાંના ૬૫૦૦ પરિવારો કોર્ટના આદેશ સામે ઇએમઆઇ વચ્ચે પીસાઇ રહ્યા છે

મુંબઈઃ કલ્યાણ-ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશને (કેડીએમસી) આ અઠવાડિયે ગાર્ડન માટે અનામત પ્લોટ પર બનેલી ચાર માળની એક બાંધકામ હેઠળની ઈમારતને તોડી પાડી હતી. કાર્યવાહી ૧૯મી નવેમ્બર, ૨૦૨૪ના રોજ બોમ્બે હાઈ કોર્ટના આદેશને અનુસરીને કરવામાં આવી હતી. જેમાં આ બંને ઉપનગરોમાં ૬૨ ઈમારતો પણ કાર્યવાહી કરવામાં આવી હતી. કોર્ટે ૧૯મી ફેબ્રુઆરીની સમયમર્યાદા નક્કી કરીને ત્રણ મહિનામાં બાંધકામો તોડી પાડવાનો આદેશ આપ્યો હતો. અત્યારે અહીંના પરિવારો કોર્ટના આદેશ અને દર મહિને ભરવા પડતા ઇએમઆઇ વચ્ચે પિસાઇ રહ્યા છે. પાલિકાની ઝુંબેશન કારણે ઈમારતોમાં રહેતા ૬૫૦૦ પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે તો બીજી બાજુ કલ્યાણ અને ડોમ્બિવલીમાં દાયકાઓથી મોટા પાયે થઇ રહેલી ગેરરીતિઓ પણ પ્રકાશમાં આવી હતી. સ્થાનિક બિલ્ડરોએ મહારાષ્ટ્રમાં રિયલ એસ્ટેટનું સંચાલન કરતી નિમયમકારી સંસ્થા મહારેરાની નકલી મંજૂરીઓ આપીને પ્રોજેક્ટ્સ અધિકૃત હોવાનું જણાવીને મંજૂરી આપી હતી. પાલિકાના આ પગલાથી મહત્વપૂર્ણ પ્રશ્નો ઉભા થાય છે કે શું ઇમારતો બની રહી હતી ત્યારે બિલ્ડરોએ હાઉસિંગ રેગ્યુલેટર પાસેથી પ્રમાણપત્રો અને પીએમ આવાસ યોજના હેઠળ દરેક ફ્લેટ ખરીદનારને ૨.૬૭ લાખ રૂપિયાની સબસિડી કેવી રીતે મેળવી? અને હવે આદેશ પછી ૬,૫૦૦ પરિવારોનું ભવિષ્ય શું થશે, જેમાંના મોટા ભાગના નીચલા મદ્યમ વર્ગના છે અને હાઉસિંગ લોનના બોજ હેઠળ છે? શું કેડીએમસીના અધિકારીઓને આ વાતની જાણ નહોતી કે આ તમામ પ્રોજેક્ટ્સ ગેરકાયદે હતા. શું હવે કેડીએમસીના અધિકારીઓ સામે કાર્યવાહી થશે, એવો સવાલ અહીંના રહેવાસીઓ કરી રહ્યા છે. ■

# કાર કન્ટેઈનર સાથે ટકરાતાં ડ્રાઈવર જખમી

લાતુરઃ લાતુર જિલ્લામાં રસ્તાની વચ્ચે બગડી ગયેલા કન્ટેઈનર સાથે કાર ટકરાતાં ડ્રાઈવર ગંભીર રીતે ઘવાયો હતો. પોલીસના જણાવ્યા મુજબ ઘટના શનિવારની બપોરે નૅશનલ હાઈવે પર ઉદગીર તહેસીલના પિંપરી ગામ નજીક બની હતી. કાર અને કન્ટેઈનર સામસામે ટકરાયાં હતાં.

અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા કાર ડ્રાઈવર સંગમેશ્વર વાલંદિકરને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. અકસ્માત બાદ કન્ટેઈનરનો ડ્રાઈવર ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

કન્ટેઈનર રસ્તાની વચ્ચે બગડી જવાને કારણે આ અકસ્માત થયો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું. જખમી વાલંદિકર કિર્તનકાર હોવાનું પોલીસે જણાવ્યું હતું. તે પોતાની કારમાં તેલંગણા જઈ રહ્યો હતો. (પીટીઆઈ) ■

# થાણે સ્માર્ટ સિટી પ્રોજેક્ટઃ જાપાન દ્વારા કરાઇ સમીક્ષા

થાણેઃ થાણેમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ ચાલી રહેલા કામની જાપાનના પ્રતિનિધિમંડળે સમીક્ષા કરી હતી અને શક્ય તે ટેક્નિકલ સહયોગ માટે ચર્ચા કરી હતી, એમ પાલિકાના અધિકારીએ શનિવારે જણાવ્યું હતું.

થાણે પાલિકા દ્વારા રજૂ કરાયેલા એક અહેવાલમાં જણાવાયું હતું કે જાપાન-ઈન્ડિયા સ્માર્ટ સિટી કોર્પોરેશન પ્લેટફોર્મ (જેઆઇએસસીઓપી) પહેલ હેઠળ જાપાનના પ્રતિનિધિમંડળે મુલાકાત લીધી હતી. આ પહેલનો મુખ્ય હેતુ બન્ને દેશો વચ્ચે શહેરી વિકાસ માટે જ્ઞાન અને ટેક્નિકલ સહયોગની વહેંચણીનો છે. નોમુરા રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનું પ્રતિનિધિત્વ કરતા જાપાની પ્રતિનિધિમંડળમાં ચીફ પ્રોજેક્ટ આર્કિટેક્ટ આયા હોન્ડા અને ભારતીય પ્રતિનિધિ વર્ષા ગુપ્તા હતા જેઓએ થાણે સ્માર્ટ સિટીના સીઇઓ અને થાણે પાલિકાના એડિશનલ કમિશનર સંદીપ માલવી સાથે ચર્ચા કરી હતી. સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં થયેલી પ્રગતિની અધિકારીઓ દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી. આ સિવાય પ્રોજેક્ટ પૂર્ણ કરવા, હાલમાં થયેલા વિકાસ તથા જે જગ્યાએ જાપાની નિષ્ણાતો-ટેક્નોલોજીની મદદ લઇ શકાય છે એ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. કેન્દ્ર સરકારના સ્માર્ટ સિટી મિશન હેઠળ થાણે સ્માર્ટ સિટી લિ. (ટીએસસીએલ) દ્વારા ઘણા પ્રોજેક્ટ અમલમાં મૂકાઇ રહ્યા છે. ૩૫માંથી ૩૨ પ્રોજેક્ટ પૂરા થઇ ગયા છે અને મહત્ત્વના ત્રણ પ્રોજેક્ટ પર હાલમાં કામ ચાલી રહ્યું છે. (પીટીઆઇ) ■

# રત્નાગિરિની 'લાડકી બહેનો' નારાજ : ચાર લાખમાંની અમુકને મળ્યો હપ્તો

મુંબઈઃ રાજ્ય સરકારે મુખ્યમંત્રી લાડકી બહીણ યોજનાનો ફક્ત ફેબ્રુઆરી મહિનાનો હપ્તો આપીને રાજ્યની પ્રિય બહેનોને નારાજ કરી છે. રત્નાગિરિમાં અંદાજે ૪.૧૭ લાખ બહેનોમાંથી અમુક જ બહેનોને આનો લાભ મળ્યો હોવાની માહિતી પ્રાપ્ત થઇ છે. અન્ય બહેનો તેમના ખાતામાં હપ્તા આવે તેની રાહ જોઇ રહી છે.

મહિલા દિવસે જ સરકાર દ્વારા બહેનોની છેતરપિંડી થઇ છે.

રત્નાગિરિ જિલ્લાની બહેનોને ગયા વર્ષના ડિસેમ્બર અને જાન્યુઆરીના હપ્તા બંને મહિનાના ગયા અઠવાડિયે મળ્યા હતા. જોકે બહેનોને એવી આશા હતી કે ફેબ્રુઆરીનો હપ્તો પણ મહિનાના અંત સુધીમાં આવી જશે, પણ એવું બન્યું નહોતું.

જોકે મહિલા અને બાળ કલ્યાણ પ્રધાન અદિતિ તટકરેએ જાહેરાત કરી હતી કે ફેબ્રુઆરી અને માર્ચ એમ બંને મહિનાના હપ્તા આઠમી માર્ચ સુધીમાં જમા થઇ જશે. આને કારણે તમામ બહેનોને ઈંતેજારી હતી તેના હપ્તા તેના ખાતામાં જમા થઇ જાય એની. પણ એવું બન્યું નથી. રત્નાગિરીની મહિલાઓએ આ માટે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. ■

છેલ્લા પાનાનું ચાલુ

## ત્રણ દિવસ

મોટાભાગના જિલ્લામાં પડી રહી છે. રાજ્યના હિલ સ્ટેશન ગણાતા મહાબળેશ્વરમાં પણ મહત્તમ તાપમાનનો પારો ૩૨.૮ ડિગ્રી નોંધાયો હતો. તો સૌથી ઊંચું તાપમાન મધ્ય મહારાષ્ટ્રના લોહગાવમાં ૩૯.૫ ડિગ્રી નોંધાયું હતું.

હવામાન વિભાગના નિષ્ણાતના કહેવા મુજબ માર્ચ મહિનામાં સામાન્ય રીતે ગરમીનું પ્રમાણ વધતું હોય છે અને આગામી અઠવાડિયામાં હાઈ પ્રેશર સિસ્ટમ હેઠળ તાપમાન ૩૯ ડિગ્રી સુધી જઈ શકે છે. મુંબઈ પર દરિયા પરથી પવનો ફૂંકાતા હોય છે. દરિયા પરથી વહેલા પવન ફૂંકાવામાં હાઈ પ્રેશર સિસ્ટમ અવરોધરૂપ બની રહી છે. સામાન્ય રીતે દરિયા પરથી ફૂંકાતા પવનો રાહત આપે છે. જમીન પરથી ફૂંકાતા પવનો ગરમ હોવાને કારણે ગરમીનું પ્રમાણ વધતું હોય છે. ■

## પર્સમાં લિપસ્ટિકની

રાજ્ય સરકારે મહિલાઓ માટે અનેક યોજનાઓ જેમ કે બચત જૂથ, એસટીની હાફ ટિકિટ, બાળકીઓને નિઃશુલ્ક શિક્ષણ, લાડકી બહેન યોજના વગેરેનો સમાવેશ થાય છે. આ બધું કરવાની સાથે જ હવે મહિલાઓએ આગળ આવવાની આવશ્યકતા છે. તે જ ઢાલ અને તે જ તલવાર અને તે જ જવાબદારી તમારે હાથમાં લેવાની છે. બકરી નહીં મારે વાઘણ જોવી છે. આવું ચિત્ર મહિલાઓમાં તૈયાર થવું જોઈએ, એમ તેમણે કહ્યું હતું. મહિલા સક્ષમીકરણની ગમે તેટલી વાતો કરો, તેમ છતાં રાજ્યમાં કેટલાક અત્યંત ખરાબ બનાવ બનતા હોય છે. આથી જ મહિલાઓએ પોતાના પર્સમાં મરચાની ભૂકી અને રામપૂરી ચાકુ પણ રાખવાની જરૂર છે. આવું ખુદ શિવસેનાસુપ્રીમો દિવંગત બાળ ઠાકરે બોલ્યા હતા. તે સમયે પત્રકારો અને અન્ય લોકોએ તેમની ભારે ટીકા કરી હતી, પરંતુ આજે એવો જ સમય આવી ગયો છે. રાજ્યની યુવાન દીકરીઓને મારી એ જ વિનંતી છે કે સ્વરક્ષણ માટે તુ અબળા નથી, લડનારી મહિલા છે એવી રીતે રહેવાની આવશ્યકતા છે. ■

## સજામાં વધારો

સૂચવવા પાછળનું કારણ અને હેતુ સમજાવતાં કહ્યું હતું કે 'આપણા સમાજમાં, જાહેર સ્થળોએ દારૂ પીધા પછી સંયમ જાળવી ન શકતા નાગરિકો મોટા પાયે જોવા મળી રહ્યા છે, અને તેમની અશ્લીલ હરકતો કાયદો અને વ્યવસ્થાને ખલેલ પહોંચાડી રહી છે અને ખાસ કરીને મહિલાઓમાં અસુરક્ષા અને અસંતોષનું વાતાવરણ ફેલાઈ રહ્યું છે.'

### જાહેર આરોગ્ય માટે ખતરો

'વધુમાં, એવું જોવા મળ્યું છે કે ધાર્મિક સ્થળોની નજીકમાં પણ દારૂ પીધા પછી કેટલાક વ્યક્તિઓ બેકાબૂ વર્તન કરી રહ્યા છે.' પરિણામે, ધાર્મિક સ્થળોની પવિત્રતા બગડી રહી છે અને જાહેર આરોગ્ય પણ જોખમાઈ રહ્યું છે. આવા કાયદો અને વ્યવસ્થાનું ઉલ્લંઘન કરનારાઓને રોકવા માટે, જાહેર સ્થળોએ દારૂ પીતા જોવા મળતા વ્યક્તિઓ માટે સજાની જોગવાઈઓમાં વધારો કરવો ઇચ્છનીય છે. 'તેથી, મુંબઈ દારૂબંધી કાયદામાં સુધારો કરવા માટે આ બિલ રજૂ કરવામાં આવી રહ્યું છે,' એમ મુનગંટીવારે જણાવ્યું હતું. ■

## થાણે ભિવંડી

કરોડ રૂપિયા ખર્ચ થવાનો અંદાજ છે.

આ મેટ્રોમાં રોજના ત્રણ લાખ પ્રવાસી પ્રવાસ કરી શકશે. એક મેટ્રોની ક્ષમતા ૧,૭૫૬ પ્રવાસીની છે. મુંબઈ મેટ્રો-૫નું કામ સંબંધિત કંપનીને પહેલી સપ્ટેમ્બર, ૨૦૧૯ના આપવામાં આવ્યું હતું. આ કામ પહેલી માર્ચ, ૨૦૨૨ના પૂર્ણ થવાનો અંદાજ હતો, પણ હવે નવી ડેડલાઇન ૩૧મી માર્ચ, ૨૦૨૫ છે.

**ક્યાં સ્ટેશનો હશે?**

બાલકુમ નાકા, કશેલી, કાલ્હેર, પૂર્ણા, અંજુરફાટા, ધામણકર નાકા, ભિવંડી, ગોપાલ નગર, ટેમઘર, રજનોલી, ગોવ ગાવ, કોન ગાવ, લાલ ચોકી, કલ્યાણ સ્ટેશન, કલ્યાણ એપીએમસી. ■

## નશામાં ધૂત

છે જ્યારે પેશાબ કરનાર ગૌરવ આહુજા હજી હાથમાં નથી આવ્યો. પસાર થતા અન્ય લોકોએ આવું કૃત્ય કરવા માટે ઠપકો આપ્યા બાદ તેઓ ત્યાંથી નાસી ગયા હતા. અમે તેઓને પકડવા માટે આ વિસ્તારના સીસીટીવી ફૂટેજ તપાસી રહ્યા છીએ, એવું અધિકારીએ ઉમેર્યું હતું.

આ બંને યુવકની શોધ ચાલુ છે પણ જાહેરમાં પી-પી કરનાર યુવકના પિતા મનોજ આહુજાએ કહ્યું હતું કે, મારા દીકરાએ સિગ્નલ પર નહીં પણ મારા મોં પર પેશાબ કર્યો છે ... તેના વર્તનની મને શરમ આવે છે. ■

## ગયા વર્ષના

કલ્વર્ટની સફાઈ કરવા માટે ટેન્ડર મગાવ્યાં હતાં. સફાઈ કામનાં ટેન્ડરમાં ગડબડ કરવામાં આવી હોવાનો રાજકીય પાર્ટી મનસે દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો. કૉન્ટ્રેક્ટરો અને પાલિકાના અધિકારીઓ દ્વારા નાળસફાઈમાં કરોડની ઉચાપત કરવાનો પણ આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો. જોકે પાલિકાએ તમામ આરોપોને ફગાવી દીધા હતા અને સ્પષ્ટતા આપતા કહ્યું હતું કે શરૂઆતમાં બિડ અંદાજિત દર કરતા ત્રણથી ૧૦ ટકા વધુ હતી. જોકે વાટાઘાટો પછી તેમને મૂળ અંદાજ કરતા ત્રણથી ૨૦ ટકા ઓછી કરવામાં આવી હતી. આગામી બે વર્ષ માટે નાળા અને મીઠી નદીની સફાઈ માટે પાલિકાએ ૫૪૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. નાના નાળાઓની સફાઈ લગભગ ૧૫ માર્ચ બાદ શરૂ થવાની છે. જોકે પાલિકાના અંદાજિત દર કરતા વધુ બોલી આવવાને કારણે મોટાં નાળાઓનું કામ અટવાઈ ગયું હતું. બાન્દ્રા, ખાર, સાંતાક્રુઝ, કુર્લા-સીએસટી રોડના ભાગ સહિત વિલે પાર્લે, માહિમ, ધારાવી, મલાડ, કાંદિવલી, બોરીવલી અને દહિસર સહિતના અનેક વિસ્તારોમાં નાળાની સફાઈના કામ માટે પાલિકાને તેના અંદાજિત દર કરતા કૉન્ટ્રેક્ટરો પાસેથી વધુ બોલી મળી હતી. તાજેતરમાં એ બાબતે બેઠક યોજાયા બાદ સફળતાપૂર્વક ચર્ચા બાદ કૉન્ટ્રેક્ટરો સાથે દર ઘટાડવામાં પાલિકાને સફળતા મળી હતી. તેથી ટૂંક સમયમાં વર્ક ઓર્ડર બહાર પાડવામાં આવશે અને બહુ જલદી કામ ચાલુ કરવામાં આવશે એવું પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું. ■

## બસ, એક મર્ડરની

મહિલા દિન નિમિત્તે લખેલા પત્રમાં કહ્યું છે કે મહિલાઓ દમનકારી અને બળાત્કારી માનસિકતા તેમ જ નિષ્ક્રિય કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને મારી નાખવા માગે છે. મુંબઈમાં તાજેતરમાં ૧૨ વર્ષની બાળકી પર થયેલા સામૂહિક બળાત્કાર તરફ ધ્યાન દોરતાં ખડસેએ કહ્યું હતું કે મહિલાઓ સામે ગુનાઓ વધી રહ્યા છે.

અમે બધી મહિલાઓ તરફથી એક હત્યા કરવા માટે સજામાંથી મુક્તિ માગીએ છીએ, એવું ખડસેએ રાષ્ટ્રપતિને લખેલા પત્રમાં જણાવ્યું હતું. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર રાજ્ય સરકારને નિશાન બનાવવાનો અમારો હેતુ હોવાનું તેમણે સ્પષ્ટ કર્યું હતું. ■

# હિન્દુ મરણ

વલસાડ ગામ હાલ નિવાસી વિરાર ગં. સ્વ. યશવંતીબેન હરકિશનભાઇ મિસ્ત્રી (ઉં. વ. ૮૭) સ્વ. દેવકોરબેન હરગોવિંદ મિસ્ત્રીના સુપુત્રી. તે ચેતનાબેન અને સંદીપભાઇના માતુશ્રી. પ્રફુલભાઇ અને રક્ષાબેનનાં સાસુ અને માનવના દાદી. તા. ૩-૩-૨૫ સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. ઠે. એ-૩૦૫, શ્યામ વિહાર સોસાયટી, વિરાટ નગર, વિરાર (પશ્ચિમ), બેસણું મોકૂફ રાખવામાં આવ્યું છે, લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

મુંબઈ નિવાસી, મૂળ દ્વારકાના અરવિંદભાઈ પરસોત્તમભાઈ સોનૈયા (ઉં.વ. ૬૩) તે મધુબેન સોનૈયાના પતિ, અધિરથ સોનૈયા તથા નિશા કાનાણીના પિતા, સ્મિતા સોનૈયા તથા ચિરાગકુમાર કાનાણીના સસરા તેમજ બચુભાઈ જમનાદાસ બારાઈના જમાઈ શનિવાર તા. ૮-૩-૨૫ ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર તા. ૧૦-૦૩-૨૫ ના રોજ સાંજે ૪:૦૦ થી ૫:૩૦ રાખેલ છે. સ્થળઃ ઠક્કર હોલ, પ્લોટ નં. ૧૨૪, સેક્ટર ૩, પંજાબ બેંક પાસે, શિવકૃપા, આર.ડી.પી. ૮, ચરકોપ ગામ, કાંદિવલી પશ્ચિમ, મુંબઈ.

**ચરોતર રૂખી સમાજ**

ગામ બેડવાના વતની સ્વ. લલ્લુભાઈ શિવાભાઈ વાઘેલાના ધર્મપત્ની સ્વ. ગંગાબાઈ લલ્લુભાઈ વાઘેલા (ઉં. વ. ૮૧) તા. ૪-૩-૨૫ના મંગળવારે અવસાન થયું છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૩-૨૫ સોમવારના સ. ૫. સ્થળઃ ગોકુળધામ સોસાયટી, ગૌતમ નગર, દા.ફા. માર્ગ, દાદર (પુ). માતોશ્રીઃ ભરતભાઈ, મહેશભાઈ પ્રમોદભાઈ, નરેશભાઈ, યોગેશભાઈ, વિનોદભાઈ, રેખાબેન, મધુબેન, અંજુબેન. સાસુમાઃ હંસાબેન, ગિતાબેન, આશાબેન, રીનાબેન, સંગિતાબેન, સોનલબેન, મંજુબેન, સુરેશભાઈ, અરવિંદભાઈ, સંજયભાઈ.

**દશનામ ગોસ્વામી**

કચ્છ ગામ ગઢસીસા હાલ મુંબઇ મુંબાદેવી વાલા ગુલાબગીરી ગોસ્વામી (ઉં. વ. ૮૫) સ્વ. સાકરબેન મુલગીરી નારાયણગીરીના પુત્ર. સ્વ. કસ્તુરબેનના પતિશ્રી તા. ૭-૩-૨૫ના કૈલાસવાસ થયા છે. સ્વ. કાંતાબેન, સ્વ. પ્રભાબેન, પારુલબેન, ચંદ્રીકાબેન, જયંતીગીરીના મોટા ભાઇ. કચ્છ ગામ કોઠડાવાલા પ્રેમપૂરી મંગલપુરીના જમાઇ. મનોજગીરી, કૈલાસગીરી, યોગેશગીરી અને રીટાબેનના પિતાશ્રી. ભાવનાબેન, ચેતનાબેન, ઉર્વશીબેન અને હિંમતપૂરીના સસરા. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૯-૩-૨૫ના સાંજે ૪.૩૦થી ૬. ઠે. વનિતાવિશ્રામ સ્કૂલ, એસ.વી.પી.રોડ, પ્રાર્થનાસમાજ મુંબઇ-૪૦૦૦૦૪, રિલાયન્સ હોસ્પિટલ ગેટ નં. ૬ની બાજુમાં. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

સાવરકુંડલા નિવાસી હરેશભાઇ (ઉં. વ. ૭૪) તાપીબહેન તથા ભીખુભાઇ હરજીવનદાસ કાણકિયાના પુત્ર. નીલાબેનના પતિ. સાત્વિક, ધરતી, નિધીના પિતાશ્રી. સૌ. સોનલ, અમિત તથા મનીષના સસરા. સ્વરાના દાદા. રજનીભાઇ, કૃષ્ણાબહેન, દક્ષાબહેન તથા હર્ષાબહેનના ભાઇ. સ્વ. ભાઇલાલ હરિલાલ ચીતલિયાના જમાઇ તા. ૧-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સર્વ ધાર્મિક ક્રિયાઓ ઘરમેળે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ અડીયા હાલ પનવેલ ઠા. નીતાબેન નવીનભાઇ કટારીયાના પુત્રવધૂ અ. સૌ. જીનલ (ઉં. વ. ૩૫) તે ઉમંગ કટારીયાના ધર્મપત્ની. તે કાવ્યાના માતુશ્રી તા. ૭-૩-૨૫ શુક્રવારના રામશરણ પામેલ છે. સ્વ. કલાવંતીબેન તુલસીદાસ મહીંધરના કચ્છ ગામ બીટાવાળાની પૌત્રી. અરુણાબેન દિલીપભાઇ મહીધરના સુપુત્રી. તે જીગ્ના અંકિત બારૂ, શ્વેતા, ભાવિની-ભાવિક મહીંધર, ડોલી અમર બારૂના મોટાબેન. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૯-૩-૨૫ રવિવાર ૫.૩૦થી ૭. ઠે. ગોપુરમ હોલ, ડો. આર.પી. રોડ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ) લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

લાઠીવાળા હાલ કાંદિવલી સ્વ. ચંદ્રકાંત બાલકૃષ્ણ સંઘવીના ધર્મપત્ની મિનાક્ષી (ઉં. વ. ૭૭) તેઓ સ્વ. પ્રાણજીવનદાસ, સ્વ. દિલીપ તથા હરેશ, સ્વ. રમાબેન વેણીલાલ મોદી, સ્વ. વિણાબેન પ્રતાપરાય મહેતા, ગં. સ્વ. સવિતાબેન મનસુખલાલ મહેતા, મધુબેન સવાઇલાલ મોદીના ભાભી. સ્વ. કુસુમબેનના દેરાણી. ગં. સ્વ. હંસાબેન તથા રોહિણીબેનના જેઠાણી. પિયર પક્ષે મોટા ખુંટવડાવાળા સ્વ. ગીરધરલાલ વીરજી મોદીના દીકરી. તા. ૬-૩-૨૫ના ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. સર્વપક્ષીય પ્રાર્થનાસભા રવિવાર તા. ૯-૩-૨૫ના ૫થી ૭. ઠે. લોહાણા બાળાશ્રમ હોલ, મથુરાદાસ એક્સ રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદીવલી (વેસ્ટ).

**દશા ઘોઘારી મોઢ વણિક**

મંજુલાબેન પારેખ (ઉં. વ. ૮૮) તે સ્વ. કાંતિલાલ પારેખના પત્ની. સ્મિતા, દેવાંગના માતુશ્રી. હેમંતભાઇ અને મીનળના સાસુ. તા. ૬-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

અ. સૌ. દુર્ગાબેન (ઉં. વ. ૮૨) મૂળ ચૈલા (જામનગર)ના હાલ કાંદિવલી તે મુળજીભાઇ વસનજી કાપડિયાના ધર્મપત્ની. તે અ. સૌ. હીમાબેન હર્ષદભાઇ પરમાર તથા સંજયભાઇના માતુશ્રી. તે હર્ષદભાઇ તથા અ. સૌ. અમીષાબેનના સાસુ. તે સ્વ. ચંદ્રકળાબેન લક્ષ્મીદાસ કાપડિયા તથા ગં. સ્વ. મંજુલાબેન કરસનદાસ કાપડિયાના દેરાણી. તે પિયર પક્ષે પડધાવાળા સ્વ. માણેકબાઇ હરિદાસ કાનાણીના સુપુત્રી. તે કરણ તથા સાક્ષીના દાદી. તે અ. સૌ. પંકતી મોહિતકુમાર શ્રોત્રિય તથા હર્નિશના નાની. શુક્રવાર તા. ૭-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૦-૩-૨૫ના ૪.૩૦થી ૬. ઠે. શ્રી હાલાઇ લોહાણા મહાજન વાડી, ૨જે માળે, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**ઝાલાવાડ સત્તર તાલુકા બ્રાહ્મણ**

મૂળ લીંબડી નિવાસી હાલ રાજકોટ, વિનોદિનીબેન દિનેશકુમાર ભટ્ટ (ઉં. વ. ૮૧) તે ચૈતન્યભાઈ ભટ્ટ તથા સુધાબેન ભટ્ટના માતા તા.૭ ને શુક્રવારના કૈલાશવાસ થયેલ છે. બેસણું તા.૧૦-૦૩-૨૦૨૫, સોમવારે ૪:૩૦થી ૬:૩૦. નિવાસ સ્થાન "શિવ શક્તિ", ૩, જંક્શન પ્લોટ, રાજકોટ.

**કપોળ**

અમરેલીવાળા હાલ અમદાવાદ, સ્વ.જગમોહનદાસ પ્રભુદાસ સંઘવીના ધર્મપત્ની ગં.સ્વ. કુંદનબેન જગમોહનદાસ (ઉં. વ. ૯૨) તા. ૦૪/૦૩/૨૫ને મંગળવાર શ્રીજીચરણ પામેલ છે. તે રશ્મિકાન્તભાઈ, નલીનભાઇ, દીપકભાઈ તથા ચેતનભાઈના માતુશ્રી. કલ્પના, અનસૂયા, નીલા, સ્વ.મયુરીના સાસુ. સ્વ.જમનાદાસ અમરચંદ મહેતાની પુત્રી. જયંતીભાઈ, પ્રાણભાઈ, મંગળદાસના બહેન. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**લોહાણા**

મૂળ ગામ દામનગર હાલ કલ્યાણ, ચંદ્રકાન્ત ગણાત્રા (ઉં. વ. ૭૩) તા. ૭.૩.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે મધુબેનના પતિ. લીલાવતીબેન ભુપતરાય ગણાત્રાના પુત્ર. દ્વારકાદાસ ચત્રભુજ રવાણીના જમાઈ. દિનેશભાઇ, કિશોરભાઈ, દિપકભાઈ, અરુણાબેન અને દર્શનાબેનના ભાઈ. જય, પૂજાના પિતાશ્રી. વિરલ તથા ખુશ્બુના સસરા. પ્રાર્થનાસભા સોમવાર તા.૧૦.૦૩.૨૦૨૫ના ૪ થી ૬, લોહાણા મહાજનવાડી, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ (પ).

**કપોળ**

ભાવનગર નિવાસી હાલ કાંદીવલી, વિપુલભાઈ મહેતા (ઉં. વ. ૬૦) જે ચંદ્રિકાબેન જયંતીલાલ મહેતાના સુપુત્ર. તે પ્રીતિબેનના પતિ. માનસી વિનીત વાઘમોડે, નિયતી અક્ષય શાહ, નીકુંજના પિતાશ્રી. રેનાયાના નાના. ભાવેશ નટવરલાલ ચિતલીયાના બનેવી. દેવયાની રણજીત મહેતા, હિના વિજય મહેતા, છાયા અશેષ બુસાના ભાઈ, તા. ૮.૩.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૧૦.૩.૨૫ના સોમવાર ૫ - ૭, ઠક્કર ભાટિયા વાડી, હૉલ ન.૫.

**ચારગામ દશા પોરવાડ વણિક**

ગં. સ્વ.ધનલક્ષ્મીબેન મહેતા (ઉં. વ. ૮૩) તે પ્રાણલાલ જેઠાલાલ મહેતાના ધર્મપત્ની, લુણાવાળા નિવાસી હાલ બોરીવલી જીગીષા, મનીષા, તૃપ્તિ, મિહિરના માતુશ્રી. બિપિન, ધર્મેશ, અમરીશ, કજલીના સાસુ, ક્રિશ, વિરલ, અમન ધ્રુવી, નિરાલી તથા આશનાના બા, સ્વ.રમેશ, અનસૂયા, સ્વ.ભારતી, મુકેશના બહેન. ૬/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

બગસરા નિવાસી હાલ મુંબઈ, જયંતીલાલ (ઉં. વ. ૮૭) તે લાલચંદ ભગવાનજી ગગલાણીના પુત્ર. રંજનબેનના પતિ. રાજેશ, છાયા પંકજ પારેખ, મેઘના હિતેશ રૂપાણીના પિતા. સ્વ. હરેશભાઇ, સ્વ.કંચનબેન વલ્લભદાસ ગોરસિયા, સ્વ.મંજુલાબેન લલિતચંદ્ર મહેતાના ભાઈ. વિઠ્ઠલદાસ મોહનલાલ રાજકોટીયાના જમાઈ. ૬/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક પ્રથા બંધ છે.

**લુહાર સુથાર**

ગામ અમરેલીવાળા હાલ મલાડ, નરોત્તમભાઈ ગોકળભાઈ ડોડીયા (ઉં. વ. ૮૬) ગુરુવાર તા. ૬-૩-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. તે સ્વ.શોભનાબેનના પતિ. દીપકભાઈ, મિતેષભાઈ, વર્ષાબેન કીર્તિકુમાર કવા, મીનાબેન કેતનકુમાર ઠક્કર, પ્રીતિબેન અનિલકુમાર સિદ્ધપુરાના પિતાશ્રી. સ્વ. નારણભાઈ, સ્વ.ચંદુભાઈના ભાઈ. ઉર્વીબેન, પાયલબેનના સસરા. ધોરાજીવાળા સ્વ. લક્ષ્મણભાઈ કરશનભાઈ દાવડાના જમાઈ. પ્રાર્થનાસભા સોમવાર તા.૧૦-૩-૨૫, ૫:૦૦ થી ૭:૦૦. મલાડ કપોલ બેન્કવેટ હોલ, રામચંદ્ર લેન એક્સ્ટેન્શન રોડ, કાચપાડા, મલાડ વેસ્ટ.

**કપોળ**

ચારોડિયાવાળા હાલ બોરીવલી, તાપીબેન જગજીવનદાસ મહેતાના પુત્ર પ્રતાપરાય (ઉં. વ. ૯૪) ૭/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે મીનાક્ષીબેન (મંગળાબેન)ના પતિ. સ્વ.હિતેષભાઇ, વિપુલભાઈ, અતુલભાઈના પિતાશ્રી. ગં.સ્વ.અલ્પાબેન, તૃપ્તિબેન, સોનલબેનના સસરા, હર્ષિલ, કેશા, કાંચી, તિથિના દાદા, કેશા, જીત, તુષારના દાદાસસરા. પ્રાર્થનાસભા ૧૦/૩/૨૫ના ૫ થી ૭. સ્વામિનારાયણ મંદિર હોલ, અજમેરા ગ્લોબલ સ્કૂલની સામે, યોગી નગર, બોરીવલી વેસ્ટ.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ઘાંઘળીના હાલ બોરીવલી, હરીશ લાભશંકર પંડ્યાના ધર્મપત્ની અ.સૌ. દિપ્તી પંડ્યા (ઉં.વ.૫૭) તે જ્ઞેયાના માતુશ્રી, ભાવના ચૈતન્ય ભટ્ટ, ઉષા મહેશ ભટ્ટ, કીર્તિદા મનીષ ત્રિવેદીના ભાભી. સ્વ.વિદ્યાબેન જયંતીલાલ ઉપાધ્યાયના દીકરી, રાખી, મનીષાના બહેન, તા. ૭/૩/૨૫ના કૈલાશવાસી થયા છે. પ્રાર્થનાસભા તા.૧૦/૩/૨૫ સોમવારે ૫ થી૭ ઠે. શ્રી કચ્છી કડવા પાટીદાર વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, રતનનગર, સેંટ ઝેવિયર સ્કુલની બાજુમાં, ૧૦મો રોડ દૌલતનગર, બોરીવલી પૂર્વ, ચક્ષુદાન કરેલ છે.

# પારસી મરણ

હોરમઝ જાલ મુલ્લા તે અરનાવાઝના ખાવીંદ. તે મરહુમો જાલ ને પેરીનના બાવાજી. તે મરહુમો લીલી ને ડેઝીના ભાઇ. તે મેહેરવાન, બહમન ને બુરઝીનના મામા. (ઉં. વ. ૮૮) રે. ઠે. ભીવંડીવાલા ટેરેસ, ૧લે માળે, રૂમ નં. એફ-૧, ધોબીતળાવ, મુંબઇ-૪૦૦૦૦૨.

ફ્રેની ફિરોઝ મહેતા (ઉં. વ.૯૦) તા. ૭-૩-૨૫એ ગુજરી ગયા છે. તે મરહુમ ફિરોઝના વાઇફ. મરહુમ જહાંગીર શ્રોફ અને મરહુમ અમી શ્રોફના દીકરી. અનહીતા કૂપર, નીના ઊનવાલા, શારુખ મહેતાના મધર. કેરસી કૂપર, કેકી ઊનવાલા, નીના મહેતાના સાસુ. નેવીલ, ઝેરકસેસ, સાયરસ, કયાન, કાર્લ, શેનયા, શૌનના ગ્રેન્ડ મધર. ઉઠમણું: તા. ૯-૩-૨૫એ.

# જૈન મરણ

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ સામખીયારીના મંજુલાબેન છાડવા (ઉં. વ. ૫૪) તા. ૬-૩-૨૫ના અવસાન પામેલ છે. ગં. સ્વ. રંભીબેન લખમશીના પુત્રવધૂ, સ્વ. હસમુખ લખમશીના ધર્મપત્ની. ખુશ્બુ, કુશ, લવના માતુશ્રી. વિનીત, સિદ્ધિના સાસુ. નયના, દિપ્તી, જીનેશના ભાભી. ભચાઉના ગં. સ્વ. હરખુબેન વેલજી છેડાના પુત્રી. પ્રાર્થનાસભા તા. ૯-૩-૨૫ રવિવારે ૧૦.૩૦થી ૧૨. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ-શ્રી કરસન લધુભાઇ નિસર હોલ, દાદર (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુર (કાલીના)ના ભાવેશ મણિલાલ ગાલા (ઉં. વ. ૪૪) તા. ૬-૩-૨૫ના અરિહંતશરણ થયેલ છે. લતા મણિલાલના પુત્ર. હેતલના પતિ. વૃષા, મોક્ષના પિતા. પૂનમ, નિશાના ભાઈ. લુણી માલતી મણિલાલ કુંવરજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપેન મણિલાલ દેઢિયા, ૩૦૧, સાગર આર્કેડ, આર. એમ. ડેસ્ટીની, વલસાડ-૩૯૬૦૦૧.

નાની ખાખરના ભાવના વસંત વીરા (ઉં. વ. ૬૨) ૭-૩-૨૫નાં અવસાન પામેલ છે. તે ભાનુબેન કલ્યાણજી વીરાના પુત્રવધૂ. વસંતના પત્ની. સમીરના માતુશ્રી. દેવકા નાનજીના પુત્રી. લેહરીસના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ભાવના વસંત વીરા, એ-૧/૨, રેજીના પાચીસ કંપાઉન્ડ, ભાયખલા પોલીસ ચોકીની સામે, શેઠ મોતીશા લેન, ભાયખલા (ઇ), મું. ૨૭.

ભુજપુરના સુશીલા પ્રવિણ સાવલા (ઉં. વ. ૭૫) તા. ૭-૩-૨૫ ના અવસાન પામેલ છે. કેશરબેન કુંવરજીના પુત્રવધૂ. પ્રવિણના પત્ની. દેવાંગ, બીનાના માતા. લક્ષ્મીબેન વસનજીના પુત્રી. ધીરજ, અરિવંદનાબેન. પ્રાર્થના રાખેલ નથી. નિ : પ્રવિણ સાવલા બી-૫૦૩, શીવ દર્શન ૨,એસવીપી ગાર્ડનની સામે, એસવીપી માર્ગ, કાંદિવલી (વે).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મીરા-ભાયંદરને ટ્રાફિકથી મળશે રાહતઃ ડબલ ડેકર ફ્લાયઓવરનું લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મીરા-ભાયંદરમાં બાંધવામાં આવેલા ડબલ-ડેકર ફ્લાયઓવરનું ઉદ્‌ઘાટન શનિવારે કરવામાં આવ્યું હતું. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા બાંધવામાં આવેલા અત્યાધુનિક માળાખીય સુવિધાને પગલે ટ્રાફિક સમસ્યામાં મોટી રાહત મળી રહેવાની છે.

આ ફ્લાયઓવર એમએમઆરડીએની મહત્વાકાંક્ષી મેટ્રો લાઈન-નવ પ્રોજેક્ટનો ભાગ હોઈ તે દહિસર પૂર્વથી મીરા-ભાયંદરને જોડશે. આ પ્રોજેક્ટ અંતર્ગત ત્રણ ફ્લાયઓવરનો સમાવેશ થતો હોઈ રસ્તા પરની ટ્રાફિકની સમસ્યામાં સુધારો થવાની સાથે જ મેટ્રો લાઈનની સાથે જ સહજ રીતે જોડાણ થઈ શક્યું છે.

આ ડબલડેકર ફ્લાયઓવર મીરા-રોડના એસ.કે.સ્ટોન જંકશન નજીકના સાઈબાબા નગર મેટ્રો સ્ટેશન પાસેથી શિવાર ગાર્ડન સુધીનો છે, તેને કારણે એસ.કે.સ્ટોન જંકશન, કાણકિયા જકંશન અને શિવાર ગાર્ડન જંકશન નજીક થનારી ટ્રાફિકની સમસ્યાથી રાહત મળશે.આ ફ્લાયઓવર એક જ શેઅર્ડ પિઅર સ્ટ્રક્ટચર પર ઊભો કરવામાં આવ્યો છે.



ડબલ ડેકર ફ્લાયઓવરની કુલ લંબાઈ ૮૫૦ મીટર છે. મેટ્રો અને ફ્લાયઓવરના થાંભલા ૨૧ છે. મેટ્રો લાઈન નવના વાયાડક્ટ જે થાંભલા પર ઉભા કરવામાં આવ્યા છે તે જ થાંભલા પર પુલ બનાવવામાં આવ્યો છે. તેથી જગ્યા અને સંરરચનાત્મક કાર્યક્ષમતાનો કમાલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ■

# મહાયુતિમાં નથી વિખવાદ, પાલિકાની ચૂંટણી સાથે જ લડીશુંઃ ફડણવીસ

મુંબઈઃ રાજ્ય વિધાનસભા ચૂંટણીમાં ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિનો પ્રચંડ વિજય થયો. આ ચૂંટણીઓ બાદ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીઓ અંગેની ચર્ચાએ જોર પકડ્યું હતું. પાલિકાની ચૂંટણી માટે તમામ પક્ષોએ મોરચા બાંધવાનું શરૂ કરી દીધું છે અને બધી શક્યતાઓ પર વિચાર કરવામાં આવી રહ્યો છે. દરમિયાન રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે ભાજપ પાલિકાની ચૂંટણી એકલે હાથે લડશે અને એ માટેની તૈયારી પણ તેણે શરૂ કરી દીધી છે. એવામાં ભાજપના દિગ્ગજ અને રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એક નિવેદન કરીને તમામ પક્ષોને ચૂપ કરી દીધા હતા.

શિવસેના (શિંદે) અને ભાજપ વચ્ચેના આંતરિક વિવાદ અંગેની ચર્ચાઓ વચ્ચે ફડણવીસને આગામી પાલિકાની ચૂંટણી સંદર્ભે એક સવાલ કરવામાં આવ્યો હતો, શું ભાજપ આગામી પાલિકાની ચૂંટણીમાં એકલે હાથે ચૂંટણી લડશે. જોકે ફડણવીસે તમામ રાજકીય પક્ષોમાં થતી ચર્ચાઓ પર ફુલસ્ટોપ મૂકતું નિવેદન કર્યું હતું. પાલિકાની ચૂંટણી ૧૦૦ ટકા મહાયુતિ જ લડશે. ભાજપ એકલે હાથે ચૂંટણી નહીં લડે. મુંબઈમાં મહાયુતિનો જ મેયર હશે.

શું શિવસેના સાથે કોઇ મતભેદ છે, એવા સવાલના જવાબમાં ફડણવીસે કહ્યું હતું કે અમારા બંને વચ્ચે કોઇ મતભેદ નથી. જ્યારે મીડિયા પાસે કોઇ સમાચાર નથી હોતા ત્યારે તેઓ આવા સમાચાર બનાવતી હોય છે. અમે ત્રણેય (અજિત પવાર, એકનાથ શિંદે) સાથે મળીને જ રાજ્યનું સંચાલન કરી રહ્યા છીએ અને પાલિકાની ચૂંટણી પણ સાથે મળીને જ લડીશું. ■

## સ્ત્રી-પુરુષ સમાનતા ફક્ત કાગળ પરઃ મુખ્ય પ્રધાન

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે જણાવ્યું હતું કે અત્યારે સ્ત્રી-પુરુષ સમાનતા ફક્ત કાગળો પર જોવા મળે છે અને આવશ્યકતા છે કે દરેક પરિવારમાં છોકરી અને છોકરાઓ સમાન હોવાના મૂલ્યોને ઉતારવામાં આવે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિને પત્રકારોને સંબોધતાં તેમણે કહ્યું હતું કે એક બાળકીના પિતા હોવાથી તેઓ અત્યંત ખુશ છે. દીકરીઓ તો ભગવાનના આશીર્વાદ છે અને તેમને આ આશીર્વાદ મળ્યા હોવાથી તેઓ નસીબદાર છે. સ્ત્રી-પુરુષ સમાનતાના મૂલ્યો બાળપણથી શીખવવા આવશ્યક છે. ઘરમાં છોકરા-છોકરી સાથે સમાન વર્તન કરવું આવશ્યક છે. અત્યારે સમાનતા ફક્ત કાગળો પર છે, પરંતુ દરેક પરિવારમાં તેને મૂલ્યો તરીકે સ્વીકાર થવો આવશ્યક છે. જ્યારે સરકારો ફક્ત મધ્યસ્થી કરી શકે છે, એમ ફડણવીસે કહ્યું હતું.

તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે તેમની પત્ની (અમૃતા ફડણવીસ) સ્વતંત્ર વ્યક્તિ છે. હું તેમની મંતવ્યો અથવા કૃતિઓ સાથે ક્યારેક સહમત નથી થતો, પરંતુ સ્વતંત્ર વ્યક્તિ તરીકે તેઓ મુક્ત છે. ■

# મીડિયાને કન્ટ્રોલ કરવાનો ઈરાદો નથીઃ સીએમ

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે જણાવ્યું હતું કે મોનિટરિંગ સેન્ટરના માધ્યમથી મીડિયા પર નિયંત્રણ રાખવાનો મહારાષ્ટ્ર સરકારનો કોઈ હેતુ નથી. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે આ યંત્રણા કાર્યરત કરવાનો હેતુ ફક્ત શું છપાયું/બ્રોડકાસ્ટ થયું છે તેની 'નોંધ લેવાનો' અને પ્રતિભાવ તેમ જ સ્પષ્ટતા કરવાનો છે.

મીડિયા મોનિટરિંગ સેન્ટર (એમએમસી) રાજ્ય સરકારના ડિરક્ટોરેટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ પબ્લિસિટી હેઠળ સ્થાપિત કરવામાં આવ્યું છે અને તેની ભારે ટીકા થઈ રહી છે. આ પગલાંને મીડિયા પર નિયંત્રણ રાખવાના પગલાં તરીકે ગણાવવામાં આવી રહ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા ચાલુ સપ્તાહના પ્રારંભે બહાર પાડવામાં આવેલા સરકારી આદેશ (જીઆર)માં એવું જણાવવામાં આવ્યું હતું કે રાજ્યમાં વધી રહેલી પબ્લિકેશન, ચેનલ અને ડિજિટલ પ્લેટફોર્મની સંખ્યાને ધ્યાનમાં રાખીને એક જ છત્ર હેઠળ બધા સમાચારોની નોંધ લેવા અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને નીતિઓની જાણકારી પહોંચાડવાની આવશ્યકતા જણાઈ રહી છે.

મીડિયા પર નિયંત્રણ રાખવાનો અમારો કોઈ ઈરાદો નથી. અમે ફક્ત નોંધ રાખવા માાગીએ છીએ કે શું છપાય છે અથવા બ્રોડકાસ્ટ થાય છે. જેથી ક્યાંય ખોટા કે ગેરમાર્ગે દોરતા અહેવાલો હોય તો ઝડપથી તેના પર પ્રતિભાવ/સ્પષ્ટીકરણ આપી શકાય, એમ ફડણવીસે અનૌપચારિક ચર્ચામાં જણાવ્યું હતું. ■

# સૉલ ઓફ ટૂર: જ્યોર્જિયા-મૈત્રીપૂર્ણ બજેટ સાથે યુરોપિયન ખજાનો!



ઔરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

ઔરોરા ટૂર્સના ધવલ જાંગલા પોતાના બે દશકથી વધુના પ્રવાસના અનુભવ સાથે જણાવે છે કે મને સમજાયું છે કે કેટલાંક સ્થળો ફક્ત એક ટ્રીપ જ નહીં પરંતુ તેનાથી વધુ અવિસ્મરણીય અનુભવો કરાવે છે.

મારી જ્યોર્જિયાની મુલાકાત આવી જ સફર હતી જેનાથી પ્રવાસને જોવાનો મારો દૃષ્ટિકોણ જ બદલાઈ ગયો. મને નિયમિત વર્ક ટ્રીપની અપેક્ષા હતી પણ ત્યારપછી જે બન્યું હતું તે ડિસ્કવરી, શોધ, આશ્ચર્યો કનેક્શન્સથી ભરેલું એક મનને લલચાવે તેવું સાહસ હતું જેનાથી મારી ધારણાઓ બદલાઈ ગઈ. હું ખરેખર આ અદ્‌ભુત દેશનો જાદુ સમજી ગયો. જ્યોર્જિયા એક એવું સ્થળ છે જ્યાં સાહસ, ઈતિહાસ અને પ્રકૃતિ એવી રીતે ભળી જાય છે જે સામાન્ય યુરોપિયન અનુભવથી તાજગીસભર અલગ લાગે છે.

★ **બાટુમી - કોસ્ટલ એડવેન્ચર્સઃ** બાટુમી એક સુખદ આશ્ચર્ય હતું - આધુનિક સ્થાપત્ય અને કુદરતી સૌંદર્યનું સંપૂર્ણ મિશ્રણ. બોટનિકલ ગાર્ડન અને ઝિપ-લાઇનિંગ અને પેરાસેલિંગ જેવી સાહસિક પ્રવૃત્તિઓ દરેક માટે કંઈક ઓફર કરે છે. બાટુમીનો બોટનિકલ ગાર્ડન, વિશ્વના સૌથી મોટામાંનો એક, અનોખો હતો. જેમ જેમ અમે બગીચામાં ફરતા હતા, તેમ તેમ અમે તેની વિવિધ વનસ્પતિ પ્રજાતિઓની પ્રશંસા કરતા હતા, જેમાંથી ઘણી પૃથ્વી પર ફક્ત થોડી જ જગ્યાએ જોવા મળે છે.



બાટુમી એક જાદુઈ બીચ શહેર જેવું છે જે મોટા, સુંદર બ્લેક સી (કાળા સમુદ્ર)ની બાજુમાં આવેલું છે. એવી જગ્યાની કલ્પના કરો જ્યાં દરેક હોટલમાં એક બારી હોય છે જે સીધી સમુદ્ર તરફ હોય છે - તે પોસ્ટકાર્ડમાં રહેવા જેવું છે! વોટરફ્રન્ટ ખૂબ જ રોમાંચક છે, જેમાં જોવા અને ફરવા માટે ઘણી બધી રસપ્રદ વસ્તુઓ છે. લોકો બાટુમીને દરિયાકિનારાનું ''મીની લાસ વેગાસ'' કહે છે, કારણ કે તે ખૂબ જ મનોરંજક અને રોમાંચક છે. તે પુખ્ત વયના લોકો માટે રમતનું મેદાન જેવું છે જ્યાં ઘણી હોટલોમાં આકર્ષક કેસિનો છે. ભારતીય પ્રવાસીઓ માટે, તે સન્ની બીચ, મનોરંજક પાણીની રમતો અને તમારું નસીબ અજમાવવા માટે આકર્ષક, શ્રેષ્ઠ કેસિનો સાથેનું એક સંપૂર્ણ સ્થળ છે.

★ **બોર્જોમી - કુદરતનું હીલિંગ સ્વર્ગઃ** બોર્જોમીએ તેના સુપ્રસિદ્ધ ખનિજયુક્ત જળ અને અદ્‌ભુત કુદરતી સૌંદર્યથી અમારું સ્વાગત કર્યું. બોર્જોમી એક સુંદર પર્વતીય શહેર છે જે તેના ઝરણાના પાણી માટે પ્રખ્યાત છે, જે ઉપચારના ફાયદા ધરાવતું હોવાનું કહેવાય છે. લીલાછમ પર્વતોથી ઘેરાયેલું, તે એક એવું સ્થાન છે જ્યાં તમે પાણી પી શકો છો જે તમને ખૂબ જ સારું લાગે છે. મજા ખરેખર ઑફ-રોડ જીપ ટૂરથી શરૂ થાય છે જે તમને જંગલી પર્વતીય રસ્તાઓ પર ઊબડખાબડ સવારી પર લઈ જાય છે, જે જ્યોર્જિયાના સુંદર લેન્ડસ્કેપ્સના રોમાંચક દૃશ્યો પ્રદાન કરે છે. જંગલોમાંથી ઝડપથી પસાર થવાની અને ઢાળવાળા પર્વત પર ચઢવાની કલ્પના કરો. રસ્તાઓ - તે કોઈ સાહસિક ફિલ્મમાં હોવા જેવું છે!



તિબિલિસી - કાલાતીત આકર્ષણનું શહેર આ શહેર જે જીવંત વાર્તાપુસ્તકમાંથી ચાલવા જેવું લાગ્યું. શહેરનો પ્રવાસ એક સુંદર ચિત્ર જોવા જેવો લાગ્યો, જેમાં દરેક શેરીનો ખૂણો તેની વાર્તા કહે છે. નારીકલા કિલ્લા સુધીની કેબલ કાર સવારી તિબિલિસીના આકર્ષણનો સંપૂર્ણ પરિચય હતો. શહેરની ઉપરથી જોતી વખતે, હું જૂની ઇમારતો, વાંકડિયા શેરીઓ અને આધુનિક જીવનનું મિશ્રણ જોઈ શકતો હતો. જેમ જેમ દિવસ રાતમાં ફેરવાતો ગયો, તિબિલિસી જીવંત થઈ ગયું. શહેરની રોશની ઝગમગી ઊઠી, પરંપરાગત સંગીત હવામાં ગુંજી ઊઠ્યું અને તાજી ખાચાપુરી (ચીઝથી ભરેલી બ્રેડ)ની સ્વાદિષ્ટ સુગંધ શેરીઓમાં ફેલાઈ ગઈ.

★ **અનાનુરી અને ગુડૌરીમાં પર્વતીય સાહસોઃ** અમે તિબિલિસીથી લગભગ ૭૦ કિમી દૂર અરાગવી નદી દ્વારા એક સુંદર પ્રાચીન સ્થળ, અનાનુરી કિલ્લા તરફ પ્રયાણ કર્યું. આ કિલ્લો તેની ૧૩મી સદીની સ્થાપત્ય અને સમૃદ્ધ ઇતિહાસ સાથે અદ્‌ભુત હતો. આ યુનેસ્કો સ્થળના બે ભાગ છે - ઉપરનો ભાગ હજુ પણ સારી સ્થિતિમાં છે, જ્યારે નીચેનો ભાગ સમયની અસરો દર્શાવે છે. અમે ૩,૦૦૦ મીટરની ઊંચાઈએ લેસર કૌકેશસ પર્વતોમાં ઊંચાઈએ સ્થિત ગુડૌરી સ્કી રિસોર્ટ તરફ પ્રયાણ કર્યું. જ્યોર્જિયા-રશિયા મિત્રતાનું સ્મારક જે ૧૯૮૩માં બનેલ, અદ્‌ભુત મનોહર દૃશ્યો સાથે એક શ્રેષ્ઠ જોવા જેવું સ્થળ હતું. તે વિરામ લેવા, તાજી હવામાં શ્વાસ લેવા અને કેટલાંક ચિત્રો લેવા માટે એક આદર્શ સ્થળ છે. દિવસની અમારી આધ્યાત્મિક મુલાકાત સમુદ્ર સપાટીથી ઉપર ૨,૨૦૦ મીટર સ્થિત ગેર્ગેટી ટ્રિનિટી ચર્ચની હતી. ચર્ચ બરફથી ઢંકાયેલ શિખરોથી ઘેરાયેલા પર્વતોમાં તરતું લાગતું હતું.

અંતમાં જ્યોર્જિયા એક જાદુઈ સ્થળ છે જે પોસ્ટકાર્ડ જેવું લાગે છે. સ્વિસ આલ્પ્સ જેવા અદ્‌ભુત પર્વતો, કેનેડામાં હોય છે તેવાં સ્વચ્છ તળાવો અને જાપાન જેવા સુંદર રંગબેરંગી ફૂલોની કલ્પના કરો. અહીંની નદીઓ ભારતમાં પરિચિત નદીઓની જેમ વહે છે અને તાજગીભર્યા ઝરણાના પાણી જે ન્યુઝીલેન્ડના પાણીને ટક્કર આપી શકે છે, પરંતુ જ્યોર્જિયાને ખાસ બનાવતી બાબત એ છે કે તે આ બધી સુંદરતાને તેના અનોખા આકર્ષણ સાથે કેવી રીતે મિશ્રિત કરે છે. ભારતના કોઈ વ્યક્તિ માટે, જ્યોર્જિયા શોધવું એ એક જાદુઈ ભૂમિ શોધવા જેવું છે જે નવી અને પરિચિત બંને લાગે છે. તે એક પરવડી શકે તેવો યુરોપિયન દેશ છે.

શું તમે જ્યોર્જિયા જવા માટે તૈયાર છો, એક એવી જગ્યા જે ઔરોરા ટ્રાવેલ્સ સાથે વાસ્તવિક જીવનની વાર્તા જેવું લાગે છે?

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

# જુહુમાં માથાભારે બહેનોનો આતંકઃ દંપતીના માથા પર લાદી ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જુહુની ગૉડગિફ્ટ બિલ્ડિંગમાં રહેતી બે બહેનોએ સોસાયટીમાં ફરી આતંક મચાવ્યો હોવાના વીડિયો વાયરલ થયા હતા. ગાળાગાળી કરી પડોશમાં રહેતા દંપતીના માથા પર લાદી ફટકારી તેમને ગંભીર ઇજા પહોંચાડી હતી. અગાઉ પણ બહેનો વિરુદ્ધ પોલીસ ફરિયાદ થઈ હોવાથી આ ઘટનામાં પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધ્યો હતો. જુહુ પોલીસે પ્લમ્બિંગનું કામ કરતા અમૃત નિકમ (૪૮)ની ફરિયાદને આધારે શુક્રવારે સિમરન પાંડે અને નીતુ પાંડે વિરુદ્ધ હત્યાના પ્રયાસ સહિત ભારતીય ન્યાય સંહિતાની અન્ય કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર જુહુના એન. એસ. રોડ નંબર-૧૩ ખાતે આવેલી ગૉડગિફ્ટ બિલ્ડિંગના પહેલા માળે રહેતા નિકમનો પરિવાર સાથે પડોશમાં રહેતી બન્ને બહેનો સાથે અગાઉ ઝઘડો થયો હતો. તે સમયે પણ નિકમે પોલીસ ફરિયાદ કરી હતી. જૂના ઝઘડાને લઈ સિમરન અને નીતુએ શુક્રવારની બપોરે ૧.૪૫ વાગ્યાની આસપાસ હંગામો મચાવ્યો હતો. બહેનોને શાંતિ જાળવવાનું નિકમે કહ્યું હતું. જોકે એક બહેને જમીન પર પડેલી લાદી ઉપાડી નિકમના માથા પર ફટકારી હતી. ■




Deepak Somaiya









## ...ી ઉજવણી

ગઈ કાલે મહિલા દિન નિમિત્તે મુંબઈથી પુણે વચ્ચે શિવનેરીની બસમાં ડ્રાઈવર - કન્ડક્ટર તો મહિલા હતી જ પણ બસમાંની તમામ પ્રવાસીઓ પણ મહિલા હતી. ખરેખર અનોખી ઉજવણી હતી આ.

(જયપ્રકાશ કેળકર)

# થાણેમાં રસ્તા પર ઑઈલ ઢોળાતાં વાહનવ્યવહારને અસર

થાણેઃ થાણે કોપરી પરિસરમાં અજાણ્યા વાહનમાંથી રસ્તા પર ઑઈલ ઢોળાતાં વાહનવ્યવહારને અસર થઈ હોવાનું થાણેના ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના અધિકારીએ જણાવ્યું હતું. કોપરી બ્રિજ સર્કલ નજીક શંકર મંદિર રોડ પર ઑઈલ પડ્યું હોવાની માહિતી શનિવારની સાંજે ૪.૪૦ વાગ્યે મળી હતી. માહિતી મળતાં જ ડિઝાસ્ટર મૅનેજમેન્ટ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઑઈલને કારણે ટ્રાફિકજામ થઈ ગયો હતો. ઑઈલ પર રેતી નાખવામાં આવ્યા પછી વાહનવ્યવહાર પૂર્વવત્ કરાયો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■


REMEMBRANCE



RASHIDA MEHTA
One Year since -
Gone but not gone,
Not there but there.
In Loving Memory
Ganesh Mehta,
Sharda
Jumana - Asfaq,
Shashikant - Nayana,
Panna - Chandrahas


# ૨૦૧૭ના ગૅંગ-રેપના બે આરોપીને જન્મટીપની સજા

મુંબઈઃ થાણે જિલ્લા કોર્ટે ૨૦૧૭માં ૩૦ વર્ષની મહિલા પર બળાત્કાર ગુજારવાના ગુનામાં બે આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે. એડિશનલ સેશન્સ ન્યાયાધીશ વસુધા એસ. ભોસલેએ શુક્રવારે આરોપીઓ સુરેશ પાંડુરંગ ગોસાવી (૪૦) અને ઉમેશ ઉર્ફે રાકેશ ઝાલા (૩૯)ને ભારતીય દંડ સંહિતાની સંબંધિત જોગવાઈઓ હેઠળ દોષી ઠેરવ્યા હતા. આરોપીઓને મહિલાનું અપહરણ અને લૂંટના આરોપમાં પણ દોષી ઠેરવવામાં આવ્યા હતા અને આ માટે તેઓને અલગ અલગ કેદની સજા ફટકારવામાં આવી હતી.

જજે પોતાના આદેશમાં એવું પણ જણાવ્યું હતું કે બધી સજાઓ એકસાથે આપવામાં આવી છે. કોર્ટે એવો પણ આદેશ આપ્યો હતો કે પીડિતાને ૪૦ હજાર રૂપિયા ચૂકવવામાં આવે.

વધારાના સરકારી વકીલ વર્ષા ચંદને અને રાજેન્દ્ર પાટીલે કોર્ટને જણાવ્યું હતું કે ૧૯ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ સ્ટોર મેનેજર તરીકે નોકરી કરતી પીડિતા કામ પરથી ઘરે પાછી ફરી રહી હતી ત્યારે તે ગોસાવીની કેબમાં બેઠી હતી અને બીજો આરોપી પહેલેથી જ આગળની સીટ પર બેઠો હતો. આરોપીએ થોડે દૂર સુધી કાર ચલાવ્યા પછી તેન રોકી હતી. આરોપીએ એવું કહ્યું હતું કે કારના ટાયરમાં ખરાબી આવી છે અને તેને રિપેર કરાવવું પડશે. ફરિયાદ પક્ષે કહ્યું હતું કે બંને આરોપીએ મહિલાને લૂંટી લીધી હતી, તેનાં ઘરેણાં અને મોબાઈલ પણ આંચકી લીધાં હતાં અને કારમાં જ તેની પર બળાત્કાર કર્યો હતો. બંને આરોપીઓ ત્યાર બાદ મહિલાને એક લોજમાં લઇ ગયા હતા અને બૂમાબૂમ કરીને તેઓ ત્યાંથી ભાગી ગયા હતા. જજે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે ફરિયાદ પક્ષે આરોપીઓ સામેના તમામ આરોપો સફળતાપૂર્વક સાબિત કર્યા છે, જેથી આરોપીઓને દોષી ઠેરવવા અને સજા ફટકારવાની જરૂર છે. (પીટીઆઇ) ■


દશાશ્રીમાળી વૈષ્ણવ વણિક



ડૉ. ભાવનાબેન દોશી
(ઉં. વ. ૭૭)
તા ૦૬.૦૩.૨૦૨૫ ના રોજ
શ્રીજી ચરણ પામ્યા છે.
: સદેવ હૃદયમાં વસતા :
માતા - પિતા :
સ્વ. સરોજબેન - સ્વ. શરદચંદ્ર દોશી
ભાઇ : ગૌતમભાઈ અને
જયકરભાઇ (જનકભાઇ) દોશી
ભાભી : સ્વ. અનિલાબેન અને સ્વ. નયનાબેન
ભત્રીજા - ભત્રીજા વહુ :
પ્રણવ- માનસી , રોહન - મોનાલી,
ભત્રીજી - ભત્રીજીવર :
રીતુ (હરિતા) ગૌરવ ગુપ્તા
ભત્રીજા કન્યાઓ : ઝાયસા અને ફિયોના
તથા પરિવાર અને મિત્રો
પ્રાર્થના સભા તથા લૌકિક વહેવાર બંધ છે.



માતૃ સ્મૃતિ
બા, તમે અમારા માર્ગદર્શક હતાં. પરમાત્માના ધામમાં તમારા જેવા પુણ્યાત્માની જરૂર હોય છે. અમે દુઃખી છીએ સાથે ખુશ પણ છીએ. તમે અમને ખૂબ જ પ્રેમ આપ્યો એ બદલ અમે હંમેશા તમારા ઋણી રહેશુ.
દશા ઘોઘારી મોઢ વણિક



શ્રીમતી મંજુલા કાંતિલાલ પારેખ (ઉ.વ.૮૮)
૧૯મી ઓગસ્ટ, ૧૯૩૭ - ૬ઠ્ઠી માર્ચ ૨૦૨૫
તે સ્વ. કાંતિલાલ પારેખના પત્ની.
સ્મિતા અને દેવાંગના માતુશ્રી. હેમંતભાઈ અને મિનળના સાસુ
તા.૬-૩-૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે.
શોકાતુર : ઈશા, જશ, યશશ્વી, કિશન.
લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.
બાની ઈચ્છાને માન આપીને પ્રાર્થનાસભા રાખેલ નથી.

# અમિત શાહે સોમનાથ દાદાના ચરણોમાં શીશ ઝુકાવ્યુંઃ કોડીનારમાં સુગર મિલનું ઉદ્ઘાટન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ બે દિવસ ગુજરાતના પ્રવાસે છે. આ પ્રવાસ દરમ્યાન શાહ જૂનાગઢ, ગીર સોમનાથ, અમદાવાદ અને ગાંધીનગરના વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. મહત્વનું છે કે, વડા પ્રધાન મોદી અને અમિત શાહ એક જ અઠવાડિયામાં ગુજરાતની મુલાકાતે છે. અમિત શાહ અમદાવાદથી રાજકોટ જવા રવાના થયા હતા અને ત્યાંથી સોમનાથ દાદાના દર્શન કરવા માટે પહોંચ્યા હતા. અમિત શાહે તેમના સોમનાથ મહાદેવ મંદિર ખાતે દર્શન કર્યા હતા અને આશીર્વાદ લીધા હતા. જ્યાં તેમનું વૈદિક મંત્રોચ્ચાર સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. અમિત શાહે રુદ્ર સૂક્તના મંત્રોચ્ચાર સાથે સોમેશ્વર પૂજા કરવામાં આવી હતી. ઘી, દૂધ, દહીં, સાકર યુક્ત જળ અને મધ સહિતના દ્રવ્યો વડે અભિષેક કર્યો હતો.

દાદાના આશીર્વાદ લઈને તેઓ કોડીનાર પહોંચ્યા હતા, જ્યાં તેમણે સુગર મિલના મેદાનમાં તાલાલા અને કોડીનાર સુગર મિલોના પુનરુદ્ધાર અને આધુનિકીકરણ કાર્યનું ભૂમિપૂજન કર્યું હતું. કોડીનાર સુગર મિલ પરિસર ખાતે યોજાનાર કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ સાથે સહકાર પ્રધાન જગદીશ વિશ્વકર્મા અને અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

કોડીનાર સુગર મિલ પરિસરના કાર્યક્રમમાં અમિત શાહે સંબોધતા કહ્યું હતું કે, આ એક ખુબ જ મહત્ત્વનો અને ખેડૂતોના હિતનો નિર્ણય છે. નરેન્દ્રભાઈએ ખેડૂતોની વાત સાંભળી અને સહકાર મંત્રાલય અલગ બનાવ્યું છે. આજે આ ત્રણેય સુગરમિલોનું પુનરુદ્ધાર કરવામાં આવ્યો છે. આ સુગરમિલો ચાલુ થવાના કારણે ૧૦,૦૦૦ ખેડૂતોના જીવનમાં મોટો બદલાવ થવા જઈ રહ્યો છે, ખેડતોના જીવનમાં આ મિલો સમૃદ્ધિ લાવશે. નરેન્દ્ર ભાઈએ આ ચાલુ કરવાનું વચન આપ્યું હતું. જે આજે આ વચન પૂરું કર્યું છે. આ સાથે જ તેમણે વધુમાં કહ્યું હતું કે, આ સુગરમિલો ફરી ધમધમતી થશે ત્યારે તાલાલા પંથકમાં ખેડૂતોમાં જીવનમાં આશીર્વાદ થશે અને ફરીથી સુખ સમૃદ્ધિ આવશે, પરંતુ મારી સૌને એક જ વિનંતી છે કે, આપણે પાણી બચાવવાનું છે અને તે કામ માટે આખા દેશમાં આપણું ગુજરાત મોખરે હોવું જોઈએ. ■

# નવસારી ખાતે વડા પ્રધાન મોદીના હસ્તે 'જી-સફલ' અને 'જી-મૈત્રી' યોજનાનું લોન્ચિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના વાંસી-બોરસી ખાતે વડા પ્રધાન મોદીની ઉપસ્થિતીમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ભવ્ય ઉજવણી થઇ હતી. આ ઉજવણી અંતર્ગત વડા પ્રધાનના હસ્તે લખપતિ દીદીઓને આર્થિક પ્રોત્સાહન આપે તેમ જ મહિલાઓને આર્થિક રીતે સક્ષમ બનાવતી બે મહત્ત્વપૂર્ણ યોજનાઓ લોન્ચ કરવામાં આવી હતી. આ યોજના 'વિમેન લેડ ડેવલપમેન્ટ' એટલે કે મહિલાઓના નેતૃત્વમાં વિકાસની ભાવનાને સાકાર કરનારી છે.

અંત્યોદય પરિવારની બહેનોની આજીવિકામાં વધારો કરીને તેમને આર્થિક રીતે સક્ષમ બનાવવા તેમ જ મહિલા સશક્તીકરણના ઉદ્દેશથી જી-સફલ યોજના લોન્ચ કરવામાં આવી છે. આ યોજના થકી આગામી પાંચ વર્ષમાં રાજ્યના ૨ મહત્ત્વાકાંક્ષી જિલ્લા તથા ૧૩ મહત્ત્વાકાંક્ષી તાલુકાના ૫૦ હજાર અંત્યોદય અન્ય યોજના કાર્ડધારક પરિવારોને લાભ અપાશે. આ યોજના હેઠળ અંત્યોદય પરિવારની સ્વસહાય જૂથોની મહિલાઓને ૧ લાખ સહાય અને વ્યાવસાયિક તાલીમ આપવામાં આવશે. પાંચ વર્ષમાં ૫૦ હજાર મહિલાઓ માટે ૫૦૦ કરોડની સહાય ચૂકવાશે. તાલીમ માટે ૫૦થી ૬૦ મહિલાઓ દીઠ એક ફિલ્ડ કોચ રખાશે.

ગ્રામીણ સ્ટાર્ટઅપ્સને આગળ વધારવા તેમજ ગ્રામીણ વિસ્તારોમાં અસરકારક ઉકેલો માટે સામાજિક સાહસિકતાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી જી-મૈત્રી લોન્ચ કરવામાં આવી હતી. ગુજરાત સોશિયલ એન્ટરપ્રાઇઝ ફંડ દ્વારા આગામી પાંચ વર્ષમાં ગ્રામીણ આજીવિકા-કેન્દ્રિત સ્ટાર્ટઅપને સમર્થન આપવા માટે ૫૦ કરોડ ફાળવ્યા છે. આ યોજનાથી ગુજરાતમાં ૧૦ લાખ ગ્રામીણ મહિલાઓ અને યુવાનોને આજીવિકાલક્ષી પ્રવૃતિઓ માટે સક્ષમ બનાવવામાં આવશે. આ યોજનામાં સામાજિક ઉદ્યમોને નવા સ્ટાર્ટઅપ અને વૃદ્ધિશીલ સ્ટાર્ટઅપ કેટેગરીમાં પ્રોત્સાહન સહાય આપવામાં આવશે. જી-મૈત્રી હેઠળ ગુજરાતમાં ગ્રામીણ મહિલાઓ અને યુવાનો માટે આજીવિકાને સક્ષમ કરતા નફાકારક અને બિનનફાકારક સામાજિક ઉદ્યમો ભાગ લઇ શકે છે. સીડ અને સ્કેલ સ્ટાર્ટઅપ પ્રોગ્રામ્સ દ્વારા પાંચ વર્ષમાં ૧૫૦થી વધુ સ્ટાર્ટઅપને સપોર્ટ કરવામાં આવશે. એન્ટરપ્રાઇઝના વિકાસ માટે ૨૦ લાખથી ૩૦ લાખની ગ્રાન્ટ આપવામાં આવશે. સીડ સ્ટાર્ટઅપ માટે ૨૦ લાખ અને સ્કેલ સ્ટાર્ટઅપ માટે ૩૦ લાખ સુધીની સહાય ચૂકવાશે. વર્કશોપ અને તાલીમ દ્વારા વ્યાપક ઇકોસિસ્ટમની ક્ષમતાઓનો વિકાસ કરવામાં આવશે. ■

# ગુજરાતમાં રોજ ૪૪૩ મહિલાઓ હસાનો ભોગ બને છે

## સૌથી વધુ પીડિતાઓ ઘરેલુ હિંસાની

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સહિત સમગ્ર દેશમાં 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. મહિલાઓને દરેક ક્ષેત્રે સમાન હક મળે તથા તેઓના સશક્તિકરણ માટે મહિલા દિવસ મનાવવામાં આવે છે. જો કે રાજ્યમાં આજે પણ એવી અનેક મહિલા અને કિશોરીઓ છે, જે પરિવાર અને આસપાસના લોકોથી હિંસાનો ભોગ બને છે.

ગુજરાતમાં મહિલાઓની મદદ માટે શરૂ કરાયેલી અભયમ હેલ્પલાઈનમાં દસ વર્ષમાં હિંસાનો ભોગ બનેલી ૧૬.૧૬ લાખ મહિલાઓએ મદદ લીધી છે. એટલે કે, રાજ્યમાં પ્રતિદિન ૪૪૩ મહિલાઓ કોઈને કોઈ હિંસાનો ભોગ બને છે. જેમાં સૌથી વધુ પીડિતાઓ ઘરેલું હિંસાનો ભોગ બની છે.

મહિલાઓ સાથે થતી હિંસા અટકાવવા વર્ષ ૨૦૧૫માં ગુજરાતમાં શરૂ કરાયેલી ૧૮૧ અભયમ હેલ્પલાઈનને દસ વર્ષ પૂરા થતાં અત્યાર સુધીમાં ભોગ બનેલી કુલ ૧૬,૧૬,૮૪૪ પીડિતાઓએ તેની મદદ લીધી છે. એટલે કે, રાજ્યમાં પ્રતિકલાકે ૧૮ મહિલાઓ સાથે કોઈના કોઈ પ્રકારે હિંસા થાય છે. જેમાં સૌથી વધુ ઘરેલું હિંસા તેમ જ પતિના લગ્નેત્તર સંબંધોથી કંટાળેલી મહિલા છે. હેલ્પલાઈન દ્વારા ૩.૨૪ પીડિતાના ઘરે પહોંચી તેમના સવાલો ઉકેલવામાં આવ્યા હતાં. તેમજ ૯૯ હજાર જેટલી પીડિતાનો ગંભીર પરિસ્થિતિઓમાંથી બચાવ કરાયો હતો. ■

# ગુજરાતમાં ભાજપ સાથે ભળેલા કૉંગ્રેસના નેતાઓને પક્ષમાંથી હાંકી કાઢીશુંઃ રાહુલ ગાંધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વિધાનસભા અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં કૉંગ્રેસની શરમજનક હાર થયા બાદ તેનું મનોમંથન કરવા માટે લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધી બે દિવસ ગુજરાત આવ્યાં હતાં. અમદાવાદ ખાતે તેમણે પ્રથમ દિવસે કૉંગ્રેસના પ્રદેશ નેતાઓથી લઈને તાલુકા કક્ષાના આગેવાનો સાથે ચર્ચાઓ કરી હતી. આ ચર્ચાઓ દરમિયાન ગુજરાતની સ્થિતિનો તાગ મેળવી લીધો હતો અને ભાજપ સાથે ભળેલા કૉંગ્રેસી નેતાઓને પક્ષમાંથી હાંકી કાઢવાની વાત કરી હતી. આઠમી માર્ચ શનિવારે તેમણે કૉંગ્રેસના બે હજારથી વધુ કાર્યકરો સાથે સંવાદ કર્યો હતો. જેમાં જિલ્લા અને શહેરના કૉંગ્રેસના હોદ્દેદારોની અને સેલ ડિપાર્ટમેન્ટના પ્રમુખો પણ હાજર હતા.કાર્યક્રમને સંબોધતાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ગુજરાતમાં ટોચની નેતાગીરી નિષ્ફળ સાબિત થઈ છે. આ વાત કરતાં મને શરમ અનુભવાતી નથી. આપણા નેતાઓ પ્રજા વચ્ચે જાય, પ્રજાને સાંભળે. આ બધુ સરળતાથી થઈ શકે છે. વિપક્ષ માટે ગુજરાતમાં ૪૦ ટકા વોટ પર્સન્ટ છે.

જો આપણો વોટ પર્સન્ટ માત્ર ૫ ટકા વધી જાય તો અહીં સરકાર બની શકે છે. હું ગુજરાતને સમજવા માગું છું, હું ગુજરાતની જનતા સાથે સંબંધ બનાવવા માગું છું. રાહુલ ગાંધીએ ઉમેર્યું હતું કે, કૉંગ્રેસ પાર્ટીમાં નેતાઓની કમી નથી, સિનિયર લેવલના નેતા છે. બબ્બર શેર છે, પરંતુ પાછળ ચેન બાંધેલી છે.

જો કૉંગ્રેસનું નેતૃત્વ સંગઠિત થઈને લડે, તો બદલાવ શક્ય છે. હું કૉંગ્રેસ પાર્ટીનો સભ્ય છું અને સ્ટેજ પરથી કહેવા માગું છું કે ગુજરાતને કૉંગ્રેસ પાર્ટી રસ્તો બતાવી શકતી નથી. તેમણે વધુમાં કહ્યું કે ગુજરાતમાં બે પ્રકારના લોકો છે. એક જે જનતા સાથે ઉભા છે, જેના દિલમાં કૉંગ્રેસની વિચારધારા છે અને બીજા તે જે જનતાથી દૂર છે. તેમાંથી અડધા ભાજપ સાથે જોડાયેલા છે. જ્યાં સુધી આપણે આ બે લોકોને અલગ કરીશું નહી, ત્યાં સુધી ગુજરાતની જનતા આપણા પર વિશ્વાસ કરશે નહીં. ■

# તમામ પ્રકારની ઈમર્જન્સી સેવા માટે આગામી એપ્રિલમાં ૧૧૨ નંબર જાહેર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના રહેવાસીઓ પાસે તમામ ઈમરજન્સી માટે ડાયલ કરવા માટે એક જ નંબર હશે. હવે લોકોએ વિવિધ ઈમર્જન્સી સેવાઓ માટે અલગ-અલગ ફોન નંબરો માટે ડાયરી રાખવાની જરૂર રહેશે નહીં. નવી ઇમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ ૧૧૨ ટૂંક સમયમાં કાર્યરત થશે, બહુવિધ ઇમરજન્સી નંબરોને બદલીને પોલીસ, આરોગ્ય, ફાયર સેવાઓ સહિતની સેવાઓને આવરી લેવાશે.

અગાઉ વિવિધ ઈમર્જન્સી સેવાઓ જેવી કે ૧૦૦ (પોલીસ), ૧૦૮ (સ્વાસ્થ્ય અને કુટુંબ કલ્યાણ), ૧૦૧ (ફાયર), ૧૦૯૮ (બાળ કલ્યાણ), અને ૧૮૧ (અભયમ) સહિતના અલગ નંબરો હતા. જો કે હવે તમામ સેવાઓને નવા પ્લેટફોર્મમાં એકીકૃત કરવામાં આવશે. મહેસૂલ વિભાગના ઇમરજન્સી નંબરો (૧૦૭૦ અને ૧૦૭૭) પણ આ એકીકૃત સિસ્ટમમાં સામેલ કરવામાં આવશે. ગાંધીનગરમાં સેન્ટ્રલાઇઝ્ડ યુનિફાઇડ કંટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટરની સ્થાપના કરવામાં આવી રહી છે, જે રાજ્યભરમાંથી તમામ ૧૧૨ કોલનું સંકલન કરશે. ■

# ગાંધીનગર મહાનગરપાલિકાએ ૨૭ મંદિરો તોડવા નોટિસો પાઠવતા હિંદુ સંગઠનોએ આંદોલનની ચીમકી ઉચ્ચારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગેરકાયદે ઉભા કરાયેલા ધાર્મિક દબાણોને તોડવા માટે અનેક જગ્યાએ ઝુંબેશ ચાલી રહી છે. ગાંધીનગરમાં મહાનગરપાલિકાએ ૨૭ મંદિરો તોડવા માટે નોટિસો પાઠવતા હિંદુ સંગઠનોમાં રોષ ફેલાયો હતો. કોઈપણ પ્રકારની કાર્યવાહી થશે તો આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગાંધીનગરમાં ૨૭ જેટલા મંદિરોને તોડવા માટે મહાનગરપાલિકાએ નોટિસો પાઠવી હતી. મંદિરોને આ નોટિસ મળતાં ટ્રસ્ટીઓ અને હોદ્દેદારોએ એકઠા થઈને બેઠકો શરૂ કરી હતી. આ મંદિરોના ટ્રસ્ટીઓ અને હિંદુ સંગઠનોએ ગાંધીનગર કલેક્ટરને આવેદન આપીને નોટિસો પરત ખેંચવા માટે રજૂઆત કરવાનું નક્કી કર્યું હતું. હિંદુ સંગઠનોએ આ મંદિરો દૂર કરવાની કાર્યવાહી થશે તો આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ મંદિરોને તોડવાની નોટિસો મુદ્દે સોમવારે બેઠક કરશે. ■

# ગુજરાતમાં નવા શૈક્ષણિક વર્ષ માટે ૧૦૨ ખાનગી સ્કૂલોને મંજૂરીઃ ૨૧૨ સ્કૂલોની અરજીઓ નામંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કારોબારી બેઠકમાં નવા શૈક્ષણિક વર્ષથી ૧૦૨ ખાનગી સ્કૂલો શરૂ કરવાની પ્રોવિઝનલ મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત કારોબારીએ ઓનલાઈન દસ્તાવેજોના આધારે ૨૧૨ સ્કૂલોની અરજી નામંજૂર કરી હતી. જેથી જે સ્કૂલોની અરજી મંજૂર કરાઈ નથી તે સ્કૂલો હવે શિક્ષણ વિભાગમાં અપીલ કરી શકશે.

શિક્ષણ બોર્ડે જે સ્કૂલોને પ્રોવિઝનલ મંજૂરી આપી છે તે સ્કૂલોની જે તે જિલ્લાના શિક્ષણ અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ કરીને તેનો રિપોર્ટ રજૂ કરાશે. આ રિપોર્ટના આધારે સ્કૂલની કાયમી નોંધણી થશે. શિક્ષણ વિભાગની પ્રોવિઝનલ મંજૂરી બાદ પણ અનેક સ્કૂલોને કાયમી નોંધણી માટે લાંબો સમય રાહ જોવી પડતી હોવાની પણ અનેક ઘટનાઓ પ્રકાશમાં આવી ચૂકી છે.

ગુજરાતમાં શિક્ષણ બોર્ડને નવા શૈક્ષણિક વર્ષ માટે નવી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો શરૂ કરવા માટે ૩૧૪ અરજીઓ મળી હતી.

આ અરજીઓ મળ્યા બાદ શિક્ષણ બોર્ડની કારોબારી સમિતિની બેઠકમાં દરેક સ્કૂલોની દરખાસ્તની ચકાસણી કર્યા બાદ મંજૂરી અને નામંજૂરીના ઓર્ડર કરવામાં આવ્યા હતાં. જેમાં ૧૦૨ સ્કૂલોની અરજીઓ મંજૂર કરાઈ હતી અને ૨૧૨ અરજીઓ નામંજૂર કરાઈ હોવાનું શિક્ષણ વિભાગના સૂત્રો તરફથી જાણવા મળ્યું હતું. ■

# અમદાવાદ એરપોર્ટ પર ડીઆરઆઈનું મોટું ઓપરેશનઃ ૩.૫૩ કરોડના હીરાની દાણચોરી કરતા બે લોકોની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર દાણચોરીના કિસ્સાઓ સતત વધી રહ્યાં છે. અહીં ડીઆરઆઈએ ૩.૫૩ કરોડના હીરાની દાણચોરી કરતાં બે આરોપીઓની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

આ આરોપી અમદાવાદથી વિયેતનામ જતો હતો ત્યારે તપાસમાં દાણચોરીનો પર્દાફાશ થયો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. તે ઉપરાંત સોનાની દાણચોરી કરતાં બે મુસાફરો પણ પકડાયા હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદ એરપોર્ટ પર એક પ્રવાસી વિયેતનામ જઈ રહ્યો હતો. તેણે શરીરના ગુપ્તભાગે હીરા સંતાડ્યા હતાં. એરપોર્ટ પર થતી તપાસમાં તેની પાસેથી ૩.૫૩ કરોડના હીરા મળી આવ્યા હતાં. ત્યારબાદ ડીઆરઆઈએ તેની અટકાયત કરીને પૂછપરછ કરી હતી. આરોપી નવનીત મકવાણા સુરતનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. પૂછપરછ દરમિયાન તેણે કબૂલ્યું હતું કે, સુરતમાં હીરા બજારમાં બેકારીને કારણે તે સ્મગલિંગ તરફ વળ્યો હતો.આ તપાસમાં અન્ય આરોપી અશોકનું પણ નામ ખુલ્યું હતું. પોલીસે નવનીત મકવાણા અને અશોકની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

એરપોર્ટ પર સોનાની દાણચોરી પણ ઝડપાઈ હતી. એર ઇન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓને બાતમી મળી હતી કે, સિંગાપોર એરલાઈન્સની ફ્લાઈટમાં સોનાની દાણચોરી થઈ રહી છે. ત્યારબાદ દરેક મુસાફરોની તપાસ હાથ ધરાઈ હતી. જેમાં એક મુસાફર પાસેથી ૨૧.૦૮ લાખનું ૨૩૬.૬૦ ગ્રામનું સોનાનું કડુ મળી આવ્યુ હતું. જ્યારે બીજા મુસાફર પાસેથી પણ ૨૩૮.૦૩૦ ગ્રામનું સોનું મળી આવતાં અધિકારીઓએ પ્રવાસીઓ પાસેથી કૂલ ૪૨ લાખની કિંમતના બંને કડા કબજે કરીને વધુ તપાસ હાથ ધરી હતી. ■

# ગુજરાતમાં માર્ચ મહિનો કપરો રહેશેઃ પાંચ જિલ્લામાં હવામાન વિભાગનું યલો અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કાળઝાળ ગરમીમો આરંભ થઈ ગયો છે, ગુજરાતીઓ માટે માર્ચ મહિનો વધુ કપરો બનવાનો છે. હવામાન વિભાગ દ્વારા ગરમીને લઈને એલર્ટ આપવામાં આવ્યું હતું, તેમ જ ગુજરાતમાં હિટવેવની પણ ચેતવણી આપવામાં આવી હતી. હવામાન વિભાગે પણ આવનારા સાત દિવસ દરમિયાન ગુજરાતમાં વાવાવરણ સૂકું રહેશે તેવી આગાહી કરી હતી, હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ કચ્છ અને રાજકોટમાં હિટવેવનું એલર્ટ આપવામાં આવ્યું હતું. આ સિવાય દરિયાકાંઠાના વિસ્તારોમાં હવામાન ગરમ તેમજ ભેજયુક્ત રહેવાની શક્યતા છે. બે દિવસ બાદ કચ્છ, બનાસકાંઠા, રોજકોટ, અમરેલી અને ભાવનગરમાં યલો એલર્ટ રહેશે. આ વિસ્તારમાં ૧૨ માર્ચ સુધી હિટવેવની અસર જોવા મળી શકે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે, તે ઉપરાંત હિટવેવ વોર્નિંગની વાત કરીએ તો આવનારા પાંચ દિવસમાં સૌરાષ્ટ્રમાં રાજકોટ અને કચ્છમાં આવનારા પાંચ દિવસ હિટવેવની વોર્નિંગ છે. આ સિવાય અમરેલી અને ભાવનગરમાં પણ હિટવેવની અસર જોવા મળશે. શનિ-રવિવારથી જ અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૮ થી ૩૯ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રીથી વધુ રહી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શુક્રવાર (૭ માર્ચ)થી ફરી પવનની દિશા બદલાઈને ઉત્તર-પશ્ચિમ થઈ છે. જેના કારણે ઠંડા પવનનું જોર ઘટ્યું છે. એન્ટિસાઇકલોનિક સર્ક્યુલેશન સિસ્ટમની અસરથી હવે ગરમ પવન ફૂંકાશે. ■

# હોળી ધુળેટીના તહેવારમાં વધારાની ૧૨૦૦ બસ વડે ૭૧૦૦ જેટલી ટ્રીપોનું એક્સ્ટ્રા સંચાલન કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના નાગરિકોને આગામી હોળી ધુળેટીના તહેવારો દરમિયાન સરળતાથી બસની સુવિધા મળી રહે એ હેતુથી ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા વધારાની ૧૨૦૦ જેટલી બસો વડે કુલ ૭૧૦૦ જેટલી ટ્રીપોનું એક્સ્ટ્રા સંચાલન કરવામાં આવશે.

ગુજરાત એસ.ટી.નિગમની યાદીમાં જણાવ્યા પ્રમાણે એસટી નિગમ દ્વારા વિવિધ વાર-તહેવાર તથા ધાર્મિક મેળાઓમાં વધારાની બસોનું સંચાલન કરીને રાજ્યના નાગરિકો પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવી શકે એ માટે વધારાની પરિવહન સેવા પૂરી પાડે દર વર્ષે પૂરી પાડે છે. વતનથી બીજા જિલ્લામાં સ્થાયી થયા હોય તેવા પરિવારો હોળી- ધુળેટી જેવા તહેવારોમાં વતન તરફ મુસાફરી કરતા હોય છે.

નાગરિકો પોતાના પરિવાર સાથે પોતાના વતનમાં તહેવારો ઉજવી શકે તે હેતુથી રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી અન્ય જિલ્લાઓમાં જવા માટે વધારાની ૧૨૦૦ જેટલી બસો વડે કુલ ૭૧૦૦ જેટલી ટ્રીપો સંચાલિત કરવામાં આવશે. જે પૈકી ડાકોર અને દ્વારકા જવા માટે ૫૦૦ બસો દ્વારા ૪૦૦૦ જેટલી ટ્રીપો સંચાલિત કરાશે. જ્યારે તારીખ ૧૦ માર્ચ ૨૦૨૫ થી ૧૬ માર્ચ ૨૦૨૫ દરમ્યાન હોળી-ધુળેટીના તહેવારો દરમિયાન પણ આ એક્સટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે.

નિગમ દ્વારા કરવામાં આવનાર એક્સ્ટ્રા સંચાલન અન્વયેની સર્વિસનુ ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ ઉપરથી અને નિગમની મોબાઈલ એપ્લીકેશન પરથી તમામ મુસાફરો એડવાન્સ અને કરંટ ઓનલાઈન બુકિંગનો લાભ મેળવી શકશે. મુસાફરોને સંચાલન સબંધિત પૂછપરછ માટે નિગમના તમામ ડેપો પરથી અને નિગમના ટોલ ફ્રી નંબર ઉપર ૨૪ કલાક જાણકારી મેળવી શકશે. ■

# અમદાવાદ શહેર-જિલ્લામાં જમીન માફિયા બેફામઃ એક વર્ષમાં લેન્ડ ગ્રેબિંગની ૬૮૯ ફરિયાદો નોંધાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના અમદાવાદ, સુરત સહિતના શહેરોમાં જમીનોના ભાવ આસમાને પહોંચ્યા છે. તેના કારણે ભૂમાફિયાઓ બેફામ બન્યા છે. જો કે લેન્ડ ગ્રેબિંગ કરનારાને રોકવા માટે રાજ્ય સરકારે સામે કાયદો બનાવ્યો હોવા છતાં મોટા પ્રમાણમાં જમીન માફિયાઓ ત્રાહિત વ્યક્તિની જમીન પચાવવા ષડયંત્રો કરતા હોય છે તેવી અમદાવાદ જિલ્લા-શહેરમાં ડિસેમ્બર-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૬૮૯ ફરિયાદો મળી છે. ગાંધીનગર શહેર જિલ્લામાં લેન્ડ ગ્રેબિંગની ૨૯૩ ફરિયાદો મળી છે. તો અમદાવાદ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માગતી છેલ્લા બે વર્ષમાં કુલ ૧૧,૩૨૦ અરજીઓ મળી છે, તેમાંથી ૬૪૧૩ મંજૂર કરવામાં આવી હોવાની માહિતી વિધાનસભામાં અપાઇ હતી.

કૉંગ્રેસના શૈલેષ પરમાર દ્વારા અમદાવાદ અને ગાંધીનગર શહેર-જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં લેન્ડ ગ્રેબિંગની ફરિયાદો અને તેની પર કરાયેલી કાર્યવાહી અંગે જાણકારી માગતો સવાલ પૂછવામાં આવ્યો હતો. જેના લેખિત જવાબમાં મહેસૂલ વિભાગે જણાવ્યું હતું કે અમદાવાદ શહેરમાંથી ૩૧૦ અને જિલ્લામાંથી ૨૭૯ ફરિયાદો મળી છે. ગાંધીનગર શહેરમાં ૪૭ અને જિલ્લામાંથી ૨૪૬ ફરિયાદો મળી છે. આ તમામ ફરિયાદો સંદર્ભે કાર્યવાહી કરાઇ હોવાનું પણ જવાબમાં વધુમાં જણાવાયું હતું. ભાજપના હાર્દિક પટેલ દ્વારા અમદાવાદ જિલ્લામાં ડિસેમ્બર-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિનખેતી પરવાનગી માગતી કરાયેલી અરજીઓ અને અપાયેલી મંજૂરીઓ અંગેના જવાબમાં સૌથી વધુ સાણંદ તાલુકામાં ૨૦૦૯ અરજીને મંજૂરી અપાઇ હોવાનું જણાવા મળ્યું હતું. ■

# સુરતમાં હીરા ઉદ્યોગની મંદી વધુ એક પરિવારને ભરખી ગઈઃ ત્રણ જણે ઝેરી દવા ગટગટાવી જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં હીરા ઉદ્યોગની મંદી હીરા કારીગરો માટે જીવલેણ બની રહી છે. શહેરના અમરોલી વિસ્તારમાં રહેતા હીરા કારીગરના પરિવારે સામૂહિક આપઘાત કરતા ખળભળાટ મચી ગયો હતો. અમરોલીના એક ફ્લેટમાં એક જ પરિવારના ત્રણ સભ્યોએ સામૂહિક આપઘાત કર્યો હતો. આર્થિક સંકડામણને કારણે પરિવારના સભ્યોએ આ અંતિમ પગલુ ભર્યું હોવાનું જાણવા મળ્યું હતું.

મળતી માહિતી અનુસાર, મૃતક હર્ષ અને તેના પિતા રત્નકલાકાર હતા. હીરામાં મંદી આવ્યા બાદ હર્ષ ખાનગી બૅન્કના લોન ડિપાર્ટમેન્ટમાં નોકરી પર લાગ્યો હતો. તો હર્ષના પિતા ભરતભાઈ મંદીને કારણે રત્નકલાકારની નોકરી છોડી સિક્યોરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા. ૫૦ વર્ષીય માતા અને પિતા તથા ૩૦ વર્ષીય પુત્રએ ઝેરી દવા ગટગટાવી જીવન ટૂંકાવ્યું હતું. જો કે તાત્કાલિક પિતા ભરતભાઈ દિનેશભાઈ સસાંગિયા, માતા વનિતાબેન ભરતભાઈ સસાંગિયા અને પુત્ર હર્ષ ભરતભાઈ સસાંગિયા એમ ત્રણેયને હૅસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

પોલીસ તપાસમાં ઘરમાંથી સ્યૂસાઈડ નોટ મળી હતી. સ્યૂસાઈડ નોટમાં લખવામાં આવ્યું હતું કે, મકાનનો સોદો થોડા સમય પહેલા ૨૨ લાખમાં થયો હતો અને મકાન ખરીદનારે એક લાખનું ટોકન આપ્યું હતું. તેની સાથે બૅન્કના પાંચ હપ્તા બાઉન્સ થયા હતા.સામેવાળા કોઈ કારણોસર આ ટોકનના પૈસા પરત માગતા હતા. મકાન ખરીદનારની ઉઘરાણીના કારણે પરિવારે સામૂહિક આપઘાત કર્યો હતો. ■

# સમ્રાટ નમકીનના માલિક સાથે પારિવારિક મિત્રએ ૪.૫૦ કરોડની ઠગાઈ કરી

અમદાવાદઃ ગુજરાતમાં જાણીતી સમ્રાટ નમકીન કંપનીના માલિક જયશંકર વૈદ્યે કેટલાક પારિવારિક મિત્રો વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. નરોડા વિસ્તારમાં આવેલી રમ્યકુંજ સોસાયટીમાં રહેતા જયશંકર વૈદ્ય પાસેથી તેમના વર્ષો જૂના પારિવારિક મિત્રોએ ધંધાના વિકાસ માટે વર્ષ ૨૦૧૦થી ૨૦૧૬ સુધીમાં ૪. ૫૦ કરોડ ઉધાર લીધા હતા. જે હજુ સુધી તેમણે પરત ન કરતા આખરે જયશંકર વૈદ્ય અમદાવાદ શહેરના ખાનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. મળતી વિગત મુજબ, જયશંકર વૈદ્યના દિલ્હી દરવાજા ખાતે ત્રિકમદાસ વાસવાણી નામના ફટાકડાના વેપારી સાથે પારિવારિક સંબંધ હતા. જેથી તેમને જ્યારે પણ ધંધા માટે આર્થિક મુશ્કેલી ઉભી થતી ત્યારે જયશંકર વૈદ્ય તેમની પડખે ઉભા રહી તેમની મદદ કરતા. જો કે, ત્રિકમદાસનું થોડા વર્ષ પહેલા અવસાન થયું હતું. ■

૭

MUMBAI SAMACHAR

મુંબઈ સમાચાર ઉત્સવ રવિવાર

તા. ૯-૩-૨૦૨૫

કવર સ્ટોરી

વિજય વ્યાસ

feedback@bombaysamachar.com

ભારતીય ક્રિકેટ ખેલાડી મોહમ્મદ શમીનો રોજા વિવાદ

# فتویٰ: ફતવો કોણ બહાર પાડી શકે?

**અવારનવાર બહાર પડતા જાત-ભાતના 'ફતવા' ને લઈને ગેરસમજ થતી રહે છે ત્યારે ફતવાની દુનિયા ને દુનિયાભરના ફતવા પાછળ ફેલાતા અર્થ-અનર્થ વિશે જાણી લેવું બહુ જરૂરી છે.**



મોહમ્મદ શમી

મૌલાના રઝવી

ઉત્તર પ્રદેશના બરેલીના મૌલાના શહાબુદ્દીન રઝવીએ ભારતીય ટીમના ફાસ્ટ બોલર મોહમ્મદ શમીની ટીકા કરીને વણજોઈતો વિવાદ ખડો કરી દીધો છે.

પાકિસ્તાન-દુબઈમાં મિની વર્લ્ડ કપ ગણાતી 'ચેમ્પિયન્સ ટ્રોફી'ની સેમી ફાઈનલ દરમિયાન મોહમ્મદ શમીએ મેદાન પર એનર્જી ડ્રિંક પીધું તેનાથી નારાજ થઈ ગયેલા 'ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાત'ના રાષ્ટ્રીય પ્રમુખ મૌલાના શહાબુદ્દીન રઝવીએ શમીની એ હરકતને ઈસ્લામ વિરોધી ગણાવી દીધી. મૌલાના રઝવીએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શમીનો એનર્જી ડ્રિંક્સ પીતો વીડિયો વહેતો કરીને ટીકા કરી કે રમઝાન દરમિયાન શમી રોઝા ( રોજા ) નહીં રાખીને પાપ કરી રહ્યો છે. 'રોઝા નહીં રાખીને' શમીએ ગુનો કર્યો છે એટલે શરિયતની નજરમાં એ ગુનેગાર છે અને એણે ખુદાને જવાબ આપવો પડશે..

મૌલાના રઝવીની ટીકાએ એક તરફ દેશ મોટો કે ધર્મ એ ચર્ચાને છેડી દીધી છે ત્યારે બીજી તરફ ઈસ્લામના કહેવાતા વિદ્વાનોનાં વલણની પણ ચર્ચા શરૂ થઈ ગઈ છે. 'દેશ મોટો કે ધર્મ' એ ચર્ચાને કમ સે કમ આ દેશમાં તો અવકાશ નથી. અહીં દેશ જ મોટો છે અને બીજું બધું પછી આવે છે, ધર્મ, સંપ્રદાય, આસ્થા બધું સેકન્ડરી છે- ગૌણ છે. દેશની તુલના કશા સાથે કરી જ ના શકાય અને જેમને પોતાનો ધર્મ મોટો લાગતો હોય એવા લોકો માટે આ રાષ્ટ્ર નથી..આ મુદ્દે કોઈ જ ચર્ચા શક્ય નથી તેથી એ વાતનો વિંટો વાળીએ ને બીજા મુદ્દા પર આવીએ.

બીજો મુદ્દો મુસ્લિમોનાં વર્તન કે હરકતો અંગે ઈસ્લામના કહેવાતા વિદ્વાનો દ્વારા અપાતા અભિપ્રાયોનો છે. મૌલાના રઝવીની વાતોને ઘણાંએ 'ફતવો' ગણાવ્યો છે, પણ મૌલાના રઝવીએ કોઈ ફતવો બહાર પાડ્યો નથી, મૌલાના રઝવીએ શમીની ટીકા કરી છે અને ઈસ્લામ અંગેનું પોતાનું જ્ઞાન પિરસ્યું છે.

ક્રિકેટર શમીનો બચાવ કરવા હિંદુ અને મુસ્લિમો બન્ને કૂદ્યા છે ને તેમાં ઈસ્લામના વિદ્વાનો પણ છે. 'ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB)' ના સભ્ય મૌલાના ખાલિદ રશીદ ફિરંગી મહલીએ સાફ શબ્દોમાં કહ્યું છે કે 'રમઝાન દરમિયાન બધા મુસ્લિમો માટે ઉપવાસ રાખવા અથવા રોઝા રાખવા ફરજિયાત છે, પણ પ્રવાસ કરનારા અથવા બીમાર લોકો તેમાં અપવાદ છે મોહમ્મદ શમી પ્રવાસમાં છે તેથી એની પાસે ઉપવાસ ન રાખવાનો વિકલ્પ છે માટે કોઈને પણ એના પર આંગળી ઉઠાવવાનો અધિકાર નથી.'

ફિરંગી મહલીના આ વળતા પ્રહાર પછી મૌલાના રઝવી ઠંડા પડી ગયા છે, પણ આ મુદ્દો ઠંડો પડ્યો નથી. મૌલાના રઝવીએ એક રીતે શમી સામે ફતવો જ બહાર પાડ્યો છે તેથી ફતવાની ચર્ચા જોરશોરથી છે માટે આપણે ફતવો શું છે ને તેનો કેવો દુરૂપયોગ થાય છે એ સમજવું જરૂરી છે.

મુસ્લિમોમાં મુલ્લા-મૌલવીઓનો એક વર્ગ એવો પ્રચાર કરે છે કે, ફતવો એ કુરાન, હદીશ અને શરીયાનું અર્થઘટન છે પણ આ વાત ખોટી છે. કુરાને શરીફ મુસ્લિમોનો સર્વોચ્ચ ધર્મગ્રંથ છે. મુસ્લિમોની ધાર્મિક માન્યતા પ્રમાણે કુરાનમાં અલ્લાહના શબ્દો છે અને અલ્લાહે પોતે મોહમ્મદ પયગંબરના માધ્યમથી આ પુસ્તક લખ્યું છે. શરિયા ઈસ્લામમાં શ્રદ્ધા ધરાવતા લોકોએ કઈ રીતે રહેવું એ માટેનો ધાર્મિક કાયદો છે. મુહમ્મદ પયગંબર સાહેબે કુરાનમાં લખાયેલી વિગતો અને હદીશના આધારે શરીયા બનાવ્યો છે. હદીશ એટલે પયગંબર સાહેબનાં કર્મ, ઉપદેશ, આદતો, કાર્યો વગેરે. દરેક સાચા મુસલમાને પયંગબર સાહેબના જીવનમાંથી પ્રેરણા લઈને એમને અનુસરવું જોઈએ એવી ભાવના સાથે હદીશ લખાયા છે. હદીશની ઘણી વાતો અત્યારે ઈસ્લામનું અવિભાજ્ય અંગ છે. દરેક મુસ્લિમે દિવસમાં પાંચ વાર નમાઝ પઢવી જોઈએ એ હદીશમાં લખાયેલું છે ને દુનિયાભરના મુસ્લિમો તેને અનુસરે છે. ઈસ્લામમાં કુરાને શરીફ પછી હદીશનું સ્થાન છે.

આ બધા વચ્ચે ફતવા એકદમ અલગ બાબત છે. મૌલાના વહીદુદ્દીન ખાન ઈસ્લામિક સ્કોલર છે. 'પદ્મભૂષણ' એવોર્ડ જેમને એનાયત થયો છે એવા મૌલાના વહીદુદ્દીન ખાનને ઈસ્લામને લગતી બાબતોમાં શ્રેષ્ઠ વિદ્વાનોમાં સ્થાન મળે છે. મૌલાના વહીદુદ્દીન ખાન ફતવા વિશે શું કહે છે એ જાણવા જેવું છે.

મૌલાના સાહેબના મતે, ફતવાનો શાબ્દિક અર્થ 'અભિપ્રાય' છે અને ફતવો કાયદેસર રીતે બંધનકર્તા નથી. ફતવો ફક્ત સંબંધિત વ્યક્તિને લાગુ પડે છે. ફતવાને સ્વીકારવો કે નહીં એ જે તે વ્યક્તિ નક્કી કરી શકે છે.

કોઈ આસ્તિક એના અંગત વર્તન વિશે જાણવા માગે તો તે કોઈ ઇસ્લામિક વિદ્વાનને મળી શકે છે અને એને વ્યક્તિગત પ્રશ્ન પૂછી શકે છે. ઉદાહરણ તરીકે, કોઈ વ્યક્તિને એની ઉપાસનાની રીત વિશે જાણવાની ઈચ્છા હોય અથવા એની વ્યક્તિગત પસંદગીઓ ઇસ્લામ અનુસાર છે કે નહીં એ જાણવાની ઈચ્છા હોય તો એ ઈસ્લામના વિદ્વાનને મળીને એને થતા સવાલોના સમાધાન વિશે પૂછી શકે છે અને પેલા વિદ્વાન પોતાના ઇસ્લામના જ્ઞાન અનુસાર પોતાનો અભિપ્રાય આપી શકે છે. આ જ્ઞાન જે તે વિદ્વાનનો અભિપ્રાય છે તેથી એક ફતવો છે. આ ફતવાનું મૂલ્ય એક અભિપ્રાયથી વધારે કંઈ નથી. ફતવો બંધનકર્તા નથી અને ફક્ત વ્યક્તિની વ્યક્તિગત બાબત માટે જ માગી શકાય છે.

એક ઉદાહરણ લઈએ... કોઈ વ્યક્તિ ટેનિસ સ્ટાર ખેલાડી સાનિયા મિર્ઝાએ કેવાં કપડાં પહેરવાં તે મુદ્દે ફતવો માગી શકતો નથી. પોતાના સિવાયની અન્ય વ્યક્તિ માટે ફતવો માગી શકાતો નથી. ઇસ્લામમાં આ વાત અસ્વીકાર્ય અને પ્રતિબંધિત છે.

મૌલાના વહીદુદ્દીન ખાનના મતે, 'ફતવા' અને 'કઝા' વચ્ચે શું તફાવત છે એ શરિયા એટલે કે ઈસ્લામિક કાયદામાં સ્પષ્ટ છે. ફતવાનો અર્થ મુફ્તી દ્વારા આપવામાં આવેલો અભિપ્રાય થાય છે અને આ અભિપ્રાય ત્યારે જ આપી શકાય છે કે જ્યારે કોઈ વ્યક્તિ પોતાની વ્યક્તિગત બાબત અંગે મુફ્તીની સલાહ માગે...

બીજી તરફ, 'કઝા'નો અર્થ ન્યાયિક ચુકાદો થાય છે, પણ કોઈ પણ મુફ્તીને કઝા બહાર પાડવાની પરવાનગી કે અધિકાર નથી. કઝા આપવો એ દેશ અથવા બંધારણ દ્વારા અધિકૃત કોર્ટનો વિશેષાધિકાર છે અને દરેકને બંધનકર્તા છે. કઝા એટલે એવો મુદ્દો જે ન્યાયાધીશના અધિકાર ક્ષેત્રમાં હોય અને જે મુદ્દો ન્યાયાધીશના અધિકાર ક્ષેત્રને લગતો હોય એવા કિસ્સામાં મુફ્તી ફતવો બહાર પાડી શકે નહીં. આ કિસ્સામાં, કાં તો સરકાર ન્યાયાધીશની નિમણૂક કરે છે અથવા કોઈને સામેલ પક્ષો પર બંધનકર્તા નિર્ણયો આપવા માટે ખાસ મંજૂરી મળે છે. આધુનિક અંગ્રેજી ભાષામાં 'કઝા' એ 'કાયદા' નો સમાનાર્થી શબ્દ છે.

શમીના કિસ્સામાં ફરજિયાત રોઝાનો નિયમ લાગુ પડતો નથી એ મૌલાના ફિરંગી મહલીએ સ્પષ્ટ કરી દીધું પછી એ મુદ્દો તો રહેતો જ નથી.

મૌલાના વહીદુદ્દીન ખાને એ પણ સ્પષ્ટ કરી દીધું કે, બીજી વ્યક્તિના વર્તન વિશે કોઈને ફતવાનો અધિકાર નથી ને એવું કોઈ કરે તો એ ઈસ્લામની વિરૂધ્ધ છે.

આમ ખાન સાહેબના અર્થઘટનને અનુસરીએ તો મોહમ્મદ શમીએ નહીં, પણ મૌલાના રઝવી પોતે ખુદાના ગુનેગાર છે.! ■

---




અરાઉન્ડ દ વર્લ્ડ


નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# પ્રવાસનું ભવિષ્ય

## ઊભરતા પ્રવાહો આપણે પર્યટન કરીએ તે પદ્ધતિઓને આકાર આપી રહ્યા છે









ગયા સપ્તાહમાં આપણે ભારતમાં ટી ટુરીઝમ અને તેના ઈતિહાસ, સંસ્કૃતિ અને નયનરમ્ય સૌંદર્યનું અજોડ સંમિશ્રણ કઈ રીતે પ્રદાન કરે છેતેના વિશે ચર્ચા કરી હતી. તે પરથી લોકો તેમના પ્રવાસનું નિયોજન અને અનુભવ જે રીતે કરી રહ્યા છે એ પદ્ધતિઓને આકારઆપતી નવી સંકલ્પના સાથે પ્રવાસ કઈ રીતે ઉત્ક્રાંતિ પામી રહ્યો છે તે દર્શાવવા હું પ્રેરિત થયો છું.

પારંપરિક વેકેશન લોકપ્રિય રહ્યા છે ત્યારે ઘણા બધા પ્રવાસીઓ હવે તેમની જીવનશૈલી સાથે સુમેળ સાધતા રોમાંચક અને સાનુકૂળ અનુભવો ચાહે છે. આજે પ્રવાસનો અર્થ ઊંડું જોડાણ, સ્વ-ખોજ અને અર્થપૂર્ણ યાદો એ રીતે તારવવામાં આવે છે. લોકો પોતે કઈ રીતે પ્રવાસ કરે છે તેની સાથે તેઓ પ્રવાસ શા માટે કરે છે તેનો પણ પુન:વિચાર કરવા લાગ્યા છે. શું તે રિલેક્સેશન માટે છે? કૌશલ્ય કેળવવા માટે છે? સ્થાનિકની જેમ અનુભવ કરવા માટે છે?કે પછી નિત્યક્રમમાંથી બસ બ્રેક લેવા માટે છે?

ચાલો, સોલો હનીમૂનથી ડિજિટલ ડિટોક્સીસ અને હુશ ટ્રિપ્સ સુધી ઉદ્યોગની વ્યાખ્યા કરતા અમુક સૌથી રોમાંચક નવા યુગના પ્રવાસના પ્રવાહો વિશે જાણીએ. પ્રવાસનું ભવિષ્ય અગાઉ કરતાં વધુ ગતિશીલ, વૈવિધ્યપૂર્ણ અને નાવીન્યપૂર્ણ છે.

**મીમૂનિંગ: સોલો હનીમૂન અનુભવ**

હનીમૂન ફક્ત કપલ્સ માટે હોય છે એમ કોણે કહ્યું? 'મીમૂનિંગ'ની સંકલ્પના, એટલે કે, સોલો હનીમૂન લોકપ્રિય બની રહ્યું છે. પ્રવાસીઓ લક્ઝરી રિટ્રીટ્સમાં પરોવાઈને, નવાં સ્થળો એકલા ફરીને અને સ્વતંત્ર પ્રવાસ અપનાવીને પોતાની ઉજવણી કરી રહ્યા છે.

મીમૂનિંગ એટલે ફક્ત લક્ઝરી નથી. તે અંગત વૃદ્ધિ, પ્રતિબિંબ અને રિચાર્જિંગ માટે અવકાશ નિર્માણ કરવાની બાબત છે. માલદીવ્ઝના બીચ પર આરામ કરવાનો હોય, ક્યોટોના સાંસ્કૃતિક ઊંડાણમાં ડૂબકીઓ લગાવવાની હોય કે બાલીમાં વેલનેસ રિટ્રીટ માણવાની હોય, સોલો પ્રવાસ પ્રવાસીઓને તેમની પોતાની ગતિથી જીવનને અનુભવવાની અનુકૂળતા આપે છે.

રિલેક્સેશનની પાર મીમૂન મોટે ભાગે પરિવર્તનકારી છે. ઘણા બધા સોલો હનીમૂનર્સ નવી કુશળતાઓ શીખવા- સ્કુબા ડાઈવિંગ, સ્થાનિક શેફ સાથેરસોઈ બનાવવા અથવા માઈન્ડફુલનેસ રિટ્રીટ્સમાં જોડાવાની તકનો ઉપયોગ કરતા હોય છે. પ્રવાસ કંપનીઓ અને લક્ઝરી રિસોર્ટસેઆ પ્રવાહને ઓળખી કાઢ્યો છે અને હવે પર્સનલાઈઝ્ડ આઈટિનરી, સ્પા ટ્રીટમેન્ટ્સ, ગૌર્મે ડાઈનિંગ અને માઈન્ડફુલનેસ માટે તૈયાર કરાયેલી પ્રવૃત્તિઓ સાથે ખાસ તૈયાર કરાયેલાં સોલો પેકેજીસ ઓફર કરે છે. રિસોર્ટસ હવે એવા કમ્યુનિટી અનુભવો લાવ્યા છે,જેમાં સોલો પ્રવાસીઓ સ્વાયત્તતા માણવા સાથોસાથ સમવિચારી નાગરિકોને મળી શકે છે.

**નો-ફોન ગેટઅવેઝ: ડિસ્કનેક્ટ ટુ રિકનેક્ટ**

સ્ક્રીન્સનું વર્ચસ ધરાવતી દુનિયામાં ઘણા બધા પ્રવાસીઓ નોન-ફોન ગેટઅવેઝ પસંદ કરે છે, એટલે કે, ડિજિટલ વિચલિતતાથી ડિસ્કનેક્ટ થવા માટે તૈયાર કરાયેલી ટ્રિપ અપનાવે છે. આ વેકેશન અંતરિયાળ પહાડીઓમાં હાઈકિંગ, ઓફ્ફ-ગ્રિડ કેબિન્સમાં મુકામ અથવા ડિજિટલ ડિટોક્સ રિટ્રીટ્સમાં જોડાવા જેવી પ્રવૃત્તિઓ થકી વર્તમાન અવસરોમાં પરોવાઈ જવા માટે પ્રોત્સાહન આપે છે. હોટેલો અને રિસોર્ટસ હવે 'લોક-અપ-યોર-ફોન' પેકેજીસ ઓફર કરે છે, જે મહેમાનો રિલેક્સેશન, નિસર્ગ અને માનવી જોડાણો પર ધ્યાન કેન્દ્રિત કરવાની ખાતરી રાખે છે.

અમારા પોડકાસ્ટ ટ્રાવેલ એક્સપ્લોર સેલિબ્રેટ લાઈફના તાજેતરના એપિસોડમાં સુનિલા અને મેં નો-ફોન હોલીડિઝ અને તેના લાભો વિશે ચર્ચા કરી હતી. અમે ડિજિટલ સ્ક્રીનથી દૂર રહીને માઈન્ડફુલનેસ કઈ રીતે બહેતર બને છે, આંતરઅંગત જોડાણ મજબૂત બને છે અને પ્રવાસીઓ નવી આંખોથી સ્થળોને અનુભવી શકે છે તે અનુભવ્યું.

ભૂતાન જેવાં સ્થળ, જ્યાં છેક 1999માં ટેલિવિઝન આવ્યું ત્યાં લાંબા સમયથી પર્યાવરણને પ્રમોટ કરવામાં આવે છે, જ્યાં ધીમા પડવાનો અને નિસર્ગમાં ડૂબકીઓ લગાવવાનો નિયમ છે. કોસ્ટા રિકા, સ્વીસ આલ્પ્સ અને ઓસ્ટ્રેલિયન આઉટબેકમાં રિટ્રીટ્સ માઈન્ડફુલનેસ કસરતો, આઉટડોર સાહસોઅને સામુદાયિક પ્રવૃત્તિઓ સાથે માળખાબદ્ધ નો-ફોન પ્રોગ્રામ ઓફર કરે છે.

નો-ફોન ગેટઅવેઝ એટલે સ્ક્રીનથી દૂર રહીને નિરંતર વાર્તાલાપની ખુશીની નવેસરથી ખોજ, સૂર્યાસ્ત જોવાનો ચમત્કાર અને પોતાની અંદર રહેવાની પરિપૂર્ણતા છે.

**સ્ટેટસ ફ્લાઈટ્સ: લોયલ્ટી રિવોર્ડસની પીછો**

વારંવાર પ્રવાસ કરનારને એરલાઈનના લોયલ્ટી પ્રોગ્રામમાં એલિટ સ્થિતિનું મૂલ્ય જાણ હોય છે, જેને લઈ પ્રીમિયમ મેમ્બરશિપ જાળવી રાખવા માટેજ ફ્લાઈટ્સ બુકિંગ, એટલે કે, 'સ્ટેટસ ફ્લાઈટ્સ'માં વધારો થયો છે. લાઉન્જ એકસેસ, ફ્રી અપગ્રેડ્સ અને અગ્રતાથી બોર્ડિંગ આ પ્રોગ્રામ્સને આકર્ષક બનાવે છે અને ઘણા બધા પ્રવાસીઓ એલિટ સ્ટેટસ જાળવી રાખવા માટે મૂલ્યવાન એક્સ્ટ્રા માઈલ્સ વિશે વિચારે છે.

એર ઈન્ડિયા અને ઈન્ડીગો દ્વારા નવેસરથી ફ્રિક્વન્ટ ફ્લાયર પ્રોગ્રામ્સ રજૂ કરાયા છે ત્યારે આ પ્રવાહ આગળ જતાં વધુ વધવાની અપેક્ષા છે.ઘણા બધા સ્ટેટસ- સતર્ક પ્રવાસીઓ ઓછામાં ઓછા ખર્ચે મહત્તમ પોઈન્ટ્સ ઓફર કરતા રુટ્સ પસંદ કરીને માઈલેજ રનનું નિયોજન કરે છે.અમુક વિમાન કંપનીઓમાં માઈલ્સ કમાણી કરવા માટે એરલાઈન ભાગીદારીઓનો લાભ લે છે, જેથી ઘણા બધા પ્રોગ્રામ્સમાં એલિટ સ્ટેટસ જાળવી રાખવાની ખાતરી રહે છે. એરલાઈન્સ લોયલ્ટી ઓફરો વધારી રહી છે ત્યારે સ્ટેટસ ફ્લાઈટ્સ ફ્રિક્વન્ટ ટ્રાવેલર્સની વ્યૂહરચનાનો આંતરિક ભાગ બની રહેશે.

**હશ ટ્રિપ્સ: અંતરિયાળ સ્થળે કામ કરવા સાથે ગોપનીય ગેટઅવે**

રિમોટ વર્ક વધુ સામાન્ય બની રહ્યું છે ત્યારે પ્રોફેશનલો 'હશ ટ્રિપ્સ' થકી લીઝર સાથે વેપારનું સંમિશ્રણ કરી રહ્યા છે. આમાં વર્ક ફ્રોમ હોમનો દેખાવ જળવાઈ રહેવા સાથે વેકેશન ડેસ્ટિનેશન્સનો ગોપનીય રીતે પ્રવાસ સંકળાયેલો છે. જરા કલ્પના કરો કે થાઈલેન્ડમાં બીચસાઈડ કેફેમાંથી તમે ઈમેઈલના ઉત્તરો આપી રહ્યા છો અથવા મસ્ત સ્વીસ ચેલેટમાંથી ઝૂમ કોલ્સ પર જોડાયા છો. કામ થઈ રહ્યું છે ત્યાં સુધી સાનુકૂળતાનો મહત્તમ લાભ શા માટે નહીં લેવો જોઈએ?

હશ ટ્રિપ્સ ઘરમાંથી કામ કરવાની જૂની ઘરેડને તોડે છે, નવા વાતાવરણ થકી ઉત્પાદકતા વધારે છે અને લીવ બેલેન્સ જાળવી રાખીને વિસ્તારિત પ્રવાસની અનુકૂળતા પણ આપે છે.

**સેટ-જેટિંગ: ફિલ્મો અને ટીવી શોને પગલે ચાલવું**

ફિલ્મો અને ટીવી શો લાંબા સમયથી પ્રવાસને પ્રેરિત કરતાં આવ્યાં છે, પરંતુ 'સેટ-જેટિંગ'નો પ્રવાહ, એટલે કે, લોકપ્રિય પ્રોડકશન્સમાંચમકેલાં સ્થળોની મુલાકાત લેવાનું પ્રમાણ હવે બહુ વધી ગયું છું. એમિલી ઈન પેરિસને આભારી પ્રવાસીઓ હવે મોન્ટમાર્ટરમાંમોટી સંખ્યામાં જવા લાગ્યા છે, જ્યારે ધ વ્હાઈટ લોટસને કારણે સિસિલી અને હવાઈમાં લક્ઝરી રિસોર્ટસમાં રુચિ બહુ વધી છે.

વીણા વર્લ્ડમાં અમે વિખ્યાત ફિલ્મના શૂટિંગ થયેલાં સ્થળો આસપાસ કેન્દ્રિત વિશેષ આઈટિનરી તૈયાર કરી રહ્યા છીએ. ગેમ્સ ઓફ થ્રોન્સના ચાહકો ડુબ્રોવનિક, ક્રોએશિયાની મુલાકાત લે છે, કિંગસ લેન્ડિંગ થકી વોક કરે છે, જ્યારે લોર્ડ ઓફ ધ રિંગ્સના ચાહકોએ ન્યૂ ઝીલેન્ડની રોલિંગ ટેકરીઓઅને નાટકીય નિસર્ગસૌંદર્ય જોવાનું ચાલુ રાખ્યું છે.

સેટ-જેટિંગ પ્રવાસીઓને જે તે સ્થળો સાથે ઊંડાણથી જોડાઈ રહેવાની અનુકૂળતા આપે છે, જેમ કે, ફિલ્મના શૂટિંગમાં બતાવાયું હોય તે જ કેફેમાં ભોજન કરવું, તે જ હોટેલમાં મુકામ અને સ્થાનિકોના માર્ગદર્શનમાં ગાઈડેડ ટુર્સ લેવાનો સમાવેશ થાય છે. ઘણાં બધાં સ્થળો સ્ટુડિયો સેટ્સની મુલાકાત અથવા એક્સ્ટ્રાઝને મળવું જેવા પડદા પાછળના અનુભવો પ્રદાન કરીને તેમની ખ્યાતિ વધારે છે. પ્રોડક્ટ કંપનીઓએ સુંદર અદભુત સ્થળો ખાતે શૂટિંગ કરવાનું ચાલુ રાખ્યું હોવાથી આ પ્રવાહ આગળ જતાં ઓર વધવાનો છે.

**એઆઈ ડેસ્કો ડાઈનિંગ ટુરીઝમ: વર્ક લંચીસ થકી શહેરની ખોજ**

ફૂડ ટુરીઝમ હંમેશા લોકપ્રિય રહ્યું છે, પરંતુ હવે પ્રવાસીઓ તેમની વર્કડે રસોઈકળા સંસ્કૃતિ થકી સ્થળો જોવાનો આગ્રહ રાખે છે. 'એઆઈ ડેસ્કો ડાઈનિંગ ટુરીઝમ' શહેરનું ઓફિસ લંચ સીન અનુભવવા પર કેન્દ્રિત છે, એટલે કે, ન્યૂ યોર્કમાં ફૂડ કાર્ટસનું સેમ્પલિંગ, ટોકિયોમાં રામેન લંચ અથવા બાર્સેલોનામાં મેડિટરેનિયન ઓફિસ લંચ.

આ પ્રવાહ ફાઈન ડાઈનિંગની પાર શહેરના રસોઈકળાના પરિપ્રેક્ષ્યમાં નવું પાસું પ્રદાન કરે છે. તે સિંગાપોરની ધમધમતી ફૂડ કોર્ટસથી લઈને લંડનના ઝડપી છતાં સ્વાદિષ્ટ સેન્ડવિચના શોપ્સ સુધી શહેરના કાર્યબળને ઈંધણ આપતાં છૂપાં રસોઈકળા રત્નો પરથી પડદો ઊંચકે છે.

એઆઈ ડેસ્કો ડાઈનિંગ ટુરીઝમ એટલે ફક્ત ફૂડ નથી, પરંતુ તે પરિપૂર્ણ અનુભવ છે, એટલે કે, લોકો કઈ રીતે ઓર્ડર કરે છે, ક્યાં ખાય છે અને તેમના બ્રેક આસપાસ વિધિઓ. ટુરીઝમનો આ પ્રકાર સક્ષમ અને કિફાયતી છે અને ઉચ્ચ કક્ષાની રેસ્ટોરાં સામે અસલ છતાં બજેટ અનુકૂળ વિકલ્પ આપે છે.

**પ્રવાસના ભવિષ્યને અપનાવવું**

આ પ્રવાહ પ્રવાસીઓ ખોજની નવી વ્યાખ્યા કઈ રીતે કરે છે તે આલેખિત કરે છે. પ્રવાસ ઉદ્યોગ તેને અનુકૂળ થઈ રહ્યો છેત્યારે આ ઊભરતી સંકલ્પનાઓએ ભવિષ્યને આકાર આપવાનું ચાલુ રાખ્યું છે.

પ્રવાસ હંમેશાં જે તે સ્થળે પહોંચવાથી પણ વિશેષ રહ્યો છે. તો, તમારું આગામી સાહસ શું રહેશે? શું તે સિક્રેટ હશ ટ્રિપ, વ્હર્લવિંડ મીમૂન કે પછી તમારા ફેવરીટ ફિલ્મ સેટનો પ્રવાસ? તમે જે પણ પસંદ કરો, મને ખાતરી છે કે તમને મળશે આનંદ સેલિબ્રેટિંગ લાઈફનો! ફરી આગામી સપ્તાહમાં મળીશું.

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઈટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.




ચાલો, વીણા વર્લ્ડ સાથે દુનિયાના સૌથી સુખી દેશો જોઈએ...

ડેન્માર્ક, નોર્વે, સ્વીડન, ફિનલેન્ડ અને આઈસલેન્ડ દુનિયામાં સૌથી સુખી દેશમાંથી અમુક છે. અહીં રોજિંદું જીવન આદર્શ દુનિયા જેવું છે! ઉપરાંત તમને નિસર્ગની અતુલનીય અજાયબી-મિડનાઈટ સન જોવા મળે છે. તમે સાંતાક્લોઝના સુંદર ગામની મુલાકાત પણ લઈ શકો છો, જ્યાં ખુદ અસલી સાંતા તમને મળી શકે છે! મિડનાઈટ સન ટુર્સ જૂનમાં ઉપલબ્ધ છે અને સીટ્સ ઝડપથી ભરાઈ રહી છે. તો વાટ કોની જુઓ છો! એક ટુરમાં પાંચ દેશ જોવાની અને તમારી ટ્રાવેલ બકેટ લિસ્ટમાંનું મિડનાઈટ સન જોવાની આ અદભુત તક ગુમાવશો નહીં!

| સ્કેન્ડિનેવિયા આઈસલેન્ડ | સ્કેન્ડિનેવિયા આઈસલેન્ડ મિડનાઈટ સન (14D) | સ્કેન્ડિનેવિયા (10D/15D) | સ્કેન્ડિનેવિયા મિડનાઈટ સન (10D/16D) | બેસ્ટ ઓફ આઈસલેન્ડ |
|---|---|---|---|---|
| 15 Days - May 15, 27, Jun 17 - 510K-520K | June 15 - 580000 | May 12, 19/May 21 320 - 495K | June 18/ June 18 - 390K - 495K | 10 Days - May 24, 475K-485K |

*T&C Apply

Email: travel@veenaworld.com | veenaworld.com | Toll-Free: 1800 22 7979

૧થી ૩૧ માર્ચ રવિવાર સહિત પર્યટકોની સુવિધા માટેવીણા વર્લ્ડની સર્વ સેલ્સ ઓફિસીસ 10 AM થી 8 PM ચાલુ છે

વીણા વર્લ્ડ
આઈસલેન્ડ સ્કેન્ડિનેવિયા મિડનાઈટ સન
ચાલો, બેગ ભરો, નીકળી પડો!

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# શયદા યુગના સમર્થ કવિ નઝીર ભાતરી

**મેં બસ માની લીધું કે આપ નક્કી આવવાના છો**
**જે શક્તિ હોય છે શ્રદ્ધામાં, શંકામાં નથી હોતી.**

ગઝલના આકાશમાં કંઈક એવા ચમકતા સિતારાઓ આવ્યા અને અકાળે ખરી પડ્યા. આવા તેજસ્વી સર્જકોની નોંધ કોઈએ લીધી નહીં અને વિસ્મૃતિની ગર્તામાં વિલીન થઈ ગયા. આવું એક નામ છે નઝીર ભાતરી. શયદા - યુગમાં શૂન્ય, મરીઝ, બેફામ વગેરે અગ્રગણ્ય શાયરોની હરોળમાં બેસી શકે એવો આ શાયર હતો.



નઝીર મૂળ સૂરતનાં. ૧૯૩૦માં એપ્રિલ મહિનામાં સૂરતમાં જન્મ પણ અભ્યાસ કર્યો મુંબઈમાં. કેપટલો સિનેમા પાસે એ વખતે પ્રખ્યાત ભરડા હાઈસ્કૂલમાં મેટ્રિક સુધી અભ્યાસ કર્યો. વાંચનનો ખૂબ જ શોખ. અંગ્રેજી ભાષા ઉપર પ્રભુત્વ. યુવાનીમાં જ મોટા મોટા અંગ્રેજ લેખકોનાં પુસ્તકો વાચી નાખેલા. ચાર્લ્સ ડિકન્સ, ઓસ્કાર વાઈલ્ડ, સમર સેટ મોમ, વર્ડ્ઝવર્થ, શેક્સપિયરના સર્જનનો ઊંડો અભ્યાસ.

જિંદગીની રાહમાં અનેક અગવડો, વ્યથા અને યાતનાઓ. શરૂઆતમાં પત્રકારત્વમાં જોડાયા. ભાષા પરના અંકુશને લીધે આ વ્યવસાયમાં આગળ વધતા હતા ત્યારે રિઝર્વ બેંકમાં નોકરી મળી ગઈ. બેંકના રિસર્ચ એન્ડ સ્ટેટિસ્ટિક ખાતામાં જોડાયા. સુંદર મજાનો કંઠ હતો. આનંદી સ્વભાવ એ શાણપણભરી સમજદારીથી હંમેશાં આકર્ષણનું કેન્દ્ર હતા. મિત્રોની મહેફિલમાં શેરો-શાયરીનો રંગ જમાવીને બધાને ખુશ કરી દેતા. આ સર્જકની સર્જનહારને જરૂર હોય એમ ફકત પચીસ વર્ષની ભરજવાનીમાં કેન્સર થયું. એક આશાસ્પદ તેજસ્વી કવિએ ૭૦ જેટલી ગઝલોનું સર્જન કરી વસમી વિદાય લઈ લીધી.

નઝીર ભાતરીની ગઝલોની શૈલી બીજા સાથી શાયરોથી જુદી હતી એટલે કે વિશિષ્ટ હતી. એમની પાસે આ રીતે નોખી ભાત પાડે એવી વર્ણન શૈલી હતી અને ચાર ચાંદ લાગે એવું રચના કૌશલ હતું.

નઝીરે ગઝલના રંગને નખશિખ વફાદાર રહીને વિવિધ વિષયો પર ગઝલો લખી હતી. એમની એક પ્રખ્યાત ગઝલ પહેલાં માણીએ જેથી એમની પારદર્શી પ્રતિભાનો આપણને સંસ્પર્શ થઈ શકે. ગઝલ છે:

**અનુભવની મજા કોઈને કહેવામાં નથી હોતી**
**અસલ વસ્તુની ખૂબી એની છાયામાં નથી હોતી.**
**મેં બસ માની લીધું કે આપ નક્કી આવવાના છો**
**જે શક્તિ હોય છે શ્રદ્ધામાં, શંકામાં નથી હોતી.**
**હરીફાઈ બહુ સાંખી નથી શકતી સરસ વસ્તુ**
**સરળતા એટલે મારી કવિતામાં નથી હોતી.**
**જગત ટૂંકી કહે છે જિંદગીને એમ માનીને**
**જે એના ગમમાં વીતે છે ગણનામાં નથી હોતી.**
**સમીપ આવ્યા વિના શું માપશો મારી પ્રતિભાને**
**ચમક દરિયાના મોતીમાં છે દરિયામાં નથી હોતી.**
**'નઝીર' એવા વિચારે ફૂલ કરમાઈ ગયું આખર**
**જે ખુશ્બૂ હોય છે બીજામાં, એનામાં નથી હોતી.**

ગઝલ સર્જકના મનના ભાવની અભિવ્યક્તિનું સરળ અને સચોટ માધ્યમ છે. નઝીરની સરળતા અને શબ્દોની પસંદગીથી રવાનગી પ્રગટે છે. એમના ઘણાં શેર લોકોના હૈયે હોઠે રમતા હોય છે. આનું કારણ એ છે કે એનામાં ચિંતન છે અને કોઈ પ્રયત્ન વગર, આયાસ વગર બધું અનાયાસ આવ્યા કરે છે. કોઈની પ્રતિભાને જાણવી હોય તો તેના વિશે નજદીકીથી જાણવું જોઈએ. કોઈના વિશે ઉપરછલ્લા અભિપ્રાયો આપનારાઓ પર કટાક્ષ કરીને શાયર કહે છે કે કે પહેલાં મારી પ્રતિભાને જાણો કારણ કે ચમક તો મોતીમાં છે, દરિયાના પાણીમાં ચમક નથી હોતી. આ શેર ગુજરાતી ગઝલનો અનમોલ રત્ન છે. સાંભળતાની સાથે જ તરત જ દિલમાં વસી જાય એવો આ શેર નઝીરના કવિકર્મની ઉજ્જવળ બાજુ છે.

એમના કહેવતરૂપ બની ગયેલા શેરોમાં મુખ્ય છે, નીચેના શેરો:

**બાળકને એક-બેની રજૂઆત ના ગમે**
**તો એને મારા દુઃખના પ્રસંગો જણાવજો.**

* * *

**અંધશ્રદ્ધાનો ન એને દોષ દો**
**અંધને શ્રદ્ધા નહીં તો હોય શું?**

શ્રદ્ધા-અંધશ્રદ્ધાની વાતમાં વિચારની મૌલિકતા છે અને રજૂઆતની નોખી શૈલી છે. નઝીર પાસે શેરને ઊંચકવાની આવડત છે, શેરને પ્રભાવક બનાવવાની ખૂબી છે. અહીં વાત અંધની છે સાથે સમજણ વગરની શ્રદ્ધા એટલે અંધશ્રદ્ધાને શાયરે અડખે-પડખે મુકીને ચમત્કાર કર્યો છે. અહીં આખોનું હીર અલપાઈ ગયું છે એવા અંધની વાત છે અને જેઓ મનથી અંધ છે તેઓના પર કટાક્ષ છે. જેની સમજણ પર પટ્ટી લાગેલી હોય તે દેખતા હોવા છતાં અંધ હોય છે. આવા લોકોમાં શ્રદ્ધા ઓછી અને અંધશ્રદ્ધા વધારે હોય છે. આંખથી અંધ હોય તેને બીજામાં શ્રદ્ધા રાખવી પડે છે. જે કોઈ એમને રસ્તો ક્રોસ કરાવી આપે તેનામાં એને શ્રદ્ધા રાખવી પડે છે પણ એ અંધશ્રદ્ધા નથી.

નઝીર ૧૭ ઑગસ્ટ ૧૯૫૬માં કાયમી વિદાય લઈ લે છે. એમણે જે જમીનમાં ગઝલો લખી છે, જે રદીફ અને કાફિયા પ્રયોજયા છે એ જ જમીનમાં મરીઝ અને સૈફ પાલનપુરીની ગઝલો પ્રાપ્ત થઈ છે. આપણે થોડાંક ઉદાહરણ જોઈશું. મરીઝની ગઝલ 'ઈશારે ઈશારે'નો મત્લા અને નઝીરની આવી જ ગઝલનો મત્લા જોઈએ. પ્રથમ નઝીરનો મત્લા જોઈએ.

**કદમ હું ધરું છું મહોબ્બતના પંથે**
**હૃદયના અદીઠાં ઈશારે ઈશારે**
**સફળ એ રીતે થઈ ગયા પથદર્શક,**
**મળી જાણે મંઝિલ ઉતારે ઉતારે**

**જ્યારે મરીઝ સાહેબની, ગઝલની શરૂઆત આ રીતે થાય છે:**

**જીવનભરના તોફાન ખમી રહ્યો છું**
**ફકત એના મોઘમ ઈશારે ઈશારે**
**ગમે ત્યાં હું ડૂબું, ગમે ત્યાં હું નીકળું**
**છે મારી પ્રતીક્ષા કિનારે કિનારે**

બન્નેની ગઝલોના કાફિયા-રદીફની સમાનતા મહદ્અંશે એક સરખી છે. મરીઝની ગઝલમાં ૮ શેર છે તો નઝીરના સાત છે. નઝીર પણ નોખી રીતે સહારાની વાત કરે છે જેમ કે:

**થયો હો નિરાશાનો જેને અનુભવ,**
**વધી જાય છે એના જીવનનું ગૌરવ**
**ઝળકમય રહે છે સિતારાઓ પણ સૌ,**
**તિમિરમય ગગનના સહારે સહારે.**

મરીઝ સાહેબે 'કહ્યા વિના' રદીફ પર ૧૫ શેરની ગઝલ લખી છે. તેના કાફિયા અકારાન્ત છે. નઝીરે આ જ જમીન પર સાત શેરની ગઝલ લખી છે જેમાં કાફિયા અકારાન્ત છે અને રદીફ બન્નેના સરખા છે.

થોડાક શેર જેમાં કાફિયાનું સામ્ય છે તે શરૂઆતમાં માણીએ:

**મારા રૂદનથી એટલું શીખો ઓ દોસ્તો!**
**આવી જવાય કેમ સમયસર કહ્યા વિના**
**- નઝીર**

**ડંખે છે દિલને કેવી એક અક્ષર કહ્યા વિના**
**રહી જાય છે જે વાત સમય પર કહ્યા વિના**
**- મરીઝ**

**ઊર્મિઓના જગતમાં દશા એ જ છે 'નઝીર'**
**ઝરણું બની રહે છે ત્યાં સાગર કહ્યા વિના**
**- નઝીર**

**તોબાની શી જરૂર છે કે મસ્તીમાં, ઓ 'મરીઝ'**
**છૂટી પડે છે હાથથી સાગર કહ્યા વિના**
**- મરીઝ**

મરીઝ અને નઝીરની ગઝલોમાં આવું કાફિયા અને રદીફનું સામ્ય જોવા મળે છે તેના ઉદાહરણ સ્વરૂપે અકારાન્ત કાફિયામાં 'પણ ગયો' રદીફની વાત કરીએ જે આ પ્રમાણે છે:

**રહેતો હતો કદી કદી ઝુલ્ફોની છાંયમાં**
**મારા નસીબમાંથી એ અંધકાર પણ ગયો**
**- મરીઝ**

**આજે તો બદનસીબની શ્રદ્ધા જતી રહી**
**જાણે કે અંધ આંખનો અંધકાર પણ ગયો.**
**- નઝીર**

**એ પણ છે સત્ય એની ઉપર હક હવે નથી**
**એવુંય કંઈ નથી કે અધિકાર પણ ગયો**
**- મરીઝ**

**કંઈ એટલા સમયથી તમે યાદ છો મને**
**તમને ભૂલી જવાનો અધિકાર પણ ગયો**
**- નઝીર**

'હોવી જોઈએ' રદીફ પર મરીઝની ગઝલ છે તો નઝીરની પણ છે. જોઈએ બન્નેની રદીફ નિભાવવાની કુનેહ અને કસબ:

**હું ક્યાં કહું છું આપની 'હા' હોવી જોઈએ**
**પણ ના કહો છો એમાં વ્યથા હોવી જોઈએ**
**- મરીઝ**

**જીવનને કંઈક રીતે અમે માનતે જીવન**
**એવું તો શું કે એમાં વ્યથા હોવી જોઈએ**
**- નઝીર**

**એવી તો બેદિલથી મને માફ ના કરો**
**હું ખુદ કહી ઊઠું કે સજા હોવી જોઈએ**
**- મરીઝ**

**દુઃખ પણ 'નઝીર' મારા ગુનાહનો પ્રકાર છે**
**મારું સ્મરણ ગુનાહની સજા હોવી જોઈએ**
**- નઝીર**

સૈફ પાલનપુરી અને નઝીરની ગઝલના ફકત બે બે શેર ટાંકીને સમાપન કરું છું. રદીફ છે 'કોણ કરે?'

**શબ્દોની મુલાયમતાની પણ જળવાય નહીં જો મૌલિકતા**
**હૈયાની મુલાયમ વાતોનું શબ્દોમાં નિવેદન કોણ કરે?**
**- નઝીર**

છે હોઠ ઉપર એક સ્મિત સતત,
ને આંખ હસે છે 'સૈફ' સદા
દિલને તો ઘણાં દુઃખ કહેવા છે,
પણ દિલનું નિવેદન કોણ કરે?
મનમાંયે નથી ઉદ્ભવતું કે આમ થયું ને આમ નહીં
ચૂપ રહેવા ઈશારો છે એનો તો મૂક વિવેચન કોણ કરે? ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# જો એવા બોજ હેઠળ દબાઈ ન જઈએ તો....

કેન્સરમાંથી ઊભાં થઈને સામાન્ય જીવન જીવી રહેલાં વંદના શાંતુઇંદુ એટલા હળવાશભર્યા સ્વરે એમને બે વખત થયેલા કેન્સર અને એ પછી ભોગવેલી તકલીફો વિશે વાત કરે છે કે આપણને એમ લાગે કે એ જાણે બીજી કોઈ વ્યક્તિની વાત કરી રહ્યાં છે!

૦૦૦

વંદના શાંતુઈંદુને લોકો લેખિકા તરીકે ઓળખે છે. એમણે નવનીત, સમર્પણ, પરબ, શબ્દ સૃષ્ટિ, કુમાર અખંડ આનંદ, સમીપે, છાલક, પરિવેશ જેવાં ગુજરાતી સાહિત્યિક સામયિકોમાં કલમ ચલાવી છે તો 'દિલ્હી સાહિત્ય અકાદમી'ના સમકાલીન ભારતીય સાહિત્ય, સાક્ષાત્કાર, સાહિત્ય પરિક્રમા, પ્રેમચંદ સૃજનપીઠ, કથાદેશ વગેરે હિન્દી સામાયિકોમાં પણ સમયાંતરે એમની વાર્તાઓ પ્રકાશિત થતી રહે છે.

હિન્દી સામયિક 'કથાદેશ'ની અખિલ ભારતીય લઘુકથા સ્પર્ધામાં એમની 'ગંધ' લઘુકથાને દ્વિતીય પુરસ્કાર મળ્યો હતો. એમણે અનેક પુસ્તકો લખ્યા છે અને કાશ્મીરી લેખિકા ક્ષમા કૌલની હિન્દી નવલકથા 'દર્દપુર'નો ગુજરાતી અનુવાદ પણ કર્યો છે. કવિતાઓ અને બાળાસાહિત્યથી માંડીને નવલકથા સુધીનું એમણે ઘણું સર્જન કર્યું છે, પરંતુ આ લેખમાં મારે લેખિકા વંદના શાંતુઈંદુની વાત નથી કરવી, પણ જીવનરૂપી સંગ્રામમાં ઝઝૂમીને મોતને હાથતાળી આપીને પાછાં ફરનારાં અને સામાન્ય વ્યક્તિની જેમ જીવી રહેલાં જીવનને માણી રહેલાં વંદના ભટ્ટની પ્રેરક જીવનસફર વિશે વાત કરવી છે.

હું ૨૦૨૨માં પ્રથમ વખત એમને મળવા ગયો હતો. એ પણ રાતના બે વાગે!. એમના વકીલ પુત્ર અભિને મેં કોલ કર્યો અને સરપ્રાઈઝ આપવા રાતના બે વાગે જઈ ચડ્યો અને વહેલી સવાર સુધી અમે લોકોએ વાતો કરી. વંદનાબહેનના વકીલ ભાઈ હિતેન ભટ્ટ સાથે અંગત મિત્ર વિરલ રાચ્છને લીધે મળવાનું થયું હતું અને એ પછી 'ફેસબુક' ના માધ્યમથી વંદનાબહેન સંપર્કમાં આવ્યાં ત્યારે ખબર પડી કે અમે તો એક જ ગામના રસ્તાઓ પર રખડ્યાં છીએ, અમારા ગામ બહારથી પસાર થતી બિલેશ્વરી નદી અને ગામથી થોડે દૂર વહેતી અને ગામની સીમમાં બિલેશ્વરી નદી સાથે જોડાઈ જતી મીણસાર નદીમાં નાહ્યાં છીએ!

એ વખતે વંદનાબહેન, પતિ હિરેનભાઈ, પુત્ર અભિ અને પુત્રવધૂ આશકા સાથે અલકમલકની વાતો કરી. એમણે મને એક મોરપીંછ આપ્યું. અમારા ગામના છેલ્લા પ્રવાસ વખતે એ પીંછું સાથે લાવ્યાં હતાં.

વંદનાબહેનના પિતા ઇંદુભાઈ ભટ્ટ અમારા નાનકડા ગામમાં પ્રાથમિક શાળામાં આચાર્ય હતા અને માતા શાંતાબહેન ઠાકર શિક્ષિકા હતાં. મારાં મોટાં ભાઈ-બહેન એમની પાસે ભણ્યાં. વંદનાબહેન મજાકમાં કહે કે 'હું ગામમાં બધાંનાં ઘરે જતી. અમે સખપુર છોડીને બહાર નીકળી ગયાં ત્યારે તો તું ઘોડિયામાં રમતો હતો એટલે હું તને ઘોડિયામાં ઝુલાવવા આવતી જ હોઈશ અને કદાચ હાલરડાં પણ ગાયાં હશે!'



વંદના શાંતુઈંદુ

એ મુલાકાત વખતે એમને એવી વાત જાણવા મળી કે મને આંચકો લાગ્યો.વંદનાબહેન સાથે વહેલી સવાર સુધી વાતો થઈ એ પછી એમના વિશે લખવાનું વિચાર્યું હતું, પરંતુ કોઈ ને કોઈ કારણથી રહી જતું હતું. એમણે જીવનસફર દરમિયાન જે 'સફર' કર્યું એટલે કે સહન કર્યું એની વાત જાણવા જેવી છે. કોઈ વ્યક્તિ અત્યંત આઘાતજનક સ્થિતિમાંથી બહાર આવીને તેના વિશે હસતાં-હસતાં વાત કરી શકે એ પણ એક મોટી વાત છે.

વંદનાબહેન કહે છે કે 'હું પોઈન્ટ ઓફ નો રિટર્ન પરથી યુ-ટર્ન મારીને પાછી આવી છું.' આગળની વાત વંદનાબહેનના શબ્દોમાં જ વાચકો સામે મૂકું છું.........

'આમ તો દરેકની જિંદગીનો રસ્તો ઊબડ-ખાબડ જ હોય છે. સીધો સપાટ હોય તો એમાં મજા પણ શું? કાર્ડિયોગ્રામની રેખા ઊંચી-નીચી થતી હોય ત્યાં સુધી જ આશા છે અને આશા છે તો મજાનું જીવન છે. કાર્ડિયોગ્રામની રેખા સીધી થઈ જાય તો?જવાબ બધા જ જાણે જ છે, પણ ઊબડ-ખાબડ રસ્તા પર જ્યારે ટર્ન આવે, એ પણ યુ-ટર્ન! ત્યારે શું થાય? અને એ પણ... જિંદગી જ્યારે ઊબડ-ખાબડ રસ્તાને પાર કરીને ઉંમરના વનમાં હજુ પ્રવેશી જ હોય, જુવાનીની દોડધામથી હાંફી ગયેલી હજુ તો વિચારતી હોય કે હાશ, વનમાં જરા ટાઢક મળશે, ને ત્યાં જ જોરદાર યુ- ટર્ન! એક્સીલરેટર, બ્રેક, ક્લચ, ગિયર... કેટલાં પર ધ્યાન રાખવું? અને ભગવાન જ જ્યારે હાથમાંથી સ્ટિયરિંગ લઈ લેવા માગતો હોય ત્યારે? અન્યોનું તો નથી જાણતી, પણ મેં કહી દીધું, 'જો દોસ્ત, તારી મદદ તો જોઈએ છે જ, પણ મારી જીવનગાડીનું સ્ટિયરિંગ તો તને ન જ સોંપું, ભલે બધા કહેતા હોય કે તારા હાથમાં જ હોય છે, પણ મને માફ કર, દોસ્ત! મને જ સંભાળવા દે, જે થાય તે.' મેં અનુભવ્યું છે કે ભગવાનને પણ મારી વાત ગમી ગઈ, જાણે કહેતો હોય કે 'ઓ.કે. જરૂર પડે બોલાવજે' અને મેં અંગૂઠો ઊંચો કરીને 'ડન' કહી દીધું!'

જેમ સ્માર્ટ ફોનમાં અલગ-અલગ મોડ આવે છે તેમ આપણાં મગજમાં પણ બાય ડિફોલ્ટ એવા મોડ હોય જ છે. ક્યારે કયા મોડ પર રહેવું એ આવડી જાય તો જિંદગીનો જંગ જીતી જવાય છે. હું ફાઈટિંગ મોડ પર આવી ગઈ. મનમાં અટલજીની કવિતા ગુંજવા લાગી, હાર નહીં માનુંગી... ફાઈટ આપવાની હતી અને કોની સામે હું એ બરાબર જાણતી હતી. ફાઈટ હતી થર્ડ સ્ટેજમાં પહોંચી ગયેલ બ્રેન ટ્યુમર સામે! જે ઓપરેશન બાદ બાયોપ્સીથી જાણવામાં આવ્યું હતું કે કેન્સર હતું થર્ડ સ્ટેજનું. જિંદગીનો મધ્યાહન હજુ તો સહેજ અમથો પશ્ચિમમાં ઢળ્યો હતો. વનમાં પ્રવેશ કર્યે એક જ વરસ થયું હતું. વનની ટાઢક તો હજુ સ્પર્શી પણ ન હતી ને જીવને જોરદાર ઊંધી દિશામાં વળાંક લીધો, એ પણ પોઈન્ટ ઓફ નો રિટર્નથી!

શું ખબર કે હું રેડિયેશનની પ્રેમિકા હોઈશ! મારી સ્થિતિ તો પેલા ગીત જેવી હતી, 'ચાંદ કો ક્યા માલૂમ ચાહતા હૈ ઈસે કોઈ ચકોર...' રેડિયેશન નામનો ચકોર ચાહતો હશે મને! કંઈ ખબર જ ન પડી, ન કોઈ પ્રેમપત્ર કે ચિઠ્ઠી કે મેસેજ, ને સીધો એસિડ હુમલો જ! માનું છું કે આ ટ્યુમર રેડિયેશનનું મિત્ર હોવું જોઈએ... તેણે જ કીધું હશે કે જા દોસ્ત, પેલી ડાબોડીના મગજમાં ઘર બનાવ, આફૂડી દોડતી આવશે ને ભોળું ભટાક ટ્યુમર માની ગયું. ધીરે-ધીરે મારા જ કોષોને મારતું-ખાતું અને એમાંથી જ પોતાનો માળો બનાવતું નિશ્ચિંત થઈ વધતું રહ્યું. તે છેક પહેલી ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ માથું ઊંચક્યું. પહેલા જ હુમલે હું બેભાન થઈ ગઈ. મારા પતિ અને દીકરો સામે જ ઊભા હતા. સમજાયું નહીં કે શું થયું? બધા લાગી ગયા દોડાદોડીમાં. ડોક્ટર્સ, વિવિધ ટેસ્ટ, રિપોર્ટ્સ. જાણે વનમાં દવ ફાટી નીકળ્યો હતો. સ્વજનો સાથે હું પણ સ્તબ્ધ!

એ સ્થિતિનું વર્ણન હું આ શબ્દોમાં કરી શકું: 'ન શાંત હતા, ન તોફાની તોયે શ્વાસ મારાએ, કર્યા'તા શ્વાસ અધ્ધર સ્વજનોના ને પગ પાણીપાણી.

મોટી બહેન-બનેવી, નાની બહેન, ફોઈની છોકરી, ભાઈ-ભાભી-ભત્રીજો, મિત્રો અને પતિ અને પુત્ર તો હોય જ. બધાં જાણે કે ચકડોળમાં બેઠાં હતાં, જે ચકડોળ ઊભા રહેવાનુ નામ ન'તું લેતું. પગ તળેથી જમીન સરકી ગઈ હતી ને બધાં દોડતાં હતાં મારા માટે. ને હું સ્થિર હોસ્પિટલની પથારીએ. એક માણસ પંચોતેર વર્ષની ઉંમરે રોજ સિત્તેર કિલોમીટરની આવન-જાવન કરે, મારે માથે હાથ મૂકે અને ઊભા રહે મૌન. એ હતા મારા બાપજી (પાદરના રણું મંદિરના મહંત, એ પોતે સાહિત્યના જ્ઞાતા). બધાં જ મારી લડાઈમાં મારી સાથે હતાં. કોણ કહે છે કે પરિવાર તૂટી રહ્યા છે? ખરા સમયે એ લોકો જ સાથે હોય છે.અટ્ટહાસ્ય કરતો બ્રેન ટ્યુમરનો રાક્ષસ વડોદરાના બાહોશ ન્યૂરો સર્જન ડો. યશોષ દલાલની કુનેહ અને કાળજીભર્યા ઓપરેશનથી પટી ગ્યો-પતી ગયો. અડધો જંગ જીત્યો હતો, રેડિયેશનના રાઉન્ડ્સ બાકી હતા.

કહેવાય છે તો એવું કે દુશ્મનને ઊગતો ડામવો સારો. પણ મને તો એ મોકો જ ન મળ્યો. કદાચ ઓચિંતા થયેલા હુમલાથી જ મારુ મન લલકારી ઊઠ્યું હશે કે 'હાર નહીં માનુંગી.' બાકી જાતની અંદર બેસેલા દુશ્મન સામે લડવું અઘરું છે, હોં. એમાંય મારું કેન્સર જમણી બાજુના મગજમાં, નાના મગજની નજીક સંવેદન કેન્દ્રો આસપાસ અડ્ડો જમાવી બેઠું હતું ને હું સ્થિતપ્રજ્ઞ હતી કે પથ્થર થઈ ગઈ હતી, સમજાતું ન હતું; કેમ કે, પહેલા હુમલાથી લઈને આજ સુધી બી.પી. પલ્સ ક્યારેય વધઘટ નથી થયાં.

કંઈક ઠીક નથી થઈ રહ્યું તેનો પહેલો અણસાર મને મારા મને આપ્યો હતો. નવરાત્રીના દિવસો હતાં. હું સવારથી ગાતી હતી, 'માડી તારું કંકુ ખર્યુ ને સુરજ ઉગિયો...' ને ઊંચે ચડેલા સૂરજ સાથે મને પણ ઉચાટ અનુભવ્યો, કાંઈ ગમતું નથી એવી લાગણી અનુભવી!

વાત હજી થોડી બાકી છે. આવતા રવિવારે પૂરી કરીએ... ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# 'આળસ' છે તો 'માણસ' છે... જીવનનું સુંવાળું સૂત્ર

**ટાઇટલ્સ:**
**જીવન એટલે સખત મહેનત કે સતત આરામ? (છેલવાણી)**

એક સંશોધન પ્રમાણે- 'આળસુ લોકો ઓર્ડીનરી ઈન્સાન નથી હોતા, બલ્કિ મહેનતકશ મૂર્ખાઓ કરતાં વધુ ચાલાક દિમાગના હોય છે.'

અમારો એક મિત્ર એના ડ્રાઈવરને હંમેશા કહેતો, 'કારને સ્પીડ-બ્રેકર પર ઉછાળીને ચલાવ, જેથી કરીને હાથમાં પકડેલી સિગરેટને ઝટકો લાગે ને એની રાખ આપોઆપ પડી જાય!'

જોયું? એક આળસુ કેટલો ક્રિએટીવ હોય છે!


જો તમને આખો દિવસ કંઈ જ કરવાનું નથી ગમતું ને બસ, સોફા પર પડી રહેવાનું ગમે છે તો નો પ્રોબ્લેમ!

હમણાં 'યુનિવર્સિટી ઓફ કેન્સાસ'ના સંશોધકોના એક અભ્યાસ મુજબ, 'જો આપણે મનુષ્યો આપણી ઊર્જાનો વધારે પડતો ઉપયોગ કરીશું તો આપણી માનવી પ્રજાતિઓની લુપ્ત થવાની શક્યતાઓ વધી જશે!'

ટૂંકમાં, આળસ જ માણસને ધરતી પર ટકી રહેવામાં કે વિકાસમાં મદદ કરી શકે એમ છે.

સંશોધકોએ આશરે ૫૦ લાખ વર્ષના સમયગાળાની ૨૯૯ પ્રજાતિઓમાંનાં ફેરફારોનું વિશ્લેષણ કર્યું ત્યારે જાણવા મળ્યું કે- 'જીવનમાં વધારે પડતું કામ કરવાથી પ્રજાતિઓમાં લુપ્ત થવાની સંભાવના વધી જાય છે....ગત ૫ લાખ વર્ષમાં, મહેનતુ મોલસ્ક પ્રજાતિઓ લુપ્ત થઇ ગઇ હતી, જે કયારેક વધુ ઉત્ક્રાંતિનો દર ધરાવતી હતી!' એમાંથી જે થોડા બચી ગયા એ બધા આળસુ હતા ને એમનો ઉત્ક્રાંતિનો દર ઓછો હતો. એટલે મહેનત કરતાં લોકો કરતાં, જે વધારે આળસુ હોય છે એવી પ્રજાઓ ધરતી પરથી ઝટ લુપ્ત થતી નથી... તો વૈજ્ઞાનિકોએ કીધું છે તો પછી જલસા જ કરોને?

અમારા મિત્રએ રોકાણ કરવા મોટી જમીન ખરીદી તો અમે જગ્યા જોઈને કહ્યું: 'અહીં મોટો બંગલો બનાવને?' તો એણે કહ્યું, 'હું જે ફ્લેટમાં રહું છું એમાં કોઈ ડોરબેલ વગાડે એટલે તો મારી બિલાડી દરવાજે પહેલાં પહોંચી જાય! હું, મારી પત્ની ને મારો દીકરો એકબીજાને જોતાં બેસી રહીએ કે-'બારણું ખોલવા જશે કોણ?' હવે જે ઘરમાં એક બારણું ખોલવા કોઇનાથી ઊભા નથી થવાતું એવા અમે મોટામસ બંગલામાં કરશું શું?'



**ઇન્ટરવલ:**
**આંખો હી આંખો મેં ઈશારા હો ગયા,**
**બૈઠે બૈઠે જીને કા સહારા હો ગયા.**
**(જાંનિસાર અખ્તર)**

એક વાર સ્કૂલમાં ટીચરે વિદ્યાર્થીઓને 'આળસનાં પરિણામો' પર નિબંધ લખવા આપ્યો. ભોળાં ટીચરને એમ કે બાળકો ગુજરાતી ભાષાની અમર રચનાઓ લખી નાખશે. બીજા દિવસે એક છોકરાના હાથમાં ચાર પાનાંનો નિબંધ જોઈ ટીચર તો ખુશ! પણ જ્યારે શિક્ષકે નિબંધ સાંભળ્યો ત્યારે છોકરા પાસે અંગૂઠા પકડાવ્યા , કારણ કે 'આળસનાં પરિણામો' નિબંધમાં, છોકરાએ ચારેચાર પાનાં કોરા મૂકેલા ને અંતમાં લખેલુ :

'આવા વાહિયાત વિષય પર લખવામાં આળસ આવે છે!'

એકચ્યુઅલી, આળસુઓને વગોવીને નગુણી દુનિયા એમને અન્યાય કરે છે. હકીકતમાં આળસુઓ જ મૌલિક વિચારવંત હોય છે. નોકરીએ ના જવું હોય કે હોમવર્ક ના કરવું હોય તો તરત બહાનાં કાઢી શકે કે 'મારા કાકા ગુજરી ગયા છે!' વગેરે..અર્થાત્ 'મરવાનું તો સૌએ છે જ તો પછી મારો કાકો જ પહેલાં કેમ ન મરે?'- એવું માત્ર આધ્યાત્મિક આળસુ આત્માઓ જ વિચારી કે સ્વીકારી શકે!

આમ તો જો માણસ, પલંગ પર સૂતા સૂતા આખું બ્રહ્માંડ અનુભવી શકે એ જ સાચો ફિલોસોફર છે, કારણ કે આપણે હૉસ્પિટલની પથારીમાં સૂતા-સૂતા જનમીએ છીએ અને મર્યા પછી પણ ઠાઠડીમાં સૂતા-સૂતા જ પાછા જવાની આપણી નિયતિ હોય તો વચ્ચે ખોટી મહેનત શા માટે કરવી? ભગવાન પણ આપણને માનાં ગર્ભમાં ટૂંટિયુંવાળીને સૂવડાવીને જ મોકલે છે ને? તો સર્જનહારને પડકારનાર આપણે કોણ? આળસ કે પ્રમાદ એ જ માણસની સાચી પ્રકૃતિ છે, બાકી બધી વિકૃતિ- કારણ કે જે મજા આળસની અંગડાઈમાં છે, એવી બીજા કોઈ નૃત્યની મુદ્રામાં નથી.

રહસ્ય-લેખિકા અગાથા ક્રિસ્ટીએ કહેલું: 'વિજ્ઞાનનાં જેટલાં આવિષ્કારો થયાં છે એ બધાં માણસને આરામ આપવા માટે થયાં છે.' આ વિચારને પડકારવાનુ અમને આળસ આવે છે, પણ જરા વિચારો, ચાલવાની આળસને કારણે માણસે પૈડાંની શોધ કરી, મનોરંજન માટે બહાર નહીં જવું પડે એટલે ટી.વી.ની શોધ કરી, મેસેજની આપ-લેમાં વાર નહીં લાગે એટલે ઈન્ટરનેટની શોધ કરી અને રહી રહીને ગૃહિણીઓએ ખાવાનું ન બનાવવું પડે એટલે ખાવાનું મંગાવાની 'ફૂડ-એપ'ની શોધ કરી.

આ સ્ટુપિડ સંસારમાં આળસ ક્યાં નથી? આજકાલ મોબાઈલમાં મેસેજ લખવામાં 'જય શ્રી કૃષ્ણ'-ને બદલે 'જે.એસ.કે' અને 'ગુડ મોર્નિંગ' ને બદલે 'જી.એમ.' લખવામાં એક વિચિત્ર 'આળસાત્મક' મજા લે છે. ઠીક છે હવે, તબિયતમાં ફિટ રહેવા માટે આળસથી બચવું ને કસરત કરવી, વગેરે સારા ઉપાયો હશે. પણ આળસ અને સુસ્તી એ અમારી 'માણસજાતની ઉત્ક્રાંતિની કે એને ટકાવી રાખવાની' લાંબા ગાળાની વ્યૂહ-રચના છે! (મળો યા લખો: કેન્સાસ યુનિવર્સિટી.) એટલે કે અમે માત્ર અમારા માટે જ નહીં, પણ આવનારી દુનિયાના ભાવિ માટે આળસુ રહેવા માંગીએ છીએ, ઓકે?

જે લોકો દુશ્મની નથી કરી શકતા એ સામેનાની ઇર્ષ્યા કરે છે તો આ જલન પણ દુશ્મની ન કરનારની આળસ જ છેને? ટીકા, વળી શું છે? પોતે કાંઈ ન કરી શકતા માણસની આળસ એટલે ટીકા કે કે નિંદા. અરે, યુગોથી ઈશ્વર જેવાં ઈશ્વરને ય ગરીબોની, પીડિતોની શોષિતોની મદદ કરવામાં આળસ આવે છે તો અમે કેમ આળસુ ન બનીએ? એકચ્યુઅલી, સમગ્ર સૃષ્ટિ જ આળસ કરવા માટે સર્જાઈ છે.

...તો 'આરામ જ સત્ય છે બાકી બધું તો'જવા દો, આગળ લખવાની ય આળસ આવે છે!

**એંડ-ટાઇટલ્સ:**
**ઈવ: હાઇટ કેટલી છે?**
**આદમ: માપવા ઊભું જ કોણ થયું છે?** ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

## ભાષામાં સ્ત્રી-વિરોધીતાઃ

# ત્રિયા- નાર- બૈરું- ઔરત- બાઈ ને લુગાઈ

ગુજરાતી સમાજમાં મહિલાનું સ્થાન શું હતું, એ આપણી કહેવતોમાં ઉજાગર થાય છે : ગઈકાલે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' ઉજવાઈ ગયો. તે નિમિત્તે થોડા આમ તેમ વિચારો, જેમકે સ્ત્રી પુરુષ પ્રધાન સામાજિક વ્યવસ્થાની શિકાર છે. એટલું જ નહીં, તે ભાષાની પણ શિકાર બની છે. ભાષાએ પણ સ્ત્રીને ઘણો અન્યાય કર્યો છે. ખુદ 'સ્ત્રી' શબ્દમાં પણ એક પ્રકારની નકારાત્મકતા આવી ગઈ છે.

સંસ્કૃતમાં મહિલા માટે 'સ્ત્રી' અને 'ત્રિયા' બંને શબ્દ છે. આપણી લોકબોલીમાં ત્રિયા વપરાય છે. આમાં સંસ્કૃત શ્લોક 'ત્રિયા ચરિત્રમ..'ની ભૂમિકા મોટી છે, કારણ કે સ્ત્રીથી બનેલી ત્રિયામાં નારી ક્રિયાકલાપનો નકારાત્મક પ્રશ્ન ઉજાગર થાય છે. ત્રિયા ચરિતર, ત્રિયા હઠ જેવા શબ્દોમાં આ સ્પષ્ટ ઊપસી આવે છે.

દીકરી અને ગાય દોરે ત્યાં જાય.

દીકરી સાપનો ભારો, દીકરી અને ઉકરડાને વધતાં વાર કેટલી. સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ.. લાડી અને પાડીના  નિવડ્યે વખાણ, મળે ચાર ચોટલા તો ભાંગે ઓટલા, ધોકે નાર પાંસરી ધોકે ડોબું દોહવા દે અને ધોકે જાર પાંસરી,  વગેરે.

આપણી ગુજરાતી ગાળો પણ સ્ત્રીલક્ષી છે. સ્ત્રી શબ્દના મૂળમાં સંસ્કૃત સત્યૈ ધાતુ છે. આ સમૂહવાચી શબ્દ છે, જેમાં ઘણુંબધું, સંચય, ઘનીભૂત, સ્થૂળ વગેરે ભાવ છે. એમાં કોમળ, મૃદુ, સ્નિગ્ધ વગેરે ભાવ પણ છે. સ્ત્રી માનવજીવન ધારણ કરે છે. એનો સંચય કરે છે. નર અને નારીમાંથી માત્ર નારીમાં જ એ કોષ છે જ્યાં જીવનનું સૃજન થાય છે. 'કોખ' શબ્દ આ કોશ પરથી આવે છે. ગર્ભમાં સૃષ્ટિ સૃજનનું સ્વરૂપ સ્નિગ્ધ, મૃદુ અને કોમળ હોય છે.

'સત્યૈ' પરથી બનેલા સ્ત્રી શબ્દમાં પણ બધા જ ભાવ છે. કેટલાક ભાષાશાસ્ત્રીઓ ઋગ્વેદકાલીન આર્યો અને ફિનિશિયનો (હાલના લેબેનોન, સીરિયા અને ઉત્તરીય ઈઝરાયલના સમુદ્ર કાંઠે આવેલી પૌરાણિક સંસ્કૃતિ) વચ્ચે ભાષા-સામાજિક સંબંધ જોડે છે ને કહે છે કે ફિનિશિયનોની પ્રમુખ દેવી ઈશ્તરનો સંબંધ સંસ્કૃત સ્ત્રી સાથે છે.

જોકે, આનું કોઈ પ્રમાણ નથી, પરંતુ ઈશ્તરનું ભારતીય દેવીઓ સાથે સામ્ય જરૂર છે. દેવી દુર્ગાની જેમ એનું વાહન પણ સિંહ છે. ઈશ્તર શૌર્ય, યુદ્ધ અને કામની દેવી છે. દેવી લક્ષ્મીની જેમ એની સાથે પણ ઉલક અથવા ઉલ્લુ નજરે ચઢે છે.

સ્ત્રી માટેનો સર્વાધિક પ્રચલિત શબ્દ

'મહિલા' સંસ્કૃત મહ ધાતુ પરથી આવે છે. મહિલા શબ્દ સકારાત્મક છે, કારણ કે મહ ધાતુમાં મહિમાનો ભાવ છે. મહિલા શબ્દ એ પુરાણકાલીન સમાજનો શબ્દ છે, જ્યારે આપણે માતૃસત્તાત્મક વ્યવસ્થા અમલમાં હતી. આ એક એવી વ્યવસ્થા હતી, જેમાં મહિલાઓ બહુપતિત્વનું આચરણ કરતી હતી, લગ્નવ્યવસ્થા ન હતી, યૌન ક્રિયા સંબંધોની મર્યાદામાં ન હતી અને સમાજમાં પુરુષ કરતાં સ્ત્રીને શ્રેષ્ઠ માનવામાં આવતી હતી. મહાનતા, મહાન, મહા, મયત્તર જેવા પ્રધાનતા સ્થાપિત કરતા શબ્દો મહ ધાતુ પરથી આવ્યા છે અને મહિલા પણ અહીંથી જ આવે છે. મહિલા શબ્દમાં સન્માન અને મહત્તાનો ભાવ છે.

હિન્દી ભાષાના 'આપ્ટે કોશ'માં મહિલાનો અર્થ વિલાસિની, મદમત્ત સ્ત્રી અપાયો છે. એ ત્યારની માતૃસત્તાક વ્યવસ્થાનું પ્રતીક છે, જ્યાં સ્ત્રી એના યૌન સંબંધ ખુદ નક્કી કરતી હતી. એ કાળમાં સમાજ નાનાં નાનાં જૂથોમાં વહેંચાયેલો હતો. અને એની સરદાર મહિલા રહેતી હતી. ત્યારે સંબંધોની વ્યવસ્થા ન હતી અને પોતાના કબીલાને વિસ્તૃત કરવા સ્ત્રી એકથી વધુ પુરુષો સાથે રહેતી હતી. સમયાંતરે વધુ સામાજિક શક્તિ પ્રાપ્ત કરી ચૂકેલા પુરુષોને કદાચ આ માતૃસત્તાક વ્યવસ્થા ખૂંચતી હશે એટલે આપણા મનીષીઓએ મહિલા શબ્દને વિલાસીનતા સાથે જોડયો હશે.



મહિલા શબ્દ પુરુષના ડરનું પ્રતીક છે. કેટલાક બબૂચકો મહિલા શબ્દનો અર્થ મહેલમાં રહેતી હોય એવો કરે છે. મહેલ ઉર્દૂ શબ્દ છે. પરંતુ ઉર્દૂમાં મહિલા શબ્દ ક્યાંય નથી. લોકબોલીનો બીજો એક શબ્દ છે લુગાઈ, જે હિન્દી, રાજસ્થાની, અવધી અને ભોજપુરીમાં પ્રચલિત છે. સામાન્ય રીતે પત્નીને લુગાઈ કહે છે, પરંતુ મૂળ અર્થમાં એ સ્ત્રી, ઔરત, નારી માટે જ વપરાતો હતો.

'લોકો'નું સ્ત્રીવાચક એટલે લુગાઈ. લોક (હિન્દીમાં લોગ) પુલ્લિંગ છે. હિન્દી લોગ સંસ્કૃત લોક પરથી આવ્યો છે, જેનો મતલબ છે નજર નાખવી, જોવું અથવા પ્રત્યક્ષ જ્ઞાન મેળવવું. (અંગ્રેજી લૂક આ લોક પરથી આવે છે) એટલે લોકનો મતલબ દુનિયા, સંસાર.

લોક એટલે મનુષ્ય સંસાર. પુલ્લિંગ હોવા છતાં લોક શબ્દમાં સ્ત્રી-પુરુષનો ભેદ નથી, પરંતુ લોકભાષાઓ સૂક્ષ્મ અભિવ્યક્તિ માટે નવા નવા શબ્દો રચતી રહે છે એટલે લોગનું સ્ત્રીવાચક લુગાઈ આવ્યું. હવે જો સ્ત્રી-પુરુષ બંનેનો ઉલ્લેખ કરવો હોય તો હિન્દીમાં લોગ-લુગાઈ શબ્દ પણ છે.

નરનું સ્ત્રીવાચક નારી છે, એવી પ્રચલિત માન્યતા ખોટી છે. સંસ્કૃત ધાતુ નૃનો અર્થ માનવ અને મનુષ્ય થાય છે. નૃમાં સ્ત્રી - પુરુષનો ભેદ નથી. નૃમાં જ સિંહ, પાલ અથવા પતિ જેવા શબ્દોની સંધિથી નૃસિંહ, નૃપાલ અને નૃપતિ જેવા શબ્દો બને છે. આ ત્રણેયનો અર્થ પ્રભુ, રાજા અથવા અધિપતિ થાય છે. નૃપશુનો અર્થ નરપશુ થાય છે. એમાંથી બનેલા નર પશુમાં પુરુષના પશુત્વનો આભાસ થાય છે તે ગલત છે. સ્ત્રીને પણ નરપશુની ઉપમા આપી શકાય છે. આ તર્ક પ્રમાણે નૃમેઘ એટલે મનુષ્યો માટે કરવામાં આવતો યજ્ઞ.

સ્ત્રી માટે ઔરત શબ્દ વપરાય છે, જેને નારીવાદી લોકો અપમાનજનક માને છે. ગુજરાતીમાં આપણે ત્યાં 'બૈરું' શબ્દ પણ અપમાનજનક છે. એવું મનાય છે કે પુરુષ સાથે જીસ્માની સંબંધો બાંધી ચૂકેલી સ્ત્રી માટે ઔરત શબ્દ વપરાય છે.

ઔરત મૂળ ફારસી અરબી શબ્દ છે. અરબીમાં એનો બીજો શબ્દ ઔરાહ છે, જેનો મતલબ થાય છે ગુપ્તાંગને ઢાંકવું..ઈસ્લામી નજરથી ઔરાહ માત્ર સ્ત્રી માટે નથી, કારણ કે ગુપ્તાંગ ઢાંકવાની ક્રિયામાં પુરુષનો પણ સમાવેશ થાય છે. ઔરત શબ્દ પુરુષોની ઈજાદ છે. 'બાઈ' શબ્દ સન્માનજનક છે. મરાઠીમાં પત્નીને 'બાઈકો'  કહે છે, જે અંગ્રેજી વાઈફ સાથે મળતો આવે છે. ઉત્તર ભારતમાં બાઈને હીન મનાય છે, પરંતુ માળવીમાં મોટી બહેનને બાઈ કહે છે. મરાઠીમાં ભાભીને 'વહિની' કહે છે, જે ભગિની પરથી આવે છે. મરાઠીમાં મહિલા શિક્ષકને પણ બાઈ કહે છે. આપણે ગુજરાતીઓએ આ બાઈમાંથી બૈરું બનાવી દીધું. સાફસફાઈનું કામ કરે એને આપણે બાઈ કહીએ છીએ, પરંતુ નોકરાણી ફારસી શબ્દ છે. નોકર અથવા નોકરી ફારસી શબ્દ છે.એમાં આ પ્રત્યયથી નોકરાણી બને છે. એક શબ્દ મહેતરાણી પણ છે, અર્થ થાય છે 'જે હલકું' કામ કરતી હોય તે.' રાણી શબ્દ રાજી પરથી આવે છે. રાજા પણ ત્યાંથી જ આવે છે. રાજાની પત્ની એટલે રાણી, રાજરાણી. ઠકુરાઈન પણ રાણી પરથી આવે છે.

સ્ત્રીઓનાં નામ પણ અપમાનજનક હોય છે. 'અનસૂયા' એટલે સમાગમ માટે યોગ્ય એવો અર્થ ચંદ્રકાન્ત બક્ષીએ આપ્યો છે. 'અરુંધતી' એટલે જે માર્ગ રૂંધે નહીં તેવી. મતલબ કે કામક્રીડામાં સહકાર આપે તેવી. 'સાલી' શબ્દ  અપમાનજનક છે. સુધીર મિશ્રાની 'યે સાલી જિંદગી'માં સેન્સરે વાંધો ઉઠાવ્યો હતો, દિલીપકુમારની ફિલ્મ '  સાગીનો માહતો ' (૧૯૭૦) ના એક ગીત 'સાલા મેં તો સાહબ બન ગયા' સામે કોઈને વાંધો ન હતો.! ■

---

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# ઈન્વેસ્ટમેન્ટ જગતમાં વધુ સફળ બની શકે મહિલા

## મહિલાઓનો મૂળભૂત સ્વભાવ રોકાણ ક્ષેત્રે એમને વધુ સક્ષમ બનાવે છે

ઈન્વેસ્ટમેન્ટ- મૂડીરોકાણ હવે માત્ર પુરુષોનો ઈજારો રહ્યો નથી. મહિલાઓ આ ક્ષેત્રે પણ વધુ સફળ અને શિસ્તબધ્ધ સાબિત થઈ રહી છે. બચત અને રોકાણનું મહત્ત્વ મહિલાઓ નવા પરિપ્રેક્ષ્યમાં વધુ બહેતર રીતે સમજતી થઈ છે. આના કારણ- પરિબળ સમજવા જોઈએ.

શેરબજાર હોય, મ્યુચ્યુઅલ ફંડ હોય કે અન્ય ઈન્વેસ્ટમેન્ટ માર્ગ હોય, એક હકીકત સ્પષ્ટ છે કે મહિલાઓ કરતાં પુરુષો વધુ ખોટના ખાડામાં પડે છે અને મહિલાઓ વધુ હોશિયાર ઈન્વેસ્ટર સાબિત થાય છે. સામાન્ય અને સાઈકોલોજિકલ કારણો જાહેર છે. પુરુષોમાં લાલસાવૃત્તિ વધુ હોય છે, સટ્ટાકીય માનસિકતા વધુ હોય છે તેમ જ ઉતાવળ પણ ભરપુર કરે છે, જેની સામે મહિલાઓમાં લાલસા ઓછી, ભય વધુ હોવાથી એ વધુ કાળજી સાથે રોકાણ કરે છે અને ધીરજ પણ વધુ રાખે છે.

જોકે શેરબજારમાં મહિલાઓની સક્રિયતા ઓછી હોવાથી એમની આ માર્ગે તુલના ઓછી થઈ શકે છે. બાકી સલામત રોકાણમાં મહિલા વધુ શિસ્તબધ્ધ અને સ્માર્ટ સાબિત થઈ છે-થાય છે, જે એના મૂળભૂત સ્વભાવને આભારી છે.

દેશની અગ્રણી રેટિંગ એજન્સી અને રિસર્ચ કંપની 'ક્રિસિલ' તેમ જ 'એમ્ફી' (એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડસ ઓફ ઈન્ડિયા) ના સંયુકત અભ્યાસ મુજબ મહિલા રોકાણકારોએ મ્યુચ્યુઅલ ફંડસની યોજનાઓમાં કરેલું રોકાણ વધુ સમય જાળવી રાખવાનો અભિગમ અપનાવ્યો હોવાનું નોંધાયું છે, જેને પરિણામે મહિલાઓને એનું  વળતર પણ બહેતર મળ્યું છે. ૨૦૧૯ થી ૨૦૨૪ના સમયગાળાના આ અભ્યાસ પ્રમાણે ફંડસની યોજનાઓમાં રોકાણ બાદ મહિલાઓનો હોલ્ડિંગ ગાળો વધતો રહયો છે, જેની સામે પુરુષોનો ઘટતો રહયો છે, જે પુરુષોનો ચંચળ અથવા ઉતાવળો સ્વભાવ દર્શાવે છે, જયારે મહિલાઓની ધીરજનો સ્વભાવ દર્શાવે છે.

'એમ્ફી' માને છે કે મહિલા રોકાણકારોમાં શિસ્તનું પ્રમાણ બહેતર રહયું છે. એને લીધે સંપત્તિસર્જનમાં એ સારી સફળતા પ્રાપ્ત કરવા સક્ષમ બને છે.

એક રસપ્રદ તારણ મુજબ ૨૦૧૯થી ૨૦૨૪ માં પુરુષોના માત્ર ૬ ટકા સામે મહિલાઓના પોર્ટફોલિયોમાં ૨૪ ટકા જેવો નોંધનીય વધારો થયો છે, જેને એક ઉલ્લેખનીય પરિવર્તન કહી શકાય. નોકરી કે બિઝનેસ કરતી સ્વનિર્ભર મહિલાઓમાં બચત અને રોકાણનું મહત્ત્વ સતત વધી રહયું છે. એ પોતાના પરિવાર સહિત જાત માટે પણ બચત પર વધુ ધ્યાન આપી રહી છે, જેથી ભવિષ્યમાં એની સામે કુટુંબ કલેશ-ડિવોર્સ જેવી કોઈ અણધારી આફત આવે તો તે સ્વનિર્ભર રહીને ટકી શકે.

આજની મહિલાઓમાં સોનાનું આકર્ષણ માત્ર ઘરેણા પૂરતું રહેતું નથી. એ આને ઈન્વેસ્ટમેન્ટ તરીકે પણ ગણે છે. મહિલાઓ સલામત બચત સાધનો તરફ પણ વધુ ધ્યાન આપે છે.

### આંધળા જોખમથી દૂર...

શેરબજારમાં રોકાણ કરતી મહિલા શોર્ટ ટર્મ અભિગમ રાખતી નથી, એની પાસે આ માટે સમય પણ નથી અને પર્યાપ્ત સમજ પણ નથી હોતી, જેથી લોંગ ટર્મ આડકતરી રીતે એનો ગુણ બની જાય છે. જે ન સમજાય તેમાં કૂદી પડવાની આદત મહિલા વર્ગમાં ઓછી હોય છે અથવા કહો કે તે આંધળા જોખમ વધુ લેતી નથી. આ ગુણ પણ એને સહાયરૂપ થાય છે. જોકે




ઘણાં સમૃધ્ધ લોકો પરિવારની મહિલાઓના નામે નોંધપાત્ર રોકાણ કરતા રહે છે, જેને કારણે પણ મહિલાઓનો હિસ્સો વધી રહયો છે.

અલબત્ત, એક મહત્ત્વની વાત એ પણ નોંધવી રહી કે મહિલાઓનો વર્કફોર્સ સતત વધી રહયો છે. ૨૦૧૭-૧૮માં એ ૨૩ ટકા હતો તે ૨૦૨૩-૨૪માં વધીને ૪૧ ટકા જેટલો થયો છે, આ વર્ગની આવકનો પ્રવાહ પણ બચત-રોકાણ તરફ વળતો રહે છે.

### પારિવારિક વિવાદોનું કારણ પણ જવાબદાર...

ભારતીય સમાજમાં છેલ્લા કેટલાંક વરસોથી જે પારિવારિક વિવાદોની ઘટનાઓ વધતી જાય છે તેને ધ્યાનમાં રાખીને મહિલાઓ સેવિંગ પ્રત્યે સજાગ બનતી જાય છે.

પતિના હાથમાં પોતાનો પગાર પૂરો આપી દેવાને સ્થાને મહિલા પોતાની માટે પણ અલગ રકમ રાખતી થઈ છે. માત્ર પરિવાર પાછળ એની આવકના બધાં જ નાણાં ખર્ચી નાંખતી સ્ત્રીઓ હવે સ્વહિતમાં સતર્ક બની રહી છે. સંજોગો પણ એને આ દિશામાં લઈ જાય છે. સ્વનિર્ભરતા એની માટે હવે સૌથી મોટો સંવેદનશીલ મુદ્દો બન્યો છે.

જોકે મોટાભાગની મહિલાના ફાઈનાન્સિયલ ગોલ્સમાં પોતાની નિવૃત્તિ અને સંતાનોના શિક્ષણ પ્રાયોરિટીમાં રહે છે. ૩૫ થી નાની વયની મહિલાના ઉદેશોમાં વધુ નાણાં સર્જનનો ઉદ્દેશ પ્રથમ હોય છે. ઈન્વેસ્ટમેન્ટ તેમ જ ફાઈનાન્સિયલ પ્લાનિંગના વિષયમાં હવે મહિલાઓના માઈન્ડસેટ બદલાતા રહયા છે. એમનું લક્ષ્ય વધુ ને વધુ સ્વનિર્ભર બનતા જવાનું છે. પૈસા બચાવવા સાથે મનીનું મેનેજમેન્ટ કરવામાં એમનો રસ વધી રહયો છે.

### યોગ્ય ચકાસણી ને વિશ્વાસ જરૂરી...

મહિલાઓમાં નાણાંકીય બાબત વિશે જિજ્ઞાસા વધી રહી છે, કમસે કમ દરેકને પરિવારની નાણાંકીય સ્થિતિની પાયાની સમજણ તો હોવી જ જોઈએ એવું એ માનતી થઈ છે.

નાણાકીય જગતમાં મહિલાઓએ ચોકકસ પ્રકારના કરવા જેવી અને ન કરવા જેવી વાત સમજી લેવી જોઈએ. એમને સવાલો થવા જોઈએ, તેના જવાબો મેળવવા જોઈએ. ન સમજાય તો ફરી પુછાય, પણ પૂછવામાં સંકોચ ન કરાય. મહિલાઓ વિશ્વાસ કરવામાં બહુ ઝડપી હોય છે. એ સ્વભાવથી ઈમોશનલ વધુ હોવાથી તરત બીજા પર ટ્રસ્ટ કરી લે છે.  ટ્રસ્ટ ભલે કરો, પણ  તેને વેરીફાઈ કરો પાકી ચકાસણી કરો. તમે બહુ વ્યસ્ત રહેતા હો તો પ્રોફેશનલ સલાહનો માર્ગ અપનાવો.

મહિલાઓએ દરેક ક્ષેત્રમાં નિર્ણયાત્મક ભૂમિકા ભજવવાનું શરૂ કરી દીધું છે. આ ટ્રેન્ડ મહાનગરોથી લઈ નાના શહેરોમાં પણ વધવા લાગ્યો છે. આ વિષયની જાગૃતિ જેટલી વધે એટલું મહિલાના પોતાના હિતમાં છે અને અર્થતંત્રના હિતમાં પણ છે. ■

---

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com


# દુનિયાનો સૌથી મોટું મંદિર કૉરિડોર રામેશ્વરમમાં છે

વિશ્વનો સૌથી લાંબો કૉરીડોર નહીં, પણ સૌથી લાંબો મંદિર કૉરીડોર ભારતમાં છે. હા, તામિલનાડુના રામેશ્વરમ સ્થિત શ્રી અરુલમિગુ રામનાથસ્વામી મંદિર ખાતે. એ રામનાથસ્વામી કે રામેશ્વરમ સ્વામી મંદિરની એક વિશિષ્ટતા છે. એની રચના, બાંધણી, કળા, બારીકી, નજાકત અને જાળવણી જોઈને આંખો પહોળી થઈ જાય. એમાં પણ આ મંદિર-કૉરીડોર જે સમયે બંધાયા ત્યારે કેટલી કાળજી, મહેનત અને જહેમત લેવાઈ હશે એની કલ્પનાથી જ મગજ બહેર મારી જાય.

રામેશ્વરમ સ્વામી મંદિર એટલે ભારતના સૌથી પવિત્ર સ્થળોમાંનું એક. બાર જ્યોતિર્લીંગમાંનું એક અહીં છે. રાવણની લંકા પાર કરતા અગાઉ ભગવાન શ્રીરામે અહીં શિવલીંગની સ્થાપના કરીને પૂજા કરી હતી. આ સ્થળનો ચારધામની જાત્રામાં સમાવેશ થાય છે. ૧૨મી સદીમાં પાંડ્ય શાસકોએ એનું વિસ્તરણ કર્યું હતું. ત્યાર બાદ જાફના રાજ્યના શાસકોએ પણ એનો જિર્ણોધ્ધાર કર્યો હતો.

અહીં ભારતનું સૌથી લાંબુ મંદિર કૉરીડોર છે, જે રાજા મથુરાલિંગમ સેતુપતિએ બંધાવ્યો હતો. ભારતના તામિલનાડુ રાજ્ય અને શ્રીલંકા વચ્ચે આવેલ આ પવિત્ર જગ્યા ભગવાન શિવને સમર્પિત છે. એવું કેમ? આ સવાલના જવાબ એક કયા છે. ભગવાન શ્રીરામ સીતા મૈયાને છોડાવવા લંકા ભણી આગળ વધી રહ્યાં હતા, ત્યારે અહીં તરસ છિપાવવા રોકાયા હતા. તેઓ પાણી પીવે એ અગાઉ ગેબી અવાજ સંભળાયો કે અહીંના દેવની પૂજા કર્યા વગર પાણી પીશો? પ્રભુ શ્રીરામ સમજી ગયા કે એ ભગવાન શંકરનો અવાજ હતો. તેમણે દરિયાની રેતીમાંથી શિવલિંગ બનાવીને પૂજા કરી. સાથોસાથ તેમણે રાવણને પરાસ્ત કરવા માટે આશીર્વાદ પણ માંગ્યા. આશીર્વાદ મળ્યા બાદ પ્રભુરામે ભોળાનાથને વિનંતી કરી કે આપ કાયમ અહીં વસવાટ કરજો કે જેથી માનવજાતને લાભ મળે.

ભોળાનાથે એમની વિનવણી માની લીધી. ફળસ્વરૂપે અહીં એમનું સ્થાનક





ઊભું કરાયું. શરૂઆતમાં તો કાચી ઝૂંપડીમાં આ મંદિર હતું. સદીઓ વિતવા સાથે એનો વિકાસ થયો. બારમી સદીમાં વ્યવસ્થિત મંદિર બન્યું. હાલના શ્રીલંકામાં આવેલા પોલોન્નારુવાના રાજા પરાક્રમબાહુ પહેલાએ એ કાર્ય કર્યું હતું. જ્યારે ૧૭મી સદીમાં સેતુપતિ વંશના શાસકે મંદિરને ભવ્યતા બક્ષી હતી.

આ ભવ્ય મંદિરની અનેક વિશિષ્ટતા છે પણ એમાં દિવ્યાતિ દિવ્ય અને ભવ્યતમ છે એનો કૉરીડોર. ભારતના આ સૌથી લાંબા મંદિર કૉરીડોરની વિશાળતા અદ્ભુત છે. લંબાઈ લગભગ ૧.૨ કિલોમીટર. અંદાજે ૩૮૫૦ ફૂટમાં પ્રસરેલા ત્રણ ભાગના કૉરીડોરનું મંત્રમુગ્ધ કરતું પાસું છે. એના ૧૨૧૨ સ્તંભ અર્થાત્ પિલ્લર અહીં શિલ્પકારો અને નકશીકામ કરનારાઓએ અલૌકિક કામગીરી બજાવી છે.

મંદિર સંકુલના વિવિધ ભાગ-ભવનને જોડતા આ સ્તંભોની ઊંચાઈ ૩૦ ફૂટ છે. દ્વાવિડ સ્થાપત્યકળાની બેનમૂન કલાકૃતિ સમા આ સ્તંભ ભાવિકો અને યાત્રાળુઓ માટે આસ્થાના પ્રતીક છે. ૧૨૨૪ મીટરમાં પ્રસરેલા કૉરીડોરના સ્તંભો ચિત્રકળા, કોતરણી અને સ્થાપત્ય થકી આપણા ભવ્ય સાંસ્કૃતિક અને કળાત્મક વારસાનું દર્શન કરાવે છે. આત્મ-શુદ્ધિ અને ભકતોના આધ્યાત્મિક ઉત્થાન માટે કરાતી પરિક્રમા માટે કૉરીડોર રચાયો છે.

અહીંના બાંધકામમાં ગોપુરમ, મોટા સ્તંભથી બનેલા વિશાળ મંડપો પવિત્ર સ્થાન આસપાસની પ્રદક્ષિણાને શક્ય બનાવે છે. એનો લાભ લેનારાને અનન્ય માનસિક શાંતિ અને આધ્યાત્મિક શાંતિનો અનુભવ થાય છે.

અહીંના સ્તંભ અને ભીંતો ભારતના વિવિધ દેવ-દેવીઓના સુંદર પેઈન્ટિંગ, પ્રતિમાઓ અને શિલ્પોથી શોભાયમાન છે. આમાં આપણા ધર્મગ્રંથોના ઘણા કથાનક દૃશ્યો પણ દૃષ્ટિમાન થાય છે.


આ કૉરીડોર એમાં આવેલા ૧૦૮ લિંગ અને મહાગણપતિ (ગણેશજીના ૩૨ સ્વરૂપમાંના એક)ની પ્રતિમા માટે કાયમ રહી જાય એવું છે. અહીંના શિવમંદિરમાં શિવજીની પૂજાનું અત્યંત મહત્ત્વ છે. એ મૂર્તિનો શણગાર જોવા દુનિયાભરમાંથી શ્રદ્ધાળુઓ અહીં આવતા રહે છે.

ભારત અને હિન્દુ ધર્મની આસ્થા, શ્રદ્ધા, સંસ્કૃતિ અને સ્થાપત્યનો અમૂલ્ય વારસો એટલે આપણા દેશનો સૌથી લાંબો મંદિર કૉરીડોર (હવે રામેશ્વરસ્વામી મંદિરે જઈએ તો આ દૃષ્ટિકોણથી પણ સાંસ્કૃતિ-ધાર્મિક ભવ્યતાની અનુભૂતિ કરીશું?) ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# ઓશોના અનુયાયીઓની અદ્‌ભુત હિન્દી (૩)



સુંદરીની લાશ જેતવનમાં મળ્યા બાદ.... ધર્મગુરુઓએ રાજાને કહ્યું: જુઓ... આ મહાપાપ. પોતાના પાપને છુપાવવા માટે ગૌતમ આ મહાપાપ કરવાથી પણ ન ચુક્યો... અને એ ધર્મગુરુઓ નગરની ગલીઓમાં ઘૂમી ઘૂમીને ગૌતમની નિંદામાં પ્રવૃત્ત થઈ ગયા. ભગવાનના ભિક્ષુઓનું ભિક્ષાટન પણ કઠણ બનવા માંડ્યું. ભગવાન પાસે હવે તો માત્ર દુઃસાહસીઓ જ જઈ શકતા અને ભગવાને આ બધા ઉપર શું ટિપ્પણી કરી!... ભગવાને કહ્યું: ભિક્ષુઓ, અસત્ય અસત્ય જ છે અને રહેવાનું છે. તમે ચિંતા ન કરો. સત્ય પોતે ખુદની રક્ષા કરવા સમર્થ છે. પાછા સત્યના સ્વયંને પ્રગટ કરવાના પોતાના જ માર્ગ છે, નોખા માર્ગ છે. તમે બસ શાંતિ રાખો, ધૈર્ય રાખો, ધ્યાન ધરો અને બધું સહન કરો. આ સહન કરવું સાધના છે. શ્રદ્ધા ન ગુમાવો. શ્રદ્ધાને આ અગ્નિમાંથી પણ ગુજરવા દો. આ અપૂર્વ અવસર છે. આવા અવસરો ઉપર જ કસોટી થાય છે. શ્રદ્ધા ઔર જાજ્વલ્યમાન થઈને પ્રગટે છે. સત્ય હંમેશાં જીતે જ છે...

અને થયું પણ એમ જ. સપ્તાહના પૂરા થતા થતાંમાં જ જે ગુંડાઓએ સુંદરીને મારી નાખી હતી એ પીઠામાં શરાબની મસ્તીમાં બધું બોલી ગયા. સત્યએ એ રીતે પોતાને પ્રગટ કરી જ નાખ્યું તથા કથિત ધર્મગુરુઓ અત્યંત નિંદિત થયાં અને ભગવાનની કીર્તિ બીજી હજાર ગણી થઈ ગઈ. પણ યાદ રહે કે ભગવાન કંઈ ન બોલ્યા તે કંઈ જ ન બોલ્યા. સત્યને પોતાને જ બોલવા દીધું. અંતમાં એમણે ભિક્ષુઓને એટલું જ કહ્યું: અસત્યથી સદા સાવધાન રહેજો. એની ક્યારેય જીત થઈ નથી કે થવાની નથી...

અત્યાર સુધીની આખી વાર્તા ઓશોના અનુયાયીએ લખીને ઓશોને આપી હતી. હવે ઓશો પોતે વિહંગાવલોકન આખી વાર્તા પર ફરમાવે છે કે આ વાર્તા ગૌતમ બુદ્ધ સાથે ઘટી, ન ઘટી એનું બહુ મહત્ત્વ નથી, કારણ કે આ એવી વાર્તા છે જે કાયમ માટે બધા જ બુદ્ધોની સાથે ઘટી રહી છે. આ કથા અનૂઠી છે. આ કથામાં મનુષ્યના મનનો આખો રોગ છુપાયો છે. જ્યારે જ્યારે ભગવદ્દતા કશેક પ્રકટ થાય છે તો અડચણ શરૂ થાય છે. અડચણનું પહેલું તો કારણ એ છે કે ધર્મના નામે જે પરંપરા જડ થઈ જાય છે, ધર્મના નામે જે માન્યતાઓ લોકોના ચિત્તમાં દૃઢ થઈ જાય છે, એ જ ધારણાઓ ધર્મની વિરોધી છે. જ્યારે જ્યારે નવો ધર્મ પેદા થશે ત્યારે ધર્મની ખરી ટક્કર અધર્મથી નહીં થાય. અધર્મનું તો કોઈ સામર્થ્ય જ નથી કે ધર્મથી ટક્કર લે. ધર્મ ટકરાય છે જુઠા ધર્મથી, મરેલા ધર્મથી... જીવંત ધર્મની ટક્કર થાય છે મૃત ધર્મથી. સંઘર્ષ ધર્મ અને અધર્મનો નથી. સંઘર્ષ સદાથી ધર્મ અને ધર્મના નામે ચાલતા કહેવાતા ધર્મ વચ્ચે છે. બુદ્ધપુરુષોનો વિરોધ નાસ્તિકોએ નથી કર્યો. બુદ્ધપુરુષોને અવરોધ્યા છે કહેવાતા તથાકથિત આસ્તિકોએ. વિરોધ એમનો નથી જે ભગવાનમાં નથી માનતા. વિરોધ એમનો છે જે ખોટા, જુઠ્ઠા ભગવાનોને માને છે. વિરોધ એમનો છે જે ધર્મના નામે શોષણ કરે છે. ધર્મના દલાલો, આડતિયાઓ, middlemen...

*હમ જૈસે એહલે નઝર કો સુબુત-એ-હક કે લીયે*
*અગર રસૂલ ન હોતે તો સુબહ કાફી થી*

**-જોશ મલીહાબાદી**

(અમારા જેવી વિશિષ્ટ દૃષ્ટિ ધરાવતા લોકો માટે ભગવાન છે એના પુરાવા તરીકે જો ધર્મગુરુઓ ન હોત તો સવાર પૂરતી હતી)


આજે આટલું જ... ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# ૫૦૦૦ વર્ષથી પરંપરાને સાચવતો બરસાના - નંદગામનો અનોખો લઠમાર હોળીનો ઉત્સવ







ભારત દેશ વિશ્વભરમાં ઉત્સવોનાં ઉજવણીનાં ઉત્સાહ અને આપણી સંસ્કૃતિનાં રંગો માટે જાણીતો છે. અલગ અલગ પ્રાંતમાં આખાયે વર્ષ દરમ્યાન અલગ અલગ ઉત્સવોને વિવિધ ઢબે ઉજવવામાં આવે છે. અહીંનું સાંસ્કૃતિક વૈવિધ્ય જ તો છે જે સમગ્ર વિશ્વને અહીં આવવા માટેનું ઇજન આપે છે. વિશ્વનાં દરેકે દરેક ખૂણે અહીંનું સાંસ્કૃતિક વૈવિધ્ય અને ઉત્સવોની હારમાળા હંમેશાં જિજ્ઞાસાનો વિષય રહ્યું છે અને પશ્ચિમી સંસ્કૃતિનો વ્યક્તિ પણ અહીંના ઉત્સવોની ઉજવણીનું ભાગ બનવાનું ચૂકતા નથી. ગુજરાતી, પંજાબી, મરાઠી, હિમાચલી, કાશ્મીરી કે પછી કોઈ પણ ભારતીય હોઈએ, આપણે રોજબરોજના જીવનમાંથી વિરામ લઈને આનંદ અને ઉલ્લાસ કરવા એ આપણી પ્રકૃતિમાં વણાયેલું છે. માનવીના આનંદની અભિવ્યક્તિ અને ઊર્મિસાગરના મોતીઓ સમાન આપણા તહેવારો છે.આપણાં ઉત્સવો અને પરંપરા આપણને સમગ્ર વિશ્વમાં એક આગવી ઓળખ આપે છે અને વિશ્વભરમાંથી લોકોને આપણી સંસ્કૃતિ અને ઉત્સવોની વિવિધતા ભારતમાં ખેંચી લાવે છે.

આ સમગ્ર ઉત્સવો અને તહેવારોની હારમાળામાં લોકહૈયાં પર રાજ કરતો, દરેક જાતિ અને સમુદાયના દરેક લોકો હરખઘેલા થઈ ને જેમાં ઓતપ્રોત થઈને નાચી ઉઠે એ તહેવાર એટલે હોળી. આમ તો દેશનાં અલગ અલગ પ્રાંતમાં આ ઉત્સવને અલગ અલગ રીતે ઉજવવામાં આવે છે. આપણાં માટે હોળી અને ધુળેટીનો ઉત્સવ માત્ર બે જ દિવસનો હોય છે. જેમાં આપણે રંગો વડે ધુળેટી રમીને, ખાઈ-પીઈને ઉજવણી કરીએ છીએ, પણ ઉત્તરપ્રદેશનાં બરસાના અને વૃંદાવનમાં આ ઉત્સવનો માહોલ કંઈક અલગ જ જોવા મળે છે. તો વળી રાજસ્થાનનાં પુષ્કરમાં હોળીનો ઉત્સવ મન મુકીને ઉજવાય છે, જોધપુરમાં પણ આ ઉત્સવને અનોખી રીતે ઉજવાય છે, હિમાચલનાં કસોલમાં આ તહેવારની અલગ જ રોનક હોય છે પણ બરસાનામાં ૫૦૦૦ જેટલા વર્ષથી ચાલી આવતી સાંસ્કૃતિક પરંપરા અને ભગવાન શ્રી કૃષ્ણને કેન્દ્રમાં રાખીને પૂરા અઠવાડિયા સુધી આ ઉત્સવની ઉજવણી કેસૂડાંનાં રંગો થકી કરવામાં આવે છે. હોળીનું નામ સાંભળીયે અને બરસાના યાદ ન આવે એ શક્ય જ નથી. બરસાનાની લઠમાર હોળી એ દેશ અને વિદેશના લોકોનું વર્ષોથી આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે.

**અહીં ઉજવાતી લઠમાર હોળીનું માહાત્મ્ય અને સમગ્ર દેશથી અલગ પડતી ઉજવણીનો પરિચય જાણીએ.**

શ્રીકૃષ્ણ અને રાધાજીનાં ગામો એવા વૃંદાવન અને બરસાનામાં સતત એક અઠવાડિયા સુધી રંગોનો ઉત્સવ અલગ અલગ રીતે મહોલ સર્જીને ઉજવાય છે અને આ ઉત્સવના સાક્ષી બનવા વિશ્વભરમાંથી નાનેરા મોટેરાં સહુ કોઈ આવે છે. શ્રીકૃષ્ણનાં જીવનનાં એક પ્રસંગને આ પરંપરાથી અહીંના લોકો જીવંત રાખે છે. સામાન્ય રીતે શ્રીકૃષ્ણ અને બધી ગોપીઓ વચ્ચે રાસલીલા થતી રહેતી, હોળી વખતે નંદગામથી શ્રીકૃષ્ણ ગોવાળો સાથે રાધાજીનાં ગામ બરસાના રંગોથી રંગવા માટે આવતા અને બરસાનાની ગોપીઓ લાકડી મારીને તેઓને હાંકી કાઢતા. ગોવાળો ગોપીઓને છેડવાની નિર્દોષ મસ્તીનાં ભાગ રૂપે વિવિધ ગીતો લલકારતા અને ગોપીઓ પણ એનો ઉત્તર ગીતોથી આપતી. ફરી એ જ રીતે બીજા દિવસે બરસાનાની ગોપીઓ નંદગામ જતી અને આ જ પ્રકારનાં મધુર ગીતો થકી થતા સંવાદ સાથે સાથે કેસુડાનાં રંગોની હોળી રમાતી. શ્રીરાધાકૃષ્ણનાં વાર્તાલાપોના આધારે બરસાનામાં હોળી ઉજવાય છે અને સાથે સાથે લોકગીત પણ ગવાય છે. ફાગણ મહિનાની નવમીએ સમગ્ર વ્રજધામ રાધાકૃષ્ણના પ્રેમનાં રંગોમાં રંગાઈ જાય છે. શ્રી રાધારાણીના જન્મસ્થળ બરસાનાની હોળીને ફાગુ ઉત્સવ અથવા હોરી પણ કહેવામાં આવે છે. આ ૫૦૦૦ વર્ષ જૂની પરંપરાને અહીં એ જ રીતે ઉજવાય છે અને આ રંગબેરંગી માહોલ અહીંની હોળીને વિશ્વભરનો સહુથી મોટો રંગોનો ઉત્સવ બનાવે છે. નંદગામનાં પુરુષો પરંપરાગત વસ્ત્રો ધારણ કરીને સજીધજીને અહીં આવે છે, બરસાનાની સ્ત્રીઓ લાકડીઓ લઈને તેઓને મારીને ભગાડવા માટે આવે છે અને પુરુષો ઢાલથી પોતાનો બચાવ કરે છે. દેશનાં એકમાત્ર રાધાજીનાં મંદિર એવા બરસાનામાં આ ઉત્સવની શરૂઆત થાય છે. આમ શ્રીકૃષ્ણનાં જીવન સાથે જોડાયેલ આ મીઠો ઝઘડો હવે એક પરંપરા બની ગયો જે લોકોને પરસ્પરનાં મનદુઃખ ભૂલીને સાથે ખુશીઓ મનાવવાની એક રીત શીખવી જાય છે. બીજા દિવસે નંદગામમાં આ ઉત્સવ હોય છે જ્યારે ત્રીજા દિવસે વૃંદાવનમાં બાંકે બિહારી મંદિરમાં ભક્તો શ્રીકૃષ્ણ સાથે ફૂલોની હોળી રમે છે. ચોથા દિવસે મથુરાનાં મુખ્ય મંદિરમાં કેસુડાનાં રંગોથી હોળી રમાય છે. સહુથી અનોખી અહીં વિધવાઓની હોળી હોય છે. રંગોથી એક સમયે અળગી થનાર સફેદ વસ્ત્રોમાં સજ્જ વિધવાઓને વિવિધ રંગોના ફૂલો વડે કુદરતના સુંવાળા સ્પર્શથી હોળી રમતી જોવી એ સહુ કોઈનાં મનને આનંદિત કરી દે છે. હોળી એ મોજ મસ્તી અને આનંદ ઉલ્લાસનો તહેવાર છે અને કોઈ પણ મનુષ્ય એ આનંદથી વંચિત રહી ન જાય એનું ઉત્તમ ઉદાહરણ આ વિધવાઓની હોળી પૂરું પાડે છે.

**લઠમાર હોળી - ૨૦૨૫નો વિગતવાર કાર્યક્રમ**

દર વર્ષે આ ઉત્સવ વસંતપંચમીથી જ શરૂ થઈ જાય છે. સહુથી છેલ્લે શ્રી બલરામજીનાં ગામ એવા હુરંગામાં રંગોની હોળી ઉજવાય છે. આ બધું જ હોળીના તહેવારના ૮ દિવસ પહેલાથી જ શરૂ થઈ જાય છે. આ વર્ષે આ ઉત્સવ ૧૭ માર્ચ ૨૦૨૫થી બરસાનામાં લડ્ડુ હોળીથી શરૂ થશે. જે ૨૫મી માર્ચના દિવસે હુરંગામાં રંગોની હોળી સાથે સંપન્ન થશે. ૭ માર્ચ લડ્ડુ હોળી - બરસાના, ૮ મી માર્ચ લઠમાર હોળી - રાધારાણી મંદિર બરસાના, જે મુખ્ય હોળી હોય છે, ૯ મી માર્ચ નંદગામમાં નંદભવન ખાતે લઠમાર હોળીની ઉજવણી જ્યા ગોવાળો અને બરસાનાની ગોપીઓ વચ્ચે સંસ્કૃતમાં પારંપરિક લોકગીતોમાં સંવાદ સાથે રંગોનો ઉત્સવ ઉજવાશે અને સખીઓ વિવિધ રંગો અને પરંપરાગત પોશાક ધારણ કરીને અવનવા નૃત્ય કરીને શ્રી કૃષ્ણ, બલરામ અને નંદબાબાનાં પરિવાર સાથે ઉત્સવ ઉજવશે. ૧૦મી માર્ચ વૃંદાવનમાં બાંકે બિહારી મંદિરમાં ફૂલોની હોળી અને વૃંદાવનનાં મુખ્ય મંદિરમાં રંગભરની હોળીનાં ઉત્સવની ઉજવણી કરવામાં આવશે. સાથે સાથે ગોકુલનાં મુખ્ય મંદિરમાં પણ હોળીની ઉજવણી કરવામાં આવશે. ૧૧ માર્ચે ગોકુળમાં છડી-માર હોળીનું આયોજન કરાયું છે, જે લઠમાર હોળીનું જ નાનું સ્વરૂપ છે. ૧૨ માર્ચે વૃંદાવનમાં ગોપીનાથ મંદિર આસપાસ વિધવાઓની હોળીનો ઉત્સવ ઉજવાશે. ૧૩ મી માર્ચે મથુરાનાં મુખ્ય મંદિરનાં ગેટ પાસે રાત્રે હોલિકા દહન કરવામાં આવશે અને ૧૪ માર્ચે મથુરાની ગલીઓમાં અબીલ-ગુલાલ અને રંગોથી હોળીની ઉજવણી કરવામાં આવશે સાથે હુરંગામાં રંગોથી હોળીના ઉત્સવની પૂર્ણાહુતિ થશે.

હોળીના ઉત્સવની સાથે સાથે અહીંના પ્રમુખ મંદીરની મુલાકાત લઈને વ્રજમાં ફર્યાનો આનંદ ચોક્કસપણે માણી શકાય. હોળીના અવસર પર અહીં સુંદર નજારો જોવા મળે છે. અહીં રાધારાણીની ઝાંખી નીકળે છે સાથે સાથે ચોપાઈ પણ નીકળે છે, જે બરસાનાની ગલી ગલીમાં ફરીને રંગોની છોળો ઉડાડે છે અને ગીતો ગાય છે.

આ ઉપરાંત અહીં મન મંદિર, શંકરી ખોર, મોર કુરીટ મંદિર, રંગીલા મહેલ, નંદભવન જેવા જોવાલાયક સ્થળો આવેલા છે. બરસાના આસપાસ પૂર્વમાં વૃષભાનું કુંડ, ઉત્તર પૂર્વમાં કીર્તિદા કુંડ, દક્ષિણ- પશ્ચિમમાં વિહાર કુંડ, અને દક્ષિણ ભાગમાં દોહની કુંડ એમ ચાર સરોવર/તળાવ આવેલ છે. બરસાનાનું મુખ્ય મંદિર એક ટેકરી પર સ્થિત છે જ્યાં પહોંચવા માટે ૧૦૦ પગથિયાંઓ ચઢવા પડશે.

અહીંની અનોખી પરંપરા ખૂબ જાણીતી અને આશ્ચર્યમાં મૂકી દે તેવી છે. અહીં બરસાના અને નંદગામનાં લોકો વચ્ચે લગ્ન કર્યા વિના જ શ્વસુર - વેવાઈ જેવા માન સન્માન જળવાય છે. આ બે ગામ વચ્ચે અહીં ક્યારેય એકબીજા સાથે લગ્ન વ્યવહારો થતા નથી. આશરે ૫૦૦૦ વર્ષ જૂની આ પરંપરાને આજની પેઢી શ્રીકૃષ્ણના માનમાં નિભાવતી આવે છે. બરસાનાનાં જમાઈ માત્ર શ્રીકૃષ્ણ જ હોઈ શકે એના સિવાય એ જગ્યા બીજું કોઈ ન લઈ શકે એવી માન્યતાને લઈને આજે પણ નંદગામને બરસાનાનાં લોકો જમાઈ પક્ષ જેટલુ જ માન સન્માન આપે છે અને એ બધા જ સંબંધો નિભાવે છે. રાધા-કૃષ્ણનાં પ્રેમને સન્માન આપીને બરસાનાની દીકરીઓનાં લગ્ન નંદગામમાં ક્યારેય નથી કરતા અને આજે પણ તેઓ શ્રીકૃષ્ણને બરસાનાનાં જમાઈ અને નંદગામને રાધાનું સાસરું માને છે અને તેઓ નંદગામનું પાણી સુદ્ધાં નથી પીતા. સામે નંદગામનાં લોકો જ્યારે બરસાના જાય ત્યારે તેઓને ક્યારેય ખાલી હાથે પાછા નથી મોકલતા. વર્ષો જૂની આ પરંપરા હજી પણ એટલા જ ભાવ અને શ્રદ્ધાથી સચવાઈ રહી છે.

બરસાના ઉત્સવને માણવો એ ખરેખર જીવનમાં ક્યારેય ન જતી કરી શકાય એવી તક છે. અહીં કેસુડો અને બીજા ફૂલોથી બનાવેલા રંગોથી હોળી રમાય છે અને સતત આઠ દિવસ સુધી આ ઉત્સવનો માહોલ જામેલો રહે છે. બાંકે બિહારી મંદિરમાં ઠાકોરજીને સફેદ કપડાં પહેરાવીને ભક્તો સાથે હોળી રમવા લઇ આવે છે. અહીં વિવિધ જાતના મિષ્ટાન્ન અને ઠંડાઈનો આનંદ માણી શકાય છે. રહેવા માટે મથુરામાં વ્યવસ્થા મળી રહે છે પણ બરસાના જવા માટે ટેક્સી કરવી હિતાવહ છે કેમ કે જાહેર વાહનોમાં એ દિવસોમાં જગ્યા મળવી લગભગ અશક્ય. એટલે હોળીના વિવિધ રંગો અને સાથે સાથે ભાત ભાતના મિષ્ટાન્ન તેમજ ઠંડાઇ અને ગુજીયાને માણવા એ એક અદ્દભુત લહાવો છે. ચારે તરફ પ્રેમના રંગછાંટણા ઉડી રહ્યા હોય, વાતાવરણમાં આનંદ જ આનંદ હોઈ છે. આમ સદીઓથી આ પરંપરા ચાલતી આવે છે અને આપણે એક પેઢીમાંથી બીજી પેઢીમાં આ હર્ષોલ્લાસનો વારસો રૂપાંતરિત કરતા આવી રહ્યા છીએ અને આગળ પણ કરતા રહીશું. જીવનમાં એકવાર જરૂરથી રાધારાણીના ગામની મુલાકાત લઈને આ પ્રેમ અને રંગોના સૌંદર્યને અચૂકથી માણવું. આવા ઉત્સવો મનને હળવુંફૂલ બનાવી એક નવી જ તાજગી આપે છે. ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# ટેક જાયન્ટના કેટલાંક મેગા ફેલ્યોર

## કરોડો રૂપિયાનું આંધણ પાણીમાં ધોવાયુંઃ માઈક્રોસોફ્ટ -ગૂગલ અને એપલનું... હવે ચોથી કંપની ટેકનોલોજીની દૃષ્ટિએ પોતાના મૂળિયા ઊંડા કરી રહી છે એ છે 'સેમસંગ'.




માર્કેટની દરેક હિલચાલ પર બારીકીથી વિશ્લેષણ કરતી આ કંપની એકબીજાના દરેક માઈનસ પોઈન્ટ જાણે છે. ડિવાઈસથી લઈને ડિજિટલ સોફ્ટવેર સુધી, ગ્રાફિક્સથી લઈને ગ્રોથ કરતા પાસાઓ સુધી. રિસર્ચ અને રિઝલ્ટ એવાં આ બે પાસાને બાદ કરતા આ તમામ કંપનીનું ખાસ કોઈ મોટું સિક્રેટ રહેતું નથી. હા, કંપનીની અંદરનો અને વ્યક્તિગત ડેટા ગુપ્ત હોઈ શકે છે. એક જાણીતા ડિવાઈસ પરથી ગૂગલમાં સર્ચ કરો તો બધું જ મળી શકે એવું માનતા હો તો એ ભૂલ ભરેલું છે. ભૂતકાળમાં ઘણા પ્રોજેક્ટમાં આ ત્રણેય કંપની રીતસરની નાપાસ થઈ છે. એક કે બેવાર નહીં, પણ વારંવાર. કરોડો રૂપિયા કમાતી કંપનીની કેટલીક નિષ્ફળતા જોઈએ ત્યારે ખ્યાલ આવે કે, વસ્તુ માત્ર આપણા ઘર કે ઓફિસમાં જ નથી બગડતી, મલ્ટિનેશનલ કંપનીમાં થાય ત્યારે શેરબજારમાં કડાકો બોલે એમ પૈસા જાય છે. આવો, ખોલીએ આજે આવી નિષ્ફળતાની નોંધપોથી...

શરૂઆત કરીએ આપણાં સૌના માનીતા ગૂગલથી. પિક્સલ ફોન અને ગેમ ક્ષેત્રમાં થ્રીડી જાયન્ટ બન્યા બાદ કંપનીને આશા હતી કે, કંપનીનું આ સાહસ સૌ વધાવી લેશે, પણ એવું થયું નહીં. ડિવાઈસની પાછળ ખર્ચેલા ડૉલરનું ખરાબ રીતે ધોવાણ થઈ ગયું. અમેરિકાના એક શહેરને બાદ કરતા ક્યાંય આ ફોન ચાલ્યો નહીં. ગેમ યુવાનોને આકર્ષી શકી નહીં. અંતે ડિવાઈસને અમેરિકાના મોલમાં સ્કિમ તરીકે મૂક્યા પછી પણ ગાડું ગબડ્યું નહીં. અંતે પ્રોજેક્ટ પર પૂર્ણવિરામ મુકાઈ ગયું. ટેકનોલોજીની ખબર પડી કે ફોન કેમ બનાવાય પણ વેચાય કેવી રીતે એમાં ગુગલવાળા ફાવ્યા નહીં.

એની સામે નોકિયા કંપનીના ફોન અને કંપની એ સમયે ઉનાળામાં મધ્યાહન સમયે સૂર્ય તપે એવી રીતે તેજીમાં હતી. ફોન અને ગેમની સાથે ગૂગલ લેન્સ પણ મૂકી દો તો એમાં કંઈ ખોટું નથી.

માઈક્રોસોફ્ટે પોતાનો વિન્ડોઝ ફોન માર્કેટમાં મૂક્યો. આ વિન્ડોઝ જ્યારે કોમ્પ્યુટરમાં આવ્યું એ સમયે પણ એની ઊંડાઈ પેસિફિક મહાસાગરની ઊંડાઈ હોય એવી હતી. એ સમયે આખું કોઈને સમજાયું ન હતું તો ફોનમાં કેમ સમજવું? હા, ઓફિસવર્ક અને ડોક્યુમેન્ટ પર કામ કરતા લોકો માટે આ અલ્લાદીનના ચિરાગમાંથી નીકળેલા જીન જેવું હતું. કામ ફટાફટ આપતું પણ સર્વસ્વીકૃતિ મળી જ નહીં. નિષ્ફળતાની પછડાટ લાગી અને કંપનીને એ વાત સમજાઈ ગઈ કે આપણે કોમ્પ્યુટરમાંથી ફોનમાં જવાનું પગલું ખોટું હતું. એક હકીકત એ પણ સ્વીકારવી પડે કે, માઈક્રોસોફ્ટ સામે મોટોરોલા કંપનીનો દબદબો હતો. વર્ષ ૧૯૯૦માં ફોનનું જે વૈવિધ્ય હતું એમાં ઈજારાશાહી હતી, પણ વર્ષ ૨૦૧૪માં 'એક્સબોક્સ' ગેમ પ્લેટફોર્મ પર એક નાનકડો બગ (એક પ્રકારનો વાઈરસ સમજો) આવ્યો એમાં આખી પથારી ફરી ગઈ અને જ્યારે આનો ઉકેલ મળ્યો ત્યારે ચીડિયા ચૂગ ગઈ ખેત.

જોકે, આજે આકર્ષણ ટકી રહ્યું હોય એવી કંપની એટલે એપલ. વર્ષ ૨૦૦૬માં મસમોટા બેનરમાં એપલ કંપનીના લોગો સાથે એક શબ્દ અંગ્રેજીમાં લખાયો હતો જે હતો સિમ્પ્લિસિટી. આ વર્ષ પછી એપલ કંપનીના જેટલા પણ ડિવાઈસ, મેકબૂક, ટેબ અને ફોન આવ્યા એમાં ઊંડાઈ હતી પણ સરળતા ન હતી. જેમ જેમ ડિવાઈસ માર્કેટમાં પોતાનું સ્થાન કાયમ કરતા ગયા એમ એમાં વૈવિધ્ય આવ્યું પણ જટીલતા વધતી ગઈ. હજુ પણ આપણા દેશમાં ઘણા એવા લોકો છે જેને એપલ પૂરેપૂરો સમજાયો જ નથી. બીજો વિરોધાભાસ એ પણ કહી શકાય કે, જ્યાં એક વર્ગને સમજાતો નથી ત્યાં એ જ પ્લેટફોર્મના ડેવલપર્સ વધી ગયા. ઘણા એવા ટેક એક્સપર્ટ છે, જે ફીચર અને પોર્ટેબિલિટી પ્રમાણે એપલને વાપરવાનું પસંદ કરતા નથી. થીમના વૈવિધ્યથી ભલે એપલ ન વાપરતા હો, પણ એના જેવી ફીલિંગ્સ આવે તો એ ડિવાઈસ અને થીમની સફળતા ગણાય.

'ડિજિટલ આસિસ્ટન્સ' નામનું એક ડિવાઈસ પણ એપલે બનાવેલું, પણ એ ભાગ્યે જ કોઈના ધ્યાનમાં આવ્યું. ટીવીમાં રમી શકાય એવી 'પીપીન' નામની ગેમ એપ્લિકેશન બનાવી, પણ યુવાનોએ બિલકુલ સ્વીકારી જ નહીં. અંતે એણે કંપનીના બજેટમાં ગાબડું પાડી દીધું. આ પછી તો માર્કેટ અહેવાલો મુજબ, કંપનીએ થોડા સમય માટે નવા પ્રોજેક્ટ લેવાના બંધ કરી દીધા હતા. સર્વરરૂમમાંથી સ્ટાફની પણ છટણી કરી દીધી હતી. સ્માર્ટફોનની દુનિયામાં દબદબો બનાવી રાખતી કંપની સેમસંગને થયું કે, ફોનથી ટર્નઓવર વધ્યું તો લેપટોપનું માર્કેટ તો એનાથી મોટું છે. વિચાર સારો હતો, પણ પરિણામમાં નિષ્ફળતા હતી. ડિવાઈસ પાવરફૂલ,પણ સોફ્ટવેરે સમસ્યા સરજી. ગેલેક્સીની સિરીઝથી કંપની પોતાની ગેલેરી બનાવવા માગતી હતી, પણ બધા ફોન ચાલ્યા જ નહીં. ■

**આઉટ ઓફ બોક્સ**

*ફેબ્રુઆરી ૨૦૦૪માં સોશિયલ મીડિયા વેબસાઈટ 'ઓર્કુટ' આવી હતી, પણ કોઈ જ અપડેશન આવતા ન હતા એટલે એ ફેલ ગઈ. એની સામે 'ફેસબુકે' બાજી મારીને ટકી રહી. એ પણ ફેબ્રુઆરીમાં જ આવી હતી !*

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# અર્થના અર્થ અનેક, ચુક્યા તો અનર્થ

જગમાં જ્યારે કામ પડ્યું ભાષાનું, ઋષિઓ ગયા ત્યારે શંભુની પાસે, જાણ્યો હેતુ પ્રભુએ પ્રથમથી ઉરમાં, હતા નૃત્યમાં ઉમાસંગ કૈલાશે, ડમરુ બજાવ્યું ૧૪ વાર નટરાજે, ત્યાંથી પ્રગટ્યા અક્ષર વિશ્વવિલાસે.

જ્યોર્જ બર્નાર્ડ શોના જગવિખ્યાત નાટક ‘પિગ્મેલિયન’ના મધુ રાયએ કરેલા ગુજરાતી સંસ્કરણ ‘સંતુ રંગીલી’ નાટકના પ્રારંભમાં પ્રવીણ જોશીના સ્વરમાં આ પંક્તિઓ સાંભળવા મળે છે. અક્ષર અવતર્યા અને પછી એકમેકના સહવાસથી શબ્દ બન્યા, એમાંથી વાક્ય અને પછી કાળક્રમે ભાવ પ્રગટ કરતી ભાષા આકાર પામી એમ કહી શકાય. ભાષાનો ભાવ સમજવા માટે અક્ષરના સગપણથી બનેલા શબ્દોએ અર્થ ધારણ કર્યા. અલબત્ત શબ્દ વાપરવામાં બેદરકારી અર્થનો અનર્થ સર્જી શકે છે. એક ઉદાહરણથી સમજીએ. ‘મહા’ શબ્દ જ્યારે વિશેષણ તરીકે વપરાય ત્યારે મોટું, વિશાળ, ઉન્નત, ઊંચું, શ્રેષ્ઠ એવો અર્થ થાય છે. મહાકાય એટલે વિશાળ કાયા. મહાકુંભ એટલે કુંભ મેળાની વિશાળતા. મહા મહેનતે એટલે અત્યંત પરિશ્રમ વગેરે વગેરે. જોકે, મહા વિશેષણ સમજ્યા વગર વાપરવાથી અનર્થ થઈ શકે છે. મોટી યાત્રાએ જવા નીકળો ત્યારે મહાયાત્રાએ જાઉં છું એમ કહેવાથી અનર્થ થાય, કારણ કે મહાયાત્રા એટલે દેહાંત, મરણ અથવા મૃત્યુ. મહાયાત્રાએ સધાવવું એટલે મૃત્યુ થવું.

ભગવદગોમંડળ અનુસાર અર્થના પારાવાર અર્થ છે. ગુજરાતીઓને અર્થનો સૌથી પ્રિય અર્થ છે પૈસો, ધન, દોલત. અર્થશાસ્ત્ર એટલે કે ઈકોનોમિક્સ ગુજરાતીઓનો પ્રિય વિષય છે. કોલેજ ભણતર વિના અર્થશાસ્ત્રના કેટલાક પાયાના નિયમો આપણી પ્રજાને કંઠસ્થ, હૃદયસ્થ હોય છે. અર્થનો વ્યય કરી અર્થશાસ્ત્ર થોડું ભણાય એવી માન્યતા કદાચ મગજમાં ઘર કરી ગઈ હોય. અર્થના અર્થ પ્રત્યેની પ્રીતિ જોવા જેવી છે કે શબ્દકોશમાં અર્થબુદ્ધિ શબ્દના અર્થમાં ભાષા કેન્દ્રમાં નથી, પણ ધન કેન્દ્રમાં છે. અર્થબુદ્ધિ એટલે ધનની ઈચ્છા, પૈસા કમાવાની લગની, નાણાં સંબંધી હકીકત સમજવાની શક્તિ,



લાભ સાધી લેવાની દાનત, સ્વાર્થી જેવા અર્થ આપવામાં આવ્યા છે. લક્ષ્મણ રેખાની જેમ ધનરેખા દોરવામાં આવી છે અને એથી ભાષાનો અર્થ પ્રવેશી નથી શકતો એમ મજાકમાં અથવા કટાક્ષમાં કહી શકાય. શબ્દકોશ અનુસાર અર્થ ત્રણ પ્રકારના છેઃ ૧. શુક્લ એટલે પ્રમાણિકપણે મેળવેલું ધન, ૨. શબલ એટલે પ્રમાણિક અને અપ્રમાણિક બંને રીતે ભેગું કરેલું ધન અને ૩. કૃષ્ણ એટલે અપ્રમાણિકપણે એકઠું કરેલું ધન. હવે અહીં સવાલ એ થઈ શકે છે કે શ્રીકૃષ્ણ વિષ્ણુનો આઠમો અવતાર મનાય છે. દુષ્ટજનોનો સંહાર કરવા, સાધુજનોને સુખી કરવા અને ધર્મનીતિની સ્થાપના કરવા થયો હતો તો એને અપ્રમાણિકતા સાથે સંબંધ કઈ રીતે? એનો જવાબ એમ છે કે કૃષ્ણનો એક અર્થ જુગારમાં મેળવેલું ધન એવો પણ થાય છે. અર્થનું વિશ્વ હેરત પમાડે એવું છે. પછી એ ભાષા સંબંધિત હોય કે ધન સંબંધિત.

ENગ્લિશ વિંGLISH

## 421 WORDS FOR SNOW



દરેક ભાષામાં સમાનાર્થી શબ્દો હોય છે. સમાનાર્થી શબ્દકોશ અંગ્રેજીમાં ‘થિસોરસ’ તરીકે ઓળખાય છે. Thesaurus is a compilation in a book form that contains lists of words and phrases with similar meanings. અંગ્રેજીમાં એવા અસંખ્ય શબ્દો છે જેના સમાનાર્થી શબ્દોની સંખ્યા પાંચ કે એથી વધારે હોય. જોકે, આ બધામાં સ્કોટલેન્ડ મેદાન મારી જાય છે. Scotland has more than 400 words and expressions for snow, according to a project to compile a Scots thesaurus. સ્કોટિશ થિસોરસ અનુસાર સ્નો (બરફ) માટે ૪૦૦થી વધુ (૪૨૧) શબ્દ અને અભિવ્યક્તિ છે. આવી બાબતે વિશ્વ વિક્રમ જેવી કોઈ નોંધ નથી રાખવામાં આવતી, પણ એક શબ્દના ૪૨૧ પર્યાય એ ચોક્કસ વર્લ્ડ રેકોર્ડ હોવો જોઈએ. યુનિવર્સિટી ઓફ ગ્લાસગો દ્વારા બહાર પાડવામાં આવેલા આ અભ્યાસના કેટલાક ઉદાહરણ જોઈએ. Flindrikin - a slight snow shower, બરફની વાંછટ ફલીન્ડ્રીકિન તરીકે ઓળખ ધરાવે છે. Snaw-pouther - fine driving snow. કણીદાર બરફ માટે સ્નો પાઉથર નામનો શબ્દ છે. Spitters - small drops or flakes of wind-driven rain or snow. પવનને કારણે ઉડતો બરફ સ્પિટર્સ કહેવાય છે. Unbrak - the beginning of a thaw બરફ જ્યારે જામવા લાગે એ અનબ્રાક નામથી ઓળખાય છે. Other interesting example is the word MANY. Many has quite a few synonyms. અંગ્રેજી શબ્દ મેનીના ઘણા નહીં, પણ કેટલાક સમાનાર્થી શબ્દ છે. These words are SEVERAL, NUMEROUS, MULTIPLE, COUNTLESS. બધાનો અર્થ એક જ, પણ વાપરવાની પદ્ધતિ અલગ અલગ. This author has written several books. આ લેખકે ઘણાં પુસ્તકો લખ્યાં છે. We had numerous meetings on water conservation. પાણીની જાળવણી અંગે આપણે ઘણી મીટિંગ કરી છે. Uncle underwent multiple surgeries. કાકાને ઘણા બધા ઓપરેશન કરાવવા પડ્યા. I had been to Surat on countless occasions. હું સુરત ઘણી વાર જઈ આવ્યો છું.

राष्ट्र भाषा

## शब्द के समानार्थी शब्द

जो शब्द समाज अर्थ के कारण किसी दूसरे शब्द की जगह ले लेते हैं, उन्हे पर्यायवाची शब्द कहते हैं। आसान भाषा में कहा जाए तो समान अर्थ प्रदान वाले शब्द पर्यायवाची शब्द अथवा समानार्थक शब्द कहलाते हैं। अतिथि का पर्यायवाची – मेहमान, पाहुन आगंतुक, अभ्यागता સમાન અર્થને કારણે જે શબ્દ અન્ય શબ્દની જગ્યાએ ગોઠવાઈ શકે એ પર્યાયવાચી શબ્દ કહેવાય છે. અતિથિના પર્યાયવાચી શબ્દો છે મહેમાન, પાહુન, આગંતુક અને અભ્યાગત. कल मेरे घर बहुत मेहमान आए थे. ગઈ કાલે મારા ઘરે ઘણા મહેમાન આવ્યા હતા. राम मंदिर के निर्माण बाद अयोध्या आनेवाले आगंतुको की संख्या काफी वढ् गई हैं. રામ મંદિરના નિર્માણ પછી અયોધ્યા આવનારા આગંતુકોની સંખ્યામાં ઘણો વધારો થયો છે. અભ્યાગત શબ્દ સાધુ – સંત માટે વપરાય છે. अभ्यागत की सेवा गृहस्थों का धर्म है. અભ્યાગતની સેવા સંસારીઓનો ધર્મ છે. પાહુન શબ્દ સામાન્ય બોલચાલમાં નથી વપરાતો, કવિતા – દોહામાં જ એનો ઉલ્લેખ જોવા મળે છે. पाहुन जिस दिन वारि, रहत, सब ही के दौलत ईस पंक्ति का मतलब है कि मेहमानो की सेवा और देखभाल दिन, रात, लगातार की जाती है. મહેમાનોની સારસંભાળ લગાતાર કરવામાં આવે છે એ એનો ભાવાર્થ છે.

सग्गी बहिण

## पर्यायवाची शब्द

કોઈ એક શબ્દ માટેના વૈકલ્પિક શબ્દ માટે મરાઠીમાં પણ પર્યાયવાચી શબ્દો હોય છે. एका शब्दाचे अर्थ जवळपास तेवढ्याच प्रमाणात व्यक्त करणाय दूसरा शब्द म्हणजे समानार्थी शब्द होय. समानार्थी शब्दांना पर्यायवाची शब्द असेही म्हणात. એક જ શબ્દનો અર્થ લગભગ સરખો વ્યક્ત થાય એ સમાનાર્થી કે પર્યાયવાચી શબ્દ કહેવાય છે. डोळा या शब्दाचे पर्यायवाची शब्द आहेत.नयन, नेत्र, चक्षु, મરાઠીમાં ડોળા એટલે આંખ અને એને માટે નયન, નેત્ર, ચક્ષુ શબ્દ મરાઠીમાં વપરાય છે. थकवा मुळे बाबांचे डोळे लवकर लागते. થાક લાગ્યો હોવાથી પિતાશ્રીની આંખો વહેલી મીંચાઈ ગઈ. नयन शब्द उलटसुलट वाचला तरी अर्थ एकच होतो. આગળથી વાંચો કે પાછળથી, નયન શબ્દનો અર્થ સમાન થાય છે. तिचे नेत्र दिसायसा सुंदर आणि आकर्षक होते. તેના નેત્ર દેખાવે સુંદર અને આકર્ષક દેખાતા હતા. चक्षु दान हा श्रेष्ठ दान म्हटलं जात आहेत. ચક્ષુ દાન શ્રેષ્ઠ દાન માનવામાં આવે છે. શબ્દના અર્થ એક જ હોવા છતાં એના વપરાશમાં કેવા બારીકી તફાવત રહેલા છે એ આ ઉદાહરણ પરથી સ્પષ્ટ થાય છે. ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# પ્રતિકૂળતાને પરાજય આપનારી કચ્છની નારીશક્તિને સલામ!

જ્યાં કુદરતના આઘાતો વારંવાર પડઘાયા છે એ કચ્છ પ્રદેશની નારીઓએ સંજોગોની પથારીને જીતવાની હિંમત અને ધીરજના અનોખા દાખલાઓ રજૂ કર્યા છે. અહીંનું જીવન ક્યારેય સરળ નહોતું, પણ આ નારીઓએ પ્રતિકૂળતાને પરાજય આપી મુશ્કેલીઓને પોતાની શક્તિમાં ફેરવી છે.

૧૯૮૪ થી ૮૭ ના નિષ્ઠુર દુષ્કાળે મોટી આફત ઝીંકી દીધા પછી વેરણ છેરણ થઇ ગયેલી જિંદગી જેમ તેમ પસાર થઈ રહી હતી, ત્યાં તો ૨૦૦૧ નો ગોઝારો ભૂકંપ કચ્છના થાળે પડેલા જીવનને હચમચાવી દીધા. એ કાળે ભુજના દરબારગઢ વિસ્તારમાં સફાઈ કામદાર જેવી લાગતી એક આધેડ વયની બાઈ લારી સાથે ત્યાં આવી. લારી પર એનો લાચાર દેખાતો પતિ બેઠો હતો. કદાચ ભૂકંપમાં એ ઘવાયો હતો અને એના બંને હાથ ઈજાને લીધે કામ કરતા નહોતા. પેલી બાઈ આસપાસની કશીય નોંધ રાખ્યા વગર ચાની લારી પાસે જઈ બે કટિંગ ચા લીધી. પોતાના પતિ પાસે આવી. એક હાથે પોતે ચા પીવે અને બીજાથી પતિને પીવડાવે, ચા પીધા પછી બીડી કાઢીને સળગાવી જોરથી એક ફૂંક મારી ધુમાડો ઉડાવી પોતાના પતિના મોઢે ધરી અને લારી પર પોતાના પતિને છોડી એ બાઈ કામ પર ચાલી ગઈ. આ ક્રમ રોજનો હતો. બાઈ રોજ સવારે આવે. ચા – બીડી પીએ અને પીવડાવે ને કામે જાય. ક્યારેક વચ્ચે તક મળે તો પતિની ભાળ કાઢી જાય.

બીજા એક કિસ્સામાં, વાણિયાવાડ ચોકમાં માટીના વાસણ વેચતી એક કુંભારણ પણ સંઘર્ષની જીવંત પ્રતિમૂર્તિ છે. જાન્યુઆરીની કડકડતી ઠંડીમાં એ વહેલી સવારે આવી જતી. કોઈ ગરમ કપડા પહેર્યા ન હોય પણ ચહેરા પર સ્મિત જ દેખાય. સવાલ ઉઠ્યો ઠંડી કેમ ન લાગતી? જવાબમાં તેણે કહ્યું, ‘હી મોજા પેરીને આઉં અચાંતી. એમ કહીને કુંભારણે પોતાના પગ બહાર કાઢ્યા. અને જ્યારે પગ બહાર કાઢ્યા, ત્યારે જોવા મળ્યું કે એ મોજા નહીં, પણ પગ પર પ્લાસ્ટિકની કોથળીઓ બાંધેલી હતી. એના હાસ્યમાં એક અનોખી તાકાત હતી; ‘દુઃખને અપનાવી તેને જીતવાની.’

આથી જ નારીને સંજોગોની શિકાર નહીં, સંજોગોને જીતનારી કહેવામાં અને ગણવામાં આવી છે. શ્રી કીર્તિભાઈ જેવા પીઢ પત્રકારોના અવલોકનમાં ઉપર રજૂ કરેલા કિસ્સાઓમાં કચ્છી નારીના સંઘર્ષની સંવેદનાત્મક અને જીવંત તસ્વીર ઉકેલાઈ છે. આજે, જ્યારે વિશ્વ મહિલા દિવસ ઉજવે છે, ત્યારે કચ્છના નારીજીવન વિષે મારા ‘પુણ્યશ્લોકા’ પુસ્તકમાંથી આવી નારીશક્તિ માટે સલામ ભરતો લેખ અહીં રજૂ કરવાને નિમિત બન્યો છે.

ભાવાનુવાદઃ જિત કુધરતજા આઘાત કિઇક વાર સામે આયા ઐં ઇ કચ્છ પ્રિડેસજી બાઇયું હાલાતેં જો સામનો હિંમત ને ધીરજસે ક્યો આય. હિતજો જીયણ કડે સરલ ન હો, તે છતાં હી બાઇયું પ્રતિકૂલતા કે પરાજય ડિઇ મુસિભતેંકે પિંઢજી શક્તિમેં રજૂ કેં આય.

૧૯૮૪ નું ૮૭ જો કારો ડુકાર વડી આફતું ગિની આયો, જેમેં વેરાન થિઇ વેલ કચ્છજો જીયણ અનાં ત વઠો થિએ તે સુધિમેં ત ૨૦૦૧ જો ગોજારો ભૂકંપ આયો જેમેં ફિરી જનજીવન અસ્તવ્યસ્ત થિઇ વ્યો. હુન સમોમેં ભુજજે દરબારગઢ વિસ્તારમેં




સફાઈવારી જેડ઼ી લગંધલ હિકડ઼ી બાઈ લારી હલાઇંધે આવઇ. લારીતે બાઇજો લાચાર ડીસાંધો પતિ વિઠો હો. લગભગ ભૂકંપમેં ઇ ઘવાણો હૂંધો ઇનજા બોય હથ કમ નં કરંધા વા. ઉ બાઈ ઉરમૂરજી કો પ ચિંધા કરે વિગર ચાયજી લારી વટે વિઈં બ કટિંગ ચાય ગ઼િડે. પિંઢજે ધણિજે મૂર મેં અચી હિકડે હથે પિંઢ નેં બ્યે હથે ધણી કે ચાય પીરાઇંધી હૂઇ, નેં ચાય પીને બીડ઼ી કઢી જોરસેં ફૂંક મારંધે ધુંવાડો઼ ઉડાઇંધે હિકડ઼ી ચુસકી પતિકે પ મરાય ને હુત જ લારી તે ધણી કે છિડેનેં બાઈ કમતે હલઇ વિઇ. હી ક્રમ રોજજો હો. રોજ સવારો અચે. ચાય – બીડ઼ી પીયે ને પીરાય નેં કમ તે હલઇ વિઞેં. કિતેક વરી ટેમ જુડે ત ધણી કે અચી નેરી વિઞેં.

બ્યે હિકડે કિસ્સેમેં, વાણિયાવાડ ચોકમેં મટીજા ઠાં વિકંધી હિકડ઼ી કુંભારણજે સંઘર્ષજી ગ઼ાલ જાધ અચેતિ. જાન્યુઆરીજે કારે સી મેં વેલી સવારજો અચી વિઞે. કો પ ગરમ કપડ઼ા પેરલ નં વે તય ચેરો ખિલેલો વે. સવાલ થ્યો સી નતો પે? જભભમેં ઇ બોલઇ, ‘હી મોજા પેરીને આઉં અચાંતી. ઇં ચિઇનેં કુંભારણ પિંઢજા પગ બારા કઢ્યા ત નેર્યો ક ઇ મોજા ન, પણ પગતે પ્લાસ્ટિકજી કુથરીયું બંધલ હૂઇયું. બાઇજે હાસ્યમેં ‘હિકડ઼ી આઉગી તાકાત હૂઇ; ડુખકે અપનાયને ઇનકે જીતેજી.’

ઇતરે જ નારીકે સંજોગજી સિકાર ન, પ સંજોગ જીતનારી ચેંમેં અચેતિ. શ્રી કીર્તિભા જેડ઼ા પીઢ પત્રકારેજે અવલોકનમેં મથે રજૂ કરલ કિસ્સા, કચ્છી બાઇયેંજે સંઘર્ષજી સંવેધનાસભર ને જીવંત ગાથા ચોવાણી આય. અજ, જેર વિશ્વ મહિલા ડિન ઉજવેતો, તેર કચ્છજે નારીજીવન વિષે મુંજે ‘પુણ્યશ્લોકા’ પુસ્તકમિંજાનું નારીશક્તિ જે માટે સલામ ભરંધો લેખ હિત રજૂ કે જો મન થિઇ વ્યો. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# સાવ નવરા ધૂપ છો? -તો આ ધંધો કરીને કમાવ કરોડ રૂપિયા !



‘રાજુભાઇ’ રાધારાણીએ હાંકોટો કર્યો.

‘બોલો, ભાભી’ રાજુએ બે હાથ પાછળ રાખી કશુંક સંતાડવા પ્રયત્ન કર્યો.

‘તમારા હાથમાં શું છે?’ રાધારાણીએ એસીપી દયા નાયકની જેમ રાજુની ઊલટતપાસ હાથ ધરી.

‘ભાભી કશું જ નથી.’ રાજુએ લાળો ચાવ્યો.

‘તમારા હાથમાં શું સંતાડ્યું છે?’ રાધારાણીએ કડક અવાજે રાજુને પૂછયું.

રાજુ સાથે અમારો ઘરોબો છે. રાજુ કોઇ વસ્તુ અમને પૂછ્યા વગર લઇને ચાલવા માંડે તો અમે રાજુને ટોકીએ નહીં. રાજુ પણ પૂરો ઇનામદાર છે. છાપા સિવાય તમામ વસ્તુ શરીફની જેમ પરત કરી જાય છે.

રાધારાણી કંઇક નક્કર કારણ સિવાય રાજુ સાથે કડકાઈ ન કરે.

‘ભાભી, તમારા સમ.’

(રાજુ જુઠ્ઠું બોલે અને રાધારાણી ઉકલી જાય તો પણ મારે તકલીફ ... સાચું બોલે અને રાધારાણીની આવરદા વધે તો પણ મારે જ આપત્તિ.)

રાજુએ ગરીબડી ગાય જેવું મોં કરી જવાબ આપ્યો...

‘રાજુભાઇ ખાંડ લીધી છે?’ રાધારાણીનો સીધો સવાલ.

‘ના ભાભી.’રાજુનો જવાબ.

‘દૂધ કે તેલ કે ‘મરચું, મીઠું, મસાલા, માચીસ લીધું છે?’?’ રાધારાણીના સવાલ પર સવાલ

‘ના ભાભી, એવું કંઇ નથી. ’

આજે રાજુનું નસીબ કે ગ્રહ વંકાયા હશે તે રાધારાણી નામની ભેખડે ભરાયો હતો. રાજુ અમારા ઘરે દરવાજાથી આવે. છાપાનો કસ કાઢે. આદુંવાળી કડકમીઠી ચા ઠપકારે. પછી હાથીની જેમ મલપતી ચાલે તેના ઘર જાય. રાજુ રદી શંકાસ્પદ હાલતમાં અમારા ઘરે ઘૂસેલો. દરવાજાના બદલે બારીમાંથી ચોરની જેમ બાકાયદા ઘૂસેલો.

‘રાધુ , કોણ આવ્યું છે? મારી ઊંઘ બગાડે છે? ‘ મેં પણ રાધારાણી પર બરાડો પાડ્યો. મારી ઉંઘમાં કોઇ ખલેલ પાડે તે મારાથી સહન થતું નથી.

‘આ રાજુભાઇ આવ્યા છે.’ રાધાએ મને કહ્યું.

‘એ તો સમજ્યા. રાજુ આપણા ઘરે આવે તેમાં કંઇ નવાઇ છે? તું શેની શેની બૂમાબૂમ કરે છે? મેં રાધારાણીને પૂછયું.

‘રાજુભાઇ, કોઇ વાસણમાં આપણા ઘરેથી કંઇક લઇ જાય છે. હું પૂછું છું પણ શું લીધું છે તે કહેતા નથી.’

‘રાજુઉ.. શું મામલો છે?’ મેં રાજુને ઊંઘરેટિયા અવાજે પૂછયું .

‘ગિરધરલાલ, કાંઇ નથી.’ રાજુએ નિમાણા ચહેરે કહ્યું.

‘તો પછી ખાંસીવાલની જેમ કેમ બાલ કી ખાલ છોડતો નથી. રાધુને વાસણ દેખાડી દે.’ મેં રાજુને આદેશ કર્યો.

‘લો જોઇ લો.’ રાજુએ કાળીમેશ તપેલી પરનું છીબુ એટલે કે ઢાંકણ ખોલ્યું. તપેલીમાં થોડાક મચ્છર પડેલા. એક બે અધમૂઆ હતા. એક બે નાભિશ્વાસ પર હતા. એક બે કુંભમાં ડૂબકી માર્યા વિના મોક્ષપ્રાપ્તિની પ્રતીક્ષામાં હતા.

‘ધત્ તેરી કી . રાજુભાઇ મચ્છર માટે માથાકૂટ કરતા હતા. તમે તો મારા ઘરેથી મોતી, સોનાચાંદી ચોરી છૂપકે લઇને જવાની પેરવી કરતા હો તેમ ધડાકૂટ કરતા હતા.’

રાધારાણીએ રાજુના બરડે ધબ્બો મારતા કહ્યું. આ તો ખોદ્યો ડુંગર ને નીકળ્યો ઉંદર જેમ ખોલી તપેલી અને મચ્છર નીકળ્યા એવો તાલ થયો..

‘રાજુ, અમારા ઘરે મચ્છર મારવા કેમ આવેલો? તારા ઘરે મચ્છર નથી કે શું? આ મચ્છરમારી કરવા અમારે ત્યાં આવ્યો ? ’

(મચ્છીમારોનો વ્યવસાય હોય તો માખીમારી કે મચ્છરમારીનો વ્યવસાય કેમ ન હોય?’

‘ગિરધરલાલ, મેં દસ કરોડ મચ્છર મારીને વાસણોમાં પ્રિઝર્વ કર્યા છે.’ રાજુએ મચ્છરસ્ફોટ કર્યો.

( ક્યાં લગી ઘટસ્ફોટ ચલાવવાનું? નવા શબ્દો વાપરો .)

‘રાજુ, એ મચ્છરનો મુરબ્બો કે છૂંદો કરવાનો છે? કે મચ્છરનું ખાટીયું અથાણું કરવાનો છે?’

‘ગિરધરલાલ આ મરેલા, અધમૂઆ કે જીવતા મચ્છર મને વગર મૂડીએ કરોડપતિ બનાવી દેશે.’ રાજુની આંખમાં મહાલક્ષ્મી પ્રાપ્તિની અલૌકિક ચમક હતી.

‘રાજુભાઇ, એ કેવી રીતે?’ રાજુના હાથમાં ચાનો કપ પકડાવતા રાધારાણીએ પૂછયું. રૂપિયાની વાત આવે કે રાધારાણીની દાઢ ડળકે અને ડળકે જ.

‘ભાભી, ફિલિપાઇન્સ સરકારે ડેન્ગ્યૂ સામે જાગૃતિ ફેલાવવા મચ્છરમારીનું મહાઅભિયાન હાથ ધર્યું છે. જો કોઇ વ્યક્તિ પાંચ મૃત કે જીવિત મચ્છર લાવે તેને એક પેસા ફિલિપાઇન્સ કરન્સી આપે છે. જેનું ભારતીય ચલણમાં એક રૂપિયો પચાસ પૈસા મૂલ્ય થાય છે. મારી પાસે દસ કરોડ મચ્છર છે એટલે મને નાખી દેતા ૨,૦૦,૦૦,૦૦૦ રૂપિયા મળશે. મારે તો વકરો એટલો નફો છે. આજે કયા ધંધામાં આટલું રિટર્ન મળે છે?’ રાજુએ કહ્યું.

ભારત સરકાર કે ગુજરાત સરકાર આવી અર્થોપાર્જનની યોજના સેવા શરૂ કરે તેવા સુમનોહર સપના ખુલ્લી આંખે જોઉં છું!’ રાજુએ પોતાનું સ્વપ્ન જાહેર કર્યું.

બસ, એ ઘડીથી રાધારાણીએ ‘બખડજંતર ચેનલ’માં મને બે મહિનાની રજા ધરાર કે પરાણે મુકાવી છે. રાધારાણીએ મારા હાથમાં મચ્છર મારવાનું રેકેટ પકડાવ્યું છે. હું દિવસના ચોવીસ કલાકમાં પચ્ચીસ કલાક મચ્છર પકડું છું. મને બ્રશ કરવા, નાહવા-ધોવા કે ઇવન જમવાનો પણ બ્રેક મળતો નથી. અત્યાર સુધીમાં નાખી દેતાં લગભગ સાડત્રીસ લાખ મચ્છર ભેગા કર્યા છે.

અરે, વાચકમિત્રો, ક્યાં ભાગ્યા? મચ્છર પકડીને રોકડી કરવા તો તો બેસ્ટ ઑફ લક!’ ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી

feedback@bombaysamachar.com

# ‘મહેશ્વરીએ સરિતા જોશીને ટક્કર આપી’

‘સિદ્ધાર્થ, તું મને શીખવ. તું શીખવાડીશ એમ કામ કરવા હું તૈયાર છું,’ મેં સિદ્ધાર્થ રાંદેરિયાને રિહર્સલ દરમિયાન બધાની હાજરીમાં જ કહ્યું.

હું એક અભિનેત્રી હતી, જૂની રંગભૂમિના નાટકોમાં માનપાન મેળવનાર અભિનેત્રી. પણ આ નાટક વખતે હું ફક્ત અભિનેત્રી નહીં, દીકરીનાં લગ્ન લેનારી આર્થિક ભીંસ અનુભવતી માતા પણ હતી. સરિતા બહેનના નાટકમાં કામ કરવાની મળેલી તક મારે જવા નહોતી દેવી. જોકે, મારે ખેરાત નહોતી જોઈતી. કામમાં હું ૧૯ - ૨૦ કરવા તૈયાર નહોતી. મારું પરફોર્મન્સ અણીશુદ્ધ સાબિત થવું જ જોઈએ એવો મારો આગ્રહ કાયમ રહ્યો છે અને એટલે જ મેં સરિતા બહેન અને સિદ્ધાર્થ સમક્ષ આ પ્રમાણે રજૂઆત કરી હતી. પછી કોને ખબર કેમ પણ સિદ્ધાર્થે વાત વાળી લીધી અને અમારા નાટકના રિહર્સલનો દોર આગળ ચાલ્યો.

લગ્નની તૈયારી ધીરે ધીરે આગળ વધી રહી હતી. મારી દીકરી ચેરી જ્યાં કામ કરતી હતી એના બોસે તેને દાદરના કોઈ પ્રખ્યાત સ્ટોરની આઠ હજાર રૂપિયાની કુપન આપી. લગ્ન હોવાથી ખરીદીમાં થોડી રાહત મળે એ આશય હતો. ભગવાન જરૂરિયાતમંદોની મદદ કોઈને કોઈ સ્વરૂપે કરતો જ રહે છે. એ સ્ટોરમાં અલગ અલગ રેન્જની સાડીઓનું મોટાપાયે વેચાણ થતું હતું. સ્ટોરમાં જઈ દીકરીની પસંદગીની સાડીઓ ખરીદી. મારી પાસે પણ થોડી મૂડી હતી એમાંથી પણ નાની મોટી જરૂરી વસ્તુ અમે લેવા લાગ્યા. અલબત્ત આ બધું પાશેરામાં પૂણી જેવું હતું.

એ વખતે મારી દીકરીઓ બોરીવલીમાં એક ‘ન્યૂ સ્ટાર’ નામના ગ્રૂપ સાથે સંકળાયેલી હતી. સામાજિક સેવા કરવી એ આ ગ્રૂપનો કાર્ય મંત્ર હતો. એક મોટી સમસ્યા એ આવી પડી કે લગ્નની તારીખ નક્કી કરતી વખતે ચેરી જેની સાથે પરણવાની હતી એ છોકરાએ જ કહ્યું કે ‘પહેલી જુલાઈએ લગ્ન કરી લઈએ. નહીંતર ઘણા સમય સુધી નહીં થાય.’ હું તો હેબતાઈ ગઈ. એ તારીખને પાંચ જ દિવસની વાર હતી અને આટલા ટૂંકા ગાળામાં એકલપંડે બધું કેમ મેનેજ કરવું એ જ મને સમજાતું નહોતું. અનાયાસે બે હાથ જોડાઈ ગયા અને મનોમન ઈશ્વરને પ્રાર્થના કરી કે ‘હવે તું જ રસ્તો સુઝાડ.’

પ્રભુને પણ થયું હશે કે મહેશ્વરી વિકટ પરિસ્થિતિમાં મુકાઈ છે. બીજે જ દિવસે સવારે ‘ન્યૂ સ્ટાર ગ્રુપ’ના યુવાન છોકરાઓ શેઠ શામળશા બની જાણે મારી સામે ઊભા રહી ગયા. ‘આંટી, તમે ચિંતા છોડો. અમે બધા ખડે પગે ઊભા રહીશું. આ લગ્ન માત્ર તમારી દીકરીના નથી, અમારી બહેન દર્શનાના પણ છે. પાંચ દિવસમાં બધી તૈયારી પૂરી કરવાની જવાબદારી હવે અમારી છે.’ મને પેલી કહેવત યાદ આવી ગઈ કે ‘પ્રભુના દરબારમાં દેર છે, પણ અંધેર નથી.’ જોકે, અહીં તો દેર પણ નહોતી. બધું ઝપાટાબંધ થઈ રહ્યું હતું. મૂળરાજ રાજડાનો દીકરો સમીર રાજડા અને બીજા હોંશીલા અને ખંતીલા યુવાનો ભેગા થયા અને તેમણે જ તેમની દર્શનાબહેન માટે હોલ શોધી બુક કરી લીધો. સંગીત સંધ્યાનો કાર્યક્રમ પણ નક્કી કર્યો.



લગ્ન લેવાની જવાબદારીમાંથી હળવી થઈ ગઈ હોવાથી મેં બધું ધ્યાન નાટકની તૈયારી પર કેન્દ્રિત કર્યું. જે પણ ફરિયાદ ઊભી થઈ હતી એ સમૂળગી દૂર કરવાની કોશિશ મેં શરૂ કરી દીધી હતી. નાટક ઓપન થયું અને દર્શકોને પસંદ પડ્યું. હું થોડી ટેન્શનમાં હતી, કારણ કે ‘સિદ્ધાર્થ સાથેના મારા સીનમાં ડાયલોગ ડિલિવરી બરાબર નથી થતી’ એવી ફરિયાદ પછી મેં કરેલી મહેનતનું પરિણામ જાણવા હું ઉત્સુક હતી. બે ચાર શો થયા પછી અખબારમાં મારા આ નવા નાટકનો રીવ્યુ આવ્યો. સમીક્ષકે વિશ્લેષણ કરી છેલ્લે કેટલીક લાઈન ખાસ મારા માટે લખી હતી કે ‘અભિનેત્રી મહેશ્વરી ખાસ પ્રશંસાના અધિકારી છે, કારણ કે સરિતા બહેન જેવા સિદ્ધહસ્ત અભિનેત્રીની હાજરીમાં જરાય ઓછા નથી ઊતર્યા. બલકે એમને ટક્કર આપી અવ્વલ સાબિત થયાં છે.’ પરીક્ષામાં નાપાસ થવાનો ડર હોય એ વિદ્યાર્થીને ડિસ્ટિંક્શન સાથે પાસ થવાની જાણ થાય ત્યારે એને આસમાની આનંદ થાય એવી જ હાલત એ ક્ષણે મારી હતી.

આનંદના આગોશમાં વીંટળાઈને હરખઘેલી થઈ હું સરિતા બહેનને મળવા ગઈ. મેં તેમને એટલું જ કહ્યું કે ‘મેં મહેનત કરી તમારી અપેક્ષાને પૂર્ણ ન્યાય આપ્યો હશે એમ હું માનું છું. હવે જો તમારે મારી બદલે બીજા કોઈ કલાકારને લેવા હોય તો લઈ શકો છો.’ હજી મારું વાક્ય પૂરું થાય એ પહેલા સરિતા બહેને તેમની હથેળી મારા મોઢા પર દાબી દીધી. કશું બોલ્યા નહીં, પણ એમની આંખો ‘મહેશ્વરી તારે એક અક્ષર બોલવાની જરૂર નથી’ એવું કહી રહી હતી. મારા બંને હાથ એમના બંને હાથમાં રાખી ઉષ્માપૂર્વક દબાવ્યા અને અમારી બંને વચ્ચે કશું બોલ્યા વિના ઘણી બધી વાત થઈ ગઈ. પછી અમારી વચ્ચે સારી મૈત્રી થઈ ગઈ. બહારગામ શો કરવા જઈએ ત્યારે નવરાશની પળોમાં ઘણી વાતચીત થતી. આ નાટક નિમિત્તે સરિતા બહેન એક વ્યક્તિ તરીકે પણ કેવા હૂંફાળા છે એ જાણવાની મને તક મળી. અને દીકરીના લગ્નનો દિવસ આવી ગયો. ■

## બોધ - ઉપદેશ સાથે મનોરંજન

‘મુંબઈ ગુજરાતી નાટકમંડળી’ની સાથે અનેક નાટ્યમંડળીઓ ગુજરાત અને ગુજરાત બહાર નાટક કરવા લાગી હતી. રંગભૂમિનો આ વિસ્તાર આવકારદાયક હતો. આમ થવાથી નાટ્ય પ્રવૃત્તિના ક્ષિતિજનો વિસ્તાર થયો. આ સર્વ નાટ્યમંડળીઓનાં નામ જાણવા જેવા છે. ‘શ્રી મોરબી આર્ય સુબોધ નાટક મંડળી’(૧૮૭૮), ‘આર્ય સુબોધ નાટક મંડળી’, ‘વાંકાનેર આર્ય હિતવર્ધક નાટકમંડળી’, ‘વિદ્યાવર્ધક નાટકમંડળી’, ‘સત્ય સુબોધ નાટકમંડળી’, ‘દેશી નાટક સમાજ’ જેવી નામધારી નાટક મંડળીઓનો ઉદ્દેશ બોધ - ઉપદેશ સાથે મનોરંજનનો પણ રહ્યો હતો. બીજી તરફ મુંબઈની નાટક મંડળીઓના નામ ધંધાદારી નાટક કંપની જેવા હતા. ઉદાહરણ તરીકે ‘નેપોલિયન થિયેટ્રિકલ ક્લબ’, ‘એલ્ફિન્સ્ટન ડ્રામેટિક ક્લબ,’, ’વિક્ટોરિયા નાટક મંડળી’ વગેરે. મંડળી હોય કે કંપની, ખટકે એવી વાત એ હતી કે નાટક કંપની સાથે સંકળાયેલા ઘણા શેઠિયાઓ મનસ્વીપણે કારભાર કરતા હતા. ગુજરાતી રંગભૂમિએ એમના તાલે ચાલવું પડતું હતું. મગરૂરીને કારણે જ માલિક પોતે જ ક્યારેક લેખક બની જતો તો ક્યારેક દિગ્દર્શક તરીકે એનું નામ જોવા મળતું હતું. આવડત કે કૌશલ્ય ન હોવા છતાં તેમની મરજીથી નાટકના દૃશ્યો સમૂળગા બદલાઈ જતા હતા. ક્યારેક પાત્રો તો ક્યારેક લેખક સુધ્ધાં બદલી નાખવામાં આવતા હતા. હદ તો ત્યારે થતી જ્યારે આખેઆખું નાટક જ માલિક દ્વારા બદલી નાખવામાં આવતું હતું.

કેન્વાસ

અભિમન્યુ મોદી

feedback@bombaysamachar.com




છેલ્લે તમે કઈ હિંદી ફિલ્મ થિયેટરમાં જઈને સપરિવાર જોઈ? છેલ્લે ક્યારે એવું સાંભળ્યું કે આ ફિલ્મની ટિકિટ પણ નથી મળતી? હા, હમણાં ચાલી રહેલી ‘છાવા’ કે એની પહેલાની ‘એનિમલ’ સુપરહિટ ગઈ એવું કહી શકાય. ‘પુષ્પા-ટુ’ સાઉથની ફિલ્મ છે એટલે એ ન ગણાય.

હિન્દી ફિલ્મોની સ્થિતિ એવી છે કે વર્ષે - બે વર્ષે એકાદી હિટ જાય છે. ફિલ્મો હિટ જાય એ જ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સફળતાનો માપદંડ નથી,પણ સારી ફિલ્મો, લોકો પરિવાર સાથે સતત જોવા આવે એવી ફિલ્મો નિયમિતપણે બનતી રહે છે ખરી? કેમ સાઉથની ફિલ્મોનો સતત સહારો લેવો પડે છે? રિ-મેક ઉપર રિ-મેક બનાવવી પડે છે? એક ફિલ્મ હિટ જાય એટલે એનો બીજો ભાગ ને ત્રીજો ભાગ ને છેક પાંચમાં છઠ્ઠા ભાગ સુધી પહોંચી કેમ જાવ છો ? એ ખરું કે સફળતાને નીચોવી લેવાની દરેકની નીતિ-રીતિ હોય છે, પણ આવું ક્યાં સુધી ?

જાણીતા નિર્દેશક અનુરાગ કશ્યપે તાજેતરમાં એવું કહ્યું કે ‘એ મુંબઈ છોડી રહ્યા છે કારણ કે મુંબઈનું વાતાવરણ બહુ ટોક્સિક છે.’ અનુરાગ જેવો સ્થાપિત માણસ પણ કંટાળી ગયો છે.

ફિલ્મોની વાત છોડો. એ વિચારો કે અત્યારે કયું માધ્યમ સૌથી વધુ જોવાય છે? ‘ઓટીટી ભવિષ્ય છે અને સિનેમાના પાટિયા પડી ગયા છે.’ આ સત્ય હવે આઉટડેટેડ છે. ‘સાઉથનું સિનેમા ચાલે છે અને હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રી ફિક્કી પડી રહી છે’ એ પણ અર્ધ- સત્ય છે. એમેઝોન, જિયો-હોટસ્ટાર, નેટફ્લિક્સ, સોની લીવ, ઝી ફાઈવ, શેમારું, એચબીઓ, હુલુ જેવા ઓવર ધ ટોપ (ઓટીટી) પ્લેટફોર્મ તેની પરાકાષ્ઠાએ પહોંચી ગયા છે અને ત્યાંથી હવે તેની અવનતિનો માર્ગ સુરેખ દિશામાં નીચે તરફ ઢળી રહ્યો છે. મોટા મોટા ઓટીટી પ્લેટફોર્મના સબ્સ્ક્રાઇબર્સ ઘટી રહ્યા છે. એમેઝોન કે નેટફ્લિક્સ જેવા વૈશ્વિક પ્લેટફોર્મ તેનો કર્મચારી ગણ ઘટાડી રહ્યા છે કારણ કે તે બધા ધીમે ધીમે ભીંસમાં આવી રહ્યા છે.

સિનેમા સ્ક્રીન ખાલી રહે છે. થિયેટરોમાં ફૂટફોલ સતત ઘટી રહ્યા છે. દિવાળી હોય કે નાતાલ, હાઉસફૂલના પાટિયા પર ધૂળ ચઢી ગઈ છે...

નોર્થ હોય કે સાઉથ,ફિલ્મ ઇન્ડસ્ટ્રીના બોકસઓફિસ આંકડા ઘટી રહ્યા છે.. આવનારા વર્ષો પોતાની પ્રગતિ માટે નહીં પણ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટેના સંઘર્ષના વર્ષો તરીકે દરેક મનોરંજન માધ્યમ માટે સાબિત થશે.

આવી કફોડી સ્થિતિ સર્જાવાનું કારણ શું?

અભિનેતા જોન અબ્રાહમે હિન્દી સિનેમાના સાથી કલાકારો પ્રત્યે હમણાં જ અસંતોષ વ્યક્ત કર્યો કે મોટા સુપરસ્ટાર્સ મોંઘી ફી અને અન્ય તોતિંગ ખર્ચ દ્વારા ‘ફિલ્મ સિસ્ટમને શોષી રહ્યા છે.’ આ અગાઉ, ફિલ્મ નિર્માતાઓ કરણ જોહર અને ફરાહ ખાને પણ કલાકારોની ટીમના વધતા ખર્ચ વિશે વાત કરી હતી.

(વિધિની વક્રતા એ છે કે ‘આવા વધારાના ખર્ચ’ની શરૂઆત ખુદ કરણે જ શરૂ કરી હતી ! )

‘ધ હોલિવૂડ રિપોર્ટર ઈન્ડિયા’ સાથેની મુલાકાતમાં જહોનને ‘હીરો પ્રતિ ફિલ્મ ૧૦૦ કરોડ રૂપિયા માંગે છે અને એમના સ્ટાઈલિસ્ટ દરરોજ ૨ લાખ રૂપિયા માંગે છે’ એ વિશે ટિપ્પણી કરવાનું કહેવામાં આવ્યું ત્યારે એણે આ પરિસ્થિતિને ‘માનસિક’ ગણાવી કહ્યું કે ‘હાલમાં આપણે એ લોકોને આટલા બધા પૈસા ન આપવા જોઈએ, કારણ કે આપણા મોટા બજેટ અને મોટી ફીને યોગ્ય ઠેરવતા નથી. ફિલ્મ રિલીઝ થયા પછી કલાકારોનો ખર્ચ પણ કાઢી શકતા નથી. આ સ્થિતિ હાસ્યાસ્પદ છે આપણે આમાંથી બહાર નીકળીને વાસ્તવિક દુનિયા જોવાની જરૂર છે’ જહોનના આ શબ્દો સટિક છે.

હિન્દી સિનેમામાં કલાકારોની ફી અને ફિલ્મ બજેટમાં વધારા અંગે ચર્ચા વર્ષોથી ચાલી રહી છે. જો કે, તાજેતરમાં બોક્સઓફિસ પર ઘણી મોટા બજેટની ફિલ્મોના નબળા પ્રદર્શન બાદ આ મુદ્દો ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. જ્યારે સ્ટાર્સના પગાર બોક્સઓફિસના નફા કરતાં વધી જાય છે ત્યારે પ્રોડ્યુસર જ સહન કરતો હોય છે. પછી એ પ્રોડ્યુસર બીજી વખત કોઈ સારી ફિલ્મમાં પૈસા રોકશે ખરો?

હિન્દી સિનેમાના બોકસઓફિસ પરફોર્મન્સમાં ઘટાડો ચિંતાનો વિષય છે, સુપરસ્ટાર ધરાવતી ફિલ્મો પણ ફિલ્મના પ્રોડક્શન વેલ્યુની બ્રેક - ઈવાન મોમેન્ટ માટે સંઘર્ષ કરી રહી છે. અક્ષય કુમાર, રણબીર કપૂર અને સલમાન ખાન જેવા ટોચના કલાકારોની ફિલ્મોને અણધારી નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો છે, જેના કારણે આ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો વિચારતા થઈ ગયા છે કે કલાકારો દ્વારા લેવામાં આવતી અતિશય ફી શું યોગ્ય છે ખરી?

રસપ્રદ વાત એ છે કે, જ્યારે બોલિવૂડ વધતા બજેટ અને ઘટતા નફાના પડકાર સામે ઝઝૂમી રહ્યું છે, ત્યારે દક્ષિણ ભારતીય સિનેમા એક આદર્શ મોડેલ તરીકે ઊભરી આવ્યું છે. રજનીકાંત, વિજય અને મહેશ બાબુ જેવા મોટા સ્ટાર્સે મોટી અપફ્રન્ટ ફી માંગવાને બદલે ફિલ્મના નફામાં હિસ્સો સામેલ કરવા માટે તેમની ફીઝની ચુકવણીનું સરસ માળખું ગોઠવ્યું છે. આ મોડેલ માત્ર ફિલ્મને આર્થિક રીતે સધ્ધર રાખવાની ખાતરી જ નથી આપતું, પરંતુ અભિનેતાની સફળતાને ફિલ્મના વાસ્તવિક પ્રદર્શન સાથે સાંકળીને બધા માટે વિન - વિન સ્થિતિનું નિર્માણ કરે છે. તેલુગુ અને તમિલ ફિલ્મ ઉદ્યોગોએ પણ દર્શાવ્યું છે કે નિયંત્રિત ઉત્પાદન બજેટ અને વ્યૂહાત્મક રોકાણો કેવી રીતે મોટો નફો મેળવી શકે છે. આરઆરઆર અને પુષ્પાઃ ધ રાઇઝ જેવી ફિલ્મસની સફળતા આ સંતુલિત અભિગમનો પુરાવો છે.

આ ટીકા નથી પણ સમીક્ષા છે અને આ ટીકા - ટિપ્પણી એ કંઈ ઇન્ડસ્ટ્રી ઉપર હુમલો નથી, તે હિન્દી સિનેમા માટે ચેતવણી છે. જો બોલિવૂડને પોતાનો ગઢ પાછો મેળવવો હોય, તો આ ઉદ્યોગ સાથે સંકળાયેલા દરેકે ‘ એકડે એકેથી વિચારવું પડશે...’ ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી

feedback@bombaysamachar.com

# બ્રાન્ડને જીવંત બનાવે છે રંગ

## હર કલર કુછ કહેતા હૈ..!

રંગોનો ઉત્સવ આવી રહ્યો છે. રંગોનું મહત્ત્વ જીવનમાં શું છે તે આપણે સહુ જાણીયે છીએ. જો રંગો ના હોય તો જીવન બેરંગી થઇ જાય- સૂનું થઇ જાય. શાળામાં ભણ્યા કે ‘લાલ પીળો ને વાદળી મૂળ રંગ કહેવાય બાકી બધા રંગો તો તેની મેળવણીથી થાય.’ રંગોને જોતા આપણી સમક્ષ અમુક ચીજો આવી જાય છે. ઉદાહરણ તરીકે, રંગબેરંગી કપડાઓમાં લોકોને જોતા લાગે કે કોઈ પ્રસંગ ઉજવાઈ રહ્યો છે તો સફેદ કપડામાં લોકોને જોતા લાગે કેંક અશુભ થયું છે. કેસરી, લીલો અને સફેદ રંગને સાથે જોતા આપણો રાષ્ટ્રધ્વજ સામે આવે છે તો મોરના પીંછાના રંગને તો તેનું જ બિરુદ મળ્યું કે આ તો મોરપીંછ રંગ છે.

મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ રંગો માનવ વર્તન, લાગણીઓ અને દ્રષ્ટિકોણને અસર કરે છે અને જો આમ હોય તો બ્રાન્ડ આમાં પાછળ કેમ રહે ?! કારણ બ્રાન્ડનું કામ છે માનવના મન પર પ્રભાવ પાડવાનું અને તેના માટે જે જરૂરી પગલાં છે તે ભરવા. આથી બ્રાન્ડ બિલ્ડિંગમાં રંગ મહત્ત્વનો ભાગ ભજવે છે. થોડા સમય પહેલા આપણે રંગ બ્રાન્ડ માટે શા માટે ઉપયોગી છે તેની વાત જાણી હતી. આજે, કયો રંગ શું સૂચવે છે તે જાણીએ.

આપણે જાણીએ છીએ કે હરેક રંગની બે બાજુ હોઈ શકે. ઉદાહરણ તરીકે, કાળો રંગ અશુભ ગણાય છે તો તેને લોકો સોફેસ્ટિકેટેડ, એલિગન્ટ અને ક્લાસી પણ ગણે છે. ઘણી લક્ઝરી બ્રાન્ડ આ કારણે પોતાની બ્રાન્ડ માટે કાળો કલર વાપરે છે, જેમ કે કપડાની બ્રાન્ડ બ્લેક બેરીસ, શૂ બ્રાન્ડ એડિદાસ વગેરે. આપણે આજે રંગોની ઉજળી બાજુ જોઈ બ્રાન્ડ તેનો કયા કારણસર ઉપયોગ કરે છે તે જાણીશું.

લાલ રંગ એ પેશન, પાવર, એનર્જી દર્શાવે છે. તે બીજા કોઈ રંગ કરતાં વધુ ધ્યાન ખેંચે છે.




બોલ્ડ લોગો હોય કે ચમકદાર જાહેરાત, લાલ રંગ નિવેદન આપવા વિશે છે. કેટલાક ઉદાહરણમાં કોકા-કોલા, નેટફ્લિક્સ, ફેશન બ્રાન્ડ એચએમ, ટેલિકોમ બ્રાન્ડ એરટેલ, વગેરે.

બ્લુ રંગને બહુમુખી, ભરોસાપાત્ર અને ખૂબ જ વિશ્વસનીય માનવામાં આવે છે. ઘણી બેંક અને ફાઇનાન્સને લગતી બ્રાન્ડ આનો ઉપયોગ કરે છે. એચડીએફસી બેન્ક, ફેસબુક, લિંકેડીન જેવી ઘણી મોટી બ્રાન્ડ્સ વિશ્વસનીયતા અને વ્યાવસાયિકતા દર્શાવવા માટે વાદળી રંગનો ઉપયોગ કરે છે.

કેસરી રંગ હિમ્મત, આત્મવિશ્વાસ, હૂંફ, ઇનોવેશન, ફન અને એનર્જેટિક જેવી વાતો કરે છે. કેટલાક ઉદાહરણમાં બાળકોની ચેનલ નિકોલીડન, ફૂડ ડિલિવરી બ્રાન્ડ સ્વિગી વગેરે.

પીળો રંગ હેપીનેસ, ક્રિએટિવિટી, આશાવાદ જેવી વાતો દર્શાવે છે. નેશનલ જ્યોગ્રાફી, મેકડોનાલ્ડ્સ, મેગીનું પેકેજિંગ, સ્નેપચેટ વગેરે જેવી બ્રાન્ડે આનો ઉપયોગ કર્યો છે.

લીલો રંગ આપણી આંખો માટે લાભદાયક છે. એ શાંત અને આનંદદાયક છે. આ ઉપરાંત તે ફ્રેશનેસ, હેલ્થ, નેચર, સમૃદ્ધિ જેવી વાતો આપણી સામે લાવે છે. આના ઉદાહરણો જોઈએ તો; સ્ટારબક્સ, લિપ્ટન ગ્રીન ટી, નોબેલ કેમિસ્ટ, હોલીડે ઈન, સ્પ્રાઇટ વગેરે.

પર્પલ અર્થાત્ જાંબળી કલર. આ રંગમાં પુરુષ અને સ્ત્રીની લાક્ષણિકતાનું સંતુલન જોવા મળે છે. વેલ્થ, સ્પિરિચ્યુઆલિટી, ઇમેજિનેટિવ, સોફેસ્ટિકેશન જેવી અનેકવિધ વાત જણાવે છે. આના ઉદાહરણ : બાળકથી લઈને વૃદ્ધ બધાની મનપસંદ ચોકલેટ કેડબરી ડેરી મિલ્ક, યાહૂ.કોમ, એજ્યુટેક બ્રાન્ડ બાઈજુસ, વગેરે.

માર્કેટિંગની વાત આવે ત્યારે સફેદ રંગ લાંબા સમયથી શુદ્ધતા સાથે સંકળાયેલો છે. વ્હાઈટ કલર તાજગી અને નવી શરૂઆતનું પ્રતીક પણ છે. શૂ બ્રાન્ડ નાઈકી, શોપર્સ સ્ટોપના એડ કેમ્પેઇન, લક્ઝરી ફેશન બ્રાન્ડ શનાલ વગેરે.

બ્રાન્ડ અથવા બિઝનેસ પ્રોડક્ટ માટે કલર્સ પસંદ કરવા પાછળ ઘણાં બધાં પરિબળ ધ્યાનમાં લેવાય છે, જેમકે પ્રોડક્ટ કે બ્રાન્ડની પ્રકૃતિ શું છે? શું તે કોઈ સર્વિસ અથવા પ્રોડક્ટ છે જે તમે વેચી રહ્યાં છો? ટાર્ગેટ ઑડીએન્સ વૃદ્ધ છે કે યુવાન, સ્ત્રી છે કે પુરુષ? શું તમારું ઉત્પાદન પ્રતિષ્ઠિત અર્થાત લક્ઝરી છે અથવા માત્ર એવી વસ્તુ છે જે સમૂહને આકર્ષે છે? આ ઉપરાંત તમારી બ્રાન્ડ કઈ કેટેગરીમાં છે આ પણ જાણવું જરૂરી છે. બ્રાન્ડિંગ સુમેળભર્યું હોવું જરૂરી છે જેથી કરીને તે અસ્તવ્યસ્ત ના લાગે કે તેને વારંવાર જોઈને લોકો કંટાળી ના જાય. આના માટે વિવિધ રંગ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વિઝ્યુઅલ અનુભવ એવો ન હોવો જોઈએ કે દર્શકોને તેની સાથે જોડાવાની જરૂર ન લાગે. ગ્રાહકની પ્રતિક્રિયા અને બ્રાન્ડના રંગ વચ્ચે નોંધપાત્ર સંબંધ છે, તેથી યોગ્ય રંગ પસંદ કરવા જરૂરી છે. માર્કેટિંગ અને બ્રાન્ડિંગમાં રંગો ફક્ત દૃષ્ટિની આકર્ષકતા માટે નથી. એ ઉપભોક્તાની ધારણા- લાગણી અને વર્તનને પ્રભાવિત કરવામાં મદદ કરે છે.

વિવિધ રંગોની પોતાની એક વાર્તા છે અને તેનો બ્રાન્ડ અસરકારક ઉપયોગ કરે છે. લોકોની લાગણીને જગાડવા અને બ્રાન્ડની ઓળખને વેગ આપવા. આમ તો બ્રાન્ડના વિવિધ પાસા છે પણ તેમાં રંગો મહત્ત્વનું પરિબળ છે. તે સૌથી પહેલા આંખે વળગે અને આથી તેનું મહત્ત્વ વધુ છે. મનોવિજ્ઞાનનું સંશોધન છે કે રંગ માનવ વર્તન અને લાગણીઓને કેવી રીતે અસર કરે છે. વિવિધ રંગ, રંગછટા અને ટોન માનવના મૂડને બદલે છે અને નિર્ણય લેવામાં પણ મદદ કરે છે. ■

# મળો, હરિયાણાના નાનકડા ગામનાં કૅપ્ટન ડૉ. સુનૈના સિંહને



કૅપ્ટન ડૉ. સુનૈના સિંહ છેલ્લાં પંદર વર્ષથી સાહસ ને બહાદુરીથી સેનામાં ફરજ બજાવે છે. સેનામાં આવતાં પહેલા તેમને એમ કહેવામાં આવતું હતું કે આર્મી એ મહિલાના ગજાની વાત નથી. જોકે તેમણે પોતાના અથાક પરિશ્રમ અને સમર્પણથી એ વાતને ખોટી સાબિત કરી છે. સેનામાં સેવા આપવાનું પોતાનું સપનું તેમણે પૂરું કરી દેખાડ્યું છે.

એ વિશે કૅપ્ટન ડૉ. સુનૈના સિંહ કહે છે, ‘મારા સપનાને સાકાર કરતા હું દસ વર્ષથી સેનામાં કાર્યરત છું. દેશ માટે મારે કાંઈ કરી દેખાડવાની લાગણી છે.’

સુનૈનાના પેરન્ટ્સ ટીચર્સ છે. એથી સ્વાભાવિક છે કે તે પણ શિક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવશે. જોકે દેશ સેવા કરવાની તેને લગન લાગી હતી.

૨૦૧૦માં પોતાના ગામમાંથી સેનામાં સામેલ થનાર તે એક માત્ર મહિલા હતી. જોકે આ જર્ની તેના માટે એટલી સરળ નહોતી. તેને અનેક પડકારો ઝીલવા પડ્યા હતા. દરેક મુશ્કેલી તેને વધુને વધુ મજબૂત બનાવી રહી હતી.

આ જ કારણ છે કે તેઓ અન્ય મહિલાઓને પડકારોનો હિમ્મતથી સામનો કરવાનું માર્ગદર્શન આપે છે. તેઓ સ્કૂલ અને કોલેજોમાં વિવિધ વર્કશોપ્સ અને ચર્ચાસત્રનું આયોજન કરે છે. સાથે જ સ્ટુડન્ટ્સને તેમનાં સપનાઓ સાકાર કરવા માટે જરૂરી માહિતી પૂરી પાડે છે. એ વિશે કૅપ્ટન ડૉ. સુનૈના સિંહ કહે છે, ‘તમે જ્યારે આગળ વધો ત્યારે સાથે અન્યોને પણ આગળ વધવામાં મદદ કરવી એમાં ખરી તાકત સમાયેલી છે. માત્ર યુનિફોર્મ પહેરી લેવાથી દેશસેવા નથી થતી. સમાજમાં પરિવર્તન પણ લાવવું એટલું જ જરૂરી છે.’ ■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**બંસીલાલના** અપહરણથી શહેરભરમાં હલચલ મચી ગઇ. બંસીના વકીલે તાબડતોબ કોર્ટ નજીકના પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવી દીધી. કેસની આખરી સુનાવણીને દિવસે જ એનું અપહરણ થવું એ નાનીસૂની વાત નહતી. અપહરણના ઘણા એન્ગલથી તપાસ કરી રહેલી પોલીસે વકીલની સાથે પોલીસ સ્ટેશન ગયેલા મોતીબાબુથી તપાસ આદરી.

'તુમને બંસી કો જામીન પે છુડાયા થા.?' પોલીસ ઇન્સ્પેક્ટરે પૂછ્યું.

'હાં, ઉસકા અપના કોઇ નહીં થા તો મૈંને હેલ્પ કિયા.' બસ્તા શેઠના ચાવી મારેલા પૂતળા જેવા મોતીબાબુએ કહ્યું.

'કૈસે જાનતે હો બંસી કો.?'

'હમ દોનોં ડ્રાઇવર હૈ...વો ટ્રક કા, મૈં ટેક્સી કા. જાનપહેચાન થી.'

'તુમ કો કિસી પે શક હૈ?'

'નહીં કિસી પર શક નહીં....અચાનક હો ગયા...મૈં ખુદ હૈરાન હું.'

'ઠીક હૈ, તુમ જાઓ.' મોતીબાબુ ગયો પછી ઇન્સ્પેક્ટરે વકીલને પૂછ્યુંઃ

'બંસી કા વકાલત કે લિયે તુમકો કિસને રોકા હૈ.?'

'મોતીબાબુ આયા થા મેરે પાસ...બોલા કી મેરા દોસ્ત એક્સિડેન્ટ કે મામલે મેં ફંસ ગયા હૈ...ઉસકો જામીન દિલા દો.'

'મામલા એક્સિડેન્ટ કા નહીં હૈ...મામલા એક્સિડેન્ટ સે હુઇ મૌત કા હૈ.

એક્સિડેન્ટ મેં કૌન મારા ગયા હૈ...જાનતે હો તુમ.?'

'હાં સાબ જાનતા હું?'

'બંસી કા જિંદા રહેના કિસી કો તો ખટક રહા હૈ. કૌન હો સકતા હૈ ?' ઇન્સ્પેક્ટરે ટેબલ પરનું પેપરવેઇટ ગોળ ગોળ ફેરવતા કહ્યું.

***************

'શેઠ, બંસી કા અપહરન હો ગયા.' હાંફળાફાંફળા પ્રવેશેલા મોતીબાબુએ બસ્તા શેઠને કહ્યું.

'પતા ચલા મુજે.' બસ્તા શેઠે આરામથી જવાબ આપ્યો.

'પુલીસને મુજે એસે પૂછા જેસે મૈને ઉસકા અપહરન કરવાયા હૈ.'

'તૂ ફિકર ન કર...મૈં દેખતા હું'

'શેઠ, પોલીસ મુજે બાર બાર પૂછેગી તો મૈં ક્યા જવાબ દું...' મોતીબાબુએ પોલીસ સ્ટેશનની મુંઝવણ બસ્તા શેઠ સામે મૂકી.

'મેરા નામ નહીં દેને કા.....નહીં દેને કા મેરા નામ.' બસ્તા શેઠે પોતાનો અસલી રંગ બતાવ્યો.

'આપને જોરાવર કો સાથ ક્યું નહીં ભેજા.....બંસી બચ જાતા.' મોતીબાબુ રડમસ ચહેરા સાથે બોલ્યો.

'જોરાવર...જોરાવર ક્યા કર લેતા.?' બોલી લીધા પછી બસ્તા શેઠ કોઇ ઊંડા વિચારમાં ખોવાઇ ગયા.

*****************

મહાબળેશ્વરના ઘાટના સિંગલ રોડ પર રસ્તાનું કામ ચાલુ હોવાના પાટિયા મુકી દેવાયા હતા અને સાથે બંને બાજુનાં વાહનોને રોકવા લાલ ઝંડી સાથે માણસો ઊભા રખાયા હતા. વાહનોની લાંબી લાઇનો થવા લાગે તે પહેલાં ઘાટ પર ઊભેલી વેનમાંથી બંસીને ઉતારીને બે જણે ખીણમાં ધક્કો મારી દીધો. બંને ઝડપથી લગભગ ચાલુ વેને જ ચડ્યા ને વેન પુરપાટ નીકળી ગઇ. બંને બાજુના પાટિયા હટી ગયા, માણસો લાલ વાવટાઓ વીંટીને કારમાં રફુચક્કર થઇ ગયા. થોડી ક્ષણોમાં ઘાટ પર વાહનો ધીમી ગતિએ પસાર થવા લાગ્યાં. ઘાટનો વાહનવ્યવહાર પુર્વવત્ થઇ ગયો. બંસી મોતને ઘાટ ઊતરી ગયો.

*******************

બસ્તા શેઠે જોરાવરને બોલાવ્યો. એણે બંસીના દેખતા એને તમાચો માર્યો એની માફી માગવા નહીં, પણ એ જાણવા કે જોરાવરે બંસીનું અપહરણ તો કરાવ્યું નથી ને.

'બોલો શેઠ,' જોરાવરના અવાજમાં જરાપણ વિનમ્રતા ન હતી.

'તારી ગરમીનો પારો હજી ઉતર્યો નથી લાગતો.'

'હા હજી મારું માથું તપેલું છે....ગુસ્સામાં છું....અને કેમ ન હોઉં. પેલા બે કોડીના બંસીડાની સામે તમે મારા પર....તમારા વરસોના આ વફાદાર પર હાથ ઉપાડ્યો. મારી શું ઇજ્જત રહી.'

'બંસીનું અપહરણ તેં કરાવ્યું છે.?' બસ્તા શેઠે પૂછ્યું.

'આ જ સવાલ હું તમને કરું તો.....બંસીનું અપહરણ તમે કરાવ્યું છે.?'

'શું બકવાસ કરે છે તું?' બસ્તા શેઠ તાડુકી ઉઠ્યા.

'બંસીથી સૌથી વધુ ખતરો કોને છે શેઠ?'

'ખતરો? એને તો સજા થવાની જ હતી...પછી શેનો ખતરો.?'

'કેમ ચંદનના કિસ્સામાં તમને એનાથી ખતરો નહતો....અને એટલે જ તો એને'

'જોરાવર, બંધ કર તારું મોઢું.'

'શેઠ, તમે બંસીના અપહરણમાં મારું નામ ઢસડ્યું એટલે મારે મોઢું ખોલવું પડ્યું.'

'મેં એનું અપહરણ નથી કરાવ્યું....સમજી લે જે તું.'

> **'આદિલ ખાન બોલ રહા હું. અભિ કા નામ ઇલેક્શન કે લિયે પહોંચ ગયા હૈ. ઉસ સે પહેલે ઉસકા ધી એન્ડ કરા દો.'**

'બસ્તા શેઠ, આ વાત તમે મને સમજાવી શકશો, પોલીસને નહીં.'

'જરૂર પડ્યે હું પોલીસને સમજાવી દઇશ મારી રીતે.'

ટેલિફોનની ઘંટડી વાગી. બસ્તા શેઠે તરત જ ફોન ઉપાડી લીધો.

'હેલો...કૌન.?'

'આદિલ ખાન બોલ રહા હું. અભિ કા નામ ઇલેક્શન કે લિયે પહોંચ ગયા હૈ...ઉસ સે પહેલે ઉસકા ધી એન્ડ કરા દો....વરના ભાઇ કો બોલના પડેગા....હબીબ કો ક્યું ઔર કિસને ઉડાયા.' આદિલે ફોન કટ કર્યો.

********************

પિન્ટોએ પ્રિયાને પોતાની કેબિનમાં બોલાવી.

'મુઝે નહીં લગતા કી અભિ હાં કહેગા..' પિન્ટોએ કહ્યું.

'વો ના નહીં કહેગા....મૈં આપકો ગલત સાબિત કર દુંગી.' પ્રિયાએ કહ્યું.

'તુમકો ઇતના કોન્ફિડેન્સ હૈ.?'

'આઇ એમ ઓવરકોન્ફિડેન્ટ...વો મેરી પ્રપોઝલ કો નહીં ઠુકરા સકતા.' પ્રિયાએ કહ્યું.

'અભિ કા સ્ટેટસ બદલ ગયા હૈ...વો બડા સ્ટાર બન ગયા હૈ...અગર તુ ઉસે મેરી ઇસ એડ ફિલ્મ કે લિયે સમજા લેગી તો તુઝે મૈં બડા કમિશન દુંગા.'

'વોટ.? આપ એડ ફિલ્મ કી બાત કર રહે હો? મૈં તો સમઝી કી આપ હમારી શાદી કી બાત કર રહે હો.'

બંને હસી પડ્યાં. થોડી ક્ષણો પછી પ્રિયાએ કહ્યું. 'સર, આઇ એમ વેરી કોન્ફિડેન્ટ. વો શાદી કી બાત ભી નહીં ટાલેગા. હમારી શાદી હોગી.'

***************

અભિ લગ્નના બીજા જ દિવસથી જ શુટિંગમાં વ્યસ્ત થઇ ગયો હતો. અશોક ટંડનની ફિલ્મનું બાકીનું શુટિંગ પૂરું કરવાની એણે પોતે ઉતાવળ બતાવી હતી. અભિ સાંજે શુટિંગ પતાવીને મેક-અપ ઉતારી રહ્યો હતો. અકબર પીઆર બાજુમાં બેઠો હતો. અશોક ટંડને મેક-અપ રૂમમાં આવીને કહ્યુંઃ 'હવે આદિલ ખાનની ફિલ્મનું શુટિંગ છે....સેટ લાગી રહ્યો છે.'

અભિ કાંઇ બોલ્યો નહીં. ચૂપચાપ પોતાનું કામ કરતો રહ્યો...સ્ટુડિયોના એક માણસે આવીને કહ્યુંઃ 'અભિ સર આપ કે લિયે ફોન હૈ.'

'મૈં દેખતા હું.' કહીને અકબર પીઆર ફોન લેવા ગયો. એટલામાં આદિલ ખાન એના સેક્રેટરી કમ ચમચા સાથે મેક-અપ રૂમમાં આવ્યો.

મેક-અપ રૂમના આદમકદ અરીસાની સામે ઊભા રહીને એણે પોતાના ચમચાને કહ્યુંઃ 'ગીધડ કી મૌત આતી હૈ તો વો કિધર જાતા હૈ.?'

'શહેર કી ઔર જાતા હૈ.' ચમચો બોલ્યો.

'ફિર ઉસકા ક્યા હોતા હૈ.?' આદિલે પૂછ્યું.

'ભાઇ, આપ હી બતા દો' ચમચાએ કહ્યું.

'ફિર ઉસકી મૌત હોતી હૈ...ધી અન્ડ.' આદિલે પિસ્તોલ અરીસા સામે તાકીને ગોળી છોડવાનો અભિનય કર્યો.'ઠીચ્યુમ...ઠીચ્યુમ...ઠીચ્યુમ'

'ફિર ગીધડ કા સારા મેક-અપ ઉતર જાયેગા.' આદિલે નિશાન અભિ પર તાક્યું.

'ક્યા આદિલ તુમ ભી યાર.....એસી બાતેં તુમકો અચ્છી નહીં લગતી.' અશોક ટંડને કહ્યું.

'અરે....મૈં તો મેરા ડોયલોગ યાદ કર રહા થા...મેરી ફિલ્મ કા શુટિંગ હૈ.'

'ઓહ સોરી.' અશોક ટંડને કહ્યું. અભિ મેક-અપ રૂમમાંથી નીકળી ગયો. સામે જ અકબર પીઆર મળ્યો.

'કોનો ફોન હતો.?' અભિએ પૂછ્યું.

'પ્રિયાનો. તને આજે સ્ટુડિયોમાં બહુ ફોન કર્યા, પણ તું લાઇન પર ન આવ્યો. તને અરજન્ટ મળવા માગે છે.' અકબર પીઆરે કહ્યું.

'લગ્નની વાત લીક થઇ ગઇ..' અભિએ કહ્યું.

'ના, એ તને કોઇ મોટી કંપનીની એડ ફિલ્મ માટે સાઇન કરવા માગે છે.'

'શું કરવું જોઇએ..?' અભિએ પૂછ્યું.

'પહેલા તો તારે એને સામે ચાલીને લગ્નની વાત કરી દેવી જોઇએ. છુપાવીશ તો મહામુસીબતને આમંત્રણ આપવા જેવું થશે.'

'પહેલા એની એડ ફિલ્મની પ્રપોઝલ જોઇ લઉં.' અભિ બોલ્યો ને અકબરે નિઃસાસો નાખ્યો હતો.

****************

અભિ ઘરે જતા આખે રસ્તે પ્રિયા વિશે વિચારતો રહ્યો. અકબર પીઆરની નસીહત એના માથા પર હથોડા ટીપી રહી હતી. લગ્નની વાત છુપાવીશ તો મહામુસીબતને આમંત્રણ આપવા જેવું થશે. જોકે અભિએ સીમા સાથે લગ્ન કરતા પહેલાં આ બધી વાતનો વિચાર કર્યો જ હતો, પણ પગલું ભરતા પહેલાંના અને પગલું ભરાઇ ગયા પછીના વિચારમાં જમીન આસમાનનો ફરક હોય છે. પછીથી આવતા વિચારમાં જો હોગા વો દેખા જાયેગા...જોશમાં બોલાતા આ ડાયલોગની અસર હકીકતનો સામનો કરતી વખતે જુદી હોય છે.

ઘરમાં પ્રવેશતા જ અભિના પગ થંભી ગયા. ડ્રોઇંગ રૂમના ઝાંખા પ્રકાશમાં ઓળખી લીધેલી બે આકૃતિઓના સ્પષ્ટ ચહેરા જોવા એણે સ્વીચ ઓન કરી. એણે સીમાનો શાંત અને પ્રિયાનો તંગ ચહેરો વાંચી લીધો. હવે એણે જો હોગા વો દેખા જાયેગા સંવાદનો સામનો કરવાનો હતો.

પ્રિયાએ અચાનક બાજુમાં પડેલા ફ્લાવરવાઝનો છુટ્ટો ઘા કર્યો. અભિએ સમયસૂચકતા વાપરી....એ બચી ગયો. ફ્લાવરવાઝના ટુકડેટુકડા થઇ ગયા. કાનને ચીરી નાખતા અવાજે ઘરની શાંતિ ડહોળી નાખી. (ક્રમશઃ)■

ફોકસ
નિધિ ભટ્ટ
feedback@bombaysamachar.com

# નર્સની નોકરી છોડીને ખેતી ક્ષેત્રે ઝંપલાવી કરે છે લાખોની કમાણી



કાવ્યા ઢોબાળે એક એવી સમર્પિત નર્સ કે જેણે કોરોના કાળમાં દર્દીઓની નિસ્વાર્થભાવે સેવા કરી અને છ મહિના સુધી હોસ્પિટલમાં રહીને જ લોકોની પીડા પર મલમ લગાવવાનું કામ કર્યું, આ સેવાના કાર્યમાં તેનું મન પરોવાઈ ગયુ હતું. જોકે લાઇફમાં એક એવો વળાંક આવ્યો કે તેણે નર્સની સફળ કરીયર છોડીને ખેતી ક્ષેત્રે ઝંપલાવ્યું અને આજે વર્ષે લાખોની આવક રળે છે. સાથે જ અન્ય ખેડૂતોને પણ કેમિકલ-ફ્રી ખેતીનું માર્ગદર્શન આપે છે.

પોતાની નર્સની ફરજ દરમ્યાન તેણે જોયું કે કેટલાંય દર્દીઓ એવા હતાં જેમને શ્વાસ લેવામાં તકલીફ થતી અને હૃદયના ધબકારા વધી જતાં હતાં. એને કારણે તેઓ મોતના મુખમાં ધકેલાઈ જતાં હતાં. ડૉક્ટર્સ અને નર્સ તેમને બચાવવાના પૂરતાં પ્રયાસો પણ કરતાં હતાં.

છ મહિના સતત હોસ્પિટલમાં રહ્યાં બાદ કાવ્યાને ઘરે જવાની પરવાનગી તો મળી, પરંતુ તે પણ કોવિડ-૧૯નો ભોગ બની. તેની તબિયત એટલી હદ સુધી ખરાબ થઈ ગઈ કે તે મરણ પથારીએ પહોંચી ગઈ હતી. જોકે, સદનસીબે તેનો આબાદ બચાવ થઈ શક્યો. એ એક અનુભવે તેના જીવનમાં વળાંક લાવવાનું કામ કર્યું.

એ વિશે કાવ્યાએ કહ્યું, 'આજે આપણે જોઈએ છીએ કે અનેક લોકો વિવિધ બીમારીઓ જેમ કે ડાયાબિટીસ, હાયપરટેન્શન અને કૅન્સરથી પીડાય છે. એથી તેમની રોગપ્રતિકારક શક્તિ નબળી પડી જાય છે. એથી બીમારી લાગુ પડે એ પહેલાં જ તેની તકેદારી રાખવી અગત્યનું છે. હું વિષયના મૂળમાં જવા માગતી હતી. જેથી કરીને સમસ્યાને જડમૂળમાંથી ઉકેલી શકાય. એથી મેં ખેડૂતોને ઑર્ગેનિક ફાર્મિંગ તરફ વાળવાનો પ્રયાસ કર્યો. જેથી કરીને આપણે કેમિકલ-ફ્રી ઉત્પાદનો ઊગાડી શકીએ અને ભવિષ્યમાં કોઈ બીમારી ઘેરી ન લે એ માટે લોકોની રોગપ્રતિકારક શક્તિ વધારવા પર ધ્યાન આપવા માગતા હતાં.'

એથી તેને એહસાસ થયો કે આપણે જે પણ ખોરાક ખાઈએ છીએ એ કેમિકલથી ભરપૂર હોય છે. એને કારણે આપણી રોગપ્રતિકારક શક્તિ પર અસર પડે છે. આ જ કારણ છે કે તેણે વસ્તુના મૂળમાં જવાનું નક્કી કર્યું. કાવ્યાને વધુ પગારવાળી સરકારી નોકરી છોડીને ઑર્ગેનિક ફાર્મિંગ કરવાનો વિચાર આવ્યો. તેણે કૃમિવાળા ખાતરનો અભ્યાસ કરવાનું શરૂ કર્યું, જે માટીની ફળદ્રુપતાને વધારે છે.

કાવ્યા જણાવે છે કે, 'હું જ્યારે ગામમાં પહોંચી તો અનેક ખેડૂતોને મળી હતી. તેમની સાથે થયેલી ચર્ચા દરમ્યાન જાણવા મળ્યું કે ખેતરમાં ભાગ્યે જ અળસિયાં હતાં. તેમને જ્યારે પૂછ્યું કે તેઓ જૈવિક ખાતરનો ઉપયોગ કેમ નથી કરતાં? તો તેમણે જણાવ્યું કે અમે ગાયનું છાણ ખેતરમાં નાખતા હતાં, પરંતુ એનાથી કોઈ પરિણામ મળતું નહોતું. આ જ કારણ છે કે તેમણે પર્યાય તરીકે કેમિકલનો ઉપયોગ કરે છે. એને કારણે માટીમાં રહેલા અળસિયાંઓ નાશ પામે છે.'

તેમની આ વાત પરથી કાવ્યાને વર્મિકમ્પોસ્ટ બેડ્સ બનાવવાનો વિચાર આવ્યો. એનો ફાયદો શું થશે એ ખેડૂતોને તે સમજાવવા માગતી હતી. શરૂઆતમાં તેણે ૧૦ બેડ્સ બનાવ્યા હતાં. એમાં તેણે પાંચ લાખ રૂપિયાનું રોકાણ કર્યું. છ મહિના બાદ તેણે આવા વીસ બેડ્સ બનાવ્યા. ગાયના છાણનો ઉપયોગ કરીને વર્મિકમ્પોસ્ટ બનાવવામાં લગભગ બે મહિનાનો સમય લાગે છે.

આજે કાવ્યા દર મહિને વીસ ટન વર્મિકમ્પોસ્ટ બનાવે છે. આખા મહારાષ્ટ્રના ખેડૂતો એનો લાભ લે છે. આજે વર્ષે ત્રીસ લાખ રૂપિયાનું વેચાણ થાય છે. કાવ્યા મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક અને પશ્ચિમ બંગાળના લગભગ ત્રણ હજાર ખેડૂતોને એ વિશેની ટ્રેઇનિંગ આપી ચુકી છે. ■

આકાશ મારી પાંખમાં
ડૉ. કલ્પના દવે
feedback@bombaysamachar.com

# મનની ભીતરનું આભ ઉઘડે તો ઝળહળાં થાંઉ, મીરાંની જેમ નાચી ઊઠું તાનમાં

સ્વને પામીને જીવનનો ઉત્સવ માણી શકીએ એ જ સાચું સ્ત્રીસશક્તીકરણ. ૮મી માર્ચને આંતરરાષ્ટ્રીય વિશ્વમહિલા દિન તરીકે આપણે ઉજવીએ છીએ પણ આમાંથી કેટલું પામી શકીએ છીએ એ મહત્ત્વનું છે. ક્રાંતિકારી લેખિકા- સિમોન-દુ-બુવાર કહે છે- જયારે સ્ત્રી પોતાની નિર્બળતા થકી નહીં, પણ પોતાની આંતરિકશક્તિ થકી પોતાનું જીવન ઉજાળશે, પોતાની જાતથી ભાગીને નહીં પણ સ્વયંની શોધ માંડશે, દુઃખમાં ડૂબીને નહીં પણ પોતાના કાર્યમાં સામર્થ્ય દાખવશે ત્યારે તેનું જીવન ઉત્સવ બની રહેશે.

આતમ જાગે તો જ સવાર- સ્ત્રીસશક્તીકરણ એ માત્ર વિચાર કે આદર્શ નથી પણ જીવનનો એક દૃષ્ટિકોણ છે. આ અંગે પ્રત્યેક સ્ત્રીએ જ જાગૃત થવાનું છે. આપણો ધ્યેય નિશ્ચિત કરી તેને પામવા પુરુષાર્થ પણ આપણે જ કરવાનો છે. એક સુસંસ્કૃત સુશિક્ષિત સ્ત્રી જ પરાશક્તિ પામી શકે. બદલાતા સમાજમાં શ્રેષ્ઠ જીવન પામવાનું છે.

સ્ત્રીશક્તિના કેટલાક દીપસ્તંભોના ચરિત્રને જોઈએ.

મેરે તો ગિરધર ગોપાલ, દૂસરો ન કોઈ ગાનાર મીરાં એટલે ભક્તિની દીપશિખા- આતમશક્તિ થકી જ મીરાં કૃષ્ણને પામી શકી.

'પગ ઘૂંઘરું બાંધ મીરાં નાચી રે,'

લોગ કહે મીરાં ભઈ રે બાવરી, સાસ કહે કુલનાશી રે-- સંત કવયિત્રી મીરાં એટલે મધ્યકાલીન-ભક્તિયુગની ક્રાંતિકારી સ્ત્રી. મીરાં સામે ત્રણ અવરોધો હતા- એક રાજરાણી, બીજું સ્વયં સ્ત્રી હોવાના અવરોધો અને ત્રીજું વૈધવ્ય- સમકાલીન સમાજ સામે આ બંધનો ફગાવીને, અડગ નિર્ણયશક્તિ કેળવીને કૃષ્ણભક્તિના માર્ગે આગળ વધ્યાં. સાધુસંતોનો સાથ ન છોડ્યો ત્યારે રાણાજીએ ઝેરનો પ્યાલો મોકલ્યો તો તે હસતે મુખે પી ગયાં પણ ભક્તિનો પંથ ન છોડ્યો.

સ્વાતંત્ર્ય આંદોલનમાં સામાજિક બંધનોને ફગાવીને સહભાગી થનાર મહિલાઓના પ્રણેતા હતા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી. ચરખો કાંતવો, સ્વદેશી ચળવળ હોય, બારડોલી સત્યાગ્રહ હોય કે દાંડીકૂચની ચળવળ શહેરી-ગ્રામીણ સ્ત્રીઓ તેમાં જોડાઈ હતી.

સ્ત્રીશક્તિનો દીપસ્તંભ-૨- રાષ્ટ્રમાતા કસ્તુરબા.

મહાત્મા તરીકે પૂજાતા પોતાના પતિના પગલે પોતાનું જીવન સમર્પિત કરી દેનાર કસ્તુરબાનું જીવન કર્મઠ તપ અને સેવાનું રહ્યું છે. દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ-ફિનિક્સ આશ્રમ હોય, સાબરમતી આશ્રમ હોય કે વર્ધાનો આશ્રમ બાએ હંમેશાં બાપુને સાથ આપ્યો. સ્ત્રીકેળવણી,



અસ્પૃશ્યતા નિવારણ, ગ્રામોધ્ધાર કે સત્યાગ્રહની ચળવળ- બાએ મનસા-વાચા-કર્મણા થકી પોતાનું યોગદાન આપ્યું.

દક્ષિણ આફ્રિકાના આશ્રમમાં બનેલો આ પ્રસંગ છે. તે વખતે બાથરૂમમાં ખાળ ન હતા. પેશાબને એક વાસણમાં ભેગું કરી ઠાલવવું પડતું.

એકવાર બાપુએ બા ને કહ્યું- મહેમાનની કોટડી સાફ કરો.

એ પંચમ જાતિના મહેમાનની કોટડી હું સાફ કરું, એના ટબને ઠાલવવા હું જાઉં? મારાથી એ નહીં બને. બાએ કહ્યું.

બાપુ- તારે એ કામ કરવું જ પડશે, અને જરા ય ગુસ્સાથી કે રડીને નહીં. (કસ્તુરબાની આંખમાં ગુસ્સો હતો સાથે આંસુ પણ છલકાયા.) આ જોઈને બાપુએ કહ્યું- મારા ઘરમાં આ કંકાસ નહીં ચાલે. બા- ત્યારે તમારું ઘર તમારી પાસે રાખો. બાપુ બાને હાથ પકડીને દરવાજા સુધી લઈ ગયા અને દરવાજો ઉઘાડીને બહાર નીકળી જવા ફરમાન કર્યું.

સ્વમાનપૂર્વક પોતાનો હાથ છોડાવતાં, નમ્રતાથી બા બોલ્યાં- જરા તો શરમાઓ. તમને લાજ નથી, મને છે. હું બહાર નીકળીને કયાં જવાની હતી? હું બાયડી થઈ એટલે મારે ધબ્બા ખાવા રહ્યા.

અલ્પશિક્ષિત બા ભારે કોઠાસૂઝ ધરાવતાં હતાં. અન્યાય કે અપમાનને સાંખી

લેવાય નહીં છતાં સહનશક્તિ-ધૈર્ય વડે આત્મગૌરવ જાળવી જ શકાય. તેથી જ બાપુ તેમની આત્મકથામાં લખે છે- અહિંસાના પ્રથમ પાઠ હું મારી પત્ની પાસે શીખ્યો છું.

૧૯૪૨માં ભારત છોડો આંદોલન વખતે નવમી ઓગસ્ટે સવારે પાંચ વાગે જ સરકારે બાપુની ધરપકડ કરી. તે દિવસે સાંજે જ બાપુ શિવાજી પાર્કમાં ભાષણ આપવાના હતા. બાએ કહ્યું- બાપુની અવેજીમાં હું ભાષણ આપીશ. બા એ સુશીલા નૈયર પાસે સંદેશા લખાવ્યા. સાંજે સભાસ્થળે જવા તૈયાર થયાં અને જોયું તો દરવાજા પર પોલીસ ઊભા હતા.

તમે સભામાં ન જાઓ. એક પોલીસે કહ્યું.

જો હું ભાષણ ન કરી શકું તો સુશીલા ભાષણ કરશે. સભામાં તો અમે જઈશું જ. બાએ દ્રઢતાથી કહ્યું.

તો પછી અમારે તમારી ધરપકડ કરવી પડશે, એવું જણાવતાં બાની, ડો.સુશીલા નૈયર અને પ્યારેલાલની ધરપકડ કરી લીધી. પણ, બા એક ના બે ન થયાં.

સ્ત્રીશક્તિનો દીપસ્તંભ-૩ મણિબેન પરીખ.

સ્વાતંત્ર્ય આંદોલન વખતે મુંબઈમાં પિકેટિંગ અને ભૂગર્ભ ચળવળ પ્રભાવક રીતે ચાલતી હતી. કેસરી પટ્ટાની સફેદ ખાદીની સાડી પહેરીને સ્વયંસેવિકા બહેનો વિદેશી કાપડની દુકાન કે દારૂના પીઠા પાસે ઊભાં રહેતા હતાં. કોઈ ઘરાક દુકાનમાં વિદેશી કાપડ ખરીદવા કે દારૂના પીઠામાં આવે તો તેમને અટકાવે અને ફુરસદના સમયે હાથમાં તકલી લઈને સૂતર કાંતવાનું કામ કરે.

સાબરમતી ગામના સ્ટેશનની પાછળ આવેલા દારૂના પીઠા પાસે એક વખત નરહરી પરીખનાં પત્ની મણિબેન પિકેટિંગ કરી રહ્યાં હતાં. ત્યાં એક સ્વયંસેવકે આવીને સમાચાર આપ્યાઃ- બહુ દુઃખદ સમાચાર છે. ધરાસણા સત્યાગ્રહમાં લાઠીમાર ખાતાં નરહરિભાઈ ઘાયલ થઈ ઢળી પડ્યા, હવે તે આપણી વચ્ચે નથી.

મણિબહેને પોતાની જગ્યાએથી જરા પણ ડગ્યા વિના જવાબ આપ્યોઃ- હું ડ્યૂટી પર છું. અહીંથી ખસીશ નહીં.

પતિના નિધનના સમાચાર સાંભળીને કોઈ પણ સ્ત્રી પડી જ ભાંગે,પણ મણિબેન રાષ્ટ્રભક્તિના બળે અડગ ઊભાં હતાં. કેવો રાષ્ટ્રપ્રેમ- કેવી સાહસિકતા! જો કે થોડા જ સમયમાં વનમાળાએ જણાવ્યું કે નરહરિભાઈ વધુ લોહી વહી જવાને કારણે બેભાન થઈ ગયા હતા, હવે ભાનમાં આવી ગયા છે.

આજે આવી વિરાંગનાઓનાં ઉદાત્ત ચરિત્રોમાંથી આપણને એક નવી દ્રષ્ટિ મળે છે. આજે ટેકનોલોજીના યુગમાં જ્ઞાનની અનેક ક્ષિતિજો વિસ્તરી છે. એક ગરીમાપૂર્ણ જીવન જીવવા આપણે શું કરી શકીએ એની દિશા નક્કી કરીએ.

યા દેવી સર્વભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા કહીએ છીએ તે મુજબ પ્રત્યેક સ્ત્રીમાં શક્તિ તો છે જ તેને ઉજાગર કરવાની છે. સ્ત્રીસશક્તીકરણ એટલે એક મુકત અને પ્રસન્ન જીવન. નારીમુક્તિ માટે કોઈ સામૂહિક આંદોલન કે મોટા નારા લગાવવાની જરૂર નથી, પણ એક ચોક્કસ દિશા, તે અંગેની સજાગતા જરૂરી છે.

સીતાજીના અગ્નિપ્રવેશમાં, દ્રૌપદીના ચિત્કારમાં-

મીરાંની ભક્તિમશાલમાં, લક્ષ્મીબાઈની મ્યાનમાં મેં સાંભળ્યો મુક્તિનાદ.

સ્વની શોધ કરતાં જે સમાજમાં આપણે રહીએ છીએ તેમાંથી જ શ્રેષ્ઠતા તરફ જવું એ જ સાચો પંથ છે. સ્વરક્ષણ કરી શકે, પોતાના નિર્ણય જાતે લઈ શકે, સ્વસ્થ સમાજની રચના માટે સુસંવાદિતા કેળવીને આર્થિક રીતે પગભર થવું એ જ સ્ત્રીસશક્તીકરણનો મુખ્ય ધ્યેય છે.

***ઉન્નત છે મસ્તક અને આંખો છે લક્ષ્ય ભણી,***
***ખુદ પર ભરોસો હોય, જેને તે છે નિર્ભયાનારી.***
***છે તારી પાસે નિજ સૌંદર્ય ને ગરિમાજ્ઞાનની.***
***વિકાસપંથે ભરો ડગલાં તું છે નિર્ભયાનારી.***

આજે પ્રત્યેક ક્ષેત્રે પ્રગતિ કરી રહેલી નારીએ ટેકનોલોજી,શિક્ષણ,રાજકરણ, માસમીડિયા કે સંશોધન ક્ષેત્રે સિદ્ધિ મેળવી રહી છે. ભારતીય મૂળની અમેરિકા સ્થિત એસ્ટ્રોનટ સુનીતા વિલિયમ્સની સિદ્ધિ અભૂતપૂર્વ છે. ૨૦૦૬માં અવકાશભ્રમણ કરનાર સુનીતા વિલિયમ્સ ૧૮ ડિસેંબરે૨૦૦૭માં સફળ પ્રયાણ કર્યું હતું, ૨૦૨૪થી બુચ વિલિમોર સાથે સુનીતા વિલિયમ સ્પેસયાનની સફરે છે, હવે બીજી વાર નવ મહિનાથી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પરથી ૨૫માર્ચે યુ.એસ.એ.ની ધરતી પર નાસાના આ બંને અવકાશવીરો સફળ ઉતરાણ કરીને વિક્રમ સર્જશે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિને આત્મશક્તિ માટે યાદ રાખીએ-

***ના ડરું કદી જીવન ઝંઝાવાતથી, હું તો સ્વયંસિધ્ધાનારી.***
***મધદરિયે હંકારું નાવ મારી, હું તો સ્વયંસિધ્ધાનારી.*** ■

# એક નજર ઈધર ભી...

લોકમિત્ર ગૌતમ
feedback@
bombaysamachar.com

મહેનત ને સુપરફિટ

## શક્તિશાળી રાજકારણીઓની દુનિયા

બહાર નીકળેલું પેટ, ફૂલેલા ગાલ, બેડોળ શરીર અને અભદ્ર ભાષા. અત્યારે પણ બોલિવૂડની મોટાભાગની ફિલ્મોમાં આવા રાજકારણીઓ જોવા મળે છે જે સામાન્ય રીતે રાજકારણ અને રાજકારણીઓ વિશે ખોટી સમજણ ધરાવે છે. પરંતુ સત્ય તેનાથી વિપરીત છે. મારા ૩૬ વર્ષના પત્રકારત્વમાં મેં મોટાભાગે રાજકારણ પર લખ્યું છે અને વિચાર્યું છે. અત્યાર સુધી હું દેશના સેંકડો રાજકારણીઓને મળ્યો છું. રાજકીય પત્રકારત્વ કરતી વખતે, રાજકારણીઓ વિશે મને પહેલી ગેરસમજ એ હતી કે તેઓ ખૂબ દારૂ પીવે છે, ફિટનેસને લઈને બિલકુલ સભાન નથી, તેઓ નમ્ર ભાષા અને વર્તનનું મહત્ત્વ સમજી શકતા નથી. જ્યારે વાસ્તવિકતા એ છે કે રાજકારણીઓ કોઈપણ ક્ષેત્રના લોકો કરતા વધુ તેજ દિમાગના હોય છે અને મોટાભાગના રાજકારણીઓ તેમના સ્વાસ્થ્ય અને ફિટનેસ વિશે સભાન હોય છે. કારણ કે તેમના માટે ફિટ અને હેલ્ધી રહેવું એ માત્ર વ્યક્તિગત પસંદગીની બાબત નથી, પરંતુ ફિટ રહેવું તેમની અસરકારકતા, આયુષ્ય અને જાહેર છબી માટે પણ જરૂરી છે. તેમની નિર્ણય લેવાની ક્ષમતા, તણાવ વ્યવસ્થાપન અને લોકોમાં સ્વીકાર્યતાનો પણ એક મહત્ત્વપૂર્ણ ભાગ છે ફિટનેસ. રાજકારણી શારીરિક રીતે જેટલો ફિટ હોય છે, તેટલો જ વિશ્વનો તેના પર વિશ્વાસ વધુ હોય છે. તે કારણ વિના નથી કે વર્તમાનના તમામ પ્રભાવશાળી વૈશ્વિક રાજકારણીઓ તેમની ઉંમરના અન્ય લોકો કરતા વધુ ફિટ અને વધુ મહેનતુ છે.


વડા પ્રધાન નરેન્દ્ર મોદી

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી હોય, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ હોય, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન હોય કે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન હોય. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ ચોક્કસપણે આ બાબતમાં થોડા કૂલ લાગે છે, પરંતુ તેઓ શારીરિક ફિટનેસ કરતાં તેમની મેન્ટલ ફિટનેસ પર વધુ ધ્યાન આપે છે. ટ્રમ્પ ચોક્કસપણે નિયમિત વર્કઆઉટ કરવાનું ટાળે છે. પરંતુ તેઓ નિયમિતપણે અને પૂરા જુસ્સા સાથે ગોલ્ફ રમે છે. આ સાથે ટ્રમ્પની જીવનશૈલીમાં કેટલાક એવા તત્ત્વો છે જે તેમને હંમેશાં ઊર્જાવાન રાખે છે, ટ્રમ્પ તેને પોતાનું 'સિક્રેટ વર્ચ્યુ' કહે છે. ઉદાહરણ તરીકે, તેઓ ફાસ્ટ ફૂડના શોખીન છે, પરંતુ તેઓ ખૂબ ઓછું ખાય છે. કોઈપણ સમજદાર રાજકારણીની જેમ ટ્રમ્પ પણ દારૂ અને સિગારેટથી દૂર રહે છે. જે તેમની ઉર્જા જાળવી રાખવામાં મદદ કરે છે. રાષ્ટ્રપતિ તરીકેના તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન, ટ્રમ્પ વ્હાઇટ હાઉસની આસપાસ ખૂબ ફરતા હતા, દેખીતી રીતે તેઓ તેને વ્યાયામ માનતા હતા. આ દિવસોમાં, તે ફરી સવારે અને સાંજે વ્હાઇટ હાઉસની આસપાસ ખૂબ ચક્કર લગાવે છે. સૌથી મોટી વાત એ છે કે ટ્રમ્પ જાણે છે કે માનસિક ઊર્જા અને આત્મવિશ્વાસ તેમની ફિટનેસનું રહસ્ય છે.


અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ

સવાલ એ છે કે આજના શક્તિશાળી રાજકારણીઓની દુનિયામાં સૌથી ફિટ રાજકારણી કોણ છે? આ સવાલનો જવાબ જાણતા પહેલા જાણી લો કે આજે રાજકારણ ભૂતકાળની સરખામણીમાં વધુ તણાવ અને દબાણથી ભરેલું છે. તદુપરાંત, આજે દરેકની જીવનશૈલી ખૂબ જ ઝડપી છે, આવી સ્થિતિમાં, રાજકારણીઓને તેમની ફિટનેસ અને સ્વાસ્થ્ય પર પહેલા કરતાં વધુ ધ્યાન આપવું પડે છે, કેટલાક લોકોએ આ બાબતે જાહેરમાં તેમની ફિટનેસ રૂટિન પણ શેર કરી છે, જે તેમની મહેનત દર્શાવે છે. ઉદાહરણ તરીકે, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિનને હાલમાં સૌથી ફિટ રાજકારણી માનવામાં આવે છે. પુતિનની મનપસંદ એક્સરસાઇઝ જુડો, સ્વિમિંગ અને વેઈટલિફ્ટિંગ છે. તેમને માર્શલ આર્ટ્સમાં પણ નિપુણતા હાંસલ છે અને તેઓ નિયમિતપણે તેમની જુડો સ્કિલ્સ પ્રદર્શિત કરે છે. તેની મનપસંદ એક્સરસાઇઝમાં બોક્સિંગ અને રનિંગનો પણ સમાવેશ થાય છે.

વિશ્વના સૌથી ફિટ રાજકારણીઓની હરોળમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી બીજા ક્રમે છે. દરરોજ ૧૮ થી ૨૦ કલાક સક્રિય રહેનાર મોદી દિવસભર ફિટ અને એનર્જીથી ભરેલા દેખાય છે. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી યોગને પ્રોત્સાહન આપવા માટે પ્રખ્યાત છે. મોદીજીની મનપસંદ એક્સરસાઇઝ યોગ અને પ્રાણાયામ છે. તેઓ દરરોજ યોગ કરે છે અને તેને માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે અનિવાર્ય માને છે. મોટા અને શક્તિશાળી રાજકારણીઓમાં શી જિનપિંગને વિશ્વના ત્રીજા સૌથી ફિટ નેતા માનવામાં આવે છે. ચીનના રાષ્ટ્રપતિ પોતાની ફિટનેસને લઈને ખૂબ જ શિસ્તબદ્ધ છે. તેમની જીવનશૈલીમાં નિયમિત ચાલવા અને એક્સરસાઇઝનો સમાવેશ થાય છે. શી જિનપિંગને સવારે ચાલવાની અને હળવી કસરત કરવાની આદત છે. તેમને સ્વિમિંગ અને માર્શલ આર્ટ જેવી પ્રવૃત્તિઓમાં પણ ખૂબ રસ છે, સાથે જ પોતાના ડાયેટનું ખૂબ ધ્યાન રાખે છે. તેઓ હંમેશાં હેલ્ધી ચાઈનીઝ આહાર લે છે, જેમાં લીલા શાકભાજી, સીફૂડ અને ઓછી ચરબીવાળી વાનગીઓનો સમાવેશ થાય છે.

મોટાભાગના રાજકારણીઓની જેમ શી પણ દારૂ અને તમાકુથી દૂર રહે છે. તેઓ તેમની જીવનશૈલીમાં મેડિટેશન અને પરંપરાગત ચાઇનીઝ આરોગ્ય પદ્ધતિઓ અપનાવવાનો પ્રયાસ કરે છે. પરંતુ શી ચોક્કસપણે પૂરતી ઊંઘ મેળવે છે અને તેમના કામના સમયપત્રકને પણ નિયંત્રણમાં રાખે છે જેથી તેમની ઊર્જા જળવાઈ રહે.

આ ક્રમમાં સૌથી વધુ ફિટ અને પ્રભાવશાળી રાજકારણી ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન છે. તેમની મનપસંદ એક્સરસાઇઝ સાયકલ ચલાવવી અને રનિંગ છે. જો આપણે તાજેતરના દાયકાના અન્ય ફિટ અને પ્રભાવશાળી રાજકારણીઓની વાત કરીએ તો, યુએસ રાષ્ટ્રપતિ બરાક ઓબામા, જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલ, કેનેડાના ભૂતપૂર્વ વડા પ્રધાન જસ્ટિન ટ્રુડો, ભૂતપૂર્વ ભારતીય વડા પ્રધાન રાજીવ ગાંધી અને પાકિસ્તાનના બેનઝીર ભુટ્ટોનો પણ વિશ્વના ફિટ રાજકારણીઓમાં સમાવેશ થાય છે. જો આપણે ઘણા દાયકાઓ પાછળ જઈએ તો અમેરિકાના ૨૬મા રાષ્ટ્રપતિ થિયોડોર રૂઝવેલ્ટનું નામ અમેરિકન ઈતિહાસના સૌથી ફિટ અને પ્રભાવશાળી નેતાઓમાં ગણવામાં આવે છે. બોક્સિંગ, ઘોડેસવારી અને સ્વિમિંગ તેમની ફેવરિટ એક્સરસાઇઝ હતી. તેમણે વેઈટલિફ્ટિંગ પણ કર્યું હતું અને તેમના કાર્યકાળ દરમિયાન તેઓ ખૂબ જ સક્રિય હતા. ઈતિહાસમાં બ્રિટનના સૌથી પ્રસિદ્ધ વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલની ગણતરી પણ ભૂતકાળના ફિટ રાજકારણીઓમાં થાય છે. ચર્ચિલ સ્વિમિંગ અને પોલોમાં નિષ્ણાત હતા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ફિટનેસ જાળવવા માટે તેમની વોકિંગ અને ધીમી એક્સરસાઇઝ ઘણી પ્રખ્યાત હતી. ■

## કાયમચૂર્ણના સંશોધક વૈદ્ય રસિકભાઈ શેઠની પૂણ્યતિથીએ પુત્ર કમલેશભાઈ શેઠ દ્વારા વૃક્ષારોપણ









દેશ વિદેશમાં લોકપ્રિય એવું કાયમચૂર્ણના સંશોધક વૈદ્ય રસિકભાઈ શેઠની ૪૫મી પૂણ્યતિથીએ તેમના પુત્ર કમલેશભાઈ શેઠ દ્વારા ૪૫ વૃક્ષોનું વૃક્ષારોપણ ગ્રીનસીટી દ્વારા કરવામાં આવ્યું હતું. આ માટે તેઓએ ગ્રીનસીટીને ૧ લાખ ૩૫ હજારનો ચેક અર્પણ કર્યો હતો. પુત્રી કૌશીકાબેન પ્રદીપભાઈ મહેતા દ્વારા ૧૧ વૃક્ષોનું વૃક્ષારોપણ ગ્રીનસીટી દ્વારા કરવામાં આવ્યું હતું. ગ્રીનસીટીના પ્રણેતા અને રસિકભાઈ શેઠના નાના પુત્ર દેવેનભાઈ શેઠ દ્વારા શેઠ બ્રધર્સના તમામ કર્મચારીઓના હસ્તે શેઠ બ્રધર્સની ફેકટરી પાસે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેમજ દેવેનભાઈના પુત્ર વેદાંત શેઠના હસ્તે દરેક કર્મચારી ભાઈઓને પેન્ટ-શર્ટની જોડી તથા બહેનો કર્મચારીઓને પુત્રવધુ મીલી શેઠ ના હસ્તે સાડી આપીને સ્વર્ગસ્થ રસિકભાઈ શેઠને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. દેવેનભાઈ શેઠ એ જણાવ્યું હતું કે આજે અમો જે કાંઈ છીએ એ માતા માલતીબેન તથા પીતા રસિકભાઈ શેઠના આશીર્વાદ થકી છીએ અને તેઓના આશીર્વાદના કારણે જ અમો સૌ ભાઈ-બહેન સદકાર્યો કરી શકીએ છીએ. આ વૃક્ષારોપણ પ્રસંગે શેઠ બ્રધર્સ પરિવારના દરેક ભાઈઓ હાજર રહ્યા હતાં.

હેમંત વાળા
feedback@
bombaysamachar.com

## સ્થાપત્યમાં એક મૂંઝવણ ભરેલી સ્થિતિ

**સ્થાપત્યની** રચનાને નિર્ધારિત કરતા પરિબળોમાં ઉપયોગીતા, બાંધકામની પ્રાપ્ય સામગ્રી તથા તેની લગતી તક્નીક, લાગુ પડતા કાયદા, સ્થાનિક આબોહવા, આજુબાજુની સાંદર્ભિક પરિસ્થિતિ, લોકોની કાર્યશૈલી તથા તેમની વચ્ચેનો સામાજિક વ્યવહાર, વિશ્વમાં પ્રવર્તમાન સ્થાપત્ય શૈલી, પ્રાપ્ય સંસાધનો તથા સ્થપતિ તેમજ ગ્રાહકની વિચારસરણી અગત્યનાં છે. આ બધાને હંમેશાં એક સમાન ન્યાય ન મળી શકે. એક બાબતને જ્યારે વધારે મહત્ત્વ આપવામાં આવે ત્યારે બીજી કોઈક બાબતની અવગણના થવાની સંભાવના રહે. આ પ્રકારની અવગણના પર જો વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો સ્થાપત્યની રચના માટેના નિર્ણયો માટે મૂંઝવણ ભરેલી સ્થિતિ ઊભી થાય.

જો કિંમતને પ્રાધાન્ય આપવામાં આવે તો જરૂરી દ્રશ્ય અનુભૂતિ સાથે બાંધછોડ પણ કરવી પડે. જો બાંધકામમાં ઝડપનો આગ્રહ રાખવામાં આવે તો અમુક પ્રકારનું વિગતિકરણ શક્ય ન પણ બને. જો સ્થપતિ પોતાની વિચારસરણીને વધુ મહત્ત્વ આપતો થાય તો ક્યાંક ગ્રાહકના સપનાને હાનિ પહોંચી શકે. જો વ્યક્તિગત બાબતો હાવિ થતી જાય તો ઇચ્છનીય સામાજિક સમીકરણ માટે પ્રશ્નો ઊભા થઈ શકે. વિવિધ પરિબળો વચ્ચે સંતુલન જાળવવું મુશ્કેલ છે. શક્ય તેટલો પ્રયત્ન થઈ શકે પરંતુ બધાને ન્યાય મળે તે અશક્ય જણાય છે.



જો આધુનિકતાને અનુસરીને ચારે બાજુ કાચ જડી દેવામાં આવે તો મકાનની અંદર ગરમીની માત્રા વધી જાય અને મકાનનો આંતરિક તાપમાન અનુકૂળ સ્તરે રાખવા માટે વધુ ઊર્જાની ખપત થાય. જો આંતરરાષ્ટ્રીય શૈલીને અનુસરવામાં આવે તો સ્થાનિક પરંપરાને ક્યાંક અન્યાય થઈ જાય. જો પેરામેટ્રીક સ્થાપત્યમાં થતું હોય છે તેમ સ્થાપત્યની રચનાના નિર્ધારિણમાં કોમ્પ્યુટરના ઉપયોગને કેન્દ્રમાં રાખવામાં આવે તો માનવીય સંભાવનાઓ અનિચ્છનીય માત્રામાં ઓછી થઈ જાય. જો બાંધકામની આધુનિક યાંત્રિક તક્નીકનો વધુ ઉપયોગ થાય તો ક્યાંક રોજગાર ઓછો થવાનો ભય ઊભો થાય. આર્થિક સમીકરણ મુજબ જો બાંધકામનું ક્ષેત્રફળ ન્યૂનતમ રાખવામાં આવે તો માનસિક વિકાસ માટે જરૂરી મુક્તતા ન મળે. આ પ્રમાણે લગભગ દરેક કિસ્સામાં એક હાથે કંઈક મળતું હોય તો બીજો હાથ કંઈક ગુમાવતો હોય તેમ લાગે છે. પામવા-ગુમાવવાની પ્રક્રિયા જો એટલી સરળ ન હોય તો મૂંઝવણ ઊભી થાય.

સ્થાપત્યની રચનાને અસર કરતા પરિબળો ઘણા છે. બધાને એક સમાન ન્યાય આપી શકાય તેવી સંભાવના નથી હોતી. અહીં પૂર્વ નિર્ધારિત અગ્રતાક્રમ પ્રમાણે નિર્ણયો લેવા પડે છે. જે બાબત અગ્રતાક્રમમાં પાછળના ક્રમે આવે એ બાબત માટે થોડી બાંધછોડ તો લેવાતી જ હોય છે. એવા સંજોગોમાં જ્યારે અગ્રતાક્રમને જુદા જ દ્રષ્ટિકોણથી જોવામાં આવે અથવા તો સમય જતાં અગ્રતાક્રમ જ બદલાઈ ગયો હોય તો આ પ્રકારની સમજૂતી કનડે. આ પરિસ્થિતિમાં કઈ બાબત માટે કેવા પ્રકારની સમજૂતી કરાઈ છે તે સ્પષ્ટ દેખાઈ આવે. એક રીતે જોતાં સ્થાપત્યની રચના પસંદગીની પ્રક્રિયા છે. જ્યારે એક બાબત પસંદ કરવામાં આવે ત્યારે બીજી છોડવી પડે. જો પસંદગી માટે સ્પષ્ટ ધોરણ ન હોય તો હંમેશાં મૂંઝવણ ઊભી થાય.

મકાનમાં ગરમીનો પ્રવેશ અટકે તે માટે જુઓ બહારની દીવાલોની માત્રા ઓછી કરવામાં આવે તો મકાનમાં પ્રવેશતા કુદરતી પ્રકાશની માત્રા પણ ઓછી થાય. મકાનની રચનામાં આંતર્ભિમુખતાને મહત્ત્વ આપવામાં આવે તો બહારના વિશ્વ સાથેનો તેનો સંબંધ ક્ષીણ થતો જાય. જો મકાનને વધુ ઊંચાઈ આપવામાં આવે તો અમુક હદ પછી તેની કિંમત વધતી જાય, અને જો મકાનનો પ્રસાર વધારવામાં આવે તો જમીનની કિંમતને અનુલક્ષીને ક્યાંક આર્થિક સમીકરણ ખોટવાઈ જાય. મકાનની લાગત કિંમત ઓછી કરવા જઈએ તો ક્યાંક તેના રખરખાવની કિંમત વધી જાય. મકાનનું આંતરિક તાપમાન અનુકૂળ સ્તરે રહે તે માટે જો દીવાલો જાડી કરવામાં આવે તો ઉપયોગમાં આવનાર ક્ષેત્રફળ ઓછું થઈ જાય. એકંદરે એમ કહી શકાય કે સ્થાપત્યની રચનામાં એક લાભ લેવો હોય તો અન્ય કોઈ સ્થળે બાંધછોડ કરવી જ પડે. આ બાંધછોડ જો યથાર્થ તેમજ યોગ્ય માત્રા મુજબની ન હોય તો મન ઉચાટ અનુભવે.

સ્થાપત્યમાં ટેક્નોલોજી પણ મહત્ત્વની છે અને કળા પણ. અહીં વ્યક્તિ પણ અગત્યનો છે અને વ્યક્તિ-સમૂહ પણ. અહીં ભૂતકાળનું પ્રતિબિંબ પણ જરૂરી છે, વર્તમાનની વાસ્તવિકતા પણ અગત્યની છે અને ભવિષ્યના સપના પણ સાકાર કરવાના છે. અહીં વિશ્વ સાથે તાલમેલ પણ મેળવવાનો છે અને પોતાની ઓળખ પણ જાળવી રાખવાની છે. અહીં સાધનમાં કળાત્મકતા ઉમેરવાની છે અને કળાને ઉપયોગી બનાવવાની છે. અહીં વિરોધી કહી શકાય તેવી બાબતો વચ્ચે સંતુલન જાળવવાનું હોય છે. સ્થાપત્યની રચના નિર્ધારણ કરવાની પ્રક્રિયા પણ જટિલ છે. અહીંયા માહિતીનું પણ મહત્ત્વ છે અને સંવેદનશીલતાનું પણ. અહીં તર્કબદ્ધતા પણ જરૂરી છે અને રચનાત્મકતા પણ. રચનાના નિર્ધારણમાં ચોક્કસ ક્રમનું અનુસરણ કરવામાં આવે તે પણ ઇચ્છનીય છે અને ક્યારેક અપવાદ ઊભો કરવાથી પણ સારા પરિણામ આવી શકે. સ્થાપત્યમાં આમ જ થઈ શકે તેવું ક્યારેય ન થઈ કહી શકાય, આમ જ હોવું જોઈએ તેવું ક્યારેય સ્થાપિત ન થઈ શકે, આ જ ઇચ્છનીય છે તેવો દાવો ક્યારેય ન કરી શકાય. સ્થાપત્યનું આ સત્ય ઘણા માટે મૂંઝવણ ઊભી કરી શકે.

આમ પણ વાસ્તવિક જિંદગીમાં માત્ર લાભ જ હોય તેવી સંભાવના નહિવત હોય છે. એવો એક પણ વ્યવસાય નથી કે જેમાં સદાય માત્ર નફો મળતો હોય. પસંદગી તો કરવી જ પડે અને પસંદગી જ્યારે એક બાબત પર અટકે ત્યારે અન્ય બાબત વિશે મૂંઝવણ ઊભી થાય પણ ખરી. જ્યારે પસંદગીના ધોરણો તર્કબદ્ધ, લગભગ સર્વ સ્વીકૃત કહી શકાય તેવા, રચનાત્મક, સુ-સંવેદનશીલતા અનુસાર, કાર્યક્ષમતા યોગ્ય સ્તરે જળવાઈ રહે તે મુજબના અને માનવીય ભાવનાઓને અનુલક્ષીને લેવાયા હોય તો પ્રશ્નો ઓછા ઊભા થાય. આ શક્ય છે. ■

દેવેશ પ્રકાશ
feedback@
bombaysamachar.com

## શું છે આ ડિજિટલ ચલણ?




યુપીએસસી એ સિવિલ સર્વિસીસ પ્રિલિમિનરી પરીક્ષામાં સી-સેટના ફોર્મેટનો જ્યારથી સમાવેશ કર્યો છે, ત્યારથી જનરલ સ્ટડીઝનો વ્યાપ ઘણો વિશાળ બની ગયો છે. ઉપરાંત, હવે માત્ર આઇએએસ પરીક્ષામાં જ નહીં પરંતુ લગભગ તમામ પ્રકારની પરીક્ષાઓમાં જનરલ સ્ટડીઝની વિશાળ શ્રેણીમાંથી પ્રશ્નો પૂછવામાં આવે છે. તેને ધ્યાનમાં રાખીને, આ વખતે અમે નોલેજ બાઈટ હેઠળ 'ડિજિટલ કરન્સી' વિશે જણાવી રહ્યા છીએ. તાજેતરમાં, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ ભારતીય ડિજિટલ કરંસી ઈ-રૂપીને વ્યાપક મહત્ત્વ આપવાની જાહેરાત કરી છે, જેના કારણે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે આ એક જીકે ના વિષય તરીકે ઊભરી આવ્યો છે. તો ચાલો આપણે એ પણ સમજીએ કે શા માટે ડિજિટલ કરંસી આજના સમયે આટલું મહત્ત્વનું બની ગઈ છે?

**શું છે ભારતીય ડિજિટલ કરન્સી?**

ભારતીય ડિજિટલ કરન્સી વાસ્તવમાં ડિજિટલ રૂપિયો અથવા ઈ-રૂપી છે. તેને ભારતની કેન્દ્રિય બેંક એટલે કે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા જાન્યુઆરી ૨૦૧૭ માં પ્રસ્તાવિત કરવામાં આવ્યું હતું અને પહેલી ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ લોન્ચ કરવામાં આવી હતી. ડિજિટલ રૂપિયો બ્લોકચેન ડિસ્ટ્રિબ્યુટેડ/લેજર ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. કોઈ દેશની ડિજિટલ કરન્સી એ તે દેશની મધ્યસ્થ બેંક દ્વારા જારી કરાયેલ ઇલેક્ટ્રોનિક ચલણ છે, જે ભૌતિક ચલણ એટલે કે કાગળની નોટો અથવા ધાતુના સિક્કા જેવી જ માન્યતા ધરાવે છે. તફાવત માત્ર એટલો છે કે ડિજિટલ કરન્સી ડિજિટલ સ્વરૂપમાં છે. ડિજિટલ કરન્સીને સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (સીબીડીસી) પણ કહેવામાં આવે છે. તે પરંપરાગત ચલણની જેમ કાયદેસર રીતે માન્ય છે. પરંતુ તેનો ઉપયોગ માત્ર ડિજિટલ સ્વરૂપમાં જ થઈ શકે છે. ભારતમાં ડિજિટલ કરન્સીને બે ભાગમાં વહેંચવામાં આવી છે. એક સામાન્ય લોકો માટે જેને સીબીડીસી રિટેલ અથવા રિટેલ ઇ-રૂપી કહેવામાં આવે છે અને બીજો ભાગ નાણાકીય સંસ્થાઓ માટે કે જેને સીબીડીસીડબલ્યૂ અથવા હોલસેલ ઇ-રૂપી કહેવામાં આવે છે. ભારતમાં, ૧ ડિસેમ્બર ૨૦૨૨થી દેશની કેટલીક પસંદગીની બેંકોની શાખાઓમાં સીબીડીસી લાગુ કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય ખાનગી ક્ષેત્રમાં ડિજિટલ કરન્સી (ક્રિપ્ટો કરન્સી અને અન્ય)ના પડકારોને દૂર કરવાનો હતો.

પરંતુ બીજી વખત અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બાદ ડોનલ્ડ ટ્રમ્પે માત્ર સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી એટલે કે સીબીડીસી પર પ્રતિબંધ મૂક્યો, સાથે જ ક્રિપ્ટો કરન્સીને લીલી ઝંડી આપી અને અમેરિકાને ક્રિપ્ટો કરન્સીની રાજધાની એટલે કે એક મોટું કેન્દ્ર બનાવવાની જાહેરાત કરી. જોકે, અમેરિકાની જાહેરાત બાદ ભારત સરકાર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. પરંતુ ભારતીય રિઝર્વ બેંકે સીબીડીસીઆર પાયલોટ પ્રોજેક્ટને વિસ્તારવાની યોજના બનાવી છે. આ પરથી એવું લાગે છે કે સરકારને અમેરિકાના આ નિર્ણયની કોઈ પરવા નથી. આરબીઆઈની નવી જાહેરાત હેઠળ, હવે પહેલા કરતાં વધુ બેંકો અને સ્થળોને આ અભિયાનમાં સામેલ કરવામાં આવશે, જેથી ડિજિટલ રૂપિયાનો વ્યાપક ઉપયોગ લોકપ્રિય બની શકે. આરબીઆઈએ ડિજિટલ રૂપિયામાં ઓફલાઈન ટ્રાન્ઝેક્શનની સુવિધા શરૂ કરવાની પણ દરખાસ્ત કરી છે. આ પગલું તે વિસ્તારો માટે ખાસ કરીને મહત્ત્વપૂર્ણ હશે જ્યાં ઇન્ટરનેટ કનેક્ટિવિટી મર્યાદિત છે અથવા ઉપલબ્ધ નથી. ઑફલાઇન સુવિધા દ્વારા આવા વિસ્તારોમાં પણ હવે ડિજિટલ પેમેન્ટ સિસ્ટમનું વિસ્તરણ થશે.

**ભારતમાં ડિજિટલ કરન્સીનો ઉદ્દેશ્ય**

દેશમાં ડિજિટલ કરન્સીની રજૂઆત અને તેના પ્રસ્તાવિત પ્રમોશન સંબંધિત ઘણા સ્પષ્ટ ઉદ્દેશ્યો છે. ઉદાહરણ તરીકે, કેશલેસ અર્થતંત્રને મજબૂત બનાવવું, લેણદેણને ઝડપી અને સુરક્ષિત બનાવવું, કાળું નાણું અને ભ્રષ્ટાચારને કાબૂમાં લાવવું અને તેમ જ ક્રિપ્ટો કરન્સી જેવી ખાનગી ડિજિટલ કરન્સીના વિકલ્પો ઓફર કરવા. જે રીતે ડિજિટલ વોલેટ પેટીએમ, ગુગલ પે વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે તે જ રીતે ઈ-રૂપી અથવા ડિજિટલ રૂપિયાનો ઉપયોગ કરવામાં આવશે. પરંતુ ડિજિટલ રૂપિયો અને તેના વ્યવહારો વચ્ચેનો તફાવત એ હશે કે ડિજિટલ ચલણ એટલે કે ડિજિટલ રૂપિયાને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સમર્થન, મળશે, ન કે કોઈ ખાનગી બેંક અથવા નાણાકીય સંસ્થા દ્વારા. તેના ઉપયોગની પદ્ધતિઓ પણ ખૂબ જ સીધી અને સરળ છે. બેંક ખાતાની જેમ ડિજિટલ વોલેટમાં ઈ-રૂપિયાને સ્ટોર કરી શકાશે. ક્યૂઆર કોડ, મોબાઇલ નંબર અથવા બેંક એકાઉન્ટ દ્વારા પેમેન્ટ કરી શકાય છે. ડિજિટલ કરન્સીનો ઉપયોગ ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે કરવામાં આવશે. સરકાર ભવિષ્યમાં સબસિડી અને સરકારી ચુકવણી યોજનાઓ માટે પણ તેનો ઉપયોગ કરી શકે છે.

એકંદરે, ડિજિટલ કરન્સી એક ક્રાંતિકારી પરિવર્તન છે, જે અર્થતંત્રને વધુને વધુ પારદર્શક, સુરક્ષિત અને કાર્યક્ષમ બનાવશે. જો કે તેનો વ્યાપકપણે ઉપયોગ થવામાં હજુ પણ સમય છે, તે નિશ્ચિત છે કે એકવાર તેનો સંપૂર્ણ અમલ થઈ જશે પછી અર્થતંત્ર મજબૂત થશે. ■

# સૂર્યકુમારને નવું ટૅટૂ બનાવડાવવું છે, પણ પત્ની દેવિશાએ શરત મૂકી છે કે...



મુંબઈઃ ભારતની ટી-૨૦ ટીમના સફળ કૅપ્ટન સૂર્યકુમાર યાદવને વર્ષોથી શરીર પર ટૅટૂ ચિતરાવવાનો ભારે શોખ છે, પરંતુ ૨૦૨૪માં ટી-૨૦ વર્લ્ડ કપની સાઉથ આફ્રિકા સામેની ફાઇનલમાં બાઉન્ડરી લાઇનની આર-પાર જઈને ડેવિડ મિલરનો મૅચ-વિનિંગ કૅચ ઝડપ્યો ત્યાર બાદ તેણે પોતાના શરીર પર વધુ એક ટૅટૂ બનાવવા દેવાની છૂટ આપવા પત્ની દેવિશાને વિનંતી કરી ત્યારે દેવિશાએ તેને એવું કહી દીધું હતું કે 'બસ, હમણાં બહુ થયું. હવે ૨૦૨૬ના ટી-૨૦ વર્લ્ડ કપમાં કંઈક ખાસ કરજે ત્યારે બનાવડાવજે.'

સૂર્યકુમારે ખાસ કરીને પીઠ અને ખભા પર ટૅટૂ ચિતરાવ્યા છે. તેના શરીર પર નાના-મોટા કુલ ૨૦ ટૅટૂ છે. સૂર્યાએ ગઈ કાલે એક જાણીતા દૈનિકની ઇવેન્ટમાં પોતાના શરીર પરના ટૅટૂને લગતી ચર્ચા દરમ્યાન હસતાં કહ્યું હતું કે 'મારી પત્ની થોડા સમયથી મને એક પણ નવું ટૅટૂ નથી બનાવવા દેતી. તેણે મારી સામે શરત મૂકી છે કે ૨૦૨૬ના વર્લ્ડ કપમાં કંઈક વિશેષ સિદ્ધિ મેળવજે ત્યારે નવું બનાવડાવજે.'

તમારી બૉડી પરના ટૅટૂની સંખ્યામાં વધારો થયો કે નહીં? એવા સવાલના જવાબમાં તેણે કહ્યું, 'હું પરણેલો છું અને પત્ની દેવિશા મને નવા ટૅટૂ માટે પરવાનગી નથી દેતી. ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત ચૅમ્પિયન બન્યું ત્યારે મેં તેને વિનંતી કરી હતી કે હાથ પર એક નાનું ટૅટૂ બનાવડાવું? તેણે મને ચોખ્ખી ના પાડી દીધી હતી.'

સૂર્યા ૩૪ વર્ષનો છે. ૨૦૧૪માં આઇપીએલની પહેલાં તેણે ખભા પર માતા-પિતાનું ટૅટૂ બનાવડાવ્યું હતું. સૂર્યાએ હાર્ટ પર પત્ની દેવિશાનું ટૅટૂ છે.

સૂર્યા-દેવિશાએ ૨૦૧૧ની સાલમાં ડેટિંગ શરૂ કર્યું હતું અને ૨૦૧૬માં લગ્ન કરી લીધા હતા. ■

# આજે દુબઈમાં ભારતના દમદાર દેખાવ માટે પ્રાર્થના




આજે દુબઈમાં રમાનારી ન્યૂ ઝીલૅન્ડ સામેની ચૅમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં ભારતના વિજય માટે બેન્ગલૂરુમાં ગઈ કાલે ક્રિકેટ ચાહકોએ પ્રાર્થના કરી હતી તેમ જ સ્ટાર ખેલાડીઓના ફોટો પર ચાંદલો કરીને શુભેચ્છારૂપી સરઘસ કાઢ્યું હતું. (પીટીઆઇ)

# ઑન રેકોર્ડઃ લાહોરનું નામ ભગવાન રામના પુત્ર લવ પરથી અને કસૂર શહેરનું નામ કુશ પરથી પડ્યું!

લાહોરઃ બીસીસીઆઇના ઉપ-પ્રમુખ તેમ જ એશિયન ક્રિકેટ કાઉન્સિલમાં ભારતના પ્રતિનિધિત્વ માટે નિયુક્ત થયેલા કૉન્ગ્રેસના નેતા રાજીવ શુક્લાએ તાજેતરમાં ચૅમ્પિયન્સ ટ્રોફીના શહેર લાહોરની મુલાકાત લીધી એ દરમ્યાન તેઓ લાહોર ફોર્ટમાં ભગવાન રામના પુત્ર લવની પ્રાચીન સમાધિ પર ગયા હતા અને ત્યાં તેમણે પૂજા-અર્ચના કરી હતી તેમ જ ફૂલ-હાર અર્પણ કર્યાં હતાં. શુક્લાએ એ મુલાકાત સમયની તસવીર 'એક્સ' પર પોસ્ટ કરી હતી.

તેમણે આ પ્રવાસને લગતી માહિતી શૅર કરી છે જેમાં તેમણે જણાવ્યું છે કે લાહોર શહેરનું નામ ભગવાન રામના પુત્ર લવના નામ પરથી પડ્યું હતું અને એની વિગતો લાહોર શહેરની મહાનગર પાલિકાના રેકૉર્ડમાં પણ છે.

શુક્લાએ એવું પણ જણાવ્યું છે કે ભગવાન રામના બીજા પુત્ર કુશના નામ પરથી બીજું એક શહેર વસ્યું હતું અને એને કસૂર શહેરનું નામ આપવામાં આવ્યું હતું. શુક્લાના મતે ખુદ પાકિસ્તાનની સરકાર પણ માને છે કે બન્ને શહેરના નામ ભગવાન રામના પુત્રોના નામ પરથી પડ્યાં હતાં.

શુક્લાએ 'એક્સ' પર લખ્યું છે કે તેમને લાહોર જઈને ત્યાં લવની સમાધિ પર પ્રાર્થના કરવાનો અવસર મળ્યો હતો.

દરમ્યાન પાકિસ્તાનના ગૃહ પ્રધાન મોહસિન નકવી લવની સમાધિનો જિર્ણોધ્ધાર કરાવી રહ્યા છે. ■



રાજીવ શુક્લાએ 'એક્સ' પર લખ્યું છે કે તેમને લાહોર જઈને ત્યાં લવની સમાધિ પર પ્રાર્થના કરવાનો અવસર મળ્યો હતો.

# ડબ્લ્યૂપીએલમાં યુપીની જ્યોર્જિયા વૉલ એક રન માટે 'પ્રથમ' સદી ચૂકી

લખનઊઃ અહીં આજે મહિલાઓની આઇપીએલ એટલે કે વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)માં ડિફેન્ડિંગ ચૅમ્પિયન બેન્ગલૂરુ સામે યુપી વૉરિયર્ઝે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૨૫ રન બનાવ્યા હતા જેમાં ઑસ્ટ્રેલિયન બૅટર અને ઓપનર જ્યોર્જિયા વૉલ (૯૯ અણનમ, ૫૬ બૉલ, એક સિક્સર, સત્તર ફોર)નું સૌથી મોટું યોગદાન હતું.

વૉલ ફક્ત એક રન માટે આ વખતની ડબ્લ્યૂપીએલની પ્રથમ સદી ચૂકી ગઈ હતી.

કિરણ નવગિરેએ ૪૬ રન બનાવ્યા હતા અને ઓપનર ગ્રેસ હૅરિસે ૩૯ રન બનાવવાની સાથે વૉલ સાથે ૭૭ રનની ભાગીદારી કરી હતી.

આ વખતની ડબ્લ્યૂપીએલમાં ૯૦ કે ૯૦-પ્લસના સ્કોર ચાર વખતે નોંધાયા છે, પરંતુ એક પણ બૅટર સદી નથી કરી શકી. ગુજરાત જાયન્ટ્સની બેથ મૂની ૯૬ રને અણનમ રહી હતી, દિલ્હીની મેગ લેનિંગ ૯૨ રને આઉટ થઈ હતી અને બેન્ગલૂરુની પેરી ૯૦ રને અણનમ રહી હતી.

બેન્ગલૂરુ વતી જ્યોર્જિયા વેરહૅમે સૌથી વધુ બે વિકેટ લીધી હતી.

દરમ્યાન શુક્રવારે દિલ્હીએ મેગ લેનિંગના ૯૨ રનની મદદથી પાંચ વિકેટે ૧૭૭ રન બનાવ્યા ત્યાર બાદ ગુજરાતની ટીમે હર્લીન દેઓલના અણનમ ૭૦ રનની મદદથી ૧૯.૩ ઓવરમાં પાંચ વિકેટે ૧૭૮ રન બનાવીને વિજય મેળવ્યો હતો. ■

# ગુડ ન્યૂઝ! ભારતે પાકિસ્તાન સામેના વિજયવાળી જ પિચ પર હવે ન્યૂ ઝીલૅન્ડ સામે રમવાનું છે?

## ફાઇનલ પહેલાં કિવી કૅપ્ટન સૅન્ટનરનું મહત્ત્વનું નિવેદનઃ ભારતના ચાર સામે ન્યૂ ઝીલૅન્ડના પાંચ સ્પિનર?

દુબઈઃ આજે અહીં દુબઈ ઇન્ટરનૅશનલ સ્ટેડિયમના મેદાન પર (ભારતીય સમય મુજબ બપોરે ૨.૩૦ વાગ્યાથી) ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે ચૅમ્પિયન્સ ટ્રોફીની જે ફાઇનલ રમાવાની છે એ કોઈ નવી પિચ પર નહીં, પણ ૨૩મી ફેબ્રુઆરીએ પાકિસ્તાન સામે ભારતની જે હાઈ-વૉલ્ટેજ મૅચ રમાઈ હતી એ જ પિચ પર રમાશે એવા અહેવાલો મળી રહ્યા છે.

કિવી કૅપ્ટન મિચલ સૅન્ટનરે ફાઇનલની પૂર્વ સંધ્યાએ મહત્ત્વનું નિવેદન આપ્યું છે. બીજી બાજુ એવું પણ જાણવા મળ્યું છે કે ભારતના ચાર સ્પિનર (અક્ષર, વરુણ, જાડેજા, કુલદીપ) સામે ન્યૂ ઝીલૅન્ડ પાસે પણ ચાર સ્પિનર (મિચલ સૅન્ટનર, રચિન રવીન્દ્ર, માઇકલ બ્રેસવેલ, ગ્લેન ફિલિપ્સ) છે. જોકે કેન વિલિયમસન પણ કાંડાની કરામતથી ૭૦ જેટલી ઇન્ટરનૅશનલ વિકેટ લઈ ચૂક્યો છે અને ન્યૂ ઝીલૅન્ડ પાસે સ્પિન-ઑલરાઉન્ડર માર્ક ચૅપમૅન પણ છે. એ જોતાં કિવીઓ કદાચ પાંચ સ્પિનરનું આક્રમણ કરે તો નવાઈ નહીં.

૨૩મીએ દુબઈમાં પાકિસ્તાને ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી હતી જેના પર મોહમ્મદ રિઝવાન ઍન્ડ કંપનીએ ૪૯.૪ ઓવરમાં ૨૪૧ રન બનાવ્યા હતા. ભારતે વિરાટ કોહલીના અણનમ ૧૦૦ રન, શ્રેયસ ઐયરના ૫૬ રન અને શુભમન ગિલના ૪૬ રનની મદદથી ૪૨.૩ ઓવરમાં ચાર વિકેટે ૨૪૪ રન બનાવીને એ મહા મુકાબલો ૪૫ બૉલ અને છ વિકેટ બાકી રાખીને જીતી લીધો હતો.



હાર્દિક પંડ્યાએ ગઈ કાલે દુબઈમાં પ્રૅક્ટિસ શરૂ કરી એ પહેલાં મહિલા ચાહકને સેલ્ફી લેવા દીધી હતી. (પીટીઆઇ)

એક જાણીતી ક્રિકેટ વેબસાઇટના અહેવાલ મુજબ ભારત-પાકિસ્તાન મૅચ જેના પર રમાઈ એ જ પિચ પર રવિવારે ભારત-ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે ટક્કર થશે. આ પિચ સ્લો હોવાથી એના પર સ્પિનરોને વધુ ફાયદો થશે.

દુબઈના મેદાન પર કુલ ૧૦ પિચ છે અને મૅથ્યૂ સેન્ડરી નામના પિચ ક્યુરેટર આ તમામ પિચ તેમ જ આઉટફીલ્ડ રમવાની સ્થિતિમાં રાખવાનું કામ સંભાળે છે.

રવિવારની ફાઇનલ દુબઈના ૧૦માંની સેન્ટર વિકેટ પર રમાશે. દરમ્યાન, દુબઈની પિચ વિશે ન્યૂ ઝીલૅન્ડના કૅપ્ટન મિચલ સૅન્ટનરનું મોટું નિવેદન બહાર આવ્યું છે.

છેલ્લા થોડા દિવસો દરમ્યાન ઘણા ક્રિકેટ પંડિતો અને ભૂતપૂર્વ ખેલાડીઓ કહી ગયા છે કે એક જ સ્થળે (દુબઈમાં) રમવાનો ભારતીય ટીમને ઘણો લાભ મળ્યો છે. જોકે રવિચન્દ્રન અશ્વિન સહિત કેટલાક ભારતીય ક્રિકેટ-લેજન્ડે જવાબમાં કહ્યું છે કે કઈ ટીમ કઈ પિચ પર કેવું રમે છે એના પર મૅચના પરિણામનો આધાર હોય છે.

સૅન્ટનરે કહ્યું છે કે 'ભારતીય ટીમ તમામ મૅચો દુબઈના મેદાન પર રમી હોવાથી એની પિચ વિશે વધુ સારી જાણકારી ધરાવતી હશે. ટીમ ઇન્ડિયા આ સ્લો પિચથી વધુ વાકેફ છે. જોકે અમારી ટીમ આ જ પિચ પર થનારા સંઘર્ષનો સામનો કરવા પૂરેપૂરી તૈયાર છે. અમને લાહોરમાં જે પિચ મળી હતી એના કરતાં આ પિચ વધુ ધીમી લાગે છે.' ■

# નૉકઆઉટમાં ભારત ચડિયાતું, પણ બન્ને ફાઇનલ ન્યૂ ઝીલૅન્ડ જ જીત્યું છે

## ૨૦૦૦માં કિવીઓએ ભારતને હરાવીને ચૅમ્પિયન્સ ટ્રોફી જીતી લીધી હતી

દુબઈઃ ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ચૅમ્પિયન કોણ બનશે એ જોવાનો દિવસ નજીક આવી ગયો છે અને એ માટેની બે હરીફ ટીમ (ભારત અને ન્યૂ ઝીલૅન્ડ)ની આઇસીસી ઇવેન્ટ્સમાં સામસામે જે ટક્કર થઈ છે એનો ઇતિહાસ જાણવા જેવો છે. આઇસીસી ટૂર્નામેન્ટોમાં જે નૉકઆઉટ તબક્કો હોય એમાં ન્યૂ ઝીલૅન્ડ સામે ભારતનો હાથ ઉપર રહ્યો છે, જ્યારે આઇસીસી ઇવેન્ટ્સની ફાઇનલની વાત આવે ત્યારે ન્યૂ ઝીલૅન્ડના ખેલાડીઓએ જ ભારત સામે છેલ્લું અટ્ટહાસ્ય કર્યું છે. બીજી રીતે કહીએ તો ન્યૂ ઝીલૅન્ડ સામે ભારત બે ફાઇનલ રમ્યું છે અને બન્નેમાં ભારતનો પરાજય થયો છે.

આજે દુબઈમાં બપોરે ૨.૦૦ વાગ્યે ટૉસ ઉછાળવામાં આવશે અને ૨.૩૦ વાગ્યે ફાઇનલ મુકાબલો શરૂ થશે.

### નૉકઆઉટમાં કોનો કેવો પર્ફોર્મન્સ?

ભારતે છેલ્લી ૧૪માંથી ૧૨ આઇસીસી ઇવેન્ટના નૉકઆઉટ રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો છે અને એમાં ત્રણમાં વિજય પ્રાપ્ત કર્યો છે. બીજી બાજુ, ન્યૂ ઝીલૅન્ડે આઠ વખત નૉકઆઉટ રાઉન્ડમાં એન્ટ્રી કરી છે, પણ એમાંથી માત્ર એકમાં જીત મેળવી છે. વર્તમાન ટૂર્નામેન્ટનો નૉકઆઉટ રાઉન્ડ શરૂ થયો એ પહેલાંના (બીજી માર્ચના) અંતિમ લીગ મુકાબલામાં ભારતે ન્યૂ ઝીલૅન્ડને ૪૪ રનથી હરાવ્યું હતું. એ મૅચના પરિણામ પરથી સેમિ ફાઇનલના બીજી બે હરીફ ટીમો (ઑસ્ટ્રેલિયા તથા સાઉથ આફ્રિકા)ના પૉઇન્ટ્સ-ટેબલમાંના ક્રમ નક્કી થયા હતા અને હવે એ બન્ને ટીમ સ્પર્ધાની બહાર થઈ ચૂકી છે.

બીજી માર્ચે ભારતે શ્રેયસ ઐયરના ૭૯ રન અને હાર્દિક પંડ્યાના ૪૫ રનની મદદથી નવ વિકેટે ૨૪૯ રન બનાવ્યા હતા. કિવી ફાસ્ટ બોલર મૅટ હેન્રીએ ૪૨ રનમાં પાંચ વિકેટ લીધી હતી. જોકે હેન્રીની પાંચ વિકેટનો સ્પિનર વરુણ ચક્રવર્તીએ ૪૨ રનમાં લીધેલી પાંચ વિકેટના તરખાટથી જવાબ આપ્યો હતો. ન્યૂ ઝીલૅન્ડની ટીમ કેન વિલિયમસનના ૮૧ રન છતાં ભારતીય સ્પિનર્સ સામે ઝૂકી ગઈ હતી. કિવીઓની દસમાંથી નવ વિકેટ સ્પિનરોએ લીધી હતી.

### ફાઇનલમાં કિવીઓ કેવી રીતે જીત્યા જ છે?

આઇસીસી ટૂર્નામેન્ટોના ઇતિહાસમાં ન્યૂ ઝીલૅન્ડ ક્યારેય ભારત સામે ફાઇનલ નથી હાર્યું. ૨૦૦૦ની નૈરોબી ખાતેની ચૅમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં પ્રથમ બૅટિંગ મળ્યા બાદ ભારતે સૌરવ ગાંગુલી (૧૧૭ રન) અને સચિન તેન્ડુલકર (૬૯ રન) વચ્ચે થયેલી ૧૪૧ રનની ઓપનિંગ ભાગીદારીની મદદથી છ વિકેટે ૨૬૪ રન બનાવ્યા હતા. કિવીઓએ ક્રિસ કેર્ન્સ (૧૦૨ અણનમ) તથા ક્રિસ હૅરિસ (૪૬ રન)ની ઇનિંગ્સની મદદથી ૪૯.૪ ઓવરમાં છ વિકેટે ૨૬૫ રન બનાવીને રોમાંચક વિજય મેળવી લીધો હતો. વેન્કટેશ પ્રસાદે ત્રણ, અનિલ કુંબલેએ બે અને સચિને એક વિકેટ લીધી હતી.

૨૦૨૧માં વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની સાઉધમ્પ્ટન ખાતેની ફાઇનલમાં પણ ભારત સામે કિવીઓ વિજયી થયા હતા. ભારતે ૨૧૭ રન બનાવ્યા બાદ કિવીઓએ ૨૪૯ રન બનાવ્યા હતા. બીજા દાવમાં ભારતના ૧૭૦ રન સામે ન્યૂ ઝીલૅન્ડે ૧૩૯ રનના લક્ષ્યાંક સામે માત્ર બે વિકેટે ૧૪૦ રન બનાવીને વિજય મેળવ્યો હતો.

### ભારત આજે હારની હૅટ-ટ્રિક ટાળશે?

આઇસીસી ટૂર્નામેન્ટોની ફાઇનલ્સના ઇતિહાસમાં ભારત સામે કિવીઓએ બન્ને મુકાબલામાં વિજય મેળવ્યો છે, પરંતુ આજે દુબઈમાં ભારતે હારની હૅટ-ટ્રિક ટાળવાની છે. ૨૦૦૦માં ચૅમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં સૌરવ ગાંગુલીના સુકાનમાં કિવીઓ સામે ભારત હાર્યું હતું અને ૨૦૨૧માં ટેસ્ટના વર્લ્ડ કપની ફાઇનલમાં વિરાટ કોહલીના સુકાનમાં ભારતે પરાજય ખમવો પડ્યો હતો. જોકે હવે આજે રોહિત શર્માએ સતત ત્રીજો પરાજય ટાળવાનો છે અને એમાં તેને ખુદ વિરાટની જ મોટી મદદ મળી શકે એમ છે. ■

# હરમનપ્રીત કૌરનું એકસાથે બે સેલિબ્રેશન, શુભેચ્છાઓનો વરસાદ વરસ્યો

મુંબઈઃ ભારતીય મહિલા ટીમની અને મુંબઈ ઇન્ડિયન્સ વિમેન ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌરે ગઈ કાલે એક સાથે બે સેલિબ્રેશન માણ્યાં હતાં.

હરમનપ્રીતનો ગઈ કાલે જન્મદિન હતો અને એ પ્રસંગ ઉપરાંત તેને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે પણ અસંખ્ય ચાહકોની શુભેચ્છાઓ મળી હતી.

૩૬ વર્ષની હરમનપ્રીત કૌર સોશિયલ મીડિયામાં સૌથી લોકપ્રિય સ્પોર્ટ્સપર્સન્સમાં સ્થાન ધરાવે છે.

હરમનપ્રીતનો જન્મ ૧૯૮૯ની આઠમી માર્ચે થયો હતો. તે પંજાબની છે. તેણે ભારત વતી તેમ જ પ્રોફેશનલ ક્રિકેટમાં કરીઅર શરૂ કરી ત્યાર બાદ અત્યાર સુધીમાં તે ઘણી સિદ્ધિઓ મેળવી ચૂકી છે.

૨૦૨૦ના ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત તેની કેપ્ટન્સીમાં ફાઇનલમાં પહોંચ્યું હતું. ૨૦૨૩માં મહિલાઓની આઇપીએલ એટલે કે વિમેન્સ પ્રીમિયર લીગ (ડબલ્યૂપીએલ)માં હરમનના જ સુકાનમાં મુંબઇ ઇન્ડિયન્સે સૌથી પહેલો તાજ જીતી લીધો હતો. ૨૦૧૨, ૨૦૧૬ અને ૨૦૨૨નો મહિલાઓનો ટી-૨૦ એશિયા કપ જીતનાર ભારતીય ટીમમાં હરમનપ્રીત સામેલ હતી.

હરમનપ્રીતના નેતૃત્વમાં ગઈ કાલે સવારે તેની મુંબઇ ઇન્ડિયન્સની ટીમ ડબલ્યૂપીએલની ૨૦૨૫ની સીઝનમાં ત્રીજા નંબરે હતી. ■

**હરમનને દંડ**

મુંબઈ ઈન્ડિયન્સની હરમનપ્રીત કૌરે ગુરુવારે ડબ્લ્યૂપીએલમાં મગજ પરથી કાબૂ ગુમાવીને યુપીની ખેલાડી એકલસ્ટન સાથે દલીલબાજી કરીને જે ગેરવર્તન કર્યું એ બદલ હરમનપ્રીતની ૧૦ ટકા મૅચ ફી કાપી લેવામાં આવી હતી.



# બુમરાહ આઈપીએલમાં પહેલા બે અઠવાડિયા કદાચ નહીં રમે

મુંબઈઃ જસપ્રીત બુમરાહ પીઠના દુખાવામાંથી હજી પૂરેપૂરો મુક્ત નથી થયો અને તે બાવીસમી માર્ચે શરૂ થનારી આઇપીએલની ૨૦૨૫ની સીઝનમાં પહેલા બે અઠવાડિયા કદાચ નહીં રમે એવો અહેવાલ બહાર આવ્યો છે.

બુમરાહ ઑસ્ટ્રેલિયાના પ્રવાસમાં સિડની ખાતેની છેલ્લી ટેસ્ટના અંતિમ દિવસે નહોતો રમી શક્યો અને ત્યારથી તેને આ ઈજા સતાવે છે. ભારતે એ મૅચ અને સિરીઝ ૧-૪થી ગુમાવી હતી.

અહેવાલમાં એવું પણ કહેવાયું છે કે બુમરાહ હજી પૂરી ક્ષમતા અને પૂરી તાકાતથી બોલિંગ નથી કરી શકતો. મેડિકલ ટીમની દેખરેખમાં તે પ્રૅક્ટિસ કરતો રહેશે અને પૂર્ણ ફિટનેસ વહેલાસર મેળવવાનો પ્રયત્ન કરશે.

જો બુમરાહ સમયસર ટીમમાં સામેલ નહીં થઈ શકે તો મુંબઈ ઇન્ડિયન્સે શરૂઆતની એ મૅચો માટે તેનો વિકલ્પ શોધી રાખવો પડશે.

એક જાણીતા અખબારને બીસીસીઆઇના એક સૂત્ર પાસેથી જાણવા મળ્યું હતું કે 'બુમરાહના મેડિકલ રિપોર્ટ સારા છે, તેણે બોલિંગ કરવાનું શરૂ પણ કર્યું છે, પરંતુ આઇપીએલમાં શરૂઆતની અમુક મૅચોમાં તે મોટા ભાગે નહીં રમી શકે. આઇપીએલનો આરંભ બાવીસમી માર્ચે થશે અને મુંબઈની પ્રથમ મૅચ ૨૩મી માર્ચે ચેન્નઈમાં સીએસકે સામે રમાશે. જોકે બુમરાહ એપ્રિલના પ્રથમ અઠવાડિયામાં રમવા આવશે એવું અત્યારે લાગે છે.'

પહેલા બે અઠવાડિયામાં મુંબઈની ટીમ ચાર મૅચ રમશે.

બીસીસીઆઇના સૂત્રએ એવું પણ જણાવ્યું છે કે ક્રિકેટ બોર્ડ બુમરાહ તેમ જ મોહમ્મદ શમીની ફિટનેસની બાબતમાં ખૂબ સતર્ક રહેવા માગે છે, કારણકે આઇપીએલ પછી ભારતની ટેસ્ટ ટીમ પાંચ ટેસ્ટ રમવા ઇંગ્લૅન્ડના પ્રવાસે જશે એટલે એમાં બુમરાહ-શમી પૂરેપૂરા ફિટ હોવા જોઈશે. ■



**મહિલા દિન નિમિત્તે 'સાડી મૅરથન':** લખનઊમાં ગઈ કાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે 'સાડી મૅરથન' યોજાઈ હતી જેમાં ઘણી મહિલાઓ અને છોકરીઓએ ભાગ લીધો હતો અને આ મૅરથન જોવા અનેક લોકો આવ્યા હતા. (પીટીઆઇ)

## ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**
**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

## ૯. લગ્ન સંબંધી

■ સુંદર ગરીબ મરાઠી કન્યા, ઉંમર 27, શિક્ષણ 12મી પાસ, વાસણના દુકાનમાં કામ કરે છે, પગાર 10000/- (જાત મરાઠા), આંતરજાતીય ચાલશે છોકરીના વડીલ નથી. અપેક્ષા મહેનતું છોકરો જોઈએ તુરત લગ્ન - 7058846590. (દહેજ નહીં). (બી-૧૫૬૬૫)

**જીવનસાથી પસંદગી સંમેલન**
**શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ**
**રવિવાર, તા. ૬ એપ્રીલ ૨૦૨૫**
**HIGHLY QUALIFIED BOYS & GIRLS**
**માંથી વિશાળ પસંદગી**
**યુવક માટે રૂા. ૫૦૦/-**
**યુવતી માટે નિઃશુલ્ક**
**ફોર્મ મેળવવા માટે સંપર્ક**
**સમાજ ભવન : 9137407959**
**ઈલાબેન : 9821918605**
**ફોર્મ ભરવાની આખરી તા. ૧૭-૦૩-૨૫**
(દહેજ નહીં) (૧૫૬૮૯-એફ)

## ૯. લગ્ન સંબંધી

**નાગર બ્રાહ્મણ**
જેવીપીડીમાં રહેતા, અવિવાહિત યુવક, ૧૯૭૨/૫'-૭'', સુખી I. T. જોબ કરતા માટે યોગ્ય કન્યા આવકાર્ય. સંપર્ક: 9769932212 / 8452007078. (દહેજ નહીં). (૧૫૬૪૮-એ)

**ગુજરાતી VIP SHAADI**
**- 2000 + candidates, 3 વર્ષની સેવા. USA NRI clients માટે ગુજરાતી જૈન/ વૈષ્ણવ યુવાનોના પ્રોફાઈલ (1995-2000) આવકાર્ય છે. 100% confidential. સ્નેહા - Whatsapp: +918956459611, gicarke@gmail.com, sneha @cyberwebhotels.com (દહેજ નહીં). (૧૫૬૭૦-એ)**

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.). (૧૫૬૬૪-બી)

■ ટોરેન્ટો 1996 5'.4" એલ. એલ. બી, આય.ટીને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૬૬૪)

■ ટોરેન્ટો 1996 પોસ્ટ ગ્રેજ્યુએટ સ્માર્ટ બ્રાહ્મણને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૬૬૪)

■ એમ.કોમ 1989 ડાયવોર્સી બીઝનેસ ધરાવતા સ્માર્ટને સંસ્કારી કન્યા આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૬૬૪)

## ૯. લગ્ન સંબંધી

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. ''Neela sheth'' 9833676409/7045657510 (No Dowry). (15621-A)**

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**
બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૬૮૮-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**'ફીમેલ સ્ટાફ જોઈએ...''**
ફોન ઉપર માર્કેટિંગના કામ માટે... (ગુજરાતીમાં-અંગ્રેજીમાં-મરાઠીમાં બોલી શકે...) ''ઈન્વેસ્ટમેન્ટ હાઉસ'' કાંદિવલી- 8291225710. (બી-૧૫૬૫૪)

**''વૃદ્ધાશ્રમ''**
**મુંબઈ, રાજકોટ અને સુરેન્દ્રનગર માટે સ્ટાફ જોઈએ છે.: 9022684667, 08169314451. (૧૫૬૮૩-એ)**

**ફિમેલ એકાઉન્ટન્ટ**
ટેલી ઓપરેટર (GST નોલેજ જરૂરી) દહિસર 9322286126. (૧૫૬૬૮-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (વેસ્ટ)**
1 BHK એસ.વી. રોડ, 1.80 કરોડ તેમજ ૧થી ૪ BHK અંધેરી, પાર્લે વેસ્ટ, જુહુ, ઓનરશિપ/લીવ લાયસન્સથી. ગૌતમ જોશી 9322236433/9821069632. (૧૫૬૭૫-એ)

**ઘાટકોપર ઈસ્ટ**
2 બેડરૂમ હોલ કિચન વિથ ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ, સ્ટેશનની નજીક, જૈન દેરાસરની સામે, વેચવાનો છે. દલાલ માફ, Contact : 9820788049. (૧૫૬૭૬/એ)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016-9082933313. (૧૫૫૦૫-એ)

**વિશાળ ફ્લેટ્સ**
બાલ્કની સાથે કાંદીવલી (વેસ્ટ)- 3.5 બેડરૂમ 1450' કાર્પેટ - 4 બેડરૂમ 1600' કારપેટ - 6 બેડરૂમ 2900' કારપેટ - 11' ફૂટ હાઈટ, લક્ઝરિયસ એમિનીટીઝ સંપર્ક 9820344084. (જેપી/૪૯૭૨-સી)

**જાજરમાન ફ્લેટ**
બાલ્કની સાથે, કાંદીવલી (વેસ્ટ) 14' હાઈટ્સ, 6 બેડરૂમ 3900' કાર્પેટ - 4 બેડરૂમ 2400' કારપેટ, લક્ઝરીયસ એમિનીટીઝ સંપર્ક 9820344084. (જેપી/૪૯૭૨-બી)

**Ready Duplex**
5 બેડરૂમ, ડુપ્લેક્સમાં personal Lift, કાંદીવલી વેસ્ટ, ઓપન વ્યુ, હાયર ફ્લોર, વાસ્તુ પ્રમાણે, જૈન વૈષ્ણવ ફેમિલી માટે ખાસ, માર્કેટ દેરાસર હવેલી નજીક 3 પાર્કિંગ સંપર્ક. 9820344084 (જેપી/૪૯૬૯ એચ)

**2 બેડરૂમ**
વેચાણથી કાંદીવલી વેસ્ટ એમ જી રોડ Aprox 875' કાર્પેટ, હાયર ફ્લોર, પાર્કિંગ, ગુજરાતી જૈન વૈષ્ણવ સોસાયટી, 2.59 કરોડ નીગોસીએબલ રેડી પજેસનથી લેવા 9820344084. (જેપી/૪૯૬૯-જી)

**કેમ્સ કોર્નર**
2 બેડરૂમ - 850' - ગેરેજ - પાર્કીંગ - 4,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૨૭/ડી)

**નાનાચોક**
1 બેડરૂમ - 400' - કાર્પેટ - પાર્કીંગ 1,50,00000 નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૨૭/સી)

**મલબાર હીલ**
6 બેડરૂમ - 3500' - કાર્પેટ - પાર્કીંગ, સી.ફેસીંગ - જૈન મંદિર 9820068382. (૧૫૩૨૭/બી)

**નાનાચોક**
4 બેડરૂમ - 2700' - કાર્પેટ - પાર્કીંગ - 5,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૨૭/એ)

**ખાર (વેસ્ટ)**
તદ્દન નવા બિલ્ડીંગમાં ૩ બેડરૂમ એરિયા ૧૧૫૦' કારપેટ, ૫ બેડરૂમ ૨૩૦૦' કારપેટ, પોશ લોકેશન, ફક્ત ગુજરાતી માટે, જીમ્નેશીયમ સાથે, તુરંત વેચવાના. ફોનઃ ૯૮૬૭૧૫૩૩૭૭. (બી-૧૫૫૧૯)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## ૧૭. જગ્યા આપવી છે

**ગોરેગાવ વેસ્ટ**
કલ્પતરુ રેડિયેન્સ, બ્રાન્ડ ન્યૂ ફ્લેટ, 2 બેડરૂમ, પાર્કિંગ, સ્વિમિંગ પૂલ, જીમ, બધુજ કોમ્પ્લેક્સમાં જ. મેટ્રો, સ્ટેશન, સ્કૂલ, માર્કેટ નજીક. ઓસી સાથે રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૬૨૬)

**વિલેપાર્લે (વેસ્ટ)**
બજાજ રોડ, સ્ટેશન નજીક, 2 બેડ, 736 કારપેટ, 3 બેડ 934 કારપેટ અંડર કન્સ્ટ્રક્શન, પઝેશન 12 મહિનામાં જીમ, રૂફ ટોપ ગાર્ડન વેચાણથી. 9136663063. (૧૫૫૬૨-એ)

**બોરીવલી વેસ્ટ**
અભિલાષા 2, પોશ, 3 BHK 1150 ફૂટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૬૨૫)

**બોરીવલીમાં - વલસાડમાં -**
સામખીયારીમાં મકાન - બંગલા - ફ્લેટો લેવા / આપવા મળો 9022470425. દામજીભાઈ ગડા. (૧૫૬૧૮-એ)

**પારલા વેસ્ટ**
ગાર્ડન ફેશિંગ 3 બેડ 1200' કાર્પેટ નવા બિલ્ડીંગમાં સ્ટેશન/ દેરાસર નજીક- 7045622403. (બી-૧૫૬૪૫)

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશન/ મેટ્રોથી 2 મિનિટે, રેડી ટાવરમાં હાયરફ્લોરના, 3 બેડરૂમના ફ્લેટો 3,45,00,000/- ઓલ ઇન્કલુજીવ (2 પાર્કિંગ સાથે) વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૪૫૬)**

**વિલેપાર્લા (ઈસ્ટ)**
**3 બેડરૂમ હોલ કિચન ચાર બાલ્કની હવા ઉજાસવાળો ૧૧૫૦ ફ્લેટ 3.50 કરોડ 2 પાર્કિંગ 9619018233. આશાબેન. (૨૫૭)**

**રાજસ્થાન એસ્ટેટ એજન્સી**
**નેપયન્સી, પેડર, વાલ્કેશ્વર, બ્રીચકેન્ડી, અલ્ટમાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો કોમર્શીયલ જગ્યા સાથે લીવ લાયસન્સથી લેવા વેચવા Contact ગોપાલભાઈ જયપુરવાલા 9322898994. મુકેશભાઈ મહેતા 9967502537. ઓફિસઃ ભવન્સ કોલેજ (ભારત જ્યુસ સેન્ટર) ભારતીય વિદ્યા ભવન ગીરગાવ ચોપાટી. (૨૫૮)**

**PAREL EAST**
Ready OC Luxury New Tower Low density Pool, Club, Gym Amazing views 1800 carpet 11 Cr. / 10 yr. old Bldg. Low maintenance Pool, Club, Gym Party Area, Jain Mandir 3 BHK 1280 cpt. Earlier 5.11, now 4.70 Seller from our Office Bombay +91 86559 29524. (B-15647)

**VAKOLA, SANTACRUZ EAST**
**PRIME LOCATION - Flat For Sale**
- New Tower
- 3 BHK
- 1155' usable carpet
- Parking

**Immediate Possession with O.C.**
For Details Contact 11.00 am onwards: - **9821019093**
(15623-A)

**DADAR WEST,**
**3 Min from Station Tallest Tower Launch All Amenities, Nr Jain Mandir, 2 Bed 3.75 Cr + 3, 4 Bed 7.40 Cr + Xclusive Offers on Visit 9819016316, 8655739820. (B-15432)**

**MATUNGA E,**
**Main Road 2 BHK 920 Cpt Bldg with Pool, Gym, 4.95 Cr ++ Genuine Seller 4 BHK 1400 + Cpt 6.99 Cr + Tax +91 98192 27923, +91 86559 29524. (B-15433)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**ભાડુઆતવાળા**
**જુના બિલ્ડીંગ મુંબઈ તથા પશ્ચિમ ઉપનગરમાં વેચાણમાં જોઈએ છે- 9320279802. (એસડીબી-૨૪૨૭)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**અંધેરી (ઈસ્ટ)**
એમઆઈડીસી, સ્વતંત્ર બિલ્ડીંગ, ફેક્ટરી યુનિટ, ૧૦૦૦' ૨૦૦૦', ૨૫૦૦', ૫૨૦૦', ૮૪૦૦' ગ્રાઉન્ડ/ ફર્સ્ટ ફ્લોર, જ્વેલરી, લોજીસ્ટીક, કુરીયર, મેન્યુફેકચરીંગ માટે ભાડા/ વેચાણથી. ૯૮૨૦૦૨૮૦૦૪. (૧૫૬૫૫-એ)

**વસઈ**
**શીરસાટ ઈન્ડસ્ટ્રીયલ N.A. PLOT- 10,000'- 20,000' ફૂટ લેવાઃ 8780264376. (૧૫૬૧૮-બી)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

INDEPENDENT FACTORY / Godowns / Offices: 4500 to 80,000 ft at Dahisar to Andheri, Kandivali, Charkop, Goregaon - Andheri, Vasai - Kaman. Sale / Lease. Milan Kamdar 9820017603. (KP-2528-A)

## ૨૦. ધંધાદારી જગ્યા

**JUHU SCHEME**
ભાડેથી Shop 240' Carpet વૈશાલી શોપિંગ, આપવાની છે. યશ મહેતાઃ 9833766747. (૧૫૬૯૦-એ)

**માટુંગા પશ્ચિમ**
માટુંગા પશ્ચિમમાં 600 Sqft + 400 Sqft મેઝેનાઈન ઓફિસ/વર્કશોપ ભાડે ઉપલબ્ધ છે કૉલ 9820557620. (બી-૧૫૬૫૩)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**''કૈલાસ પ્લાઝામાં 277' ફુલ્લી ફર્નિશ્ડ અને વલ્લભબાગ લેનમાં 261' ઓફિસ ભાડેથી /વેચાણથી લેવા ઓનર - 9321690977. (૧૫૬૭૩/એ)**

**SNACKS MANUFACTURING**
Require 6000 sq.ft. on Rent at Vasai, Panvel, MIDC, Turbhe for Snacks Manufacturing. Rakesh 9821156360. (SDB-2479)

**SALE - RENT**
Office Tendice - 69 Andheri East 689' Sq. Ft. Off W. E. Highway Off Suren Road, Ready Possession, New Building Ph Owner 022-66318562-66311728-9930647494-9821936787. (JP/4976-C)

**VILE PARLE (EAST)**
Rambhau Barve Marg, Basement of 1100 sq. ft. & above it Office of 450 sq. ft. on Ground Floor with 2 Parkings Sale 3.75 Cr. OC received 9320075559. (15667/A)

**SEWRI**
**Rental 1) Warehouse Gala / Offices 770 to 15000 2) Offices 5000 to 15,000 Square Feet Vaishnavi- 9867447391. (15620-A)**

## ૨૩. મનોરંજન

**''હર્ષ શાહ...''**
'Live...' લગ્નગીતો, સંગીત સંધ્યા, ઓરકેસ્ટ્રા, કોર્પોરેટ, મ્યુઝીકલ પ્રોગ્રામો - 9920553345. (બી-૧૫૬૬૨)

**''બજેટ મુજબ''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'' ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૬૬૯-બી)

## ૨૭. ઔષધ ઉપચાર

**કેબી ધોરમનો ધોરમ મલમ**
**ગુદાના ગુમડા, હરસ, ખસ, દાદર, ખરજવું, વાઢીયા, કરોળિયાનો આયુર્વેદિકમાં ઉપલબ્ધ. કેબીધોરમ વાંચી ખરીદવું. બોરીવલી 9820756510, દહિસર 9321611838, કાંદિવલી 7506655512, મુંબઈ 9820040824, મુલુંડ 9029676712. (૧૫૬૫૮-બી)**

**કોઢ-સોરાયસીસ**
ખરજવું ચામડીની એલર્જી-વેરીકોઝ વેઇન્સ, અલ્સર, સંધિવાની જળો, આયુર્વેદથી સફળ સારવાર, સૌરાષ્ટ્રના ૩૫ વર્ષના અનુભવી, વૈદ્ય ગોસ્વામી બોરીવલીમાં - ૯૮૯૨૧૮૮૦૯૦. (બી-૧૫૬૪૩)

## ૩૨. જમીન - મિલકત

**રાજકોટમાં જોઈએ**
**પ્લોટ, કાલાવડ રોડ, હરીપર, કણકોટ, વડવાજડી-વિરડાવાજડી, ઈશ્વરીયા, અમરેલી, મોટાવડા, આણંદપર, મોરબી રોડ, હડાળા, વિજયનગર, રતનપર, નાના મોટા પ્લોટ કેશ પેમેન્ટથી. કીર્તિભાઈ કંસારા 9825160974. (બી-૧૫૬૧૪)**

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ ક્લીયર, સરળ હપ્તે, તુરંત દસ્તાવેજ 9574859654. (બી-૧૪૯૨૭)

■ 5 એકર NA પ્લોટ વેચવાનો છે. રોડટચ મહાબળેશ્વર- કાસ રોડ, રેગડેવાડી- મહાબળેશ્વર. ભાવ- રૂ.14.25 કરોડ. સંપર્ક- 9765407930. (૧૫૬૮૪-એ)

## ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કુવા- સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઈઝ''- 9820776583/ 9892298963. (૧૫૬૦૬-એ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025/ 26822572. (બી-૧૫૫૯૦)

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝ્ડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

# દિલ્હીમાં ગરીબ મહિલાઓને માસિક ₹ અઢી હજાર આપવાનું શરૂ

### યોજના માટે ₹ ૫,૧૦૦ કરોડ ફાળવાયા

નવી દિલ્હીઃ દિલ્હીની ભાજપ સરકારે 'મહિલા સમૃદ્ધિ યોજના' હેઠળ ગરીબ પરિવારોની દરેક મહિલાઓને દર મહિને રૂપિયા ૨,૫૦૦ આપવા માટે રૂપિયા ૫,૧૦૦ કરોડ ફાળવ્યા હતા.

ભાજપના પ્રમુખ જે. પી. નડ્ડાએ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે અહીંના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે યોજાયેલા પક્ષના કાર્યક્રમને સંબોધતા જણાવ્યું હતું કે દિલ્હીના પ્રધાનમંડળે 'મહિલા સમૃદ્ધિ યોજના'ના અમલ માટે રૂપિયા ૫,૧૦૦ કરોડ ફાળવ્યા છે. હું આ યોજનાનો અમલ કરાવવા બદલ મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાને અભિનંદન આપું છું.

મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ પત્રકારોને જણાવ્યું હતું કે 'મહિલા સમૃદ્ધિ યોજના'ના અમલ પર નજર રાખવા માટે મારા નેતૃત્વ હેઠળ એક સમિતિ રચાઇ છે. આ સમિતિમાં આશિષ સૂદ, પરવેશ વર્મા અને કપિલ મિશ્રા પણ છે.

તેમણે જણાવ્યું હતું કે અમે ચૂંટણીઢંઢેરામાં દિલ્હીની દરેક ગરીબ મહિલાઓને માસિક રૂપિયા અઢીહજાર આપવાનું વચન આપ્યું હતું. અમે મહિલા સમૃદ્ધિ યોજનાના અમલ માટે અંદાજપત્રમાં રૂપિયા ૫,૧૦૦ કરોડ ફાળવ્યા હતા.

રેખા ગુપ્તાએ જણાવ્યું હતું કે મહિલા સમૃદ્ધિ યોજનાની લાભાર્થીઓની નોંધણી તાત્કાલિક શરૂ કરાઇ છે. દિલ્હીની સરકાર મહિલાઓની સુરક્ષા અને સમૃદ્ધિ માટે સતત પગલાં લેતી રહેશે.

દિલ્હી સરકારે બહાર પાડેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે મહિલા સમૃદ્ધિ યોજનાની લાભાર્થી ગરીબ મહિલાઓની ઓળખ 'આધાર કાર્ડ'ના આધારે તપાસવામાં આવશે. (એજન્સી)■

# ઓસ્ટ્રેલિયાના તટ પર ત્રાટકેલા વાવાઝોડાથી એકનું મોત

બ્રિસ્બેન : ઓસ્ટ્રેલિયા પરનો વાવાઝોડા અલ્ફ્રેડનો ખતરો ઓછો થયો છે. અલ્ફ્રેડ ૫૧ વર્ષમાં પહેલી વાર ક્વિન્સલેન્ડની રાજધાની બ્રિસ્બેનની નજીકના ઓસ્ટ્રેલિયવ સમુદ્રતટ પાર કરનાર પ્રથમ વાવાઝોડું બનવાનું હતું, પરંતુ શનિવારે તે નબળું પડી ગયું હતું. તેના પવન એક કલાકદિઠ ૬૩ કિલોમીટરની ઝડપે ફૂંકાઈ રહ્યા છે અને તે કલાકો સુધી બ્રિસ્બેન સમુદ્રતટ પર અટકી ગયું હતું. આના વિનાશકારી પવનની ઝડપ ઘટી ગઈ છે અને તે નિમ્ન સ્તરનું વાવાઝોડું બની ગયું છે.જોકે એનાથી ઓસ્ટ્રલિયાના પૂર્વ તટ પર દિવસો સુધી પૂર આવે એવો ધોધમાર વરસાદ પડે એવો ભય છે. અધિકારીએ કહ્યું હતું કે ઉષ્ણકટીબંધીય ચક્રવાતને લીધે એક ડ્જણનું મૃત્યુ થયું હતું અને અનેક લોકો ઘાયલ થયા હતા.

હવામાન ખાતાના મેનેજર મેટ કોલોપીએ કહ્યું હતું કે હવે નબળું પડી ગયેલુ આ વવાઝોડું જમીન પાર કરીને પશ્ચિમ તરફ આગળ વધશે. અને પોતાની સાથે ભરપુર વરસાદ લાવશે. હવે ખતરો એ છે કે ભારે વરસાદ પડવાથી ઓચિંતુ પૂર આવી શકે.

૬૧ વર્ષનો વૃદ્ધ નદીમાં ગાયબ થયો હતો અને હવે તેનો મૃતદેહ મળ્યો છે. ન્યૂ સાઉથ વેસ્સના ટ્રેગેગલમાં બે મિલિટરી ટ્રક અથડાતાં એનેક જવાન ઘાયલ થયા હતા. (એજન્સી)■

# યુપીમાં પત્રકારની હત્યા

સીતાપુર (ઉત્તર પ્રદેશ): અહીં સીતાપુર - દિલ્હી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર શનિવારે બાઇક પર આવેલા હુમલાખોરોએ એક હિંદી અખબારના પત્રકારની ગોળી મારીને હત્યા કરી હતી.

ઇમાલિયા સુલતાનપુર પોલીસ સ્ટેશનની હદમાં હેમપુર રેલવે ફાટકની નજીક ઓવરબ્રિજ ખાતે આ હુમલો કરાયો હતો.

પોલીસે જણાવ્યું હતું કે રાઘવેન્દ્ર બાજપેયી નામના ૩૫ વર્ષીય પત્રકાર પોતાની મોટરસાઇકલ પર જતા હતા ત્યારે હુમલાખોરોએ તેમના પર ગોળીબાર કર્યો હતો.

સીતાપુરના એડિશનલ સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ પ્રવીણ રંજન સિંહે જણાવ્યું હતું કે પત્રકારને છાતીમાં ત્રણ ગોળી વાગી હતી. હુમલાખોરો પોતાની મોટરસાઇકલ પર નાસી ગયા હતા.

ઘાયલ પત્રકારને સ્થાનિક લોકોની મદદથી હૉસ્પિટલ લઇ જવાયો હતો, પરંતુ ત્યાં ડૉક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો.

પત્રકાર બાજપેયીના પરિવારના સભ્યોએ આક્ષેપ કર્યો હતો કે બાજપેયીને છેલ્લા કેટલાક દિવસથી ફૉન પર ધમકી મળતી હતી. પોલીસે જણાવ્યું હતું કે પુરાવા ભેગા કરાઇ રહ્યા છે. હુમલાખોરોને પકડવા માટે જિલ્લાની સરહદ સીલ કરાઇ છે. (એજન્સી)■

# સીરિયામાં આંતરવિગ્રહમાં ૬૦૦થી વધુનાં મોત

બૈરુતઃ સીરિયાની નવી સરકારને ટેકો આપતા લડવૈયાઓએ દેશની સરહદ પરના અનેક ગામડાઓ પર હુમલા કર્યા હતા. જેમાં ડઝનબંધ લોકોનાં મોત થયાં છે. આ હુમલો તાજેતરમાં પદભ્રષ્ટ રાષ્ટ્રપતિ બશર અસદના વફાદારો દ્વારા સરકારી સુરક્ષા દળો પર કરવામાં આવેલા હુમલાઓના જવાબમાં કરવામાં આવ્યો હતો.

ગામડાઓ પર ગુરુવારથી શરૂ થયેલા હુમલાઓ શુક્રવારે પણ ચાલુ રહ્યા હતા. બંને પક્ષો વચ્ચે ચાલી રહેલો સંઘર્ષ ડિસેમ્બરની શરૂઆતમાં ઇસ્લામિક જૂથ હયાત તહરિર અલ-શામના નેતૃત્વ હેઠળના બળવાખોર જૂથોએ અસદની સરકારને ઉથલાવી ત્યારબાદથી સૌથી ખરાબ હિંસા છે. નવી સરકારે ૧૪ વર્ષના ગૃહયુદ્ધ બાદ સીરિયાને એક કરવાનું વચન આપ્યું છે.

બ્રિટન સ્થિત સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઇટ્સના જણાવ્યા અનુસાર લડાઇ શરૂ ત્યારથી અત્યાર સુધીમાં ૬૦૦થી વધુ લોકોના મોત થયા છે. જેમાં ગામડાઓ પર બદલાની ભાવના સાથે કરવામાં આવેલા હુમલામાં માર્યા ગયેલા લગભગ ૧૪૦ લોકો ઉપરાંત મૃતકોમાં સીરિયાના સરકારી દળોના લગભગ ૫૦ સભ્યો અને અસદના વફાદાર ૪૫ લડવૈયાઓનો સમાવેશ થાય છે. સીરિયામાં માર્ચ ૨૦૧૧થી ચાલી રહેલા ગૃહયુદ્ધમાં પાંચ લાખથી વધુ લોકોનાં મોત થયાં છે અને લાખો લોકો વિસ્થાપિત થયા છે. બ્રિટનસ્થિત સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઇટ્સ અનુસાર ગુરુવારે સરકારી દળોએ દરિયાકાંઠાના શહેર જબલેહ નજીક એક વોન્ટેડ શખ્સને અટકાયતમાં લેવાનો પ્રયાસ કર્યો. ■

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ**
ટેરેસ, છજ્જા, બાથરૂમ, સીવીલ કામ, પેઈન્ટીંગ, 7 વર્ષની વૉરન્ટી. - 7021222104, -8450941119. (બી-૧૫૬૪૨)

**બિલ્ડીંગ રીપેરીંગ**
વોટર પ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ વીથ પેઈન્ટીંગ, ટેરેસ, છજીયા, આઉટસાઈડ વોલ. સંપર્ક : 9987414990 / 9324558334. (૧૫૬૮૦-એ)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

# ગુજરાતી સાહિત્યકાર દિલીપ ઝવેરીને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર

નવી દિલ્હીઃ ગુજરાતી સાહિત્યકાર દિલીપ ઝવેરી સહિત ૨૩ લેખક અને કવિને સાહિત્ય અકાદમીના પુરસ્કાર માટે પસંદ કરાયા હતા. હિંદીમાં ગગન ગિલ, કોંકણીમાં મુકેશ થલી, મૈથિલીમાં મહેન્દ્ર મલંગિયા, ઉડિયામાં બાઇશનાબચરણ સમાલ, તમિળમાં એ. આર. વેંકટચલપતિ, સંથાલીમાં મહેશ્વર સોરેન, કન્નડમાં કે. વી. નારાયણ, મરાઠીમાં સુધીર રસાળ અને તેલુગુમાં પેનુગોન્ડા લક્ષ્મીનારાયણને સાહિત્ય અકાદમીના પુરસ્કાર અપાશે. સાહિત્ય અકાદમીના પુરસ્કારમાં દરેક વિજેતાને રૂપિયા એક લાખ અને તકતીનો સમાવેશ થાય છે. ■

## મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો**

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૪ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# ટ્રેડ વૉરઃ અમેરિકાની આર્થિક વૃદ્ધિની ચિંતા અને ડૉલર નબળો પડતાં વૈશ્વિક સોનામાં અન્ડરટોન મજબૂત

## સ્થાનિકમાં ઊંચા ભાવ અને નાણાકીય વર્ષાન્તને કારણે સોનામાં નિરસ માગ

કોમોડિટી

રમેશ ગોહિલ

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનાં રેસિપ્રોકલ ટૅક્સ સહિત ટેરિફ વૃદ્ધિનાં નિર્ણયોમાં અનિશ્ચિતતાઓ અને ટેરિફ વૃદ્ધિને કારણે અમેરિકી અર્થતંત્ર પર માઠી અસર પડવાની સાથે ફુગાવામાં પણ વધારો થવાની શક્યતા પ્રબળ હોવાથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાતમાં વધુ વિલંબ કરે તેમ હોવાથી ગત સપ્તાહ દરમિયાન ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં વૈશ્વિક બજારમાં ગત સપ્તાહે નફારૂપી વેચવાલીનાં આંચકાઓ પચાવીને સોનાના ભાવમાં મક્કમ વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ભાવમાં સુધારો આગળ ધપ્યો હતો. જોકે, વિશ્વ બજારમાં ડૉલર નબળો પડવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સપ્તાહ દરમિયાન ડૉલર સામે રૂપિયામાં ૪૨ પૈસાનો સુધારો આવ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરો ઘટી આવતા વિશ્વ બજારની સરખામણીમાં સ્થાનિકમાં સોનાના ભાવમાં વધારો મર્યાદિત રહ્યો હતો.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સ્થાનિકમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરા રહિતનાં ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૮મી ફેબ્રુઆરીના રૂ. ૮૫,૦૫૬ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૮૫,૦૨૦ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૮૫,૦૨૦ અને ઉપરમાં રૂ. ૮૬,૪૫૬ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે રૂ. ૧૦૦૩ અથવા તો ૧.૧૮ ટકા વધીને રૂ. ૮૬,૦૫૯ના મથાળે બંધ રહ્યા હતા. જોકે, તાજેતરમાં સોનાના ભાવ વિક્રમ સપાટી આસપાસ પ્રવર્તી રહ્યા હોવાથી તેમ જ હોળાષ્ટકનો આરંભ થઈ ગયો હોવાથી સપ્તાહ દરમિયાન એકંદરે સોનામાં રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. તેમ જ ગત પહેલી એપ્રિલથી શરૂ થયેલા વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નો અંતિમ માસ હોવાને કારણે જ્વેલરો તેનાં હિસાબો સરભર કરવામાં વ્યસ્ત હોવાને કારણે જ્વેલરોની લેવાલી પણ શુષ્ક રહી હોવાનું કોલકતાસ્થિત જેજે ગોલ્ડ હાઉસનાં હોલસેલર હર્ષદ અજમેરાએ જણાવ્યું હતું. એકંદરે સોનામાં માગ ઓછી હોવાથી બજારમાં શાંત વાતાવરણ છે અને બૅન્કો દ્વારા સોનાની આયાત પણ નહીંવત્ જેવી હોવાથી પુરવઠાસ્થિતિ તંગ હોવાનું મુંબઈ સ્થિત એક ડીલરે જણાવતાં ઉમેર્યું હતું કે નિરસ માગને કારણે હાલ સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ ઔંસદીઠ ૧૦થી ૨૧ ડૉલર આસપાસના ડિસ્કાઉન્ટમાં ક્વૉટ કરી રહ્યા છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેનાં સપ્તાહે ડિસ્કાઉન્ટ ઔંસદીઠ ૧૨થી ૨૭ ડૉલર આસપાસની સપાટીએ રહ્યું હતું.

વૈશ્વિક સોનાના ભાવમાં ગત સપ્તાહે ભારે ચંચળતાનું વલણ રહ્યું હોવાનું સિંગાપોર ખાતે માગ છૂટીછવાઈ રહી હોવાથી સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ ઔંસદીઠ ૫૦ સેન્ટનાં ડિસ્કાઉન્ટથી લઈને ત્રણ ડૉલર સુધીનાં પ્રીમિયમમાં ઓફર કરી રહ્યા હોવાનું ગોલ્ડ સિલ્વર સેન્ટ્રલના મેનેજિંગ ડિરેક્ટર બ્રિઆન લાને જણાવ્યું હતું. સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે મુખ્યત્વે રોકાણકારોની લાંબાગાળાનાં રોકાણ માટે માગ રહેતી હોય છે અને લાંબા સમયગાળા માટે સોનામાં તેજીનું વલણ જોવા મળી રહ્યું હોવાથી છૂટીછવાઈ રોકાણલક્ષી માગ જોવા મળી હતી તેમ છતાં આગલા સપ્તાહની સરખામણીમાં માગ ઓછી રહી હોવાનું વિન્ગ ફંગ પ્રીસિયસ મેટલનાં હેડ પીટર ફંગે જણાવતાં ઉમેર્યું હતું કે ચીન ખાતે ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ એકથી ત્રણ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઓફર કરી રહ્યા હતા. જોકે, ગત ફેબ્રુઆરીના અંતે ચીનની સોનાની અનામત વધીને ૭.૩૬૧ કરોડ ટ્રિલિયન ફાઈન ઔંસની સપાટીએ રહી હોવાના અહેવાલ હતા.

એકંદરે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનાં ટેરિફનાં નિર્ણયોમાં પ્રવર્તી રહેલી અનિશ્ચિતતાઓને કારણે સોનામાં સલામતી માટેની માગ જળવાઈ રહેતાં વૈશ્વિક સોનામાં સાપ્તાહિક ધોરણે ૧.૭ ટકાની તેજી જોવા મળી છે. અગાઉ ચીન અને મેક્સિકો પર લાદવામાં આવેલી ટેરિફ રદ કરવામાં આવી હોવાથી નાણાં અને ઈક્વિટી બજારોમાં અનિશ્ચિતતા તથા રોકાણકારોમાં ફુગાવાની અને આર્થિક વૃદ્ધિની ચિંતા સપાટી પર આવતાં ડૉલર ઈન્ડેક્સ નબળો પડ્યો હતો અને સોનામાં સલામતી માટેની માગ ખૂલી હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવ્યું હતું.

અમેરિકી ફેડરલ રિઝર્વની આગામી બેઠક ૧૮-૧૯ માર્ચનાં રોજ યોજાનાર છે. જોકે, ગત સપ્તાહે ફેડરલ રિઝર્વના ગવર્નર ક્રિસ્ટોફર વૉલરે તેઓ રેટ કટની વિરુદ્ધ હોવાનું જણાવતાં ઉમેર્યું હતું કે જો ફુગાવાલક્ષી દબાણ ઓછું થશે તો વર્ષનાં પાછોતરા હિસ્સામાં રેટ કટની શક્યતા નકારી ન શકાય. તેમ જ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવેલે પણ ગત શુક્રવારે જણાવ્યું હતું કે હાલમાં અમેરિકી અર્થતંત્ર સારી ગતિએ વૃદ્ધિ પામી રહ્યું હોવાથી આગામી બેઠકમાં સાવચેતીનો અભિગમ અપનાવવામાં આવશે. ગત સપ્તાહના અંતે જાહેર થયેલા અમેરિકાના ફેબ્રુઆરી મહિનાના રોજગારીના ડેટામાં રોજગારીમાં વૃદ્ધિ ધારણા કરતાં ઓછી જોવા મળી હોવાથી અમેરિકામાં આર્થિક વૃદ્ધિ દબાણ હેઠળ રહે તેવી શક્યતા પ્રબળ હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ, ટેરિફ અંગેની અનિશ્ચિતતા તથા રાજકીય-ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં લેતા અમારા મતે આગામી સપ્તાહે સોનાના વૈશ્વિક ભાવ માટે ઔંસદીઠ ૨૮૯૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને ૨૯૪૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૨,૪૦૦થી ૮૬,૮૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન ગત સપ્તાહના અંતે શુક્રવારે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનામાં નફારૂપી વેચવાલીના દબાણ વચ્ચે હાજરમાં ભાવ આગલા બંધ સામે સાધારણ ૦.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૨૯૦૬.૦૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

જોકે, ટ્રમ્પની ટેરિફની અનિશ્ચિતતા અને ગત ફેબ્રુઆરી મહિનામાં અપેક્ષિત ૧,૬૦,૦૦૦ રોજગાર વૃદ્ધિ સામે ૧,૫૧,૦૦૦નો વધારો થયો હોવાથી સોનામાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો, જ્યારે વાયદામાં ભાવ ૦.૪ ટકા ઘટીને ૨૯૧૪.૧૦ ડૉલરના મથાળે રહ્યા હતા.

# ખાંડમાં વધ્યા મથાળેથી સાધારણ પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડમાં અનુક્રમે ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો અને નીચલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર ગત છઠ્ઠી માર્ચનાં રોજ મહારાષ્ટ્રની ૧૨૦ ખાંડ મિલોનું પિલાણ બંધ થઈ ગયું હતું. વધુમાં આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને સપ્તાહના અંતને કારણે રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ ખપપૂરતી માગ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૮૨થી ૪૦૧૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૦૩૬થી ૪૧૦૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૧૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૨૦થી ૪૦૦૦માં થયા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# વ્યવસાયમાં અચાનક પલટો

ઓપિનિયન

સી. એ. પ્રકાશ દેસાઈ

ભારતમાં અને મહદઅંશે એશિયન કન્ટ્રીઝમાં એ ટ્રેડિશન છે કે દરેક પિતા હંમેશાં એવું ઇચ્છે કે તેનો દીકરો કે દીકરીઓ તેનો વ્યવસાય કે ધંધો સંભાળે. વેપારીનો દીકરો દુકાને બેસે, ડોક્ટરનો દીકરો ડોકટર થઇ તેની પ્રેક્ટિસ સંભાળે, ઉદ્યોગપતિનો દીકરો તેનો ઉદ્યોગ સંભાળે કે કારીગરનો દીકરો કારીગર બને અને મોટા ભાગના કેસીસમાં વર્ષોથી આમ જ બનતું આવ્યું છે. પણ ક્યારેક એવું પણ બને છે કે નવી પેઢી પિતાના વ્યવસાય કરતાં અલગ લાઇનમાં તેની કેરીયર બનાવતા હોય અને તેમાં પીક ઉપર હોય ત્યારે તેના ફેમિલીમાં કંઇક એવો બનાવ બને કે તેણે તેના પિતાનો વ્યવસાય સંભાળવો પડે અને ત્યારે જ શરૂ થાય છે તેની કસોટી! આવું જ કંઇક બનેલું સાઉથ કોરિયાના ગાયનેકોલોજિસ્ટ સાથે.

**શીન ચેંગ જેઃ**

સાઉથ કોરિયન શીન ચેંગ નામનો પુરુષ તેની ગાયનેક કારકિર્દીમાં ટોપ ઉપર હતો ત્યારે ૨૦ની સદીના છેલ્લા દશકામાં ૧૯૯૩માં તેને એક દિવસ તેને ખબર પડી કે તેના પિતા શીન યંગને કેન્સરની બીમારી છે અને તેથી તે તેની ક્યોબો લાઇફ ઇન્સ્યોરન્સ કંપનીનું મેનેજમેન્ટ સંભાળી શકે તેમ નથી. શીન ચેંગ તેના પિતાનો જયેષ્ઠ પુત્ર હોઇ અચાનક પિતાનો ઇન્સ્યોરન્સ બિઝનેસ સંભાળવાની જવાબદારી તેના માથે આવી ગઇ. શીન તેની ગાયનેકની કેરિયરમાં એટલો રચ્યો પચ્યો હતો કે તેના પિતાના લાઇફ ઇન્સ્યોરન્સના ધંધામાં જરા પણ રૂચી નહોતી અને તેને લાઇફ ઇન્સ્યોરન્સનો કક્કો પણ જાણતો ન હતો.

**સાઉથ કોરિયન બિઝનેસ સિસ્ટમઃ**

સાઉથ કોરિયામાં હજુ પણ ફેમિલી રન બિઝનેસ છે જેમાં ધંધાની કોઇ પણ સાઇઝ હોય પણ તેના ઉતરાધિકારી જનરલી ફેમિલી મેમ્બર જ હોય છે, પછી ભલે તે સેમસંગ જેવી જાયન્ટ કંપની હોય કે મોમ એન્ડ પોપ સ્ટોર. આવી પરંપરાગત સિસ્ટમમાં શીન ચેંગ એક અપવાદ હતા અને પિતાનો ઇન્સ્યોરન્સ બિઝનેસમાં તૈયાર ગાદીએ બેસવાના બદલે તેણે ગાયનેક થવાનું પસંદ કરેલું હતું.

અચાનક પિતા ઇન્સ્યોરન્સ કંપની ચલાવવાની આવેલી જવાબદારીથી શીન ચેંગ અપસેટ હતા કારણ કે સાઉથ કોરિયન પ્રજા લાઇફ ઇન્સ્યોરન્સમાં બહુ કોન્સિયસ છે તેથી લગભગ ૮૦ ટકા પ્રજા લાઇફ ઇન્સ્યોરન્સથી કવર્ડ હોય છે. સાઉથ કોરિયામાં જીવન વિમા ક્ષેત્રે બિઝનેસમાં ગળાકાપ હરીફાઇ છે. આવા વાતાવરણમાં શીને બિઝનેસ મેળવવો બહુ મુશ્કેલ હતો. કારણ કે જે લોકો જીવન વિમાથી કવર્ડ છે તેમને જ નવી પૉલિસી વેચીને બિઝનેસ મળવવો પડે તેવી સિચ્યુએશન હતી.

શીનને વિમાની પૉલિસી કેમ વેંચવી તેનું ઝીરો જ્ઞાન હતું અને અધૂરામાં પૂરું ત્યારે જ ૧૯૯૭માં એશિયન ફાઇનાન્શિયલ ક્રાયસીસ ચાલતી હોઇ શીન માટે સમસ્યા હતી કે ધંધો કેમ ચલાવવો?

જયારે માથે પડે ત્યારે કાંતો માણસ ભાંગી પડે છે અથવા તે અદ્ભુત સફળતા મેળવે છે. સંસારમાં એવા કેટલાય કિસ્સાઓ જોવા મળે છે કે પિતાનાં મૃત્યુબાદ અચાનક ઘર સંભાળતી પત્નીએ તેના સંતાનોને મોટા કરવા પતિને ધંધો કે વ્યવસાય સંભાળવો પડે કે એક પિતાએ તેના યુવાન પુત્રના અચાનક મૃત્યુના કારણે મોટી ઉંમરે તેનો ધંધો સંભાળવો પડે. આ બધા કસોટી કાળ હોય છે એમાં જ મેન્ટલી સ્ટ્રોંગ હોય તે સર્વાઇવ થઇ શકે છે પણ શીનના કેસમાં ધંધા સાથે ૫૦૦ સ્ટાફ મેમ્બર્સ અને હજારો પૉલિસીધારકોના ફેમિલીની જિંદગી જોડાયેલી હોઇ જવાબદારી બહુ મોટી હતી.

શીને જયારે ધંધો સંભાળ્યો ત્યારે ક્યોબો લાઇફ ઇન્સ્યોરન્સ કંપની બહુ મોટી હતી. ૫૦૦થી વધારે સ્ટાફ હતો. શીનને ખબર હતી કે કંપની ફાઇનાન્શિયલ કન્ડિશન બહુ સધ્ધર નથી પણ કંપનીની સાઇઝ એટલી મોટી હતી કે એ વાત સ્વીકારવા તૈયાર ન હતા કે કંપની બંધ પણ થઇ શકે છે.

**મેનેજમેન્ટ સ્ટાઇલ :**

સાઉથ કોરિયામાં હજુ પણ મોટા ભાગના બિઝનેસ એકમોમાં જૂના જમાનાની મેનેજમેન્ટ સ્ટાઇલ છે. જેમાં મીટિંગમાં ચૅરમૅન કે સીઇઓ કંપનીના પ્લાનની જાણ કરે છે અને સ્ટાફ કે મેનેજમેન્ટના સભ્યોએ મીટિંગમાં તેની નોંધ લેવાની અને તે પ્રમાણે કામ કરવાનું. સ્ટાફને તેમાં સૂઝાવ આપવાની છૂટ નથી હોતી. શીને આનાથી ઊલટું જ કર્યું. તેણે તેના સ્ટાફને જણાવ્યું કે જો કોઇ સ્ટાફ મેનેજમેન્ટની મીટિંગમાં ચૂપ રહેશે અને કોઇ નવા સૂઝાવ નહીં આપવાના હોય તો તેણે આ મીટિંગમાં આવવું નહીં. તેથી તેણે ધંધાના વિકાસ માટે નવા આઇડીયાઝ મેળવ્યા અને સ્ટાફમાં બિઝનેસ માટે જાગૃતતા લાવી. આ સુઝાવોમાં એવી ખબર પડી કે જીવન વિમા વેંચવા માટે લોકોનું માનસ અને હૃદય ઝંઝેડવાની જરૂર છે.

શીને નક્કી કર્યું કે સફળતા માટે ચીલાચાલુ આઇડીયાઝ નહી પણ આઉટ ઓફ બોકસ થીકિંગની જરૂર છે અને તેના માટે ૨૦૦૦ની સાલમાં તેણે એક મીડિયા કંપની સાથે સમજૂતી કરી. ૨૦૦૦ની સાલમાં એક દિવસ શીન એક સભાગૃહમાં તેના ૫૦૦ સ્ટાફ મેમ્બર્સને કંપનીના પ્લાન્સ અને ફાઇનાન્શિયલ કન્ડિશનથી વાકેફ કરતો હતો ત્યાં જ અચાનક લાઇવ ટીવી ઉપર બ્રેકિંગ ન્યૂઝ આવ્યા કે ક્યોબો લાઇફ ઇન્સ્યોરન્સ કંપનીએ દેવાળું ફૂંક્યું છે. આ સમાચાર સાંભળતા જ ૫૦૦ સ્ટાફ મેમ્બર્સ સ્તબ્ધ થઇ ગયા. કેટલાંક શોકમાં ડૂબી ગયા, મહિલા સ્ટાફ રડવા લાગી અને બધાને આવતીકાલે કમાઇ ક્યાંથી આવશે. તેની ચિંતા સતાવવા લાગી આ બધુ થોડીવાર ચાલ્યું ત્યારે શીને જણાવ્યું આ સમાચાર સત્ય નથી. આ પ્રયાસ માત્ર તેઓના આત્માને જગાડવા માટે હતો કે લાઇફમાં અચાનક પલટો પણ આવી શકે છે તો તેના માટે આપણે તૈયાર છીએ કે નહીં? જો ઇન્સ્યોરન્સ કંપનીનો સ્ટાફ તેના માટે સજ્જ હોય તો જ તે બીજાને તેની સલાહ આપી શકે.

ઉપર જણાવેલા પ્રયોગ કર્યા બાદ શીને એક નવો પ્રયોગ કર્યો. તેણે તેના મેનેજમેન્ટના ૨૦ સભ્યો સાથે તેની મોક ફ્યુનરલ મતલબ ખોટી અંતિમવિધિ રચી જેમાં શીન સહિત ૨૦ ટોપ મેનેજમેન્ટના સભ્યો ફ્યુનરલના કપડામાં કોફિનમાં સૂતા, કોફિનનું કવર ખીલા ઠોકીને બંધ કર્યું અને તેને કબરમાં ઉતારીને તેના ઉપર માટી ઢાળવા સહિતની વિધી કરી ત્યારે તેઓને કહેવામાં આવ્યું કે કોફિનમાં હતા ત્યારે તેઓના મગજમાં કેવા વિચારો આવતા હતા.

તો જાણવા મળ્યું કે તેઓને તેના કુટુંબીજનોની ફિક્ર હતી કે તેઓનું જીવન કેમ ચાલશે. તેઓના સફળ જીવન માટે વીમાની સફીશીયન્ટ રકમ તેઓ પાછળ મૂકતા ગયા છે કે કેમ? જીવન વીમો શા માટે પૂરતી રકમનો ના ઉતાર્યા તેવા વિચારો આવતા હતા. આમ વીમા એજન્ટો અને પ્રજાના મનમાં વીમાની અગત્યતા સમજાવી અને આવા નીતનવા વિચારો અને આઇડીયા સાથે શીને તેના પિતાના ધંધાનો વિસ્તાર કર્યો. ૧૯૫૮ સ્થિત ક્યોબો લાઇફ ઇન્સ્યોરન્સ કંપની કે જેની બાગડોર શીને ૧૯૯૩માં સંભાળેલી હતી તે આજે સાઉથ કોરિયામાં ત્રીજા નંબરની સૌથી હાઇએસ્ટ ક્રેડિટ રેટિંગ ધરાવતી લાઇફ ઇન્સ્યોરન્સ કંપની છે, તેટલું જ નહીં ૨.૩ બિલિયન યુ.એસ. ડૉલર્સની નેટ વર્થ સાથે શીન ચેંગ સાઉથ કોરિયાના રિચેસ્ટ મેન છે.

શીન ચેંગની અદ્ભુત સફળતા એ એક વાત સાબીત કરી છે કે જિંદગીમાં અચાનક આવી પડેલી આફતોથી ચેલેન્જથી ડરવાના બદલે સર્વાઇવલ માટે આઉટ ઓફ બોકસ થીંકિગ જ એક સોલ્યુશન છે તેથી આ મુશ્કેલીઓને તકમાં ફેરવીને તેનો હિંમતથી સામનો કરવો જરૂરી છે અને હા તેના માટે કોઇ પ્રાયર નોલેજ જરૂરી નથી કારણકે ‘‘એડર્વસિટી ઇઝ મધર ઑફ ઇન્વેન્શન.’’

# કૉઑપરેટિવ ખાંડ મિલોના ઉત્પાદનમાં વધારો થાય તે માટે સરકારે સુધારિત ઈથેનોલ સ્કીમ જાહેર કરી

નવી દિલ્હીઃ કૉઑપરેટિવ ખાંડ મિલોને તેમના શેરડી આધારિત ઈથેનોલ પ્લાન્ટને મલ્ટિ-ફીડ સ્ટોક (બહુ-પશુઆહાર) સુવિધાઓમાં રૂપાંતરિત કરવામાં મદદરૂપ થવા માટે એક યોજના ઘડી છે. જેનાથી ડેમેજ થયેલા અનાજ અને મકાઈનો ઉપયોગ કરીને આખું વર્ષ એકમ કાર્યરત રાખીને ઈથેનોલનું ઉત્પાદન વધારી શકશે, એમ કેન્દ્રીય અનાજ મંત્રાલયે ગત શુક્રવારે જણાવ્યું હતું.

આ સુવિધાની જાહેરાત મોડિફાઈડ ઈથેનોલ ઈન્ટરેસ્ટ સબ્વેન્શનલ સ્કીમ હેઠળ કરવામાં આવી છે. આ સ્કીમ અંતર્ગત એક વર્ષનાં મોરેટોરિયમ સમયગાળા સહિત પાંચ વર્ષ માટે વર્ષે વ્યાજ સબસિડી છ ટકા અથવા તો બૅન્કનાં વ્યાજદરના ૫૦ ટકા સબસિડી પૈકી જે ઓછી હોય તે આપવામાં આવે છે,

આ રૂપાંતરણ સાથે કૉઑપરેટિવ ખાંડ મિલો શેરડીની પિલાણ મોસમના ચારથી પાંચ મહિના બાદ પણ કાર્યરત રહેશે, એમ અનાજ મંત્રાલયે એક યાદીમાં જણાવતા ઉમેર્યું હતું કે આ સ્કીમ પાછળ સરકારનો મુખ્ય ઉદ્દેશ વર્ષ ૨૦૨૫ સુધીમાં પેટ્રોલમાં ઈથેનોલની ૨૦ ટકા ભેળવણીના પ્રોગ્રામનો લક્ષ્યાંક હાંસલ કરવાનો છે. વધુમાં મંત્રાલયે જણાવ્યું હતું કે આ સ્કીમને કારણે કૉઑપરેટિવ ખાંડ મિલોની બિન અસરકારકતા દૂર થવાની સાથે જ્યારે પિલાણ માટે શેરડી ઉપલબ્ધ નહીં હોય ત્યારે તેઓ ફીડસ્ટોકનું પ્રોસેસ કરશે અને ઈથેનોલનું ઉત્પાદન થતાં મિલોની નાણાકીય સ્થિરતામાં પણ વધારો થશે. સામાન્યપણે વર્ષ દરમિયાન શેરડીની પિલાણ મોસમ ચારથી પાંચ મહિના જેટલી જ હોવાથી ખાંડ મિલો માત્ર થોડા સમયગાળા માટે જ કાર્યરત રહેતી હોય છે. આથી એકંદરે મિલોની કાર્યક્ષમતા અને ઉત્પાદકતા ઓછી રહેતી હોય છે.

આમ નવી સુધારિત સ્કીમ હેઠળ કૉઑપરેટિવ ખાંડ મિલો તેના હાલના ઈથેનોલના એકમો મલ્ટિ-ફીડ સ્ટોક આધારિત એકમોમાં રૂપાંતરિત કરવામાં આવે તો તેઓ મકાઈ અને બગડેલા ખાદ્યાન્નમાંથી ઈથેનોલનું ઉત્પાદન કરી શકશે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે સરકારે દેશમાં ફોસિલ ફ્યુઅલની આયાત ઘટે અને એનર્જીમાં આત્મનિર્ભરતામાં વધારો થાય તે માટે ગત જુલાઈ, ૨૦૧૮થી વિવિધ ઈથેનોલ ઈન્ટરેસ્ટ સબ્વેન્શન સ્કીમો અમલી બનાવી છે.

# વિદેશી હૂંડિયામણની અનામત ૧.૭૮ અબજ ડૉલર ઘટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત ૨૮મી ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૧.૭૮૧ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૩૮.૬૯૮ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૪.૭૫૮ અબજ ડૉલર વધીને ૬૪૦.૪૭૯ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

અગાઉ સપ્ટેમ્બર, ૨૦૨૪ના અંતે દેશની વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચી હતી. જોકે, ત્યાર બાદ વૈશ્વિક વિનમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા હાજર બજારમાં સતત હસ્તક્ષેપ થઈ રહ્યો હોવાથી અનામતમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૪૯.૩૦ કરોડ ડૉલર ઘટીને ૫૪૩.૩૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. જોકે, વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર સિવાયના મુખ્ય ચલણો જેમ કે યુરો, પાઉન્ડ, યેન વગેરે સામે થયેલી રૂપિયામાં વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૧.૩૦૪ અબજ ડૉલર ઘટીને ૭૩.૨૭૨ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૧.૨ કરોડ ડૉલર ઘટીને ૪.૦૭૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી, જ્યારે એકમાત્ર ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૨.૭ કરોડ ડૉલર વધીને ૧૭.૯૯૮ અબજ ડૉલરની સપાટીએ રહ્યા હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું.

# કોપરમાં વધ્યા મથાળેથી નરમાઈ, ટીન-નિકલમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ટેરિફની ચિંતા હેઠળ ગઈકાલે વિશ્વ બજારમાં કોપરના ભાવ બે સપ્તાહની ઊંચી સપાટીએથી પાછા ફર્યાના અહેવાલો સાથે આજે સપ્તાહના અંતે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં કોપરનાં ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ચારનો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૮ અને રૂ. આઠની આગેકૂચ જોવા મળી હતી. તેમ જ એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો સુધારો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનનાં ગઈકાલે જાહેર થયેલા આર્થિક આંકડાઓમાં ગત જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં આયાત-નિકાસમાં બજારની અપેક્ષા કરતાં વધુ ઘટાડો જોવા મળ્યો હોવાના નિર્દેશ ઉપરાંત અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે એમેરિકામાં કોપરની આયાત પર ૨૫ ટકા ટેરિફ તો છે જ તેમ જ કોપરની આયાત રાષ્ટ્રીય સલામતીને જોખમમાં મૂકી શકે તેમ છે કે નહીં તે અંગે તપાસ કરવાના દસ્તાવેજ પર તાજેતરમાં સહી કરી હોવાનું તેમણે જણાવ્યું હતું. આમ તેમના આ નિર્ણયને પગલે ગઈકાલે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ બે સપ્તાહની ઊંચી સપાટીએથી પાછા ફરીને આગલા બંધ સામે ૦.૭ ટકા ઘટીને ટનદીઠ ૯૬૩૯.૨૫ ડૉલર આસપાસ રહ્યા હતા.


**પશ્ચિમ રેલવે**

**ગતિ શક્તિ મલ્ટી-મોડલનું વિકાસ**

ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિઅલ), મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનલ પશ્ચિમ રેલવે DRM ઓફિસ, ગ્રાઉન્ડ ફ્લોર મુંબઈ સેન્ટ્રલ-૪૦૦૦૦૮ ઈ-ટેન્ડર નં.: WR-MMCT0COMM (CGGC)/૩/૨૦૨૩/૫૫૪૪૪૭ મંગાવે છે. કામનું નામઃ રેલવે જમીન પર ભીલાડ એન્ટીરેલી ખાતે GCT પોલીસી હેઠળ ગતિ શક્તિ મલ્ટી-મોડલ કાર્ગો ટર્મિનલ (GCT)નું વિકાસ. બાના રકમ ડિપોઝિટઃ ₹ ૩,૪૦,૫૯,૮૦૦/- ઈ-ટેન્ડરની સુપ્રતિ અને બંધ થવાની તારીખ અને સમયઃ ૩૧.૦૩.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ ૩૧.૦૩.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 1163

અમને લાઈક કરો : facebook.com/WesternRly

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**સુધારો**

**વિષય : ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ બીઆરસી 133 વર્ષ 2024-25 માં સુધારો**

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ-બીઆરસી-133-વર્ષ-2024-25 માટે સુધારા નોટીસ આપવામાં આવે છે. સમાન પ્રકારનું કામ **“કોઈપણ સિવિલ એન્જિનિયરીંગ કામ”** તરીકે પ્રકાશિત થયું હતું પરંતુ હવે તેને **“રનીંગ લાઈન હેઠળ કોઈપણ ટ્રેક કામ”** તરીકે વાંચવાનું રહેશે. અન્ય તમામ નિયમો અને શરતો સમાન રહેશે. BRC-324

અમને ફોલો કરોઃ x.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**વિવિધ એન્જિનીયરીંગ કામ**

**ઈ-ટેન્ડર નોટીસ નં. 34, વર્ષ 2024-25. તા. 07.03.2025**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | NITની અંદાજીત પડતર (₹) | ઈએમડી પડતર (₹) |
|---|---|---|---|---|
| 01 | ડીઆરએમ-એડીઆઈ-229-2024-25 | ગાંધીધામ મેગા ડેપો - ગાંધીધામ મેગા ડેપો ખાતે 170000 ક્યુમ સ્ટોન બલાસ્ટની આપૂર્તિ અને હોપર્સમાં લોડિંગ કરવાનું કામ. | 9,86,42,146.40 | 6,43,200.00 |
| 02 | ડીઆરએમ-એડીઆઈ-230-2024-25 | અમદાવાદ સ્ટેશન વિસ્તાર- અમદાવાદ સ્ટેશન વિસ્તાર ખાતે સ્ટેશન વિસ્તાર માટે (16.0 મહિનાઓ માટે) અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ અને મેઈન હોલ્સનું સમારકામ અને સફાઈ કરવાનું કામ. (સંતુલન કામ) (પુનઃઆમંત્રિત) | 11,02,687.66 | 22,100.00 |
| 03 | ડીઆરએમ-એડીઆઈ-231-2024-25 | ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર) - અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ મહેસાણા ખાતે કોમ્યુનિટી હોલનું બાંધકામ અને અન્ય સહાયક કામ. (સંયોજિત ટેન્ડર) | 2,29,95,463.69 | 2,65,000.00 |

**ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમયઃ તા.01-04-2025 ના 15:00 કલાકે. ઓફિસનું સરનામુંઃ** સિનીયર ડિવિઝનલ એન્જિનીયર (સંકલન)-અમદાવાદ, DRM ઓફીસ, ચામુંડા બ્રિજ પાસે, ન્યુ સ્વદેશી મીલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345. **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટઃ** www.ireps.gov.in ADI-343

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

પેસ્ટ કંટ્રોલ ઓફિસરની ઓફિસ, રૂમ નં. ૩૦૪, ૩જા માળે, એન વોર્ડ MCGM ઓફિસ, જવાહર રોડ, ઘાટકોપર (પૂ.), મુંબઈ-૪૦૦૦૭૭, ફોન નંબર ૦૨૨-૨૫૦૧૦૧૬૧ એક્ષ્ટે. ૩૧૪, ઈમેલઃ pco.n@mcgm.gov.in

નંબરઃ PCO/N/૧૫૧૬/SR તારીખઃ ૦૭.૦૩.૨૫

**નોટીસ**

૭ મહિના એટલે કે ૧૭૨ દિવસો માટે N વોર્ડમાં એન્ટિલાર્વલ ટ્રીટમેન્ટ ફોગિંગ, ફલાય કંટ્રોલ અને ઉંદર નિયંત્રણ વગેરે જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે ૪૧ નં. સ્વયંસેવકોની જોગવાઈ માટે નોંધાયેલ સહકારી/બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

રસ ધરાવતી સંસ્થાઓએ M.C.G.M. પોર્ટલ http://portal.mcgm.gov.in ઉપરથી અરજીઓ ડાઉનલોડ કરવી અથવા પેસ્ટ કંટ્રોલ ઓફિસરની ઓફિસ પર સંપર્ક કરો. (પેસ્ટ કંટ્રોલ ઓફિસરની ઓફિસ, રૂમ નં. ૩૦૪, ૩જા માળે, N વોર્ડ MCGM ઓફિસ, જવાહરલાલ રોડ, ઘાટકોપર (પૂ), મુંબઈ-૪૦૦૦૭૭. ટેલિફોન નં. (ઓફિસ) ફોન નંબર ૦૨૨-૨૫૦૧૦૧૬૧. એક્ષ્ટે. ૩૧૪).

કામકાજના દિવસોમાં પેસ્ટ કંટ્રોલ ઓફિસ N વોર્ડની ઓફિસ ખાતે અરજીઓ સુપ્રત કરવાની છેલ્લી તારીખ ૧૭.૦૩.૨૫ સાંજે ૪.૦૦ ક. પહેલાંની રહેશે.

સહી/-
આસીસ્ટન્ટ કમિશનર
N વોર્ડ

PRO/2744/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

# સેવાનું નવીન સરનામું

**એક જ છત નીચે કેટરેક્ટ, ગ્લુકોમા, લેસિક, રેટિના, કોર્નિયા, સ્કિવન્ટ, ઓક્યુલોપ્લાસ્ટી જેવી દૃષ્ટિ સંબંધિત તમામ ક્ષતિઓનું સમાધાન સાધનાર BCEIRC (બોમ્બે સિટી આઇ ઇન્સ્ટિટ્યૂટ એન્ડ રિસર્ચ સેંટર)એ હાલમાં સ્થળાંતર કર્યું છે. સરનામું ફક્ત બદલાયું છે અન્યથા સેવા, સારવાર, ઉદ્દેશ અને લક્ષ્યાંક યથાસ્વરૂપ છે, કદાચિત વધારે લોકોપયોગી બન્યાં છે કહેવું ઉચિત છે**

લેખકઃ પ્રકાશ શાહ



બીસીઇઆઇઆરસીની તબીબી ટીમ



પરિવારના સભ્ય સમાન પેશન્ટની સારવાર કરવાનો મુદ્રાલેખ ધરાવનાર બોમ્બે સિટી આઇ ઇન્સ્ટિટયૂટ એન્ડ રિસર્ચ સેંટર (BCEIRC-બીસીઇઆઇઆરસી)એ તાજેતરમાં નવીન સરનામે સ્થળાંતર કર્યું છે. અગાઉ બાબુલનાથ મંદિરની સામે દૃષ્ટિ સંબંધિત ક્ષતિઓનું સમાધાન સાધનાર બીસીઇઆઇઆરસી હાલમાં ચર્નીરોડ સ્ટેશનની નજીક મરીનડ્રાઇવ પર આવેલી કે. જી. મિત્તલ હૉસ્પિટલમાં શિફ્ટ થઇ છે. બીસીઇઆઇઆરસીના ચીફ સર્જન ડૉ. સૌમિલ કોઠારીના જણાવ્યા મુજબ અગાઉના ત્રણ ઓપરેશન થિયેટરની સરખામણીમાં સ્થળાંતર થયેલી બીસીઇઆઇઆરસીમાં હાલમાં પાંચ ઓપરેશન થિયેટરની સુવિધા છે. વધુમાં દૃષ્ટિ સંબંધિત ક્ષતિઓની સારવાર માટે નવીન સ્થળે શિફટ થયેલી આશરે પંદર હજાર સ્કવેર ફૂટમાં ફેલાયેલી બીસીઇઆઇઆરસી મુંબઇની કદાચિત સૌથી મોટી આઇ-હૉસ્પિટલ છે. બીસીઇઆઇઆરસી ખાતે એક જ છત નીચે કેટરેક્ટ, લેસિક, ગ્લુકોમા, રેટિના, કોર્નિયા, સ્કિવન્ટ, ઓક્યુલોપ્લાસ્ટી જેવી દૃષ્ટિ સંબંધિત તમામ ક્ષતિનું ખૂબ નજીવા દરે અત્યાધુનિક મશીન અને કાબેલ-અનુભવી તબીબ દ્વારા સમાધાન સાધવામાં આવે છે. આ અંતર્ગત કેટરેક્ટનું સમાધાન સાધવા માટે તથા ચશ્માંનાં નંબર દૂર કરવા માટે લેન્સેક્સ ફેમટોસેકંડ લેસર છે. આ ઉપરાંત વેવલાઇટ EX-૫૦૦ તથા રેટિના સર્જરી માટે કોન્સ્ટેલેસન વિઝન સિસ્ટમની સુવિધા છે. કેટરેક્ટ કાઢવા માટે સેન્ચુરિયમ વિઝન સિસ્ટમ, કેટરેક્ટ પ્રોસિજર માટે વેરિયોન ઇમેજ ગાઇડેડ સિસ્ટમ, કોર્નિયાના ઇવેલ્યુએશન માટે વેવલાઇટ ઓક્યુલાઇઝર ડાયેગ્નોસ્ટિક ડિવાઇસ જેવા અત્યાધુનિક ઉપકરણ છે. ટોપોલાઇઝર, લેન્સના મેઝરમેન્ટ માટે લેનસ્ટાર LS-૯૦૦ ઓપ્ટિકલ બાયોમીટર જેવા અનેક મશીન ઉપલબ્ધ છે. છાને પગલે અંધાપો નોતરતી ગ્લુકોમાનું સમાધાન સાધવા માટે ગ્લુકોમા લેસર સિસ્ટમ મશીન વસાવવામાં આવ્યું છે. ટૂંકમાં, દૃષ્ટિ સંબંધિત તમામ પ્રકારની ક્ષતિઓનું અદ્યતન ટેક્નોલોજી તથા કાબેલ, નિપુણ અને અનુભવી તબીબ દ્વારા એક જ છત નીચે સમાધાન સાધવામાં આવે છે. આ કારણસર નેત્ર સંબંધિત ક્ષતિ ધરાવનાર નવજાત શિશુથી લઇને પ્રૌઢ વયના લોકો સમસ્યાનું સમાધાન સાધવા માટે દૂર-દૂરથી બીસીઇઆઇઆરસી ખાતે આવે છે.

બીસીઇઆઇઆરસી ખાતે હાલપર્યંત ભારતના વિવિધ રાજ્ય ઉપરાંત અફઘાનિસ્તાન, આફ્રિકા, આર્જેન્ટિના, બંગલાદેશ, બહેરિન, ભુતાન, કેનેડા, ચીન, કોલંબિયા, ડેનમાર્ક, દુબઇ, ઇજિપ્ત, ઇંગ્લેન્ડ, જ્યોર્જિયા, જર્મની, હંગેરી, ઇરાન, ઇરાક, ઇટલી, કેન્યા, કોરિયા, માલદિવ્ઝ, મલેશિયા, નેપાળ, નાઇજેરિયા, પાકિસ્તાન, કતાર, રોમાનિયા, રશિયા, સિંગાપોર, સ્વિટ્ઝરલેન્ડ, તાઇવાન, તાન્ઝાનિયા, યુએસએ, ઝિમ્બાબ્વે સહિત ૬૫ જેટલા દેશના દોઢ લાખથી વધારે લોકોની દૃષ્ટિ સંબંધિત ક્ષતિનું સમાધાન સાધવામાં આવ્યું છે.

દૃષ્ટિ સંબંધિત કોઇ પણ પ્રકારની ક્ષતિ ધરાવનાર વ્યક્તિ નાઇલાજ પાછો ન ફરે એવી નેકભાવના સાથે કામ કરનાર બીસીઇઆઇઆરસીના ફાઉન્ડર-ચેરમેન ડૉ, કુલીન કોઠારી તથા ચીફ સર્જન ડૉ. સૌમિલ કોઠારી અને કોર્નિયા વિભાગની હેડ ડૉ. સોનિયા કોઠારી સંયુક્તપણે સેવા પરમો ધર્મના સૂત્રને આત્મસાત્ કરીને યથાર્થમાં અનુસરે છે. અંતમાં સર્વાનુમતે એક બાબત ભારપૂર્વક ટંકે છેઃ

**ગુડવિલ + ખ્યાતિ > કરોડો રૂપિયા**

Know yr Dr.



ડૉ. કુલીન કોઠારી

**માનદ પદવીઃ**
- બીસીઈઆઈઆરસીના ફાઉન્ડર તથા ચેરમેન
- વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના મેનેજિંગ ટ્રસ્ટી
- યંગ અચીવર ઓફ ધ યર એવોર્ડ
- મેડિસિનના ક્ષેત્રમાં યોગદાન બદલ જાયન્ટસ ઈન્ટરનેશનલ એવોર્ડ
- રાષ્ટ્રીય રત્ન એવોર્ડ વગેરેથી નવાજેશ



ડૉ. સૌમિલ કોઠારી

**માનદ પદવીઃ**
- બીસીઈઆઈઆરસીના ચીફ સર્જન
- વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના ટ્રસ્ટી
- પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ, ફેલોઝ તથા ઓપ્ટોમેટ્રી ઈન્ટર્સને શૈક્ષણિક માર્ગદર્શન આપે છે
- અનેક કોન્ફરન્સમાં હાજરી પુરાવવા ઉપરાંત માર્ગદર્શક લેકચર પ્રદાન કરે છે



ડૉ. સોનિયા કોઠારી

**માનદ પદવીઃ**
- બીસીઈઆઈઆરસીના કોર્નિયા વિભાગની હેડ
- રાષ્ટ્રીય સ્તરની અનેક ઓફથેલ્મિક ક્વિઝની વિજેતા
- રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય તથા સ્થાનિક ઓફથેલ્મિક એસોસિયેશન સાથે સંકળાયેલી છે

**ગોલ્ડન ટિપઃ**

**કોઈ પણ પ્રકારના ટીપાં કે દવાથી કેટરેક્ટ [મોતિબિંદુ] ઓગળતો નથી, તેને ફક્ત સર્જરી દ્વારા દૂર કરી શકાય છે**

**બોમ્બે સિટી આઇ ઈન્સ્ટિટયૂટ એન્ડ રિસર્ચ સેંટર (BCEIRC)**

કે. જી. મિત્તલ હૉસ્પિટલ, સાતમે માળે, મરીન ડ્રાઇવ, મુંબઇઃ ૪૦૦ ૦૦૨
દૃષ્ટિ સંબંધિત તમામ પ્રકારની ક્ષતિઓનું સોમવારથી શનિવાર દરમિયાન સવારના નવથી સાંજના સાત સુધી સમાધાન સાધવામાં આવે છે
પેશન્ટે આગોતરી એપોઇન્ટમેન્ટ લેવી હિતાવહ છે

કોન્ટેક્ટ નંબરઃ | 022-35384949 / 022-35384900, 9167499335 / 9167499340
Email | contact@bombaycityeye.com
વેબસાઇટઃ | www.bombaycityeye.com

# છાકટા થઈ અશ્લીલ ચેનચાળા બિનજામીનપાત્ર અપરાધ બનશે?

પુણેમાં આ શું થવા બેઠું છે...

(અમારા પ્રતિનિધિ તરફથી)


મુંબઈઃ પુણેમાં એક ઉદ્યોગપતિના પુત્ર ગૌરવ આહુજાનો દારૂ પીધેલી હાલતમાં રસ્તા પર પેશાબ કરતો વીડિયો વાયરલ થયો હતો. આના અનુસંધાને ભાજપના વિધાનસભ્યોએ વિધાનસભામાં એક બિન-સરકારી બિલ રજૂ કર્યું જેમાં મહારાષ્ટ્ર દારૂબંધી કાયદામાં સુધારો કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો, જેથી એવા બાળકો કે જેઓ પોતાના પિતાની કમાણી પર નશો કરીને આવા કૃત્યો કરે છે તેમને પાઠ ભણાવી શકાય. જો આ બિન-સરકારી બિલ પસાર થઈ જાય, તો જાહેર સ્થળે નશામાં હોવાનું માલૂમ પડશે તો તેને બિન-જામીનપાત્ર ગુનો ગણવામાં આવશે. ભાજપના વિધાનસભ્યો સુધીર મુનગંટીવાર અને અતુલ ભાતખળકરે શુક્રવારે સાંજે વિધાનસભામાં એક બિલ રજૂ કર્યું, જેમાં 'મહારાષ્ટ્ર દારૂબંધી અધિનિયમ, ૧૯૪૯' માં સુધારાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

## સજામાં વધારો

આ બિલ મહારાષ્ટ્ર પ્રોહિબિશન એક્ટ, ૧૯૪૯ની કલમ ૮૫ની પેટા કલમ એક અને બેમાં સુધારો કરવાનો પ્રસ્તાવ રાખે છે. 'હોટેલ, બાર વગેરે જેવા લાયસન્સ પ્રાપ્ત સ્થળો સિવાયના કોઈપણ જાહેર સ્થળે, જ્યાં બેઠા બેઠા દારૂ પીવાની પરવાનગી ન હોય, ત્યાં કોઈપણ વ્યક્તિ દારૂના નશામાં જોવા મળે તો તે ગુનો ગણાશે અને તેને નીચે મુજબ સજા થશેઃ (અ) પ્રથમ ગુના માટે, તેને એક વર્ષની કેદ અને દસ હજાર રૂપિયા સુધીના દંડની સજા થશે. (બ) પેટા-કલમ-૧માં સૂચવવામાં આવ્યું છે કે પછીના ગુનાઓ માટે, સજા દોઢ વર્ષની કાળીમજૂરી અને વીસ હજાર રૂપિયા દંડ હશે. ઉપરોક્ત ગુનાને બિનજામીનપાત્ર બનાવવા માટે પેટા-કલમ-૨માં સુધારો કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. હાલમાં, કાયદામાં પહેલા ગુના માટે છ મહિના સુધીની કેદ અને ૧૦,૦૦૦ રૂપિયાના દંડની જોગવાઈ છે, અને પછીના ગુના માટે એક વર્ષની કેદ અને ૧૦,૦૦૦ રૂપિયાના દંડની જોગવાઈ છે.

## હેતુ અને કારણો

મુનગંટીવાર અને ભાતખળકરે દારૂબંધી કાયદામાં ફેરફારો (જુઓ પાનું ૪)



# નશામાં ધૂત યુવકે બીએમડબ્લ્યુમાંથી ઊતરીને સિગ્નલ પર પી-પી કરી

### ઘટનાનો વીડિયો વાયરલ થતા ઓનલાઇન પર ભડકોઃ એકની અટકાયત : એકના પિતા થયા શર્મસાર

મુંબઈઃ સોશિયલ મીડિયા પર એક વ્યક્તિએ બીએમડબ્લ્યુમાંથી ઊતરીને જાહેર સ્થળે રસ્તા પર પેશાબ કરતો એક વીડિયો વાયરલ થયો હતો, એવું એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. પુણેની આ ઘટના યરવડાના શાસ્ત્રીનગરમાં બની હોવાનું કહેવાય છે. આ વીડિયો એક પ્રત્યક્ષદર્શી દ્વારા શૂટ કરવામાં આવ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

વીડિયો વિશે અમને જાણ થયા બાદ અમે તપાસ હાથ ધરી હતી અને એક જણની અટક કરી હતી. લક્ઝરી કારમાં બે વ્યક્તિ - ભાગ્યેશ ઓસવાલ અને ગૌરવ આહુજા - હતી અને તેઓ નશામાં હોવાનું પણ જાણવા મળ્યું હતું.

કારમાં બેઠેલા ભાગ્યેશની અટક કરાઈ (જુઓ પાનું ૪)

# ત્રણ દિવસ બને તો ઘરમાં જ રહેજોઃ ગરમી ૩૯ ડિગ્રીએ પહોંચી શકે છે

### રવિ, સોમ, મંગળ મુંબઈ-થાણે-રાયગડમાં હિટવેવ



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજથી મુંબઈ, થાણે અને રાયગડ જિલ્લા માટે સતત ત્રણ દિવસ માટે હવામાન ખાતાએ હીટ વેવની ચેતવણી આપી છે. તાપમાનનો પારો ૩૭થી ૩૯ ડિગ્રી સુધી જઈ શકે છે. તેથી ઘરની બહાર નીકળતા સમયે સાવચેતી રાખવાની અપીલ હવામાન ખાતાએ નાગરિકોને કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ મુંબઈ, થાણે અને રાયગડ જિલ્લામાં અલગ-અલગ વિસ્તારોમાં તાપમાનનો પારો ઊંચો જઈ શકે છે. બુધવાર ૧૨ માર્ચથી ગરમ અને ભેજવાળી હવામાનની સ્થિતિ ફરી શરૂ થશે. આ દરમ્યાન શનિવારે સાંતાક્રુઝમાં મહત્ત તાપમાન ૩૫.૪ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા ત્રણ ડિગ્રી વધારે હતું. જયારે કોલાબામાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૨.૯ ડિગ્રી વધારે હતું. તો થાણેમાં મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી નોંધાયું હતું.

મુંબઈ, થાણે અને રાયગડમાં મંગળવાર સુધી હીટ વેવની હવામાનની ચેતવણી છે, તેથી નાગરિકોને સાવચેતી રાખવાની અપીલ પણ કરવામાં આવી છે. પૂરતા પ્રમાણમાં પાણી પીવાની સાથે જ આવશ્યક કામ ના હોય તો બપોરના તડકામાં બહાર નીકળવાનું ટાળવાની સૂચના પણ હવામાન વિભાગે આપી છે.

આ દરમ્યાન રાજ્યમાં પણ વિદર્ભ સહિતના મોટાભાગના જિલ્લાઓમાં તાપમાનનો પારો સતત ઊંચો જઈ રહ્યો છે. માર્ચ મહિનાની આકરી ગરમી રાજ્યના (જુઓ પાનું ૪)

# ગયા વર્ષના ભાવે જ નાળાઓની સફાઈ કરશે કૉન્ટ્રેક્ટરો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસા પહેલા મુંબઈના નાળાઓની સફાઈના કામ માટે મગાવવામાં આવેલા ટેન્ડરમાં પૂર્વ અને પશ્ચિમ ઉપનગરના મોટા નાળાઓની સફાઈના કામમાં કૉન્ટ્રેક્ટરોએ મુંબઈ મહાનગરપાલિકાના અંદાજિત દર કરતા મોટી બોલી લગાવીને કામ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે પાલિકાએ વાટાઘાટ કર્યા બાદ ૨૦૨૪ની સાલમાં જે દરમાં નાળા સફાઈ કરાવી હતી. એ દરમાં જ કામ કરવા માટે કંપનીઓ તૈયાર થઈ જતા કરોડો રૂપિયાના થનારા નુકસાનથી બચી ગયા હોવાનો દાવો પ્રશાસને કર્યો છે.

પાલિકાએ શહેર, પૂર્વ અને પશ્ચિમ ઉપનગરનાં સહિત નાનાં મોટાં નાળા અને મીઠી નદીની સાથે જ વેસ્ટર્ન તથા ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર રહેલા (જુઓ પાનું ૪)

# પર્સમાં લિપસ્ટિકની સાથે મરચાંની ભૂકી અને ચાકુ પણ રાખો

### બાળ ઠાકરેએ મહિલાઓને આવી સલાહ આપી હોવાનું ગુલાબરાવ પાટીલે જળગાંવમાં કહેતાં નવો વિવાદ



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આખા વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિનને ઉજવવામાં આવી રહ્યો છે ત્યારે જળગાંવમાં આવા એક કાર્યક્રમમાં શિવસેનાના નેતા અને રાજ્યના પ્રધાન ગુલાબરાવ પાટીલના એક નિવેદનની ચર્ચા થઈ રહી છે. તેમણે પોતાના ભાષણમાં કહ્યું હતું કે શિવસેનાસુપ્રીમો બાળ ઠાકરેએ મહિલાઓને એવી સલાહ આપી હતી કે પર્સમાં લિપસ્ટિકની સાથે મરચાંની ભૂકી અને છરી પણ રાખો. રાજ્યમાં મહિલાઓ પર અત્યાચારની ઘટનાઓ સામે આવી રહી છે ત્યારે દિવંગત બાળ ઠાકરેની આ સલાહ પર અમલ કરવાનો સમય આવી ગયો છે, એમ પણ તેમણે કહ્યું હતું. ગુલાબરાવ પાટીલે કહ્યું હતું કે આજે (જુઓ પાનું ૪)

# બસ, એક મર્ડરની છૂટ આપો...

### મહિલાદિને મહિલાઓની સુરક્ષા માટે શરદ પવારના પક્ષની મહિલાપાંખના પ્રમુખની રાષ્ટ્રપ્રમુખ સમક્ષ માગણી

મુંબઈઃ રાષ્ટ્રવાદી કોંગેસ પાર્ટી (એનસીપી-શરદ પવાર)ની મહિલા પાંખે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને પત્ર લખીને મહિલાઓ પર થઇ રહેલા અત્યાચારોને ધ્યાનમાં રાખીને એક હત્યા કરવા બદલ સજામાંથી મુક્તિ આપવાની વિનંતી કરી છે.શરદ પવારની આગેવાની હેઠળની પાર્ટીની મહિલા પાંખનાં પ્રમુખ રોહિણી ખડસેએ આંતરરાષ્ટ્રીય (જુઓ પાનું ૪)

# થાણે-ભિવંડી-કલ્યાણ મેટ્રો પ્રકલ્પ શરૂ થશે

થાણેઃ થાણે-ભિવંડી-કલ્યાણને દોડનારા મેટ્રો-૫ પ્રકલ્પનું ૮૦ ટકા કામ પૂર્ણ થયું છે. આ મેટ્રો શરૂ થયા બાદ લોકલ ટ્રેન પરનું દબાણ પણ ઓછું થવાની શક્યતા વ્યક્ત કરાઇ રહી છે.

મેટ્રો-૫નો ૨૪.૯૦ કિલોમીટર લાંબો એલિવેટેડ કોરિડોરમાં ૧૫ સ્ટેશન હશે. પ્રથમ તબક્કામાં થાણેથી ભિવંડી દરમિયાન કનેક્ટિવિટી મળશે. ૩૧મી માર્ચ, ૨૦૨૫ સુધી આ મેટ્રો સેવામાં દાખલ થશે.

હાલમાં શરૂ છે એવા મેટ્રો-૪ (વડાલાથી કાસારવડવલી) અને પ્રસ્તાવિત મેટ્રો-૧૨ (કલ્યાણથી તળોજા) અને મધ્ય રેલવેને આ મેટ્રો -૫ જોડવામાં આવશે. પ્રવાસીઓના સમયમાં આ મેટ્રો માર્ગને કારમે પચાસથી ૭૫ ટકાનો ઘટાડો થશે. આ પ્રકલ્પ માટે ૮૪૧૬.૫૧ (જુઓ પાનું ૪)

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**